શેઠ દેવચન્દ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધારે ગ્રન્થાંક ૬૬.

(જૈન ગુર્જર સાહિત્યોદ્ધારે ગ્રન્થાંક ૭.)

શ્રી આનન્દ-કાવ્યમહોદધિ.

(પ્રાચીન-જૈન-કાવ્યસંગ્રહ.)

મૌકિતક ૭ મું.

સંગ્રાહક અને સંશોધક :

મુનિરાજ શ્રીસંપતવિજય.

પ્રકાશક:

શેઠ દેવચન્દ લાલભાઇ જૈન પુ૦ ફંડ માટે.

જીવણચંદ સાકરચંદ જવેરી, મુંબઇ.

વીર સં૦ ૨૪૫૨. વિક્રમ ૧૯૮૨. ક્રાઇસ્ટ ૧૯૨૬.

પ્રતિ ૧૦૦૦. વેતન રૂ. ૩-૮-૦.

Published by
Jivanchand Sakerchand Javeri
FOR
Sheth Devchand Lalbhai Jain Pustkoddhar Fund.
AT THE 114/116 JAVERI BAZAR, BOMBAY.

PRINTED AT
THE JASHVANTSINHJI PRINTING PRESS
LIMBDI.

Sheth Devchand Lalbhai Jain Pustakoddhar Fund Series, No. 66.

THE ÂNAND-KÂVYA-MAHODADHI.

(*A collection of Old Gujrati Poems.*)

PART VII.

Collected and Edited by
Muni Shree Sampatavijay.

Published by
Jivanchand Sakerchand Javeri.
A TRUSTEE.

Sold by
The Librarian
Sheth Devchand Lalbhai J. P. Fund.
C/o. Sheth Devchand Lalbhai Dharmshala.
Badekha Chakla, Gopipura,
SURAT.

1926.
Rs. 3-8-0.

આનંદ કાવ્ય મહોદધિનું પ્રકાશન જારી રહે, તો બહુ સારૂં. જૂની ગુજરાતીના અભ્યાસને માટે જૂનાં જૈન કાવ્યો બહુ જરૂરનાં છે. પંદરમા સોળમા સૈકા પછી તો જૈનેતર સાહિત્ય પણ મળી આવે છે. પરતુ તે પહેલાંનાં સૈકા ઉપર તો જૈન સાહિત્યજ પ્રકાશ નાંખી શકે એમ છે. તે છપાવવાની પ્રવૃત્તિ જારી રાખી વાચક વર્ગને આભારી કરશો અને અભ્યાસક વર્ગને.

અમદાવાદ.
તા. ૨૬–૬–૨૫. } કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

મુખ્ય સ્થળ:—
૧૧૪/૧૧૬ જવેરી બજાર,
મુંબાઈ નંબર ૨.

કાર્યકારો—
શા. જીવણચંદ સાકરચંદ.
,, ગુલાબચંદ દેવચંદ.
,, ફુલચંદ કસ્તૂરચંદ.
,, અમરચંદ કલ્યાણચંદ.
,, નેમચંદ અભેચંદ.
,, મંછુભાઈ સાકરચંદ.

દ્વિતીય શાખા:—
બડેખાં ચકલો,
ગોપીપુરા-સુરત.

જૈન પુસ્તકોના ભંડારોમાં હું અનેક વખત ગયો છું. એ ભંડારોનું સંભાળથી જતન કરવામાં આવે છે. જૈન ભંડારોમાં હજારો હસ્તલિખિત પ્રતો છે. અમે હિન્દુઓ એથી ઉલટી રીતે એવી પ્રતોનો નાશ થવા દઈએ છીએ. અથવા તો પ્રજાકીય ઉલટ ન હોવાથી વેચી દઈએ છીએ.


બનારસ. } પ્રોફેસર બી. સી. ભટ્ટાચાર્યના
તા. ૪-૪-૨૬. } ભાષણમાંથી.

કાવ્યસાગરમાં વિહરી, કલ્લોલોમાં પછડાઈ, સસ્નેહ અનેક મૌક્તિક એકત્ર કરી, માળા ગુંથી, સજ્જન કંઠ માટે તૈયાર કરી. પણ, માળાને પરિપૂર્ણરીતે કંઠમાં સજી તે પ્રત્યે અન્યોને આકર્ષવાં, એ કર્તવ્ય રસપ્રજ્ઞોનુંજ છે. જેમ કમલને-કાવ્યને વિકસિત-પ્રકાશમાં આણવાનું કાર્ય તો સૂર્યનું-સુજનોનું-પંડિતોનુંજ છે. વારિ-કવિ કે સંગ્રાહક તો માત્ર કમલ-કવિતાનો પોષ-ઉત્પાદ કે સંગ્રહજ કરી શકે છે.

જીવન.

ક્રમાંક.

વિષય.		પત્ર.
૧ સ્મરણ પત્રિકા.		૯
૨ સ્વ. ચીમનલાલ ડા. દલાલનું જીવન ગૂજરાતી-અંગ્રેજી		૧૧ થી ૩૬
૩ અવતરણિકા		૧
૪ કવિવર સમયસુન્દર	મોહનલાલ દ. દેશાઇ	૧ થી ૧૧૨
૫ પંડિત જયવિજય...	,,	૧૧૩ થી ૧૪૨
૬ કુશળલાભ ઉપાધ્યાય...	,,	૧૪૩ થી ૧૫૮
૭ માધવાનળ કામકન્દલાની લોકકથા	સ્વ. ચી. ડા. દલાલ.	૧૫૯ થી ૧૭૨
૮ માધવાનળની કથા...	હ. દ્વા. કાંટાવાળા ...	૧૭૩ થી ૧૮૦
૯ પ્રાસગિક નિવેદન...	મો. દ. દેશાઇ ...	૧૮૧ થી ૧૮૪
૧૦ વિશેષમાં	,, ...	૧૮૫
૧૧ ઉપોદ્‌ઘાત....	કૃષ્ણલાલ મો. ઝવેરી...	૧૮૬ થી ૧૯૨
ઢોલા મારવણીની કથા ચોપાઇ	કુશલલાભ...	૧ થી ૬૬
માધવાનળ કામકુંદલા ચોપાઇ	,, ...	૧ થી ૧૮૫
સ્તંભનક પાર્શ્વનાથ સ્તવનમ્	,, ...	૧૮૭ થી ૧૯૨
શકુન ચોપાઈ—વિષયાનુક્રમ	...	૧ થી ૪
શુકનશાસ્ત્ર ચોપાઇ	જયવિજય ..	૧ થી ૩૧
નક્ષત્ર સ્વાધ્યાય	...	૩૨ થી ૩૩
ચાર પ્રત્યેકબુદ્ધ ચોપાઇ	સમયસુંદર...	૩૫ થી ૧૪૮



रा. रा· चीमनलाल डायाभाई दलाल.

N. S. PRESS.

સ્મરણપત્રિકા.

જૈનસાહિત્યના પ્રખર અભ્યાસી, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ વગેરે પ્રાચીનભાષાના અનન્ય ભક્ત, જેસલમેર, પાટણ અને છાણી વગેરે સ્થળોના પ્રસિદ્ધ જૈનજ્ઞાનભંડારોમાં વર્ષોના વર્ષો સુધી અવડ પડી રહેલા, દુષ્પ્રાપ્ય અને અપ્રસિદ્ધ જૈન અને સંસ્કૃત સાહિત્ય ગ્રંથોને, ગુર્જરેશ્વર શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના ઉદાર આશ્રયવડે, સતત ઉત્સાહ અને ખંતથી પોતાના આયુષ્યના ભોગે પ્રકાશમાં લાવનાર ગુર્જર માતાના વિદ્વાન્ પુત્ર સદ્ગત રાજ્યરત્ન શ્રીયુત **ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ,** એમ. એ. જેઓએ અથાગ પરિશ્રમ લઇ ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળાનું કાર્ય હાથ ધરી તેમાં કાવ્યમીમાંસા, નરનારાયણાનંદ, પાર્થપરાક્રમ, હમ્મીરમદમર્દન, વસંતવિલાસ મહાકાવ્ય, પ્રાચીનગુર્જરકાવ્યસંગ્રહ, ગણકારિકા, લિંગાનુશાસન, ભવિસયત્તકહા, જેસલમેર ભંડારોના ગ્રંથોની સૂચી, લેખપદ્ધતિ, ઉદયસુંદરીકથા, રૂપકષટ્ક, આદિ અપ્રસિદ્ધ પ્રાચીન સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના ગ્રંથો શોધિત કર્યા અને જે કાર્યની ડૉ. ગ્રિયરસન, થોમ્સ જેવા પ્રખર વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે, તેમના પ્રાચીનસાહિત્ય, ઇતિહાસ, તત્વજ્ઞાનના ઊંડા અભ્યાસ તેમજ સંશોધન અને પ્રકાશનના કાર્યથી મુગ્ધ બની, તે સેવાની કિંચિત્ એંધાણી તરીકે આ સાતમા મૌક્તિક સાથે તેઓનું પ્રશસ્ત નામ જોડી, કૃતકૃત્ય થઇએ છીએ

અક્ષયતૃતીયા }
સં. ૧૯૮૨. }

જીવણચંદ સાકરચંદ ઝવેરી,
પ્રસિદ્ધકર્તા.



रा. रा. चीमनलाल डाह्याभाई दलाल.

N. S. PRESS.

સ્મરણપત્રિકા.

જૈનસાહિત્યના પ્રખર અભ્યાસી, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ વગેરે પ્રાચીનભાષાના અનન્ય ભકત, જેસલમેર, પાટણ અને છાણી વગેરે સ્થળોના પ્રસિદ્ધ જૈનજ્ઞાનભંડારોમાં વર્ષોના વર્ષો સુધી અવડ પડી રહેલા, દુષ્પ્રાપ્ય અને અપ્રસિદ્ધ જૈન અને સંસ્કૃત સાહિત્ય ગ્રંથોને, ગુર્જરેશ્વર શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના ઉદાર આશ્રયવડે, સતત ઉત્સાહ અને ખંતથી પોતાના આયુષ્યના ભોગે પ્રકાશમાં લાવનાર ગુર્જર માતાના વિદ્વાન્ પુત્ર સદ્ગત રાજ્યરત્ન શ્રીયુત **ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ, એમ. એ.** જેઓએ અથાગ પરિશ્રમ લઇ ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળાનું કાર્ય હાથ ધરી તેમાં કાવ્યમીમાંસા, નરનારાયણાનંદ, પાર્થપરાક્રમ, હમ્મીરમદમર્દન, વસંતવિલાસ મહાકાવ્ય, પ્રાચીનગુર્જર-કાવ્યસંગ્રહ, ગણકારિકા, લિંગાનુશાસન, ભવિસયત્તકહા, જેસલમેર ભંડારોના ગ્રંથોની સૂચી, લેખપદ્ધતિ, ઉદયસુંદરીકથા, રૂપકષટ્ક, આદિ અપ્રસિદ્ધ પ્રાચીન સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના ગ્રંથો શોધિત કર્યાં અને જે કાર્યની ડો. ગ્રિયરસન, થોમ્સ જેવા પ્રખર વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે, તેમના પ્રાચીનસાહિત્ય, ઇતિહાસ, તત્વજ્ઞાનના ઉંડા અભ્યાસ તેમજ સશોધન અને પ્રકાશનના કાર્યથી મુગ્ધ બની, તે સેવાની કિંચિત એંધાની તરીક આ સાતમા મૌક્તિક સાથે તેઓનું પ્રશસ્ત નામ જોડી, કૃતકૃત્ય થઇએ છીએ

અક્ષયતૃતીયા }
સં. ૧૯૮૨. }

જીવણચદ સાકરચંદ ઝવેરી,
પ્રસિદ્ધકર્ત્તા.

સ્વ. ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ, એમ. એ.

વડોદરા લાઇબ્રેરી મિસેલની ત્રિમાસિક માટે લેખ લખી મોકલવાને સ્વ૦ ભાઇ ચીમનલાલ દલાલને મે આગળ વચન આપ્યું હતું પરંતુ તે વખતે મને લેશ પણ ખ્યાલ ન હતો કે, એ લેખમાં મારે પ્રથમ તે ભાઇના અકાળ ને ખેદકારક અવસાનની દુઃખદ નોંધ લેવી પડશે. તેમના મરણ પૂર્વે થોડાક દિવસ ઉપર મિ. વિન્સેંટ સ્મિથકૃત 'સમ્રાટ અકબર' નામનું નવીન ઇંગ્રેજી પુસ્તક હું વાંચતો હતો અને તેમાં તે વિદ્વાન ગ્રંથકારે લાઇબ્રેરી મિસેલનીમાં પ્રસિદ્ધ થયેલા ભાઇ દલાલના 'અકબરના દરબાર અને જૈન સાધુ હીરવિજયસૂરિ' નામક લેખને પ્રમાણભૂત લેખી તેની વ્યાજબી કદર હતી. આથી આનંદ પામી, તે નોંધ તરફ તેમનું ધ્યાન દોરવા અને તે બદલ તેમને અભિનંદન આપવા એક પત્ર લખી મોકલવાના હું વિચારમાં હતો એટલામાં એક સવારે વડોદરાના 'સયાજી વિજય' પત્રમાં ઇન્ફ્લ્યુએન્ઝાના જીવલેણ રોગથી તેમનું મૃત્યુ (૩-૧૦-૧૯૧૮ ને દિને) થયું છે એવા સમાચાર વાંચતાં મને સખ્ત આઘાત લાગ્યો અને કેટલોક વખત સાવ ઉદાસ અને શૂન્યમૂઢ બેસી રહ્યો. એક મિત્ર અને સ્નેહી તરીકે મને એકલાને તેથી દુઃખ થયું હતું એમ નહિ, પરંતુ જે બધા તેમના કાર્યથી વાકેફ હતા અને તેમના નિકટ પરિચયમાં આવ્યા હતા તે સૌના મુખેથી આ દિલગીરી ભર્યા ખબર સાંભળતાં અત્યંત નિરાશા અને ખેદના ઉદ્‌ગારો નિકળ્યા હતા. તેમના કાર્યની અને કારકિર્દીની હજી શરૂઆત થતી

હતી પણ એટલા ટુંક સમયમાં તેમણે પોતાના વિષયમાં એટલો કાબુ અને નિપુણતા મેળવ્યાં હતાં કે, તેમની સાથે કોઇપણ મહત્ત્વના વિષયપર-ખાસ કરીને પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસપર-વાતચિત અને ચર્ચા કરવી એ તો ખરેખર આનંદદાયક થઇ પડતું અને તેમની વિદત્તા અને જ્ઞાન માટે, બેશક માન ઉત્પન્ન થતું. વળી તે માટે તેમની તૈયારી એટલા ઉંચા પ્રકારની હતી અને તેમની માહિતી અને સાધન એટલાં બહોળાં હતાં કે તેમના આરંભના પ્રયાસો પણ વિદ્વાનોના આદરને પાત્ર થઇ ભારે પ્રશંસા પામ્યા હતા; તેમ તેમણે હાથ ધરેલો વિષય એટલો મહત્ત્વનો અને ઉપયોગી હતો કે, સાહિત્યના અભ્યાસકો તેના પરિણામ માટે આતુરતાથી રાહ જોતા હતા. તેમના કાર્ય માટે એવી સામાન્ય માન્યતા બંધાઇ હતી કે આગળ જતાં ાં પ્રાચિન ઇતિહાસ અને સાહિત્ય પર કંઇક નવીન અને વિશેષ પ્રકાશ પાડવા શક્તિમાન થશે અને તેમનું કાર્ય સારી રીતે દીપી ઉઠશે, તેમ તે સારી નામના અને યશ પ્રાપ્ત કરશે. પણ તે આશાઓ ફળીભૂત થાય તે પહેલાં પ્રભુએ તેમને પોતાની સમીપ બોલાવી લીધા છે.

જનસમાજ જેમનાં કાર્ય અને સેવાથી સંતુષ્ટ અને પ્રસન્ન હતો અને જેમના ઉમદા ગુણો અને ઉચ્ચ બુદ્ધિમત્તા માટે નવીન ગુજરાત મગરૂર થઇ શકે એમ હતું એવા નવ યુવકો, ભાઇ રણજીતરામ, ભાઇ ભોગીન્દ્રરાવ, ભાઇ ઠાકોરલાલ પંડ્યા, ભાઇ અંબાલાલ-ચરોતર કેળવણી મંડળીવાળા અને ભાઇ શિવભાઇ, એ સઘળાને ટુંક મુદતમાં એક પછી એક અકાળ મૃત્યુ પામેલા નિહાળી આપણે નિરાશાના શોકસાગરમાં ડુબી ગયા હતા, અને તેમના ઘા અને વેદના હજી તાજાંજ હતાં એટલામાં તો ભાઇ દલાલે અન્ય સૃષ્ટિમાં પ્રયાણ કર્યું છે, તેથી આપણને અત્યંત નુકશાન પહોચ્યું છે અને આપણી સ્થિતિ ખરેખર લાચાર થઇ પડી છે.

આવા દુઃખના પ્રસંગે પ્રભુમાં અચળ શ્રદ્ધા રાખ્યા વિનાં આપણે શાંતિ કે આશ્વાસન બીજી કોઇ રીતે લઇ શકીએ તેમ નથી, પ્રભુની લીલા વિચિત્ર અને અકલિત છે છતાં એટલી ખાતરી છે કે તે શરણાગતની વહારે ચઢે છે જ.

ભાઇ ચીમનલાલનો જન્મ સન ૧૮૮૧ ના ચૈત્ર માસમાં ખેડામાં થયો હતો. તેમનું કુટુંબ વચલા વર્ગનું-સાધારણ સ્થિતિનું પણ કુળવાન હતું. તેમના પિતાશ્રી રા. ડાહ્યાભાઇ સાંકળચંદ શાહ વેપાર અર્થે અમદાવાદમાં ઝવેરીવાડામાં આવી વસ્યા હતા અને તે રૂની દલાલીનો ધંધો કરતા. સામાન્ય રીતે વેપારી અને વણિક વર્ગમાં ઉંચી કેળવણી લેવા માટે ઝાઝો ઉત્સાહ કે લાગણી દેખાતાં નથી. વ્યવહારીક જ્ઞાન અને દુનિયાદારીનું ડહાપણ પ્રાપ્ત કરવાં એ તેમનું અંતિમ લક્ષ્ય હોય છે, પણ રા. ડાહ્યાભાઇપર જુદા પ્રકારના સંસ્કાર પડયા હતા. કાંઇક અગવડ વેઠીને પણ યુનિવરસીટીનું ઉંચુ પણ ખર્ચાળ શિક્ષણ પોતાના પુત્રોને આપવું એવી તેમના મનમાં ભારે ઉમેદ હતી અને પ્રભુ કૃપાથી તે બર આવી હતી. તેમના મોટા પુત્ર રા. વાડીલાલે મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી સંતોષ માન્યો અને આગળ અભ્યાસ કર્યો નહિ પરંતુ બીજા-વચલા પુત્ર ભાઇ ચીમનલાલની મનોવૃત્તિ અને વલણ ન્હાનપણથી જ અભ્યાસ પ્રતિ વિશેષ હતાં અને જીંદગીભર તેમણે એક સાચું વિદ્યાર્થી જીવન ગાળ્યું હતું. નિશાળનો તેમનો અભ્યાસ શરૂઆતથીજ યશસ્વી હતો અને તેમની બુદ્ધિ અને હોંશિયારીનાં વખાણ થતાં. પહેલે વર્ષે જ મેટ્રિક્યુલેશનની પરીક્ષા તેમણે ટંકશાળની ન્યુ ઇંગ્લિશ સ્કુલમાંથી સારે નંબરે પાસ કરી. તે પછી ગુજરાત કોલેજમાં દાખલ થયા. મૂળથી તેમનો સ્વભાવ તદ્દન શાંત અને એકમાર્ગી હતો. એકલા રહેવું અને હરવું ફરવું તેમને વિશેષ પસંદ હતું. વિદ્યાર્થીઓમાં તેઓ ઝાઝા ભેળાતા નહિ અને વાંચન

અને અભ્યાસ કરવામાં એકચિત્ત અને મશગુલ રહેતા. ન્હાનપણથીજ જૈન ધર્મના સંસ્કારોની સુદૃઢ છાપ તેમનાપર પડી હતી. તેમને એટલી બધી ધર્માસ્થા હતી કે, દરરોજ દેરાસરમાં દર્શન કર્યા વિના તે ભોજન લેતા નહિ. વળી જૈન સાધુઓના સંસર્ગમાં તે વારંવાર આવ્યાથી તેમનાં ધર્મશાસ્ત્રો પ્રતિ પણ તેમને ખૂબ અભિરૂચિ ઉત્પન્ન થઇ હતી, અને તે માટે તેના અભ્યાસ અને મનન કરવા માટે સંસ્કૃતનું જ્ઞાન તેમને આવશ્યક જણાયું. પછી ઉપાશ્રય પાઠશાળામાં તેમણે સંસ્કૃત-સિદ્ધાંત કૌમુદીનો અભ્યાસ ચાલુ કર્યો. કોલેજના અભ્યાસ ઉપરાંત તેઓ આ દુર્ઘટ વિષયને પણ ખેડતા જતા હતા. કોલેજનો અભ્યાસ પુરો થતા થતામાં તો તે સંસ્કૃતમાં પારંગત થયા. આરંભથીજ તેમને સંસ્કૃત ભાષાનો શોખ હતો અને ફુરસદના વખતે સંસ્કૃત પ્રાણ વાંચન અને નવીન શ્લોક રચના વગેરે કરતા હતા. તે જ્યારે પ્રિવિયસ ક્લાસમાં હતા તે વખતે જ તેમણે પ્રો. દારૂવાળાના માનમાં સુંદર સંસ્કૃત શ્લોકોમાં તેમની પ્રશસ્તિ બનાવી, સર્વેની શાબાશી મેળવી હતી. યુનિવરસીટીની પરીક્ષાઓ પાસ કરવામાં તેમને આ અભ્યાસ અને જ્ઞાન મોટી મદદરૂપ થઇ પડતાં હતાં. સન ૧૯૦૮ માં તેમણે ઐચ્છિક વિષય તરીકે ઇંગ્રેજી અને સંસ્કૃત સાહિત્ય પસંદ કરી, બી. એ. ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી અને કોલેજના બધા વિદ્યાર્થીઓમાં તે ઉંચે નંબરે આવવાથી એક વર્ષ માટે તેમની દક્ષિણ ફેલો તરીકે નિમણુંક થઇ. વળી તે વર્ષે એમ. એ. ની પરીક્ષા માટે તેમણે વાંચવા માંડયું. સંસ્કૃત-વ્યાકરણ લઇ એમ. એ. ની પરીક્ષા પાસ કરનારાઓની સંખ્યા જૂજ છે અને કેટલાક વર્ષોથી તે વિભાગમાં કોઇએ પરીક્ષા આપી નહોતી એટલો બધો તે વિષય કઠીન મનાય છે, છતાં પોતાની શકિત અને અભ્યાસમાં વિશ્વાસ રાખી, તેજ વિષય એમ. એ. ની

પરીક્ષા માટે લેવાનું તેમણે પસંદ કર્યું અને વળી તે પરીક્ષા માન ભરી રીતે પાસ કરી જે માટે ખચિત કોઇ પણ વ્યક્તિ મગરૂર થઇ શકે.

હિંદુ સંસારના રિવાજ પ્રમાણે તેમનું લગ્ન સંવત ૧૯૫૬ માં પ્રથમ વિદ્યાર્થી અવસ્થામાં થયું પણ તે ઘર સંસાર માંડે તે પહેલાં તેમની પત્ની મૃત્યુ પામ્યાં. ધર્મના સંસ્કાર અને જૈન સાધુઓના સંગે તેમના જીવનપર એવી પ્રબળ અસર કરી હતી કે, પ્રાચીન ઋષિજીવન ગાળવાની તેમના સંસ્કારી મનમાં અભિલાષા થઇ રહેલી હતી. ઘણાં વર્ષો થયાં તેમણે એ કારણે મિષ્ટ ભોજન લેવાનું ઉત્કટ બંધ કર્યું હતું અને ઉંચી શય્યાપર તે કદી સુતા નહિ. તેમજ જેમ બને તેમ શરીરને કસવા અને કઠિન કરવા તે પ્રયાસ કરતા. તેમણે પોતાના કુટુંબીઓને બીજીવાર લગ્ન કરવાની ના પાડી અને લગભગ આઠ વર્ષ સુધી તેઓ આ વિચારને મક્કમ રીતે વળગી રહ્યા. છેવટ સગાં સંબંધી અને વડીલોના દબાણને વશ થઇ તેમણે ફરી લગ્ન કરવા કબુલ્યું. આવી તેમની સાધુ જેવી સરલ વૃત્ત અને સાદું પણ ઉન્નત જીવન તેમના સહવાસમાં આવનાર દરેક વ્યકિત ઉપર છાપ પાડયા વગર રહેતું નહિ. સહેજ પ્રસંગ પ્રાપ્ત થતાં તે તીર્થ યાત્રાએ નિકળી પડતા અને ગુજરાતમાં એકે જૈન તીર્થસ્થાન નહિ હોય કે જ્યાં તે ગયા નહિ હોય. જૈન સાધુઓનો સમાગમ તે નિરંતર શોધતા રહેતા, તેથી તે મંડળમાં તે બહુ પ્રિય અને પરિચિત થયા હતા. પોતાના જ્ઞાન અને વિનયથી તેમણે તે સર્વનાં આદરમાન અને પ્રીતિ સંપાદન કર્યાં હતાં.

પ્રાચીન સાહિત્યની શોધખોળ અને સંશોધનમાં તેમણે જૈન સાધુઓની સહાનુભૂતિ મેળવી હતી, અને તેથી તેમને પોતાના કાર્યમાં કેટલીક સરળતા અને મદદ મળ્યાં કરતાં હતાં. તેમના સહકાર્યથી જૈન સાહિત્યનો ઉત્કર્ષ કરવા તેમને ભારે હોંશ હતી.

પરંતુ એ ઇચ્છા ફલિભૂત થાય એ પૂર્વેજ તે સદ્‌ગતિ પામ્યા છે. જો તે થોડાંક વધારે વર્ષ જીવ્યા હોત તો જૈન ધર્મ, સાહિત્ય અને ઇતિહાસની બહુ સારી સેવા કરી શકત અને તેને દિપાવત. પણ તે આશા નિષ્ફળ નીવડી છે. ખરે ભાવી બળવાન છે.

એમ. એ. ની પરીક્ષા પાસ કર્યા પછી પોતાને મન પસંદ અને અનુકુળ થઇ પડે એવી કોઇ સારી નોકરી મેળવવાની તે તજવીજ કરતા હતા. તે દરમિયાન વડોદરામાં શ્રીમંત મહારાજા સાહેબની આજ્ઞાનુસાર અમેરિકન વિદ્વાન મિ. બોર્ડનની દેખરેખ નીચે એક લાઇબ્રેરી વર્ગ સ્થાપવામાં આવનાર છે અને તેમાં ગ્રેજ્યુએટોને તાલીમ લેવા પસંદ કરવામાં આવનાર છે, એવી જાહેર ખબર તેમના જોવામાં આવી. સરકારી ખાતામાં સારા પગારની અને ઉંચી નોકરી મળવાનો સંભવ હતો પણ તેમને એમ જણાયું કે લાઇબ્રેરી ખાતામાં દાખલ થવાથી તે વધારે ઉપયોગી અને સંગીનકાર્ય કરી શકશે. તેથી બીજા લાભોની દરકાર કર્યા વગર દેશી રાજ્યની ઓછા પગારની નોકરીમાં જોડાવાનું તેમણે પસંદ કર્યું. પોતાના વિચાર અને આશય પાર પાડવાને આ ખરી રીતે તેમનો એક પ્રકારનો સ્વાર્થત્યાગ અને આત્મભોગ હતો.

લાઇબ્રેરી કલાસમાં પ્રથમ તેમને જુદી જુદી લાઇબ્રેરી પદ્ધતિઓનું અને પુસ્તકોનું વર્ગીકરણ કામ શીખવવામાં આવ્યું. આ પદ્ધતિનું જ્ઞાન ગુજરાતીમાં કેવી રીતે ઉતારવું અને દાખલ કરવુ તેની વ્યવસ્થા થવા તજવીજ ચાલી. એ બાબત સહેલાઇથી સમજી શકાય તે હેતુથી, એક પ્રયોગ તરીકે તેમણે પ્રથમ ૧૦૦૦ ગુજરાતી પુસ્તકોનું નવી પદ્ધતિએ વર્ગીકરણ તૈયાર કર્યું અને તે એક ચોપાનીયા રૂપે પ્રસિદ્ધ કર્યું. વળી જ્યાં ત્યાં આ નવી લાઇબ્રેરી પદ્ધતિનો પ્રચાર કરવા અને તેના જ્ઞાનનું સાહિત્ય ઉત્પન્ન કરવા, લાઇબ્રેરી ખાતા તરફથી એક લાઇબ્રેરી ત્રિમાસિક કાઢવાની

યોજના કરવામાં આવી. આમાંના ગુજરાતી વિભાગનું બધુંજ કામ અને તેનું તંત્રીપદ રા. દલાલને સોંપાયું. એ ઉપરાંત સંસ્કૃત પુસ્તકોનું શાસ્ત્રીય ધોરણપર વર્ગીકરણ કરવાનું કાર્ય તેમણે હાથ ધર્યું અને તે કાર્ય સંપૂર્ણ ફતેહમંદ થાય તે માટે દેશના જુદા જુદા વિદ્વાનોને પત્ર લખી તેમના અભિપ્રાય અને સૂચનાઓ મેળવ્યાં. આ રીતે લગભગ ત્રણેક વર્ષ આ નવા લાઇબ્રેરી વિષયનું જ્ઞાન સંપાદન કરવામાં અને તેનો પ્રચાર કરવામાં અને તેનું સાહિત્ય તૈયાર કરવામાં તેમણે ગાળ્યાં. ત્યારબાદ મિ. બોર્ડનની નોકરીની મુદ્દત પુરી થવા આવી અને તેમને પાછા અમેરિકા જવાનું ઠર્યું. તે સાથે મિ. કુડાલકરે યુરોપ, અમેરિકા, જાપાન આદિ દેશોમાં પ્રવાસ કરી, ત્યાંની લાઇબ્રેરી પદ્ધતિઓનો જાતિ અનુભવ લઇ આવવા હજુર આજ્ઞા થઇ. દરમિયાન લાઇબ્રેરીનું કામ બીજી રીતે પ્રતિદિન વધતું અને ખીલતું જ ચાલ્યું.

એ ખાતાને પ્રથમ પ્રેસ રિપોર્ટરનું કામ સોંપાયું. અને ધીરે ધીરે પ્રેસ કટિંગ, મુખ્ય અને જાણવા જેવા લેખોની નોંધ અને સાર, બાળવાંચન વિભાગ, સરક્યુલેટિંગ અને ટ્રાવેલિંગ લાઇબ્રેરીઓ, સિનેમેટોગ્રાફ અને સચિત્ર કાર્ડ દ્વારા જ્ઞાનપ્રસાર વગેરે કાર્યો નવાં ઉમેરાતાં ગયાં. આ કાર્યોમાં રા. દલાલ રસપૂર્વક ભાગ લેતા. પરંતુ તેમનું મન ખરી રીતે તો પ્રાચીન સાહિત્યના સંશોધન અને સંગ્રહના કાર્ય પ્રતિજ રોકાયેલું રહેતું. સેંટ્રલ લાઇબ્રેરીનો સંસ્કૃત વિભાગ તેમને સોંપવામાં આવ્યો હતો અને તેમાં સુધારાવધારા કરીને વધારે આકર્ષક-ઉપયોગી બનાવવાને તેઓ હમેશ ઉત્સુક રહેતા. બહાર ગામના વિદ્વાનો તે સંગ્રહનો સારી રીતે લાભ લઇ શકે એવી વ્યવસ્થા તેમણે કરી. તેથી તેનો બહોળો ઉપયોગ થવા માંડ્યો અને તે કાર્યમાં તેમની મદદ અને સલાહ બહુ કિંમતી થઇ પડયાં. પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ

કરવાનું અને તે માટે નવાં નવાં પુસ્તકો મેળવવાનું કામ શરૂઆતથી થયા કરતું હતું અને તે વિભાગમાં મિ. દલાલના ખંત અને ચાલુ ઉદ્યોગના પરિણામે બહુ ઉપયોગી પ્રાચીન ગ્રંથોનો ઉમેરો થયો. અત્યારે એ સંગ્રહને જે મહત્તા ને કીમતીપણું પ્રાપ્ત થયાં છે, તે વાસ્તવિક રીતે તો મિ. દલાલના શ્રમ અને ખંતને જ આભારી છે. આમ માત્ર સંગ્રહ કરવાથી તેમ છતાં તેમને પુરતો સંતોષ થયો નહિ, તેથી વધુ શોધ અને તજવીજ થવા તેમણે એક ટિ-પ્પણ તૈયાર કર્યું. મે. દિવાન સાહેબ આગળ તે રજુ કરવામાં આવતાં તેમણે પાટણના જુના જૈન ભંડારોની તપાસ કરી, તે વિષે એક સવિસ્તર રિપોર્ટ કરવા મિ. દલાલને ખાસ હુકમ આપ્યો. મિ. દલાલના કાર્યે અહિંથી નવીન સ્વરૂપ ધારણ કર્યું, અને તે મૃત્યુપર્યંત તેમણે અવિચ્છિન્ન રીતે ચલાવ્યું તેમના ભગીરથ અને અવિશ્રાંત શ્રમનું પરિણામ બહુ સુંદર આવેલું સર્વ કોઇ સ્વીકારે છે.

ત્રણ માસ તે પાટણમાં રહ્યા. છતાં એટલા ટુંકા સમયમાં તેમણે ૧૧ ભંડારોની તપાસ કરી. એ ભંડારોમાં આશરે ૧૩૦૦૦ કાગળપર અને ૬૫૮ તાડપત્ર ઉપર લખેલાં પુસ્તકો હતાં. એ પુસ્તકો મિ. દલાલે ખૂબ ધ્યાનપૂર્વક અને બારીકાઇથી તપાસ્યા અને ખંભાતના ભંડારો તપાસી ડો. પિટરસને એક સવિસ્તર રીપોર્ટ કર્યો હતો તેમ અને તે પદ્ધતિ પર તમામ પુસ્તકોના વિગતવાર નોંધ કરી અને તેમાંના ઉપયોગી અને કીંમતી પુસ્તકોના નકલ ઉતરાવી, મિ. દલાલે પોતાના કાર્યને પાર ઉતાર્યું. આગળ ડો. બુહ્લર, ડો. ભંડારકર, ડો. પિટરસન અને પ્રો. મણિલાલ નભુભાઇ વગેરે પ્રસિદ્ધ વિદ્વાનો પાટણના ભંડારોની મુલાકાત લઇ ગયા હતા; પરંતુ તેઓ એ ભંડારો પુરેપુરા તપાસી શકયા ન હતા, તેમ તેમાંના ઘણાં પુસ્તકો-ખાસ કરીને તાડપત્ર ઉપર લખાયેલાં ગુપ્ત રાખવામાં આવ્યાં હતાં, એટલે

એ ભંડારોની તપાસ અને નોંધ અપૂર્ણ અને ખામીવાળી રહેલી હતી. આનંદની વાત તો એ છે કે, એ દિશામાં મિ. દલાલે બજાવેલું કાર્ય અત્યંત સંતોષકારક અને ઉપયોગી જણાયું છે. તે જાતે જૈન હોવા ઉપરાંત તેમના આચારવિચાર અને રહેણી એટલાં ધાર્મિક અને સાદાઇવાળાં હતાં અને જૈન સાધુઓમાં તે આટલા જાણીતા હતા અને તેમનો લાગવગ અને માન એવાં હતાં કે જે તેમને પોતાનું કાર્ય કરવામાં અત્યંત સહાયક નીવડયાં હતાં. જે પ્રાચીન સાહિત્ય અત્યાર લગી ભંડારોમાં અંધારામાં પડી રહ્યું હતું અને કોઇની નજરે પડતું નહિ, તે તેમને સહેલાઇથી ઉપલબ્ધ થયું. અને આ પ્રમાણે મળી આવેલી તકનો તેમણે ખરેખરો સદુપયોગ કર્યો હતો. આ શોધખોળના પરિણામે અનેક જુનાં અને મહત્વનાં પુસ્તકો પ્રકાશમાં આવ્યાં છે, વળી એવું કેટલુંક અપભ્રંશ સાહિત્ય મળ્યું છે કે જે હિંદી. ગુજરાતી અને મરાઠી એ ત્રણે દેશી ભાષાઓની ઉત્પત્તિ અને ઇતિહાસ માટે જાણવા જેવી અને ઉપયોગી માહિતી પુરી પાડે છે. બારમા, તેરમા, અને ચૌદમા સૈકાની જુની ગુજરાતી ભાષાના ગ્રંથો હાથ આવ્યા છે, જે અપભ્રંશમાંથી જુની ગુજરાતીનો કેવી રીતે વિકાસ થયો, તેનો બહુ સારો પુરાવો પૂરો પાડે છે અને ભાષાના સાહિત્યમાં તેમની પ્રાપ્તિ બેશક ઉપયોગી અને કિમતી ગણાય.

આ હિલચાલનું એક વ્યાવહારિક પરિણામ એ આવ્યું છે કે, તેમના રિપોર્ટથી ખુશ થઇ, પાટણ ભંડારોમાંનાં પ્રાચીન ઐતિહાસિક પુસ્તકો, એક જુદી ગ્રંથમાળા તરીકે પ્રસિદ્ધ કરવા શ્રીમંત મહારાજા સાહેબની ખાસ આજ્ઞા થઇ. ‘ ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા ’ ની પ્રસિદ્ધિ સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં એક અપૂર્વ બનાવ ગણાય અને વિદ્વાનવર્ગ તરફથી તેની યોગ્ય કદર થાય એ ખુશ થવા જેવું છે. પ્રસ્તુત ગ્રંથમાળામાં આજ દિન સુધીમાં સાત પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે અને બીજાં તૈયાર થાય છે. આમાંનાં ત્રણ પુસ્તકો રાજશેખર

રચિત ‘કાવ્યમીમાંસા’, વસ્તુપાલ કૃત ‘નરનારાયણાનંદ’ કાવ્ય અને ‘પાર્થપરાક્રમ’ રા. દલાલે એડિટ કર્યાં છે અને બીજાં ચાર પુસ્તકો (૧) હમીરમદમર્દન, રચ્યા સાલ સં. ૧૨૩૦ (૨) વસંતવિલાસ ૧૩ મી સદી, (૩) પંચમીકહા, અપભ્રંશનું પુસ્તક ૧૨ મી સદી અને (૪) પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ, જેમાં ૧૨ મા, ૧૩ મા, ૧૪ મા શતકનાં કાવ્યો આપેલાં છે, જે પ્રેસ માટે નોટસ અને ઉપોદ્ઘાત સહિત તૈયાર કરતા હતા અને તે સિવાય ૪ થા સૈકાની ઉદયસુંદરીની કથા, વત્સરાજ રચિત કર્પૂર ચરિત, રૂકિમણી પરિણય, હાસ્ય ચૂડામણિ, ત્રિપુરદાહ, કિરાતાર્જુનીય, અને સમુદ્રમંથન એ ગ્રંથોનું સંશોધન અને સારી નકલો કરવામાં આવતી હતી. આ પ્રમાણે વિવિધ પુસ્તકોની તૈયારી કરવામાં તે રોકાએલા હતા. ખરી રીતે ગ્રંથમાળાની તમામ વ્યવસ્થા અને યોજના તેજ કરતા હતા. વળી નોટસ અને ઉપોદ્ઘાત વગેરે લખવાં અને જુદા જુદા પાઠો તૈયાર કરવા, એ બધું કામ તેમના હસ્તક થતું હતું, અને તે કાર્ય એટલું વિદ્વત્તાપૂર્ણ અને ઉંચી પ્રતિનું થએલું છે કે, પાશ્ચાત્ય અને પૌર્વાત્ય વિદ્વાનોએ તે ગ્રંથોની મુક્ત કંઠે પ્રશંસા કરેલી છે. તેની પ્રસિદ્ધિથી સંસ્કૃત સાહિત્ય અને પ્રાચીન સાહિત્યના ઇતિહાસ પર કેટલોક નવીન પ્રકાશ પડ્યો છે. આવા ઉપયોગી અને કીમતી કાર્ય બદલ શ્રીમંતમહારાજા સાહેબ બેશક મગરૂર થઇ શકે અને સાહિત્યસમાજ તેમનો જેટલો ઉપકાર માને તેટલો ઓછોજ છે. પણ તે સાથે અહીં એટલું ઉમેરવું જોઇએ કે, તે ગ્રંથમાળાની યોજના અને પ્રસિદ્ધિ ખરી રીતે રા. દલાલના સ્તુત્ય પ્રયાસનું ઉમદા અને સુંદર ફળ છે, અને તેનું માન અને યશ એક રીતે તેમને જ ઘટે છે. તેમના આ કીમતી કાર્યની કદર બુઝીને ત્રીજે વર્ષે શ્રીમંત મહારાજા સાહેબે તેમને ‘રાજ્યરત્ન’ નો ઇલ્કાબ બક્ષ્યો હતો, તે યોગ્ય જ થયું હતું.

પાટણના ભંડારોની તપાસ આટલી બધી ફળદાયી અને મહત્વની માલમ પડ્યાથી, જેસલમીરના ભંડાર-જેમાંનાં પુસ્તકો

અતિ પ્રાચીન હોવાની વિદ્વાનોમાં સામાન્ય માન્યતા છે અને જે પુસ્તકોની અત્યાર સુધી ખાતરીપૂર્વક તપાસ અને યાદી થઇ ન હતી, તે પાટણ ભંડારમાંના કેટલાંક પુસ્તક એડિટ કરતાં એમ માલમ પડ્યું કે, તેની બીજી પ્રતો જેસલમીરના ભંડારમાં કદાચ હોવી જોઇએ. તેથી એ ભંડારોની બરોબર તપાસ થવી જોઇએ એમ નક્કી થયું. ડૉ. બ્યુલરે સન ૧૮૭૨ માં તે ભંડાર પ્રથમ તપાસ્યો હતો. પણ તેમને માત્ર ૪૦ પોથીઓ બતાવવામાં આવી હતી. તે તપાસમાંથી ડૉ. બ્યુલરે ‘વિક્રમાંકદેવચરિત’ નું ઐતિહાસિક કાવ્ય લીધું અને પાછળથી મુંબાઇ સંસ્કૃત ગ્રંથમાળા માટે એડિટ કર્યું. તેમના પછી કેટલેક વર્ષે મુંબાઇ સરકારે તે ભંડારની ફરી તપાસ અને નોંધ કરવા પ્રો. એસ. આર. ભંડારકરને મોકલ્યા હતા. પણ તે તેમાં ફતેહમંદ થયા નહિ. તેમજ તે ગ્રંથોની જોઇએ તેવી અને પુરતી માહિતી બહાર નહિ પડેલી હોવાથી, તે ભંડારની ચોકસાઇથી અને ખાતરીપૂર્વક તપાસ અને નોંધ થવા સૌ કોઇ જરૂર બતાવતા હતા. રા. દલાલને પાટણના ભંડારો તપાસવામાં અસાધારણ ફતેહ મળી હતી, તેથી તે કામ માટે ફરી તેમની જ નિમણુંક થઇ. જેસલમીરની મુસાફરીએ જવું એ કાંઇ સહેલ કાર્ય નથી. પ્રથમ તો ત્યાં જવાનો માર્ગજ વિકટ છે અને રેતીના રણમાં લાંબી મુસાફરી કરવી પડે છે. વળી તે ભંડાર ગઢના કિલ્લામાં એટલો સુરક્ષિત અને સખત જાપતા હેઠળ રાખેલો છે કે તે જોવાની તક બહુ થોડાનેજ મળે છે. આવી મુશ્કેલીઓ અને અડચણો હોવા છતાં માત્ર કુનેહ, ખંત, પ્રયત્ન અને યુક્તિવડે અન્યને અસાધ્ય થઇ પડેલું કાર્ય રા. દલાલે ભારે પરિશ્રમ ઉઠાવી ફતેહમંદ રીતે પાર પાડ્યું અને તે બદલ તેમને અત્યંત ધન્યવાદ મળ્યો. તાડપત્રનાં જુનામાં જુના ગ્રંથો આખા હિંદુસ્થાનમાં માત્ર આ ભંડારમાં સચવાઇ રહેલા છે અને તેમાંના કેટલાંક પુસ્તકો

૧૦ મી સદી જેટલાં પ્રાચીન છે. બીજાં એવાં કેટલાંક અગત્યનાં પુસ્તકો છે કે જેની પ્રતો અન્ય કોઇ સ્થળે ઉપલબ્ધ નથી. અગાઉ આ બધાં પુસ્તકો પાટણના ભંડારોમાં હતાં, પણ આફતના સમયે તે નાશ પામવાની ભીતિથી સં. ૧૪૭૪ માં જૈન સાધુ જિનભદ્રસૂરિએ તે ભંડારને જેસલમીર આણ્યો, જ્યાં અદ્યાપિ તેની પ્રાણની પેઠે રક્ષા થાય છે. પાટણમાં તો માત્ર નકલો રાખવામાં આવી હતી અને તેના પ્રમાણ તરીકે એટલું જણાવવું બસ થશે કે, પાટણમાંથી પ્રાપ્ત થયેલા 'કાવ્યમીમાંસા' અને 'હમીર મદમર્દન' ગ્રંથોની મૂળ પ્રતો રા. દલાલને અહિંથીજ પ્રાપ્ત થઇ હતી. તેમણે એ ભંડારની તપાસ એવી ખુબી અને કુશળતાથી કરી કે તેમના વર્તનથી ભંડારના રક્ષકો પ્રસન્ન થયા. એટલે સુધી કે, બધાં પુસ્તકો તેમને બતાવ્યાં, એટલુંજ નહિ પરંતુ તેની બરોબર નોંધ કરવા અને કેટલાક પુસ્તકોની નકલ ઉતારી લેવા ખાસ પરવાનગી આપી, જે બીજાને જવલ્લેજ મળે છે.

આ રીતે પાટણના ભંડારમાંથી નહિ મળેલાં એવાં કેટલાંક મૂળ પુસ્તકોની નકલો કરાવી લીધી અને બીજાં કેટલાંક સંસ્કૃત અને અપભ્રંશનાં નવાં પુસ્તકો પ્રાપ્ત કર્યાં. જેની ટુંકી યાદી વાચકને સહેજ ખ્યાલ આવવા નીચે આપી છેઃ—હટુંક રચિત વિલાસ વાખા–સંવત ૧૧૩૯, નેમનાથ ચરિત–૧૩ મી સદી, કુલવયમાળા (ઉદ્યોતનસૂરિ) કૃત–સં. ૮૩૫, જયદેવ રચિત–છંદશાસ્ત્ર, (કિસ્સાહ) વક્રોક્તિ જીવિત અથવા કુત્તકનું કાવ્યાલંકાર, ઇષ્ટસિદ્ધિ અને લીલાવતી કહા વગેરે.

આ તપાસ દરમિયાન તેમણે ૩૪૪ તાડપત્રનાં અને ૬૦૦૦ કાગળનાં હસ્તલિખિત પુસ્તકોની નોંધ લીધી. તે સાથે સીરોહી, બિકાનેર, જોધપુર વગેરે શહેરોમાં ફરી આવી પુષ્કળ માહિતી એકઠી કરી. તે સિવાય પ્રાચીન સાહિત્યની શોધખોળ માટે તે

આમોદ, જુનાગઢ, તારાપુર, ખંભાત, ખેડા, માતર, વળા, પાંચગામ, અને અમદાવાદ વગેરે સ્થળોએ જઇ આવ્યા હતા. આ પ્રમાણે સતત પ્રયત્ન કરી લગભગ ૩૦૦ કીમતી હસ્તલિખિત પુસ્તકો સેંટ્રલ લાયબ્રેરીના સંગ્રહ માટે તેમણે પ્રાપ્ત કર્યાં હતાં. એ સંગ્રહની સમૃદ્ધિ અને ઉપયોગિતા મોટા અંશે તેમના પ્રયાસને અને ખંતને આભારી છે.

ચાલુ ઓફિસ કામ કરવા ઉપરાંત બાકીનો સમય તે સાહિત્ય સેવા કરવામાં ગાળતા. જુદાં જુદાં માસિકો અને પત્રોમાં વખતો વખત મહત્વના લેખો, તેમજ પ્રાચીન ગુજરાતી કાવ્યો અને સુભાષિતો વગેરે પ્રસિદ્ધ થવા માટે મોકલી આપતાં. વળી સાહિત્યના પ્રશ્નોની ચર્ચામાં રસપૂર્વક ભાગ લેતા. સુરતમાં ભરાયેલી પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ માટે તેમણે પાટણના ભંડારોમાંનાં જુની ગુજરાતી અને અપભ્રંશનાં પુસ્તકો વિષે એક વિદ્વત્તાભર્યો નિબંધ લખી મોકલ્યો હતો, જે પ્રતિ વિદ્વાનોનું સારૂં ધ્યાન ખેંચાયું હતું, ને યોગ્ય પ્રશંસા થઇ હતી. જનાર્દન રચિત ઉષાહરણ અને બિલ્હણ કૃત ચોરપંચાસિકા વગેરે પ્રાચીન ગુજરાતી કાવ્યો એડિટ કરી ચંદ્રહાસને મળતી અન્ય કથાઓ, સદયવત્સ સાવલિંગા અને (માધવકામ કુંડળા) ની કથા વગેરે જુની વાર્તાઓનો ઐતિહાસિક અને તુલનાત્મક રીતે અભ્યાસ કરી, ગુજરાતનું સંસ્કૃત નાટક સાહિત્ય તથા પ્રાચીન ગુજરાતીનો વિભક્તિ વિભાગ તથા વાક્યપ્રકાશ ઔક્તિક વગેરે વિચારપૂર્ણ લેખો લખી અને કાશ્મીર મુખમંડનની અને ખંભાત શબ્દોની વ્યુત્પત્તિની ચર્ચામાં ઉંડા ઉતરી તેમણે સાહિત્યમાં ઉપયોગી ફાળો આપ્યો છે અને તેમની સાહિત્યસેવા બહુ ઉંચા પ્રકારની હતી, એટલું ગુજરાતના સાહિત્યના અભ્યાસીઓ સ્વીકાર્યા વગર રહેશે નહિ.

ટુંકામાં તેમનું સમગ્ર જીવન પ્રાચીન સાહિત્યના અભ્યાસ અને સેવનમાં નિર્ગમન થયું છે. તેમણે આદરેલું કાર્ય અત્યંત કીંમતી અને મહત્વનું હતું અને તેમાં જે કાંઇક થોડું કરવાને તે શકિતમાન થયા હોય તો તે તેમને માન અને કીર્તિ આપે એવું ઉંચા પ્રકારનું અને વિદ્વત્તાભર્યું હતું. આપણે આશા રાખીશું કે, લાઇબ્રેરી ડિપાર્ટમેન્ટ તરફથી ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાળામાં તેમના પાટણ અને જેસલમીરના ભંડારોની તપાસના બે મોટા રિપોર્ટ સત્વર પ્રસિદ્ધ થવા વ્યવસ્થા થશે. કેમકે તેની પ્રસિદ્ધિ થયેથી તેમનું કાર્ય કેટલું બધું ઉપયોગી અને અગત્યનું હતું તેનો વાચકવર્ગને પુરતો ખ્યાલ આવશે. સ્વભાવે તે તદન શાંત અને નિરભિમાની હતા. તેમની પ્રકૃતિ આગ્રહી અને નિશ્ચયાત્મક હતી. તપસી જેવી તેમની મનોવૃત્તિ અને ભાવના હતાં અને તેને અનુકૂળજ તેમણે પોતાનો જીવનક્રમ અને વ્યવહાર રાખ્યાં હતાં. દુનિયાદારીની ચીજોની તેમને ઝાઝી સ્પૃહા ન હતી. વળી તેમને માન કે મોટાઇની ઇચ્છા કે પરવા પણ ન હતી. સાદું, એકાંતિક, અને સંસ્કારી સાક્ષર જીવન, એક જૈન સાધુની માફક ગાળવાને તેઓ સદા તત્પર અને ઉત્સુક રહેતા એજ તેમની જીવન ભાવના અને અભિલાષ હતાં બહુધા તે પુસ્તકોનાં વાંચન અને અભ્યાસમાં ગુંથાયેલા માલમ પડતા અને કવિ ચોસરના શબ્દોમાં કહીએ તો

"of studie took he most care and most hede
Nought a word spoke he more than was nede."

(કામ પુરતુંજ તે બોલતા, બાકીનો સમય અભ્યાસ ને અધ્યયનની દરકાર કરવામાં ગાળતા.)

તેમ તેમણે ઉપાડેલું કામ તેમના સ્વભાવને અનુકૂળ અને યોગ્ય દિશામાં હતું. તે માટે યોગ્ય કાર્ય કરનારનીજ રાહ જોવાની હતી. લાયકને લાયક કામ મળી આવ્યું અને સંતોષની વાત છે કે, તેમાં

તેમને સારી ફતેહ પણ મળી. તે એટલું સરસ કામ કરી રહ્યા હતા કે, થોડા સમયમાં તેમના પ્રયાસથી સુંદર પરિણામો આવવાની આપણે આશા રાખતા હતા પણ એટલામાં કિનારે આવેલું વહાણ લાધી ગયું. ખરેખર આપણે નિર્ધન થઇ ગયા છીએ, આપણી સ્થિતિ શોચનીય છે. આપણે અહીં કામ કરનારાઓનો ખોટ છે. આવી પરિસ્થિતિમાં જેમણે પોતાના કાર્યથી તેમની યોગ્યતા અને મહત્તા સિદ્ધ કર્યાં હતાં તે એકાએક દૂર થવાથી કયા ગુજરાતી બંધુનું હ્રદય નહિ દ્રવે ! પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ અને સુખ બક્ષો, એજ પ્રાર્થના+

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ.

તા. ક–ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળામાં નં. ૧, ૨, ૪, ૫ તરીકે કાવ્ય મીમાંસા, નરનારાયણાનંદ, પાર્થ પરાક્રમ અને રાષ્ટ્રૌઢ વંશ–તે પોતે સંશોધિત કરેલાં તે પોતાની હયાતીમાંજ પ્રકટ થયાં; હયાતી બાદ તેમના સંશોધિત કરેલ વામન કૃત લિંગાનુશાસન નં. ૬, બાલચંદ્રસૂરિ કૃત વસંતવિલાસ નં. ૭, વત્સરાજ કૃત રૂપકષટ્કં–છ નાટક, નં. ૮ તરીકે સને ૧૯૧૮ માં પ્રકટ થયાં અને તદુપરાંત સદ્દગત દલાલ કૃત પ્રસ્તાવના અને પરિશિષ્ટોવાળું યશઃપાલકૃત મોહપરાજ્ય નાટક નં. ૯ તરીકે બહાર પડયું; ૧૯૨૦ માં તેમનાથી સંશોધિત થયેલ જયસિંહ સૂરિકુત હમ્મીરમદમર્દન કાવ્ય નં. ૧૦, સોડ્ઢલ કૃત ઉદયસુંદરી કથા નં. ૧૧, પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ (પ્રસ્તાવના વગરનું) નં. ૧૩; ૧૯૨૧ માં ભાસર્વજ્ઞ મુનિ કૃત પશુપતિ દર્શનનો ગણકારિકા નામનો ગ્રંથ નં. ૧૫, ૧૯૨૩ માં ધનપાલ કૃત ભવિસયત્ત કહા–પંચમી કહા (સદ્દગત પ્રો૦ ગુણેની

+ વડોદરા લાઈબ્રેરી મિસેલની માટે તૈયાર કરેલો બુદ્ધિપ્રકાશમાં સન ૧૯૧૮–૧૯૧૯ માં છપાયો હતો તે અત્ર મૂકવામાં આવ્યો છે.

પ્રસ્તાવના અને ટિપ્પણી સહિત) નં. ૨૦; ૧૯૨૪ માં જેસલમેર ભંડારની ગ્રંથ સૂચિ (પંડિત લાલચંદની ટિપ્પણીઓ અને વૃદ્ધિ પત્રિકા સહિત) નં. ૨૧ અને ૧૯૨૫ માં લેખપદ્ધતિ (૮ માંથી ૧૫ મા સૈકા સુધીના દસ્તાવેજોનો સંગ્રહ) નં. ૧૯ તરીકે બહાર પડયા. હવે પાટણ જૈન ભંડારના ગ્રંથોની સૂચિ (પંડિત લાલચંદની ટિપ્પણીઓ સહિત) તૈયાર થઇ ગઇ છે ને પ્રેસમાં ગઈ છે.

આ ઉપરાંત સદ્‌ગત દલાલે જયવિજયકૃત સમેતશિખર રાસ પોતાના પિતાના સ્મરણાર્થે પ્રગટ કર્યો હતો. અરિસિંહના સુકૃતના–સંકીર્તનની અંગ્રેજી પ્રસ્તાવના તેમણે લખી હતી કે જે ગ્રંથ ભાવનગરની આત્માનંદ સભા તરફથી સં. ૧૯૭૯ માં પ્રકટ થઇ ગયેલ છે. વિશેષમાં તેમના જૂદા જૂદા લેખો વસંત આદિ પ્રસિદ્ધ માસિકોમાં પ્રકટ થયા છે તે સર્વ સંગ્રહ કરી પ્રકટ કરવા યોગ્ય છે તો તે સર્વનો, તેમજ તેમણે અંગ્રેજીમાં લખેલી પ્રસ્તાવનાઓનો ગુજરાતી અનુવાદનો સંગ્રહ એક પુસ્તકાકારે પ્રજા સમક્ષ મૂકી તે સદ્‌ગતનું ખરૂં સ્મરણ રાખવા કોઇ જૈન કે જૈન સંસ્થા બહાર આવે એ ઇષ્ટ છે.

વિશેષમાં તેમણે અનેક પ્રાચીન અને દુષ્પ્રાપ્ય ગ્રંથોનો સંગ્રહ કર્યો હતો અને અનેક ગ્રંથોમાં પોતાનાં ટિપ્પણો ઉમેર્યાં હતાં, તેમજ બીજી અનેક ઉપયોગી નોંધો કરી હતી. આ તેમની 'ખાનગી લાયબ્રેરી' ખરીદ કરી તેમાંથી શોધખોળની વિગતવાળું, જાણવા જેવું બહાર પાડવા માટે પણ કોઇ શ્રીમંત કે સંસ્થા બહાર પડશે તોજ તે સદ્‌ગતનું સાચું સ્મરણ અને અભિવાદન કરી શકાશે.

મોહનલાલ દલીચંદ દેશાઇ.

The Late Mr. C. D. Dalal.

:o:

(BY J. S. KUDALKAR M. A. L L. B.)

"Oh why has worth so short a date ?
While villains ripen grey with time;
Must thou, the noble generous, great,
Fall in early manhood's gentle prime ?

Robert Burns.

It is a very great misfortune for the "Library Miscellany" to note the untimely death of its asscoiate editor, Mr. Chimanlal Dahyabhai Dalal M. A. From the very first issue of the "Miscellany" Mr. Dalal was associated with its editorial side and was responsible for the Gujarati side till last October when he fell a prey to the epidemic of Influanza. How by his able and Scholarly articles he made the "Library Miscellany" popular in the Gujarati reading public and was instrumental in spreading far and wide the gospel of the Public Library in Gujarat is known to all the Gujaratis. But it is not only as the Gujarati editor of the 'Library Miscellany" that we have to appreciate his valuable work. As a member of the staff of the Baroda Central Library and as an excellent scholar of Gujarati

and Sanskrit (he has placed the) literary world under a heavy debt of gratitude. During the short span of his life Mr. Dalal put forth such an amount of admirable work as would put to shame many a Modern Indian Scholar of long standing. His little star shone with a dazzling lustre of its own, that by its sudden disappearing has left such a deep gloom behind as cannot be redeemed for a long time to come.

Born in Kaira in 1881 in a middle-class family whose two generations were engaged in "Cotton broker's business" young Dalal was not expected to turn out an erudite Scholar in Sanskrit and Jain literature. But from his early boyhood he loved seclusion, kept company only of books, and possessed a fervent devotion for his religion. After matriculating from Tanksal New English School he joined the Gujarat College at Ahmedabad. Even in these early College days by his constant readings and discussions with learned Jain Yatis, he had acquired such mastery over Sanskrit and Prakrit languages, but while in the Previous class he composed a Sanskrit panegyric in honour of a college Professor, who was leaving, that won him high praise from all his Professors. He passed with honours his B. A. examination in English and Sanskrit languages in 1908 and having topped the college list

of successful graduates was awarded the Dakshina fellowship. Two years after, he got his M. A. Degree by taking Sanskrit grammer as his optional subject. That even in his college days Mr. Dalal was engaged in research work is evidenced by the fact that in 1910 he contributed to the "Jain Sasana" of Benares a paper on "Hirvijaya Suri or the Jains of the court of Akbar." This paper threw new light on the history of Akbar and made the basis of the of the paper "Jain Teachers of Akbar" by famous historian Vincent A. Smith in the "Bhandarkar Memorial Volume."

Just at this time H. H. The Maharaja Gaekwad was organising the Central Library Department at Baroda under advice of Mr. Borden an American expert and was looking out for bright University graduates to take up training in Modern Librarianship. Devoted to study and seclusion by nature as he was, Mr. Dalal found that here was an opening for his future career, just in accordance with his heart's desire as if held temptingly before him by a specially kind Providence. He at once went in for the library training in spite of the poor scholarship of Rs. 25 a month for one year's probationery period and was after the year's training appointed to the higher grade of liabrarians. Since then he had been doing very successfully the varied duties of a librarian, some

times as a Reference Librarian, at other times as an expert Gujarati Librarian and finally as the Sanskrit Librarian. When in August 1912 the "Liabrary Miscellany" was started as trilingual quarterly Magazine with the sole purpose of disseminating the new gospel of library-religion Mr. Dalal took charge of the editorship of the Gujarati Section without any remuneration. In the very first issue of the "Library Miscellany" he published a scheme of classification for Sanskrit books and followed it up by another more elaborate scheme for Gujarati books. His Gujarati classification scheme has long been adopted in the Baroda Central Library and is introduced by means of printed catalogue-cards in the Moffusil libraries of the Baroda State. After preparing a classified list of the Hundred Rupees Standard Gujarati Books, that is presented by the Central Library department to each new village library in the state for Rs. 25, he brought out one more elaborate classified list of 1000 popular Gujarati books for town and village libraries in Gujarat. This list also has an Author and a Title Index at the end. This classified list is prepared on the plan of such English books as Nelson's Standard Book and Sonneschein's Best Books. Mr. Dalal also conducted the Library classes opened for short periods for training librarians of the district

libraries in the State especially in Gujarat. While doing his duties as a librarian Mr. Dalal also worked for some years as assistant press reporter until that branch was removed from the Library Department. Later on Mr. Dalal was placed in full charge of the Sanskrit Section of the Central Library and it was then that his life's main work began and took a permanent shape.

At that time the Sanskrit Section of the Library was being organised on a large scale with the idea of making it a unique collection of Sanskrit Literature in Gujarat. What the the Deccan College Sanskrit Collection of printed books and manuscripts is to the Deccan, this Central Library Collection was intended to be for the whole of Gujarat. With this view all the available printed Sanskrit books were being purchased and Sanskrit manuscripts were being searched for all over India and collected in the Central Library. For the search of manuscripts an expert Manuscript-Collector of 20 year's experience Mr. R. Anant Krishna Shastry was engaged in the service and with his aid within two years the Sanskrit section began to grow into a decent collection. While working as a Sanskrit Librarian it occured to Mr. Dalal a true Jain and a student

-of ancient literature as he was, that the valueable collections ol Sanskrit and Gujarati MSS. that were lying neglected in the famous Jain Bhandars at Pattan and other places required to be very thoroughly inspected and the most valuable contents thereof brought to the notice of the public. On his submitting a report to this effect to the Govt. he was deputed for doing this work for three months to Pattan. By this time owing to his long acquaintance with Jain Sadhus and his Scholarly work among them he had gained their full trust, and being a devout Jain himself had removed all difficulties in the way of his gaining free access to these Jain Bhandars. There by working 14 hours a day in the dark dingy cellars sitting continuously in a painful bending position of the body he inspected very carefully the heaps of Mss. in all the eleven Bhandars consisting of nearly 13,000 Mss. and finished his work in the appointed period. This work of Mr. Dalal at Pattan was quite unique in asmuch as not only much more than one full year's work was finished in three moths but a most thorough inspection was made of all the Mss. in all the Bhandars, a work which even scholars like Dr. Buhlar Bhandarker, Peterson and Mr. M. N. Dvivedi of this State-Mr. Dalal's predecessors in this work

-were not, owing to several difficulties, able to put down to their credit. Mr. Dalal had won so much confidence and regard of the keepers of these Bhandars that he was allowed to take transcripts of several Mss to purchase a few for the Central Library and what was more important to obtain a loan of original Mss. in case they were required for editing purposes. This careful search of Pattan Mss. brought to light not only many new and important Sanskrit and Prakrit works-both Jain and Brahmanical-hitherto either unknown or known to have been lost, but also a quite new Apabhransa literature, which when published would help us in writing a grammar of this language, as it is the immediate source of not only Gujarati but of Marathi, Hindi and many other Indian Vernaculars.

It was a result of this search of Mss. at Pattan that his highness the Maharaja sanctioned in 1916 the starting of the publication of important Mss. in a series called the "Gaikwar's Oriental Series" and it was to this work that Mr. Dalal devoted all his energies day and night till the last hour of his sudden death. During a period of 2 years and 9 months *i. e.* from January 1916 to 3rd October 1918 when he died, Mr. Dalal edited fully or partly

14 works and wrote Introductions of two more works in the series. At the time of his death 7 works were out of the press, two had their texts printed but were waiting for introductions and notes, three had only a few forms printed and two catalogues of Mss. at Pattan and Jesalmere were ready for the press.

This was indeed an unusually brilliant feat of achievement but unfortunately the heavy work it involved told excessively upon his already frail body and probably hastened death.

Besides the tour to Pattan for Mss. search Mr. Dalal made several other search-trials in parts of Gujarat, Kathiawad and Rajputana, He visited Amod, Tarapur, Cambay, Kaira, Ahmedadad, Matar, Vala, Junagad in Gujarat and Kathiawad, so also Sirohi, Jodhpur, Bikaner and Jesalmere in Rajputana. But none of these tours was so fruitful of results as his trip to Jesalmere. The famous Jain Bhandar at Jesalmere is well-known among oriental scholars as the repository of some of the oldest and rarest palm-leaf Mss. in India. Copies of some of the Mss. in this Bhandar are not available elsewhere. Ajayapal, the successor of the famous minister, (? King) Kumarpal, who with his brother Vastupal, (?) was famous for

collecting at Pattan rich collections of Mss. was a great hater of Jains and Jainism and tried his best to destroy the Jain literature. Ministers Udayana and others removed the Mss. from Pattan to Jesalmere and other unknown places. The palm-leaf Mss. at Jesalmere are therefore mainly the originals from Pattan, which now possesses only their copies. This Jesalmere Bhandar is therefore kept well protected on a hill fort amidst a sandy country not easily accessible to ordinary people. Dr. Buhler was the first scholar to inspect this Bhandar in 1872 but succeeded in getting access to only 40 "Pothies." After him went Prof. S. R. Bhandarkar but he too could not see all the Mss. But as at Pattan so at Jesalmere too, Mr. Dalal was fortunate to be able to inspect the whole collection of Mss. consisting of nearly 3,000 of paper and 344 of palm-leaf and to prepare a descriptive catalogue of all the palm-leaf Mss. The necessity of preparing such a a catalogue was urgently pointed out both by Dr. Buhler and Prof. Bhandarkar in their reports. Thus by his thorough searches at Pattan and Jesalmere Mr. Dalal has brought, once for all, to the notice of the learned world the actual contents of these famous collections, and has made accessible to the Central Library Depart-

ment a very rich store of materials which it can draw upon for future publications in the "Gaekwad's Oriental Series."

These valuable services of Mr. Dalal were not unnoticed by His Highness the Maharaja. Soon after Mr. Dalal has finished his search at Jesalmere in December 1916. His Highness in his Birth-day Durbar of March 1917 publicly appreciated Mr. Dalal's excellent work by awarding a silver Medal of "Raja-Ratna" (court-gem) and presenting him with a purse of Rs. 500. His Highness further encouraged Mr. Dalal in his work by promoting him to a higher grade of service, which unfortunately Mr. Dalal did not live long to enjoy. After Mr. Dalal's death the real worth of his admirable work being brought to the notice of His Highness, His Highness was gracious enough to grant a bonu for Mr. Dalal's children's education.

By Mr. Dalal's death therefore not only the Library Department and the "Library Miscellany" have suffered an irreparable loss, but the learned world also has lost a very promising and valuable worker.

Library Miscellany,
Vol. VI, No. 1 & 2 Jan April 1919.

अरहापास-अरिष्ठनेमिं·

अवतरणिका:—

આવા સાહિત્યને અંગે ધણુંયે લખવાનું હોય, લખવાની ઇચ્છા પણ હતી. **સામગ્રી** પણ યથાશક્તિ છૂટક છૂટક ઠીક પ્રમાણમાં એકત્ર થઇ હતી, તેને ગોઠવીને લખવા માટે લગભગ સવા વર્ષ વ્યતિત પણ કર્યું. ન્યાયાધીશ **શ્રીયુત કૃષ્ણાલાલભાઈ ઝવેરીની** વકીલ શ્રી **મોહનલાલ દલીચંદ દેશાઈ** દ્વારા સૂચનાઓ અને ઠપકાઓ પણ સાંભળ્યા, પણ તે સર્વને કુદરતે ગણકાર્યું જ નહિ ! અને આખરે "કાંઇ પણ લખ્યા વિના જ પ્રજા પાસે મૂકવું" એવી જ જાણે કુદરતની પ્રેરણા ન હોય? તેમ લગભગ પંદર માસ વ્યતિત થવા છતાંએ, ફળ સમર્પ્યા વિના જ પ્રસિદ્ધીમાં આણવું પડ્યું છે, જે માટે વાંચકવર્ગની ક્ષમા વિના બીજું શું યાચવાનું હોય ?

સાહિત્યના કાર્યને અંગે, સંઘવી **ઋષભદાસ કવિયે** શ્રી-હીરવિજયસૂરિ રાસમાં કહ્યું છે તેમ,

"કાજલ[૧] કાગળ[૨] કાંબળીઉં[૩] મળી, કોડો[૪] કાંબી[૫] કાતર[૬] વળી;
"કોટિ[૭] કહેડિ[૮] કર[૯] કણનું[૧૦] કામ, કોડ[૧૧] ધરી કહ્યું ગુરૂનું નામ.
"કરણ[૧૨] કરાનું[૧૩] કાયવશ[૧૪] કરી, કવિતા[૧૫] કાવ્ય[૧૬] કવિત[૧૭] મનધરી.
'એણીપરે શાસ્ત્ર તે કષ્ટે થાત, વાંઝિ ન લહે વીયાની વાત."

[આનંદ કા. મ. મૌ. ૫ મું પૃષ્ઠ ૩૧૨.]

જ્યારે સત્તર કક્કા એકત્ર થાય, અને તે વડે એક તાન એક ધ્યાન લાગી રહે તોજ સાહિત્ય કાર્ય કરી શકાય. તેમાંયે વળી ગૃહસ્થીયોને શારીરિક, સાંસારિક અનેક ઉપાધિયો લાગેલી હોયજ કે જેમાંથી વખત ચોરી કાર્ય કરવા બેસવું એ મહાન્ ઉદય હોય તોજ બની શકે. માત્ર **ઋષભકવીશ્વર** જેવા કોઇક ગૃહસ્થજ ભાગ્યશાળી હોય કે જે અનેક ઉપાધિયો હોવા છતાં **સર્વોત્તમરીત્યા સાહિત્યની** સેવા બજાવી શકે છે. **ઋષભકવીશ્વર** જેવી **સાહિત્ય સેવા** બજાવવા ગૃહસ્થીઓમાંથી હજુ સુધી બીજા કોઇ **ઋષભદાસ** ઉત્પન્ન થયાજ નથી એ પણ નિર્વિવાદ છે. એજ **હીરસૂરીશ્વરરાસમાં** કવિ **ઋષભદાસે** પોતાની નિત્ય ચર્યા લખતાં લખ્યું છે કેઃ—

" સ્તવન અઠાવન ચોત્રીસ રાસો,
" પુણ્ય પસર્યો દીયે બહુ સુખવાસો. ૩૨
" ગીત થુઇ નમસ્કાર બહુ કીધા,
" પુણ્ય માટે લિખી સાધને દીધા." ૩૩
[આ. કા. મ. મૌ. ૫ મું પૃષ્ઠ ૩૨૨]

આ મુજબ ૫૮ સ્તવનો, ગહન વિષયના એક એકથી ચઢિયાતા ૩૪ રાસાઓ અને કેટલાંયે સ્તુતિ નમસ્કારાદિ રચવા, એ, ભગવતી શારદમાતની પરમ દયા મેળવેલા ઋષભદાસ વિના અન્ય ગૃહસ્થી કોણ કરી શકે?

આદિમાં જણાવ્યા મુજબ છૂટક છૂટક એકત્ર કરેલી સામગ્રીને ગોઠવી પ્રજા પાસે મૂકવા હું ભાગ્યશાળી થઇ શકયો નથી તે માટે જેટલો મને ખેદ છે, તેથી વિશેષ હર્ષ પણ થાય છે. રાસાઓના પ્રખર અભ્યાસી **શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇએ** જેટલી વિશેષ હકીકત બહાર મૂકી છે તેટલી, વિશેષ પ્રયત્ને પણ, હું

બહાર મૂકી શકું કે નહિ તે માટે મને પોતાને પણ હજુ શંકાજ છે. અને તેટલાં માટેજ **શ્રીયુત મોહનલાલભાઇની** અતિ પ્રયાસે બહાર પડેલી હકીકતો જોઇ મને ખેદ કરતાં હર્ષ વધુ થાય છે. **શ્રીયુત મોહનલાલ દ. દેશાઇનો** અંતઃકરણથી જેટલો આભાર માનું અને માનીએ તેટલો ઓછોજ છે.

ન્યાયનિપુણ ન્યાયાધીશ સાક્ષરરત્ન **શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનો** ઉપોદ્‌ઘાત લખી આપવા બદલ ઉપકાર માનુંછું. **શ્રીયુત કૃષ્ણલાલભાઇ** ન્યાયવિષયે નિપુણ ન્યાયાધીશ છે, તેટલાં જ ગુજરાતી ફારસી ભાષા સંબંધમાંયે દક્ષ, વિચારશીલ, તેમ જ મનનીય અભ્યાસી છે. અને તે કારણવડે જ જેમ ન્યાય દેતી વખતે "પક્ષાપક્ષનું અવલોકન કરી શુદ્ધ ન્યાય દેવો પડે" તે પ્રમાણે અત્રે પણ તેઓશ્રીયે જૈન-જૈનેતર બેઉના ગુજરાતી સાહિત્યનો વિચાર કરીને બહુ જ સમભાવિ તુલનાત્મક દૃષ્ટિયે ઉપોદ્‌ઘાત યોજ્યો છે, તે માટે એઓશ્રીનો હું અને જૈન તેમજ અજૈન ગુજરાતી સાહિત્યરસિકો જેટલો ઉપકાર સ્વીકારિયે તેટલો ઓછો જ છે.

ઉપોદ્‌ઘાતદ્વારા, સમભાવપણું ગુમાવી બેસનારા અને ધર્માંધે જૈનોપરત્વે દ્વેષબુદ્ધિયે યા તો અન્ય કારણે પક્ષાપક્ષે અફળાતા સાહિત્યસેવકોને, ન્યાયપન્થે વિહરવાનો ઉત્તમ માર્ગ **શ્રીયુત કૃષ્ણલાલભાઇયે** બતાવ્યો છે. તે પ્રમાણે જો જૈન, વૈષ્ણવ યા શૈવ વગેરે સંપ્રદાયવાળા સાહિત્યયુવકો વિચરવાનો પ્રયત્ન સેવે તો અવશ્ય ગુર્જરીભાષાનો અતિવેગે સત્ય ઉત્કર્ષ થાય એ નિઃસન્દેહ છે.

શ્રીયુત કૃષ્ણલાલભાઇયે સામાન્યત: કેટલાક દોષો બતાવ્યા છે તે બહુ વિચારણીય છે, તોપણ તે સંબંધે થોડોક ખુલાસો કરવો ઉચિત ધાર્યુંછું.

(૧) " શુકનશાસ્ત્ર ચોપાઇ એ કાવ્યને પણ જૈનમત સાથે
" કશો સંબંધ નથી."

(૨) " આ [મારૂ ઢોલા] કાવ્ય ["જોડી જેસલમેર મઝાર,"
" (કડી ૨૩૫)] જેસલમેરમાં રચાયું છે, અને તેથી
" એની ભાષા ગુજરાત કરતાં મારવાડની ભાષાને વધારે
" મળતી આવે છે. લગભગ મારવાડી છે એમ કહીએ
" તો ચાલે, તો પછી ગુજરાતી ભાષાના કાવ્યમાં
" એને સ્થાન આપવું એને ગુજરાતી કાવ્ય કહેવું એ
" એક જાતનો આપણી ભાષાના ઇતિહાસ ઉપર આ-
" ઘાત કરવા જેવું છે."

(૩) " ખરી રીતે તો આ (માધવાનળની કથા) કાવ્ય તેમજ
" બીજાં કાવ્ય માટે માત્ર પાઠાંતર બતાવીજ પ્રસિદ્ધ
" કર્તાઓએ સંતોષ માનવાનો નથી, પરંતુ તેને સટીક
" બનાવવાં જોઇએ. [critically edit, કરવાં
" જોઇએ] શબ્દાર્થ આપવો જોઇએ. જો એ બધી
" ક્રિયાઓ તેને સંબંધે કરવામાં આવે તોજ એ
" " મૌક્તિકોની " ઉપયોગીતા, એની કીંમત, એનું
" "પાણી" વધે. બાકી કેવળ text છાપવાથી તે
" કાવ્યો લોકપ્રિય તો નહિજ થાય."

(૪) " ચાર પ્રત્યેક બુદ્ધ ચોપઇમાં કાંઇ ખાસ કાવ્યમય
" લક્ષણ જોવામાં આવતું નથી. ધર્મને અંગે.........
" ઇત્યાદિ."

(૧) કર્મ ભવિતવ્યતા અને સ્વભાવને માનવા છતાં સાક્ષાત્-પણે શકુન શાસ્ત્ર ચોપાઇ કાવ્યને જૈનધર્મ-મત સાથે સંબંધ ભલે ન હોય પરંતુ જૈનધર્માવલંબિઓ એથી અજ્ઞાત રહી અશુભ શુકનોથી અશુભ પરિણામ પ્રાપ્ત ન કરે અને સારાસારને

સમજી, તે પ્રમાણે વર્તી સુખી રહે એવો આશય હોવાથી જૈન મુનિરાજો એના પણ પૂર્ણ અભ્યાસી હોય છે. અને ઘણી વખતે તો એવા ગ્રન્થોના લેખકોયે, એવા શુભાશુભ શકુનો, મુહૂર્તો, મન્ત્રો, યન્ત્રો અને તન્ત્રો તેમ જ જ્યોતિષવિષયક વિષયોને લખતાં તેના સારાસારનો અભ્યાસ અને તે ઉપરાંત તેનો સંપૂર્ણ અનુભવ કરીનેજ એવા ગ્રન્થો લખ્યા છે, જેથી સમાજને લાભ થાય. સમાજને લાભ એટલે અન્યરીત્યા કહીયે તો ધર્મ-પન્થ-દર્શન એને પણ લાભજ થાય.

(૨) મારૂઢોલા શુદ્ધ ગુજરાતી નથી એ વાત તદ્દન સાચી છે. પરંતુ હમારા ગ્રન્થોદ્ધારમાં સંસ્કૃત પ્રાકૃતનો એક અને આવા ગૂજરાતી વગેરેનો બીજો એમ મળી બે વિભાગ કર્યા હોવાથી આવા ગ્રન્થને આવા કાવ્ય ભેળાં છપાવવામાં આવ્યું છે.

(૩) [માધવાનળની કથા] કાવ્ય તેમ જ બીજા કાવ્ય માટે પાઠાંતરો જ બતાવી સંતોષ માનવો જોઇયે નહિ, પરંતુ લાંબા અનુભવ અને પરિશ્રમ પછી મારૂં તો એ પણ માનવું થયું છે કે નોટ ટીપની બહુ કડાકૂટ અને બહુ લાંબો સમય ગુમાવવા કરતાં હાલ તુરતતો મૂળમાત્ર જે પ્રાપ્ત થાય તે જ પ્રસિદ્ધ નહિ કરવાથી, પ્રાચીન સાહિત્ય કે જે ઘણે સ્થળે તપાસ કરવા છતાંય જેની વિશેષ પ્રતો ઉપલબ્ધ થઇ શકતી નથી અને જે મળે છે તે પણ ખંડિત, યાતો હાથમાં લેતાં ખંડિત થઇ જાય તેવી હોય છે તેને પણ જતું કરવા જેવું થાય છે. જો નોટ ટીપની કડાકૂટમાં પડવામાં ન આવે તો વિશેષ સાહિત્ય જેવું મળે તેવુંજ પ્રજા પાસે મૂકી શકાય અને તેટલાનુંયે રક્ષણ કરી શકાય, અને તે પ્રમાણે પ્રસિદ્ધ થઇ હજારો પ્રતિયો થયા પછી નોટ ટીપ વિશેષ શોધન-સંશોધન તો જ્યારે પણ અને જેને પણ કરવું હોય તે વખતે તેનાથી થઇ શકે. વળી નોટ ટીપાદિથી સંપૂર્ણ કરવામાં ઘણોજ સમય વ્યતીત કરવો

પડે છે અને તેટલા સમયમાં માત્ર એ ચાર ગ્રન્થ વા કાવ્ય બહાર પાડી શકીયે જ્યારે મૂળ માત્ર છપાવવાથી વિશેષ બહાર પાડી શકાય એવો અમારો અનુભવ છે. તેમજ નોટ ટીપ કર્ત્તાના અભિપ્રાયને અનુસરતાં બનાવવા એ ઘણી વખતે કઠિન છે અને કર્ત્તાના અભિપ્રાયને અનુસરતા નોટ ટીપ કરાયા પણ હોય તોયે બધા સાક્ષરોને, અનુસરતાં છે એમ મનાવવું એ તેથીયે વિશેષ કઠિન કામ છે.

(૪) ચાર પ્રત્યેક બુદ્ધ ચોપાઇ અને કવિવર સમયસુન્દરજી માટે કાંઇ પણ કહેવા કરતાં " કવિવર સમયસુન્દર " નામનો **શ્રી મો. દ. દેશાઇના** લેખનો હવાલોજ વાંચકને અર્પું છું.

શ્રીયુત મો. દ. દેશાઇએ કર્ત્તા ભાષા, સમય આદિ વિષયો પરત્વે અતિ મહેનતે અતિ સુન્દર લખ્યું હોવાથી મારે તે સંબંધે કાંઇ લખવાનું રહેતું નથી. પણ તેઓનો ઉપકાર માનવો તો અવશ્ય બાકી રહે છે જ અને તેથી તેઓશ્રીનો જેટલો ઉપકાર માનીયે તેટલો ઓછોજ છે.

શ્રીયુત મોહનભાઇવાળા લેખોમાં, તે લેખ છપાયા પછી શોધ કરતાં ઉપલબ્ધ થયેલી માહિતીના આધારે, નીચે મુજબની યત્કિંચિત્ શુદ્ધિ-વૃદ્ધિ અત્ર દર્શાવવી યોગ્ય લાગતાં અત્ર દર્શાવું છું અને તે પર વાંચકવૃન્દનું લક્ષ ખેંચું છું:—

(૧) **પંડિત જયવિજય**વાળા લેખમાં ૧૧૪મે પાને:—
" વૃત્તિ રચી છે (કે જે સ્તુતિપર સિદ્ધિચંદ્રગણિએ પણ ૨૨૦૦
" શ્લોકમાં તે સમયમાંજ-યુગમાંજ વૃત્તિ રચી છે અને જે સ્તુતિ
" તે વૃત્તિ તથા બીજી અવચૂરિ સહિત કાવ્યમાળાના સાતમા
" ગુચ્છકમાં મુદ્રિત થયેલી છે)."

(૧) કાવ્યમાળાના સપ્તમ ગુચ્છકમાં માત્ર અવચૂરિજ છપાયેલી જોવામાં આવે છે. ઉપર લખેલી વૃત્તિ અંદર છપાયેલી નથી.

(૨) ૧૩૫-૩૬ મે પાને "ભાનુચન્દ્રે......શોભન સ્તુતિ "ટીકા આદિ ગ્રન્થો રચ્યા છે."

(૨) આ ઉલ્લેખ **જૈન ગ્રન્થાવળી**ને આધારે કરાયેલો હોય તેમ લાગે છે. પરન્તુ શોભન સ્તુતિ શ્રી આગમોદય સમિતિ તરફથી છપાતી હોવાથી **શ્રીભાનુચંદ્રવાળી** ટીકાની પ્રત મેળવવા અમદાવાદ આદિ ભંડારોમાં તપાસ કરી હતી પરંતુ કોઇ સ્થળેથી એ પ્રત અમને ઉપલબ્ધ થઈ નથી તેથી એમ અનુમાન કરાય છે કે જૈન ગ્રન્થાવળીમાં નામ નોંધવાની ભૂલ થઇ હોય. કારણ કે સિદ્ધિચન્દ્રજી વાળી ટીકાના લેખમાં ગુરૂના ઉલ્લેખમાં **ભાનુચંદ્રજી**નું નામ આવે છે તે ઉપરથી જૈન ગ્રન્થાવળીકારે **ભાનુચંદ્રજી**ની ટીકા ધારી હોય પણ અમારી તપાસમાં તો માત્ર અમને સિદ્ધિચંદ્રજીવાળીજ ટીકા ઉપલબ્ધ થઇ છે. ગુરૂ અને શિષ્યે બેઉએ પૃથક્ પૃથક્ એકજ ગ્રન્થ ઉપર ટીકા રચી હોય અને તે પણ લગભગ એકજ સમયમાં એ પણ અમારા ધારવામાં આવતું નથી. તેમજ **ભાનુચંદ્રજી**યે રચેલા ઘણા ગ્રન્થોમાં **સિધ્ધિચંદ્રે** સહાય કરેલી હોવાથી તેમજ **સિદ્ધિચંદ્રજી**ના દરેક ગ્રન્થોમાં **ભાનુચંદ્રજી** ગુરૂ હોવાથી, અરસપરસ બેઉના નામો બેઉએ રચેલ દરેક ગ્રન્થોમાં આવે તે સ્વભાવિક છે અને તેથી પણ **જૈન ગ્રન્થાવળી**કારની, **ભાનુચંદ્રજી**નું નામ ધારી લેવાની ભૂલ થઇ હોય તો તે યે બનવા જોગ છે.

બીજી ભૂલ થવાનું એ પણ એક કારણ છે કે અમોએ અમદાવાદથી **શ્રીભાનુચંદ્ર**ની ટીકા મંગાવવા પ્રયત્ન કર્યો ત્યારે અમોને **ભાનુચંદ્રજી**ના નામથી પ્રત મળી પણ તે પ્રત ઉકેલીને જોતાં ભાનુચંદ્રજીની નહિ પણ ભાનુચંદ્રના શિષ્ય **દેવચંદ્રજી**કૃત ટીકાની પ્રત હતી. અને તેમાંએ **ભાનુચંદ્રજી**નું ગુરૂ તરીકે નામતો હોયજ તેથી પણ ભૂલ થવા પામી હોય. છેવટે એવા નિર્ણય ઉપર હું આવી શકું છું કે **શ્રીભાનુચંદ્રજી**ના બંને શિષ્યરત્નોએ એટલે શ્રી

સિદ્ધિચંદ્રજીએ તથા **શ્રીદેવચંદ્રજી**એ બંનેએ શોભન સ્તુતિ ઉપર ટીકા રચેલી હોવાથી **દેવચંદ્રજી**ની ટીકા યાતો **સિદ્ધિચંદ્રજી**ની ટીકાને બદલે **શ્રીભાનુચંદ્રજી**નું નામ નોંધાઇ ગયું હોય. શ્રીભાનુ-ચંદ્ર શિષ્ય શ્રીસિદ્ધિચંદ્રજીવાળી તથા શ્રીદેવચંદ્રજીવાળી બંનેયે શિષ્યોની બંનેયે ટીકા શ્રીઆગમોદય સમિતિ તરફથી છપાવવી શરૂ થએલી છે.

આટલો ઉહાપોહ કર્યો છતાંએ કદાચને જો શ્રીભાનુચંદ્રજીવાળી ટીકા કોઇ સ્થળેથી ઉપલબ્ધ થશે તો આ ફંડ તરફથી યા તો શ્રી સમિતિ તરફથી છપાવવા પ્રયત્ન સેવીશું.

(૩) એજ ૧૩૬ પાને " તેઓ-સિધ્ધિચંદ્રજી-શતાવધાની હતા "તેથી તેમને............"

(૩) સિદ્ધિચંદ્ર ગણિને, ભક્તામર સ્ત્રોત્રની વૃત્તિમાં " ×**कर्त्ता शतावधानानां विजेतोन्मत्तवादिनां** " લખવામાં આવ્યા છે. પરંતુ [1]**શોભનસ્તુતિ**ની તેમણે રચેલી ટીકામાં તેમજ [2]**કાદમ્બરી**ની ટીકા વગેરેમાં " **अष्टोत्तर शतावधानक** " લખવામાં આવ્યા છે. જે ઉપરથી તેઓ એક સો આઠ અવધાની હતા તેવું જણાય છે. જુઓ **શોભન સ્તુતિ**ની પંક્તિઓ:—

"इति पादसाहश्रीअकव्बरसूर्यसहस्रनामाध्यापकश्रीशत्रुंजयतीर्थ-
"करमोचनाऽद्यानेकसुकृतविधायकमहामहोपाध्यायश्रीभानुचन्द्रगणि-
"शिष्याऽष्टोत्तरशतावधानप्रमुदितपादसाहश्रीअकव्बरप्रदत्तषुस्पुहमा-
"पराभिधानमहोपध्यायश्रीसिद्धिचन्द्रगणिविरचितायां शोभनस्तुति-
"वृत्तौ श्रीऋषभदेवस्तुतिवृतिः ॥ १ ॥"

×આખા શ્લોક માટે જુઓ જયવિજયવાળો લેખ પાનું ૧૩૬.
૧ આ ટીકા શ્રીઆગમોદય સમિતિ તરફથી બહાર પડશે.
૨ આ ગ્રન્થ નિર્ણય સાગરે છપાવેલો છે.

જુઓ કાદમ્બરીના અંતનો ઉલ્લેખ:—

"इति श्रीपादसाहश्रीअकब्बरजलालदीनसूर्यसहस्रनामाध्यापक-
" श्री शत्रुंजयतीर्थकर मोचनाऽद्यनेकसुकृतविधापक महोपाध्याय श्री-
" भानुचंद्रगणि तच्छिष्याऽष्टोत्तरशतावधानकप्रमुदितपादसाहश्री-
" अकब्बरप्रदत्त षुस्यु (स्फु) हदमापराभिधानमहोपध्यायश्रीसिद्धि-
" न्द्रगणिविरचितायां कादम्बरीटीकायामुत्तरखण्ड टीका समाप्ता॥"

તેમજ ભક્તામર ટીકાની એક પ્રતિ અમોએ જોઇ તેમાંએ અંતમાં " **अष्टोत्तर शतावधान** " લખવામાં આવ્યું છે. જુઓ—

"इति पादशाहश्री अक्कब्बरजल्लालुदीनसूर्यसहस्त्रनामाध्यापकश्री-
"शत्रुंजयतीर्थकरमोचनगोवधनिवर्तनाद्यनेकसुकृतविनिर्मापकमहोपा-
"ध्यायश्रीभानुचंद्रगणिशिष्य युम (युग) पदऽष्टोत्तरशतावधान-
" साधन प्रमुदितपातशाह श्री अक्कब्बरजल्लालुदीनपातशाहश्रीनूरदीन
"जिहांगीरप्रदत्त शुष्फहमऽनादिरंजनो द्वितीयाभिधान महोपध्याय-
' श्रीसिद्धिचंद्रगणि विरचिताभक्तामरस्तोत्रवृत्तिः समाप्ता ॥ "

(૪) એજ ૧૩૬ મા પાને "...........................તેથી " તેમને અકબર બાદશાહે ખુષ્ફહેમ (એટલે કે જેની બુદ્ધિ " ખુષ્ફહમ એટલે સારી છે એવું 'સુમતિ' નામ આપ્યું હતું."

(૪) આ શ્રીયુત મોહનલાલભાઇનું કહેવું યથાર્થ છે. પરંતુ 'ખુષ્ફહમ' શબ્દ મૂલ ફારસી અરબી ભાષાનો હોવાથી તેની શુદ્ધ જોડણી તથા અર્થ નીચે મુજબ થાય છે.

ખુશ-(ફારસી)=સારી, ઉત્તમ, ઉમદા.

ફહમ-(અરબી)=સમજ શક્તિ, બુદ્ધિ.

ખુશ+ફહમ્=ખુશ્ફહમ્-ઉમદાબુદ્ધિ, ઉત્તમ સમજ શક્તિ, સુમતિ. ખુશ્ફહમ્ શબ્દ જૂદા જૂદા ગ્રન્થોમાં નીચે પ્રમાણે લખાયો છે.

પુષ્ફહમ્=ભકતામર સ્તોત્રની વૃત્તિમાં.[1]

પુસ્પુહમા, પુસ્યુહદમા-શોભન સ્તુતિ કાદમ્બરી વગેરેમાં.

વિશેષમાં કવિવર **સમયસુન્દરજીના** લેખમાં પાને ૩૦થી ૩૪ સુધીમાં તથા પાને ૧૦૬/૭માં પૂરવણીમાં શ્રીસમયસુન્દરની સંસ્કૃત ભાષાની કૃતિયો આપવામાં આવેલી છે, તેની અંદર એજ કવીશ્વરે રચેલી ઋષભ-ભક્તામરની કૃતિનો વધારો દેખાડતાં આનંદ થાય છે. કેમકે કવિવર સમયસુન્દરકૃત ઋષભ-ભક્તામર કાવ્ય અમોને પ્રાપ્ત થયું છે અને તે શ્રીઆગમોદય સમિતિ તરફથી છપાઇ બહાર પડનાર છે.

સર્વ કાવ્યોની પ્રતો, શ્રીમદ્ સૂરીશ્વર **શ્રી વિજયસિદ્ધિસૂરિના** શિષ્યરત્ન મુનિરાજ **શ્રીરિદ્ધિવિજય**, તત્શિષ્ય **મુનિરાજ શ્રી-સંપતવિજયજીએ** મેળવી હતી અને તેઓશ્રીએ આ મૌક્તિકનું સંશોધન કાર્ય કર્યું હતું જે બદલ તેઓશ્રીનો પણ અંતઃકરણથી ઉપકાર માનીએ છીએ.

આ પુસ્તક જોડે શ્રીયુત ચિ. ડા. દલાલનું નામ જોડવામાં આવ્યું છે. તેઓનું અંગ્રેજી ગૂજરાતી ચરિત્ર છાપવાની પરવાનગી આપવા માટે તથા વડોદરાની સેંટ્રલ લાયબ્રેરીમાંથી બ્લોક આ-પવા માટે લાગતા વળગતાઓનો અંતઃકરણથી આભાર માનીએ છીએ.

આ પુસ્તકમાં કવિવર સમયસુંદરજીના સ્વહસ્તે લખાયેલા **'શત્રુંજય મંડન-શ્રી આદિનાથસ્તવનનાં** બે બ્લોક આપ્યા

---

૧ दघानः पुष्फहर्मिति बिरुद शाहिनार्पितं ॥
આખા શ્લોક માટે જુઓ જયવિજયવાળા લેખનું પાનું ૧૩૬ મું.

છે. સદહુ મૂલ પ્રત આપવા માટે પંડિતવર્ય **લાલચંદ ભગવાનદાસ** ગાંધીના ઋણી છીએ.

શત્રુંજય **મંડન-શ્રી આદિનાથસ્તવન** અર્થાત્ આલોચના-સ્તવનના બે બ્લોક આપવામાં આવ્યા છે તે કવિવર સમયસુન્દર-ગણિના પોતાના હસ્તાક્ષરોમાં છે, અને બે બ્લોકમાં પૂર્ણ થાય છે. એ સ્તવન બહુધા કોઇ સ્થલે પ્રસિદ્ધ થયેલું જોવામાં આવ્યું નથી જેથી આખું સ્તવન મૂલભાષામાંજ અત્રે આપવું ઉચિત ધારૂં છું:—

ऐं० ॥ श्रीगुरुभ्योनमः ॥

બે કર જોડી વીનવુંજી, સુણિ સામી સુવિદીત;
કુડ કપટ મૂંકી કરીજી, વાત કહું *આંપ વીત.— ૧
કૃપાનાથ ! મુઝ વીનતી અવધારિ !
તું સમરથ ત્રિભુવન ધણીજી, મુઝનઇ દુતર તારી;
કૃપાનાથ ! મુઝ વીનતી અવધારિ. ૧
ભવસાયર ભમતા થકાજી, દીઠા દુખ અનંત;
ભાગસંયોગ[1] તું ભેટીયઉ[2]જી, ભયભંજણ ભગવંત. કૃ૦ ૨
જે દુખ ભાંજઇ *આંપણુંજી, તેહનઇ કહિયઇ દુખ;
પરદુખ ભાંજણ તું સુણયઉ[3]જી, સેવકનઇ દ્યઇ સુખ. કૃ૦ ૩
આલોયણ લીધા પખી[4]જી, જીવ રૂલઇ સંસારિ;
રૂપી લપ(મ)ણા માસતીજી, એહ સુણયઉ અધિકાર.[5] કૃ૦ ૪

---

૧ ભાગ્યસંયોગે. ૨ ભેટીયો. ૩ સુણ્યો. ૪ પખીજી-વિના. આલોયન લીધા વિના. ૫. લક્ષ્મણા બાળથી રાંડેલી બ્રહ્મચારિણી સાધ્વી અતિ તપ કરવાં છતાં પણ અતિચારની આલોયણ ન કરવાથી અનંત ચોવીશી ભમી.

* આપ આપણું. પ્રતિમાં દરેક સ્થળે આપ, આપણું, આપણામાં 'આં' છે. આ ઉપર અનુસ્વાર કરેલો છે.

દુસમ [1]કાલિઈં [2]દોહિલઉજી, [3]સૂધઉ ગુરૂ સંજોગ;
પરમારથ [4]પ્રીછઇ નહીજી, [5]ગડરી પ્રવાહઇ [6]લોગ. કૃ૦ ૫
તિણુ તુઝ આગલિ આંપણાજી, પાપ આલોઉ આજ !
માબાપ આગલિ બોલતાંજી, બાલક કેહી લાજ ! કૃ૦ ૬
જિનધર્મ જિનધર્મ સહુ કહઇજી, થાપઇ આપણી વાત;
[7]સામાચારી [8]જૂજુઇજી, સાંસઇ પડુંય મિથ્યાત ! કૃ૦ ૭
જાણઅજાણ [9]પણઇ કરીજી, બોલ્યા [10]ઉછુત્ર બોલ;
[11]રતને કાગ [12]ઉડાવતાજી, હારયઉ, જનમ નિટોલ. કૃ૦ ૮
[13]ભગવંત ભાષ્યઉં તે કિહાંજી, કિહાં મુઝ કરણી એહ!
[14]ગજપાષર [15]ષર કિમ સહઇજી, સબલ વિમાસણ તેહ. કૃ૦ ૯
આંપ [16]પરુપું ડા કરૂંજી, જાણઇ લોગ [17]મહાંત;
પણિ ન કરૂં પરમાદીઉજી, [18]માસાહસ દૃષ્ટાંત. કૃ૦ ૧૦
કાલ અનંતઇ મઇં લહ્યાંજી, તીન રતન શ્રીકાર;
પણિ પરમાદિઈં પાડીયાંજી, કિહાં જઈ કરુંય પોકાર. કૃ૦ ૧૧
જાણું ઉત્કૃષ્ટી કરુંજી, ઉદ્યત કરુંય વિહાર;
ધીરજ જીવ ધરઇ નહીંજી, પોતઇ બહુ સંસાર ! કૃ૦ ૧૨

૧ દુ:ખમ કાલમાં. ૨ દોહિલો. ૩ સુધો. ૪ જાણે નહિ. ૫ મેંઢા. જેમકે ગાડરીયો પ્રવાહ. ૬ લોકો. ૭ ક્રીયા વિધિ. ૮ જુદા જુદા પ્રકારની. મિથ્યાત્વનો સંશય થયો કે કઇ સામાચારી સમ્યકત્વની અને કઇ મિથ્યાત્વની. ૯ પણે. ૧૦ ઉત્સૂત્ર સિદ્ધાંત વિરૂદ્ધ ૧૧ રત્નોવડે. ૧૨ હાર્યો. ૧૩ ભાષ્યું–ભાખ્યું. ભગવંતે કહ્યું તે. ૧૪ હાથીની પાખર. ૧૫ ખર–ગધેડો. ૧૬ ડા આ પ્રમાણે અવગ્રહ ચિહ્ન મૂળ પ્રતિમા કરેલું છે. એ ચિહ્ન આ શબ્દને માટે છે. એટલે આકરૂંજી જોઇએ. અર્થાત્ હે ભગવંત આપે ઉત્સર્ગનો આકરો માર્ગ પ્રરૂપેલો છે. ૧૭. મહંત–વૈરાગી. ૧૮ ઉપદેશમાળામાં માસાહસ પંખીનું દૃષ્ટાંત છે. પોતે સિંહની દાઢમાંથી માંસ ખાય અને વૃક્ષ ઉપર બેસી ઉપદેશ દે કે સાહસ મ કરો.

સહજ પડ્યઉ મુઝ આંપણીજી, ન ગમઇ ભુંડી વાત;
પરનિંદા કરતાં થકાંજી, જાયઇ દિન નઇં રાતિ. કૃ૦ ૧૩
કિરિયા કરતા દોહિલીજી, આલશ આંણઇ જીવ;
ધરમપષી ધંધઇ પડ્યઉજી, નરગઇ કરિસ્યઈ રીવ. કૃ૦ ૧૪
[1]અણહુતાં ગુણ કો કહઇજી, [2]તઉ હરષૂં નિસદીસ;
કો [3]હિતસીષ ભલી કહઇજી, તઉ મનિ આણું રીસ. કૃ૦ ૧૫
[4]વાદભણી વિદ્યા ભણીજી, પરરંજણ ઉપદેસ !
મન સંવેગ [5]ધરયઉ નહીંજી, કિમ સંસાર તરેસિ ! કૃ૦ ૧૬
સૂત્ર સિદ્ધાંત વષાણતાંજી, સુણતાં કરમ [6]વિવાગ;
[7]પિણ ઇક મનમાંહિ ઉપજઇજી, મુઝ મરકટ વઇરાગ. કૃ૦ ૧૭
ત્રિવિધ (૨) કરી ઉચરુંજી, ભગવંત ! તુમ્હ હજૂરિ;
વારવાર ભાંજુ વલીજી, [8]છૂટક બારઉ દુરિ. કૃ૦ ૧૮
આંપ કાજિ સુષ રાચતઇજી, કીધી આરંભ કોડિ;
જયણા ન કરી જીવનીજી, દેવદયા પર છોડિ. કૃ૦ ૧૯
વચન દોષ વ્યાપક કહ્યાજી [9]દાષ્યા અનરથ દંડ;
કુડ કહ્યઉં બહુ કેલવીજી, વ્રત કીધઉ [10]સતષંડ. કૃ૦ ૨૦
[11]અણ દીધું [12]લીજઇ [13]ત્રિણુંજી, તઉહિ અદત્તાદાન;
તે દુષણ લાગાં ઘણાંજી, ગિણતા નાવઇ ગાન. કૃ૦ ૨૧

૧ ન હોય એવા મારા ગુણો. ૨ તો. ૩ હિતશિખ. ૪ વાદ માટે. ૫ ધર્યો. ૬ કર્મ વિપાક. ૭ ક્ષિણ એક. ૮ છૂટકબારો. ૯ દાખ્યા, દાખવ્યા, બતાવ્યા. ૧૦ ખંડ. ૧૧ આપ્યા વિના. ૧૨ તણખલું. ૧૩ તોયે. તણખલું પણ આપ્યા વિના લેવામાં આવે તો તે અદત્તદાન ગણાય છે.

ચંચલ જીવ રહઈ નહીંજી, રાચઈ રમણી રૂપ;
કામવિટંબણ સી કહુંજી, તું જાણઇ તે સરૂપ. કૃ૦ ૨૨

માયા મમતામઇં પડયઉજી, કીધઉ અધિકઉ લોભ;
[૧]પરિગહ મેલ્યઉ કારિમઉજી, ન ચડી સંયમ સોભ. કૃ૦ ૨૩

લાગા મુઝનઇ લાલચઇજી, રાત્રી ભોજન દોષ;
મઇં મન મૂંકયઉ મોકલઉજી, ન ધરયો ધરમ સંતોષ. કૃ૦ ૨૪

[૨]ઇણ ભવિ પરભવિ દુહવ્યાજી, જીવ ચઉરાસી [૩]લાષ;
તે મુઝ મિચ્છામિ દુકડઉંજી, ભગવંત ! તોરી [૪]સાષિ. કૃ૦ ૨૫

કરમાદાન પનર કહ્યાજી, પ્રગટ અઢારહ પાપ;
જે [૫]મઇં સેવ્યા તે હવઇંજી, [૬]બગસિ (૨) માયબાપ. કૃ૦ ૨૬

મુઝ આધાર [૭]છઇ એતલઉજી, સરદહણા છઇ સુધ;
જિનધર્મ મીંઠઉ મનિ ગમઇજી, જિમ સાકરસું દુધ. કૃ૦ ૨૭

રિષભદેવ તું રાજીયઉજી, સેત્રુંજે ગિરિ સિંણગાર;
પાપ આલોઆં આપણાજી, કરિ પ્રભુ ! મોરી સાર. કૃ૦ ૨૮

મર્મ એહ જિનધર્મનઉજી, પાપ આલોયાં જાઇ;
મનસું મિચ્છામિ દુકડઉંજી, દેતાં દુરિ પુલાઇ. કૃ૦ ૨૯

---

૧ પરિગ્રહ મેલ્યો કારમોજી. ૨ ઇહ. આ ભવે. ૩ ચોરયાસી લાખ જીવાયોનિ. ૪ સાખે. તારી સાક્ષીયે. ૫ મેં, મ્હેં. ૬ બક્ષ બક્ષ? માફ કર માફ કર. ૭ છે એટલોજી.

તું ગતિ તું મતિ તું ધણીજી, તું સાહિબ તું દેવ !
આણ ધરું સિરિ તાહરીજી, ભવિ (૨) તોરી સેવ. કૃ૦ ૩૦

કલસ.

ઇમ ચડિય સેત્રુંજ ચરણ ભેટ્યા નાભિનંદન જિણતણા,
કર જોડિ આદિ જિણંદ આગઈ પાપ આલોયાં આપણાં;
જિણચંદસૂર સૂરીસ સદ્ગુરુ **પ્રથમ** સિષ્ય સુજસ ધણઉ,
ગણિ **સકલચંદ** સુસીસ વાચક **સમયસુંદર** ગુણ ભણઇ. ૩૧

ઇતિ શ્રી સેત્રુંજય મંડણ શ્રીઆદિનાથસ્તવનં સમાપ્તં.
સંવત [૧]સોલ ૯૯ વર્ષે ભાદ્રવા સુદિ ૧૩ દિને
લિષિતં સ્વયમેવ.

અમારા તરફથી અત્યાર સૂધીમાં સંસ્કૃત, માગધી, અંગ્રેજી અને આવા કાવ્યોના ગૂજરાતી ગ્રન્થો પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, કે જે પ્રયાસવડે આ ગ્રન્થને અમો તરફથી બહાર પડતા ગ્રન્થોમાં "**ગ્રન્થાંક ૬૬**" (જૈન ગૂર્જર-સાહિત્યોદ્ધારે ગ્રન્થાંક ૭ મા) તરીકે પ્રસિદ્ધ કરવા ભાગ્યશાળી થયા છીએ.

અત્રે ફંડનો ટુંક ઇતિહાસ આપવો એ અયોગ્ય લેખાશે નહિ. મર્હૂમ **શેઠ દેવચંદ લાલભાઈ ઝવેરીએ,** કે જેમની સ્મૃતિને અર્થે ફંડ સ્થાપવામાં આવ્યું છે, તેમણે પોતાના વીલમાં

૧-૧૬૯૯. વિશેષ માટે જુઓ આમાંજ કવિવર સમયસુન્દરનો વિસ્તૃત લેખ પાનું ૪૬-૪૭ અને ૯૩.

રૂા. ૪૫૦૦૦) ની રકમ, બીજી રૂા. ૫૫૦૦૦) ની અન્ય શુભમાર્ગે ખરચવા કાઢેલી રકમો સાથે કાઢી હતી. આ રકમમાં તેમના સુપુત્ર **શા. ગુલાબચંદ દેવચંદ ઝવેરી** તરફથી મર્હૂમની યાદગિરી માટે શુભકાર્યમાં ખરચવા કાઢેલ રૂા. ૨૫૦૦૦) ની રકમ ઉમેરાઇ. ૧૦૦૮ **શ્રી આનંદસાગર સૂરીશ્વરની** સલાહ અને ઉપદેશથી તથા **શા. ગુલાબચંદ દેવચંદ ઝવેરીની** સમ્મતિથી, આ રકમોને એકઠી કરી મર્હુમની યાદગિરી માટે આ ટ્રસ્ટ સને ૧૯૦૯ મા સ્થાપ્યું. તેમજ યોગ્ય વ્યવસ્થા જળવાઇ રહેવા માટે ટ્રસ્ટીઓ નીમી ટ્રસ્ટડીડ કરાવવામાં પણ આવ્યું. મર્હુમ શેઠની દીકરી તે મર્હુમ **શા. મૂળચંદ નગીનદાસની** વિધવા મર્હૂમ **બાઇ વીજકોરની** આશરે રૂા. ૨૫૦૦૦) ની રકમ તેમના ટ્રસ્ટીઓ તરફથી મળવાથી, તથા મર્હૂમ શેઠના ભત્રીજા અને આ ફંડના એક મુખ્ય ટ્રસ્ટી મર્હૂમ **શેઠ નગીનભાઈ ઘેલાભાઇ** જવેરીના વીલની રૂએ રૂા. ૨૦૦૦) ની રકમ વધવાથી ફંડ રૂા. ૧૦૦૦૦૦) ના આશરાનું થવા ગયું છે. ફંડનો આંતરિય ભાવ " જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધાર્મિક સાહિત્યની " જેવું કે પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષામાં " લખાયેલાં વંચાયેલા પ્રાચીન પુસ્તકો, કાવ્યો, નિબંધો, લેખો " વગેરેની જાળવણી, ખીલવણી અને અભિવૃદ્ધિ કરવાનો છે. "

આગમોદ્ધારક, આગમવાચનાદાતા, સાક્ષરશિરોમણિ આચાર્ય મહારાજ **શ્રી આનંદસાગર-સૂરીશ્વરના** ઉપદેશથી આ ફંડની સ્થાપના થયેલી હોવાથી તેમનું નામ ચિરંજીવ રહે એવા ઇરાદાસહ આવા કાવ્યોના સંગ્રહનું નામ **" શ્રી આનન્દ કાવ્ય મહોદધિ "** રાખવામાં આવ્યું છે.

મર્હૂમ શેઠ નગીનભાઈના સં. ૧૯૭૮ ના કારતક વદ ૫ ને રવિવાર તારીખ ૨૦ નવેંબર સને ૧૯૨૧ ના દિનના ઉ. વર્ષ

૪૫ ના થયેલા અકાળ મૃત્યુથી આ ફંડના સર્વ કાર્યનો ભાર અમારા શિરે પડવાથી જોઇયે એટલા પ્રમાણમાં કાર્ય થઇ શકતું નથી. શેઠ નગીનભાઇ ફંડની ૧૦/૧૧ વર્ષની કારકીર્દીમાં ૫૬ અંકો બહાર પાડવાને ભાગ્યશાળી નિવડયા હતા. જ્યારે અમો તે પછીના છેલ્લા ૫ વર્ષમાં માત્ર ૧૦ અંકોજ બહાર પાડી શકયા છીયે. શેઠ નગીનભાઈના આત્માને પરમાત્મા પરમ શાંતિ બક્ષે એવું ઇચ્છીએ છીએ.

શેઠ કેશરીચંદ રૂપચંદ જેઓ સને ૧૯૧૬ માં ટ્રસ્ટીપણાથી મુક્ત થયા હતા તેથી અને શેઠ **નગીનભાઇ ઘેલાભાઇના** અવસાનથી ખાલી પડેલી બે જગ્યાઓએ આ વર્ષમાં **શેઠ અમરચંદ કલ્યાણચંદ** જવેરી અને **શેઠ નેમચંદ અભેચંદ** જવેરીની નિમણુક કરવામાં આવી છે.

અંતમાં એટલું ઇચ્છી અવતરણિકાથી વિરમીશું કે આ અમારો પ્રયાસ સર્વ સાહિત્યપ્રેમી જનોને પ્રિયકર થઇ સુન્દર સુરસ ફળ આપનારો થઇ પડો. આવા પ્રયાસને જો પ્રજા તરફથી સારૂં સન્માન મળશે તો આશા છે કે ભવિષ્યમાં ઘણા મૌક્તિકો પ્રજા પાસે મુકવા અમો અમારાથી બનતું કરી શકીશું.

૧૧૪/૧૧૬ જવેરી બજાર, મુંબાઈ. તા. ૩-૧૧-૧૯૨૬. ધનતેરસ સં૦ ૧૯૮૨.	**જીવણચંદ સાકરચંદ જવેરી** હું અને બીજા ટ્રસ્ટીઓ.

શેઠ ઘેલાભાઈ લાલભાઈ જવેરી
કેશર–બરાસ ફંડ.

આ થકી હિન્દુસ્તાનના તમામ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘને જણાવવામાં આવે છે કે, જે જે ગામનાં શ્વેતામ્બર મન્દિરોમાં કેશર–બરાસની અગવડ હોય; તે મન્દિરોને માટે હમારી પાસેથી નીચે જણાવેલ શીરનામાથી કેશર–બરાસ ભેટ મંગાવી લેવા. મેહેરબાની કરી કોઇએ ટપાલ અગર બીજે રસ્તે મંગાવવા તસ્દિ લેવી નહીં પરન્તુ નીચલે ઠેકાણેથી લઈ જવા અથવા મુંબાઇમાં ઓળખાણવાળા દ્વારા મંગાવી લેવા બંદોબસ્ત કરવો.

સર્વે સાધુમુનિરાજોને વિનંતીસહિત વિદિત કરવાનું કે, આપશ્રીઓના વિહારમાં જે જે ગામના મન્દિરોમાં કેશર–બરાશની અગવડ જણાતી હોય તે તે જગ્યાએ નીચલે ઠેકાણેથી કેશર–બરાસ ભેટ મંગાવવાનો ઉપદેશ કરવા તસ્દિ લેવી.

શિરનામું.

શા. નગીનભાઇ ઘેલાભાઇ જવેરી.

૧૬–૧૮ ત્રીજો ભોયવાડો, ભૂલેશ્વર—મુંબાઈ. નં. ૨.

શ્રી મોહનલાલજી જૈન જ્ઞાન ભંડાર.

શ્રી મોહનલાલજી જૈન જ્ઞાન ભંડારમાંથી લખેલા તથા છાપેલા ગ્રંથો શહેરમાં તથા બહારગામ ભંડારના નિયમ મુજબ વાંચવા માટે આપવામાં આવેછે તથા નીચેના ગ્રંથો વેચાતા મળે છે.

રૂ.	નામ વિગેરે,
૪)	વ્યવહારસૂત્ર સટીક ભાગ ૧–૨ જો.
૪)	દશવૈકાલિકસૂત્ર સટીક
૨ા	દ્વાદશપર્વ–કથા સંગ્રહ
૧ાા	સૂયગડાંગ સૂત્ર ભાષાંતર ભાગ ૧ લો
૧ાા	,, ,, ,, ૨ જો
૨)	આવશ્યક સૂત્ર ભાષાંતર ભાગ ૧ લો
૮)	આચારાંગ સૂત્ર ભાષાંતર ભાગ ૧–૨–૩–૪–૫ (દરેકતા રૂ. બે. પેહેલો ભાગ ખલાસ)
૧ાા	દશવૈકાલિક સૂત્ર ભાષાંતર ભાગ ૨ જો
૧ાા	,, ,, ,, ભાગ ૩–૪ થો

મળવાના ઠેકાણાં

શ્રી મોહનલાલજી જૈન જ્ઞાન ભંડાર ગોપીપુરા **સુરત.**	શેઠ દેવચંદ લાલભાઇ જૈન ધર્મશાળા–ગોપીપુરા, **સુરત.**

શ્રી જીનદત્તસૂરિ જ્ઞાન ભંડારના પુસ્તકો.

	રૂ.
ગણુધર સાર્ધસટક	૧)
પ્રાકૃત વ્યાકરણુ	૧)
સંદેહ દોલાવલી	૨)
પંચલીંગી	૨ાા
સંવેગરંસાલા પ્ર. ભા.	૨ાા
ચૈત્યવંદનકુલક વૃત્તિ	૨ા
પ્રશ્નોત્તરસાર્ધસટક	૧)
વિશેષસટક	૦ાા
દીવાલી કલ્પ	૦ાા
જયતિહુઅણુ વૃત્તિ	૦ા
પંચપ્રતિક્રમણુ	૧)
શ્રાવકનિત્યકૃત્ય	૧)
દાદાસાહેબનું ચરિત્ર	૧ાા
દાદાસાહેબની પુજા	૦)=
દાદાસાહેબની છબી	૧)
પર્યુષણા સ્તવન	૦ાા


કલ્પસૂત્ર ભાષાંતર આવૃત્તિ બીજી છપાય છે.

બૃહતસ્તવનાવલી આવૃત્તિ બીજી છપાય છે.

બૃહત પર્યુષણા નિર્ણય }
દેવદ્રવ્ય નર્ણય. } ભેટ
અનુયોગદ્વારસુત્ર ભેટ. }


શ્રી જીનદત્તસૂરિ જ્ઞાન ભંડાર.

ઠે. શીતલવાડી ઉપાશ્રય, ગોપીપુરા-સુરત.



પાનું ૧. રાસકાર શ્રીમાન્ સમયસુન્દરગણિના પોતાના હસ્તાક્ષરનો નમૂનો


શત્રુંજય મંડણ આદિનાથસ્તવન (ગૂજરાતી). મૂલ પત્રનું કદ "૯$\frac{3}{4}$" × "૪$\frac{1}{4}$"




પાનું ૨. રાસકાર શ્રીમાન્ સમયસુન્દરગણિના પોતાના હસ્તાક્ષરનો નમૂનો.

શત્રુંજય મંડણ આદિનાથસ્તવન (ગુજરાતી). લખ્યાર્ચ્યા સં. ૧૬૯૯

Lakshmi Art, Bombay 8.



પાનું ૧. રાસકાર શ્રીમાન્ સમયસુન્દરગણિના પોતાના હસ્તાક્ષરનો નમૂનો.



પાનું ૨. રાસકાર શ્રીમાન્ સમયસુન્દરગણિના પોતાના હસ્તાક્ષરનો નમૂનો.
શત્રુંજય મંડણ આદિનાથસ્તવન (ગુજરાતી). લખ્યારચ્યા સં. ૧૬૯૯

Lakshmi Art, Bombay 8.

કવિવર સમયસુન્દર

(ભાવનગરમાં ભરાએલી ૭ મી ગુજરાતી સાહિત્ય પરિષદ્
માટે લખાએલો નિબંધ.)

[लेखकः श्रीयुत मोहनलाल दलीचंद देशाई,
बी. ए. एलूएल्. बी.; हाइकॉर्ट वकील मुंबइ.]

જૈન સાધુઓ ભારતની એક ધાર્મિક સંસ્થા છે અને પોતાના આચાર-નિયમ પ્રમાણે ભ્રમણશીલ-પરિવ્રાજક છે. એક વર્ષમાં એકી સાથે ચાતુર્માસ એક સ્થળે ગાળવું તેમને અપરિહાર્ય છે, જ્યારે બાકીના આઠ માસમાં એક ગામથી બીજા ગામ અપ્રતિહત વિહાર કરી દરેક સ્થલે ઉપદેશ આપતા રહી તેઓ વિહાર કર્યે જાય છે. લગભગ પચીસસો વર્ષ પહેલાં થયેલા ધર્મસંસ્થાપક શ્રી મહાવીરના અનુયાયી જૈન શ્રમણોની સંસ્કૃતિ સમયધર્મ પ્રમાણે અનેક ઉદય અને અસ્તના હિંડોલે હીંચીને હજુ સુધી પણ અખંડપણે ચાલી આવી છે. તે શ્રમણ-પંથે સ્થાપેલા દયા ધર્મની અસરથી ભારતમાં હિંસક યજ્ઞયાગ બંધ પડયા એટલું જ નહિ પણ જાતિભેદના જુલમને ઘણા સૈકાઓ સુધી વિશેષ અવકાશ મળ્યો નહિ. વિશેષમાં કાવ્ય, નાટક, કથા-ભાષા વગેરે સાહિત્ય પ્રદેશમાં પણ તે શ્રમણોએ દરેક શતકમાં-દરેક યુગમાં અન્ય પંથોની સાથે સાથે પ્રબળ ફાળો આપ્યો છે. અને એ સત્યની પ્રતીતિ તેના સાહિત્યનો ઇતિહાસ લખાશે ત્યારે અતિ સ્પષ્ટ રીતે અને જરૂર થશે.

સંસારની ઉપાધિઓના બંધનથી મુક્ત એવા નિર્બંધ પંખીઓ પેઠે વિચરતા માત્ર ધર્મપરાયણ જીવન ગાળવા નિર્માયેલા સાધુઓના

સૂર વિશ્વબંધુભાવનાં, પ્રભુભક્તિનાં, અને નીતિના ઉપદેશનાં ગીતો ગાવામાં જ નીકળી શકે. પોતપોતાના જમાનાની ભાવનાઓને વ્યક્ત કરવી, પોતાના સમયના જૂદા જૂદા આદર્શોને અને નોખા નોખા વહેતા લાગણી-પ્રવાહોને એકત્ર કરી પયગમ્બરી વાણીમાં તેનું ઉદ્‌બોધન કરવું એ કવિઓનું કર્તવ્ય છે. સામાન્ય લોકોના દિલમાં જે સુન્દર ભાવો જાગે-પણ જે સમજવાની કે સમજાવવાની તેમનામાં તાકાત નથી-તેમને ભાષા આપવી, તેમને અમર વાણીમાં વ્યક્ત કરવા એ કવિઓનું કાર્ય છે. નિબંધ પંખીઓમાં કોકિલા જેવું ભ્રમણશાલી પંખી ભાગ્યેજ જોવામાં આવશે. આવા કવિપરભૃતો જૈન સાધુઓએ પ્રાન્ત પ્રાન્ત અને દેશેદેશ વિહાર કરી પોતાના કાવ્યનો ટહુકો લોકોને સંભળાવ્યો છે. આ પૈકી એક કવિપરભૃતનો પરિચય કરાવવાની આ નિબંધની ઉમેદ છે.

તેમનું નામ કવિવર સમયસુન્દર. તેમનો કાલ વિક્રમનો સત્તરમો શતાબ્દિ છે. તેમને સંવત્ ૧૬૪૯ માં વાચનાચાર્ય-ઉપાધ્યાય પદ લાહોરમાં મળ્યું હતું અને પ્રથમનો ગ્રંથ 'ભાવશતક' સં૦ ૧૬૪૧ માં રચેલો મળી આવે છે, તેથી તે વખતે તેમની ઉમર ૨૧ વર્ષની ગણીએ તો તેમનો જન્મ સં૦ ૧૬૨૦ માં મૂકી શકાય કે જે વખતે તેમના દીક્ષાગુરૂ સકલચંદ્ર ઉપાધ્યાયના દીક્ષા ગુરૂ જિનચંદ્રસૂરિને સૂરિપદ (૧૭ વર્ષની વયે, મળ્યા સંવત્ ૧૬૧૨) મળ્યાને આઠ વર્ષ થઇ ગયાં હતાં. તેમનો છેલ્લો ગ્રંથ સં૦ ૧૭૦૦ નો 'દ્રુપદી સંબંધ' મળી આવે છે તેથી .તેઓ સ૦ ૧૬૨૦ થી ૧૭૦૦ સુધી-૮૦ વર્ષ જેટલું જીવન ગાળી શક્યા હતા એ પ્રાયઃ નિશ્ચિત થાય છે.

તત્કાલીન સ્થિતિ.

ખરતરગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાંબા વખતથી સ્પર્ધા અને વિખવાદ ચાલ્યા આવતા. એ વિખવાદ સત્તરમા શતકના પૂર્વાર્દ્ધમાં

વધી પડ્યો હતો. શ્વેતામ્બરો અને દિગંબરો વચ્ચેનો વિરોધ તો બહુ જૂનો હતો પણ સં. ૧૧૭૬ માં સિદ્ધરાજના દરબારમાં વાદિદેવ નામના શ્વેતામ્બર સૂરિએ કુમુદચંદ્ર નામના દિગમ્બરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવી દિગમ્બરોને ગૂજરાતના રાજ્યની હદપાર કરાવ્યા-તે પછી એ બંનેનાં કાર્ય કરવાનાં ક્ષેત્રો બહુધા જૂદાં પડી ગયાં હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો. પણ બીજી બાજુએ શ્વેતામ્બર મૂર્તિપૂજકમાંથી જુદા પડી લુંકામત અને બીજામત નીકળ્યા પછી તેમની સાથેનો વિરોધ પ્રબળ થઇ પડ્યો હતો. શ્વેતામ્બર મતના ખરતર અને તપગચ્છ વચ્ચેની મતામતી પણ પ્રબળ થઇ પડી હતી અને તેમાં ધર્મસાગર ઉપાધ્યાયજી નામના તપગચ્છીય વિદ્વાન્-પણ-ઉગ્રસ્વભાવી સાધુએ કુમતિકંદકુદ્દાલ (યાને પ્રવચન પરીક્ષા) નામનો ગ્રંથ બનાવી તપગચ્છ સિવાયના અન્ય સર્વ ગચ્છ અને મત સામે અનેક આક્ષેપો મૂક્યા. આથી તે સર્વ મતો ખળભળી ઉઠ્યા; અને તેનું જો સમાધાન ન થાય તો આખા જૈન સમાજમાં દાવાનળ અગ્નિ પ્રકટે. આ માટે જોખમદાર આચાર્યોને વચ્ચે પડ્યા વગર રહી શકાય નહિ તેથી તપગચ્છાચાર્ય વિજયદાન સૂરિએ ઉપરોક્ત ગ્રંથ પાણીમાં બોળાવી દીધો અને તેને અપ્રમાણ ઠેરવ્યો. તેમણે જાહેરનામું કાઢી 'સાત બોલ'ની આજ્ઞા કાઢી એક બીજા મતવાળાને વાદ-વિવાદની અથડામણ કરતા અટકાવ્યા હતા. પણ આટલાથી વિરોધ જોઇએ તેવો ન શમ્યો ત્યારે વિજયદાન સૂરિ પછી આચાર્ય હીરવિજય સૂરિએ ઉક્ત 'સાત બોલ' પર વિવરણ કરી 'બાર બોલ' એ નામની બાર આજ્ઞાઓ જાહેર કરી હતી સં૦ ૧૬૪૬. આથી જૈન સમાજમાં ઘણી શાન્તિ આવી, અને ખરતર ગચ્છના અને તપગચ્છના આચાર્યો એક બીજાની નિન્દામાં ન ઉતરતાં જૈન ધર્મનો પ્રભાવ અન્ય સમાજમાં અને રાજદ્વારમાં પાડવા માટે પ્રયત્નશીલ થયા.

વિક્રમનો સત્તરમો સૈકો જૈનો માટે ઘણો પ્રતાપી હતો. તે સદીમાં

મહાન્ મોગલ સમ્રાટ અકબર, જહાંગીર અને શાહજહાં (સં૦ ૧૬૧૨ થી સં૦ ૧૭૧૪) એ ત્રણ શહેનશાહોએ સમગ્ર ભારતવર્ષમાં રાજ્ય સત્તા જમાવી રાખી લોકોમાં આબાદી અને શાન્તિથી સ્થિરતા કરી. અકબરે સં૦ ૧૬૬૪ માં ચિતોડ, ૧૬૨૫ માં રણથંભોર અને કલંજરના કિલ્લા જીતી લીધા અને સં૦ ૧૬૨૯ માં અમદાવાદમાં પોતાનો વાવટો ફરકાવ્યો. પછી વડોદરા, ચાંપાનેર, સુરત એ સઘળો મિર્ઝાઓએ કબજે કરેલો મુલક તેઓને હાંકી મેલી, પોતાના રાજ્ય તળે મૂકી અકબર આગ્રે આવ્યો. ત્યાર પછીના ત્રણ વર્ષમાં બિહાર અને બંગાલા હાથ કર્યાં. સામાન્યે સર્વ સ્થળે શાંતિ પ્રસારી. આ સૈકામાં શ્વેતામ્બર જૈન સાધુઓ સંસ્કૃત પ્રાકૃત અને સ્વભાષા-લોક ભાષામાં સાહિત્ય વિશેષ વિશેષ ઉત્પન્ન કરવા લાગ્યા. તપગચ્છીય પ્રભાવક મહાપુરૂષ હીરવિજય સૂરિએ તથા તેમના શિષ્ય ઉપાધ્યાય શાંતિચંદ્ર આદિએ, ખરતરગચ્છીય જિનચંદ્ર સૂરિએ, અને નાગપુર (? વૃદ્ધ) તપગચ્છીય પદ્મસુંદર ઉપાધ્યાયે અકબર બાદશાહને જૈન ધર્મનું સ્વરૂપ સમજાવી તેની તેના પ્રત્યે સદ્ભાવના ખેંચી અનેક જૈન તીર્થ સંબંધી ફરમાનો, જીવ-વધ-બંધની આજ્ઞાઓ અને પુસ્તકો, સ્થાન વગેરેનાં ઇનામો પ્રાપ્ત કર્યાં. જહાંગીરે ત૦ વિજયસેન સૂરિને અને ખ૦ જિનસિંહ સૂરિને મોટાં ધાર્મિક બિરૂદો આપ્યાં, અને શાહજહાંએ પણ સહાનુભૂતિ દાખવી. આ સામાન્ય રીતે શાંતિની શતવર્ષીમાં અન્ય ધર્મોમાં પણ ઘણી જાગ્રતિ આવી અને સાહિત્યવૃદ્ધિ થઇ.

સં૦ ૧૬૦૦ માં તગી અમદાવાદમાં જન્મનાર દાદુજીએ ત્યાગી ફકીર બની જયપુરમાંના રાજ્યમાં ઘણો જીવન-કાળ કાઢી ૧૬૪૨ માં અકબર સાથે ધર્માલાપ કર્યો. વેદાન્ત જ્ઞાન સામાન્ય મનુષ્યોને ગળે ઉતારવા સરલ રીતિથી લોક-ગમ્ય ભાષામાં ઉપદેશ કર્યો; મુખ્ય વાત એ હતી કે

આપા મટૈ, હરિ ભજૈ, તન મન તજૈ વિકાર;
નિર્વૈરી સબ જીવસો, દાદૂ યહુ મત સાર.

એક પરમેશ્વર જગત્નો સાર છે. તે પરબ્રહ્મ ઇષ્ટદેવ તે 'રામ' છે. તેની ઉપાસનાથી સુખની પ્રાપ્તિ; જગત્નાં સુખો તેની પાસે નિઃસાર છે. તે પરમમય આનંદમય સુખ પ્રાપ્ત કરવા દાદૂ દયાલે બીજાં સાધન માર્ગોમાં જણાતા બાહ્ય આડંબરી પ્રપંચ (જેવા કે રામાનુજ, વલ્લભાદિ સગુણ પૂજાઓમાં), કોરી બંદગી આદિને તુચ્છ બતાવ્યા સર્વ સાથે દ્વેષ તજી હળી મળી રહેવું અને સર્વ જીવ પર દયા દૃષ્ટિ રાખવાની તેણે આજ્ઞા કરી. આ પ્રમાણે એવાં સાધનો તેણે બતાવ્યાં કે ભિન્ન મતવાળા હિન્દુ મુસલમાન આદિ અવિરોધે આચારી શકે. તે સં૦ ૧૬૬૦ માં નારાયણ ગામમાં (નારાણે) સ્વર્ગસ્થ થયા. તેના શિષ્ય સુન્દરદાસે (જન્મ સં૦ ૧૬૫૩, દાદૂજી પાસે દીક્ષા સં૦ ૧૬૫૯, મરણ ૧૭૪૬) વેદાન્ત જ્ઞાનને સુમધુર સરલ અને ઉચ્ચ હિન્દી કાવ્યમાં વિવિધ પ્રકારની રચના કરી. તેમણે અદ્વૈત બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરવાથી અને તેઓ અતિ કુશળ વિદ્વાન્ હોવાથી તેમને દાદૂ પંથીઓ 'બીજા શંકરાચાર્ય' કહે છે.[1]

ગોસ્વામી તુલસીદાસઃ—(જન્મ સં૦ ૧૬૦૦; મરણ સં૦ ૧૬૮૦) આ હિન્દી સાહિત્યના અપ્રતિમ મહાકવિ છે. તેમણે રામાયણ રચી તે એટલી બધી આજસુધી પ્રસિદ્ધ છે કે, તેનું વાંચન દરેક હિન્દી કુટુમ્બમાં થાય છે. તેમજ અનેક હિન્દી કાવ્યો રચ્યાં. અકબરના પ્રસિદ્ધ

---

૧ રાઘવીય ભક્તમાલમાં જણાવ્યું છે કે 'શંકરાચાર્ય દૂસરો, દાદૂ કે સુંદર ભયો.' આ સુન્દરદાસજીએ સં૦ ૧૬૬૩-૧૬૮૨ કાશીમાં રહી વિદ્યા લઇ લોકોને આપી. પછી બહુ પર્યટન કર્યું. ગુજરાતમાં પણ તે ઘણો કાળ રહ્યા હતા અને ગુજરાતી ભાષા પોતે શીખી લીધી હતી. તેના અપ્રસિદ્ધ 'દશોં દિશાકે સવૈયે' માં ગૂજરાત સંબંધી લખ્યું છે કેઃ—

'આભડછોત અતીત સૌં કીજિયે, બિલાઇ રૂ કૂકર ચાટત હાંડી'

આ પરથી જણાય છે કે વૈષ્ણવ સંપ્રદાયની અસરથી ગુજરાતમાં આભડછેટ પર લોકોનું ઘણું ધ્યાન રહેતું હશે.

કવિ ગંગના તથા અન્ય હિન્દી પ્રસિદ્ધ કવિ વિહારી તથા કેશવદાસના સમકાલીન છે.

મહારાષ્ટ્રમાં અઢાર પર્વના મહાભારતને મરાઠામાં પહેલવહેલાં અવતારનાર કવિ વિષ્ણુદાસ, અને મુકતેશ્વર (જન્મ ૧૬૫૬, સ્વર્ગ ૧૭૦૬) તેમજ પ્રસિદ્ધ સંતકવિઓ એકનાથ (જન્મ સ૦ ૧૬૦૫, સ્વ૦ ૧૬૫૬); તુકારામ (જન્મ સં૦ ૧૬૩૪ યા ૧૬૬૪-સ્વ૦ ૧૭૦૮), સમર્થ રામદાસ (જન્મ સં૦ ૧૬૬૫ સ્વ૦ ૧૭૩૮) આદિ થયા.

ગૂર્જર ભાષાના આ યુગ માટે એમ કહેવામાં આવે છે કે 'જે ભાષાના પ્રથમ યુગમાં-સાહિત્યના પ્રભાતમાં-નરસિંહ મહેતા જેવા ભક્ત કવિનાં પ્રભાતિયાં ગાજી રહ્યાં હતાં તેના મધ્ય યુગમાં-સોળમા અને સત્તરમા શતકમાં-કવિતાનાં સ્વર્ગીય ગાનનો ધ્વનિ છેક મંદ પડી ગયો '-આ વાત સત્ય નથી. જૈનેતર ગૂર્જર કવિઓ આ યુગમાં વધુ સંખ્યામાં મળી નથી આવ્યા તેથી તેવી વાત મૂકવામાં આવે તે સ્વાભાવિક છે, પણ મને ખાત્રી છે કે આ ઉન્નતિના અને જાગ્રતિના યુગમાં અનેક જૈનેતર ગૂર્જર કવિઓ થયા હોવા જોઇએ; અને તે શોધખોળ કરતાં સાંપડી શકશે. જ્યારે મધ્ય યુગમાં જૈન કવિઓ માટે તો નિર્વિવાદ રીતે સ્પષ્ટ કહી શકાય તેમ છે કે તેમણે સાહિત્યની ધારા અખંડ નિરાવરણ અને નિર્મલ રાખી. તેનામાં ઓજસ્વાણું પયઃ સિંચી તેને બલવતી, વેગવતી, અને ઉજ્વલ બનાવી હતી.

આ સત્તરમા શતકમાં જેમ અંગ્રેજીમાં, રાણી એલિઝાબેથનો સમય (સં૦ ૧૬૧૫-૧૬૬૦) ઉક્ત ભાષા માટે એક મહાન્ ઉન્નતિનો છે, તેવો જ અકબરનો રાજત્વકાલ (સં૦ ૧૬૧૩-૧૬૬૨) સર્વ દેશી ભાષાઓ માટે વૃદ્ધિ અને ગૌરવનો યુગ થયો છે. બંને દેશોમાં આ સમૃદ્ધિશાલી સમયમાં અતિશય સંતોષજનક ઉન્નતિ થઇ છે અને

સારા સારા કવિ અને લેખક પાકયા છે. ઉર્દુ ભાષાની સ્થાપના-પ્રતિષ્ઠા મુખ્યપણે આ સમયમાં થઇ. હિંદી ભાષાના સમયવીર-મુખ્ય નાયક ગોસ્વામી તુલસીદાસ આ યુગમાં થયા કે જેમનો કવિતાકાલ (સં૦ ૧૬૩૧-સં૦ ૧૬૮૦) છે. તે મહાનુભાવ-મહાત્માએ રામાયણ આદિ રચી હિન્દી પર જેટલો ઉપકાર કર્યો છે તેવો કોઇએ કર્યો નથી; કવિપ્રિયા અને રસિકપ્રિયાના કર્ત્તા હિન્દી કવિ કેશવદાસ (કવિતાકાલ સં૦ ૧૬૪૮-૧૬૬૮) એક પ્રતિષ્ઠિત નામી કવિ થયા; આ ઉપરાંત અકબરના દરબારમાંના ગંગકવિ, બીરબલ ('બ્રહ્મ' ઉપનામવાળા) આદિ, તેમજ સેનાપતિ, દાદૂ દયાલ, સુન્દરદાસ, બનારસીદાસ પ્રભૃતિ કવિઓ ઉદ્ભવ્યા. આ બૃહત્કાલમાં આની પહેલાં સૂરદાસ આદિએ વ્રજભાષા દ્વારા કૃષ્ણ કવિતા પર અધિક ધ્યાન આપ્યું હતું, જ્યારે તુલસીદાસના કાલથી રામભકિતની ધારા વહી અને પછી રામભકતોએ કૃષ્ણની પેઠે રામનું પણ શૃંગારપૂર્ણ વર્ણન કર્યું. (આની અસર જૈનસાહિત્યમાં નેમિનાથ-રાજુલ અને સ્થૂલિભદ્ર ને કોશ્યાના પ્રસંગો લઇ શૃંગાર પર મર્યાદિત સ્વરૂપે ઉતરી વૈરાગ્ય પરિણામ પર લાવવા પ્રત્યે જૈન કવિઓ પ્રેરાયા હોય એવું સંભવે છે) મહારાષ્ટ્રમાં મહાભારત મરાઠીમાં અવગત થયું અને તત્ત્વજ્ઞાનમય અભંગો-દાસબોધ જેવા તાત્ત્વિક ઉપદેશો ભાષામાં ઉતરવા લાગ્યા. આવા પ્રતાપી-ઉત્સાહભર્યા શતકમાં ગૂજરાતી સાહિત્યમાં ગાનનો ધ્વનિ મંદ પડે એ માનવાને જરૂર આંચકો આવે.

મધ્યયુગ ભાષા

ગૂર્જર પ્રાચીન સાહિત્યના ત્રણ યુગ નામે અપભ્રંશ યા પ્રાચીન ગુજરાતી યુગ, મધ્યકાલીન યુગ અને અર્વાચીન યુગ એમ પાડીએ, તો અપભ્રંશ યુગમાં 'અપભ્રંશ કિંવા પ્રાચીન ગૂજરાતીનાં વ્યાકરણ આદિપ્રવર્ત્તક અને પ્રાકૃત બોલીઓના પાણિની'—હેમાચાર્ય (વિ૦

સં૦ ૧૧૪૫ થી ૧૨૨૯), પ્રબંધચિંતામણિના કર્તા મેરૂતુંગ (વિ૦ સં૦ ૧૩૬૧), કવિ ધનપાલ (ભવિષ્યદત્ત કથાના કર્તા) આદિ અનેક જૈન ગ્રંથકારોએ પ્રબલ સાહિત્યસેવા કરી છે. જૈન ભંડારોમાં અપભ્રંશના અનેક પુસ્તકો મળી શકે તેમ છે. એ સિદ્ધ વાત છે કે સંવત્ પંદરમા સૈકા સુધી સૌરાષ્ટ્ર, ગૂજરાત અને રાજસ્થાન એ સર્વ પ્રદેશોમાં અપભ્રંશ ભાષા જ વ્યાપક ભાષા તરીકે પ્રવર્ત્તતી હતી. સંવત્ ૧૩ મા સૈકાથી સં૦ ૧૫૫૦ સુધીની ભાષાને અન્તિમ અપભ્રંશ ભાષા ગણી શકીએ. આને ડા૦ ટેસીટેરી જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષા કહે છે.

મધ્યકાલીન યુગ વિક્રમ પંદરમા શતકથી સત્તરમા શતકનો ગણીએ તો તેમાં પંદરમા શતકમાં થોડા, પણ સોળમા શતકમાં ઘણા વધુ. અને સત્તરમામાં તો અતિ વિપુલ પ્રમાણમાં જૈનકવિઓ અને ગ્રંથકારો મળી આવે તેમ છે. મધ્યકાલીન કે અર્વાચીન યુગમાં એક પણ શતક જૈનોની ગૂર્જર સાહિત્યસેવા વગરનું રહ્યું નથી. જૈન સાધુઓએ ભંડારોદ્વારા આ સર્વ સાચવી રાખ્યું છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે, અને તેથી તે સર્વ સાહિત્યનો ઇતિહાસ અખંડ લખી શકાશે. તેમ થયે વિશેષ પ્રભાનાં દર્શન થશે.

રા. નરસિંહરાવે આંકેલ ગૂજરાતી ભાષાના વિકાસક્રમની સમયરેખામાં સં૦ ૧૬૫૦ થી ૧૭૫૦ સુધીની ભાષાને 'મધ્ય ગૂજરાતી' કહી છે. આ મધ્ય ગૂજરાતી કે ઉપર નિર્દેશેલ મધ્યકાલીન યુગમાં પ્રસ્તુત કવિ (વિક્રમ સત્તરમો સૈકો) થએલ છે. તે સૈકામાં અનેક સુંદરકૃતિઓ રચી પોતાને સિદ્ધહસ્ત આખ્યાન-કથાકવિ તરીકે સિદ્ધ કરનાર જૈનકવિઓ નામે કુશલલાભ (કૃતિઓ સં૦ ૧૬૧૭ થી ૧૬૨૪), સોમવિમલ સૂરિ (કૃતિ સમય સં૦ ૧૬૧૫ થી ૧૬૩૩), નયસુંદર (કવિતાકાલ સં૦ ૧૬૩૨ થી ૧૬૬૯), પ્રસ્તુત કવિ સમયસુંદર (સં૦ ૧૬૫૮ થી ૧૭૦૦), અને શ્રાવક કવિ ઋષભદાસ (કવિતાકાલ સં૦ ૧૬૬૨

થી ૧૬૮૭) એ પાંચ અગ્રભાગ લે છે. આ પૈકી ઋષભદાસ સંબંધી લેખ પાંચમી ગૂર્જર સાહિત્ય પરિષદ્‌માં મેં જરા વિસ્તારથી લખી મોકલ્યો હતો તે છપાઇ ગયો છે; અને નયસુન્દર સંબંધી મારો નિબંધ આનંદ કાવ્ય મહોદધિના છઠ્ઠા મૌક્તિકની પ્રસ્તાવનામાં પ્રકટ થયો છે; જ્યારે આ લેખદ્વારા કવિવર સમયસુન્દર સંબંધી-કંઇક હકીકત જણાવવા મેં પ્રયત્ન કર્યો છે.

મધ્યયુગનું કથાસાહિત્ય.

સં૦ સત્તરમા સૈકાના પ્રારંભથી લોકકથાઓને કાવ્યમાં મૂકવાના સુંદર પ્રયાસો જૈન સાધુઓના હાથથી થઇ રહ્યા હતા. માત્ર પોતાના ધાર્મિક કથાસાહિત્યમાંથીજ વસ્તુ લઇ જૈન સાધુઓએ પોતાનું-જૈન કાવ્યસાહિત્ય અખંડપણે ઉત્પન્ન કર્યું છે (જેમ પ્રેમાનંદાદિએ કર્યું છે તેમ), એટલુંજ નહિ પણ તે ઉપરાંત લોકકથાઓને પણ કાવ્યમાં (શામળદાસાદિની માફક) ઉતારી છે; વિશેષમાં તેઓએ, એ બન્ને કવિઓ-પ્રેમાનંદ અને શામળભટ્ટ-ની અગાઉના સૈકામાં એટલે સંવત્ સત્તરમા સૈકામાં તેના પ્રારંભથી ભાષામાં અવતાર્યું છે.

આના સમર્થનમાં કહીશું કે સં૦ ૧૫૬૦ માં સિંહકુશલે નંદબત્રીશી રચી, ઉદયભાનુએ વિ૦ સં૦ ૧૫૬૫ માં વિક્રમસેન ચોપાઇ રચી કે જેના માટે રા. મણિભાઇ બકોરભાઇએ નોંધ કરી છે કે 'પાંચસેં છાસઠ ટુંકનો આ પ્રબંધ છે. દરેક રીતે તે શામળભટની વાતો સાથે હરીફાઇ કરે તેવો છે. આ પ્રબંધની રચના કોઇપણ રીતે શામળભટ્ટની વાતોથી ઉતરતા પ્રકારની નથી '; ત્યારપછી [૨]કુશલલાભે સં૦ ૧૬૧૬

૨ કુશળલાભ-ખરતર ગચ્છના અભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય. તેમણે ઉક્ત બે કથાઓ ઉપરાંત તેજસાર રાસ, વીરમગામમાં સં૦ ૧૬૨૪ માં, અગડદત્તદાસ, નવકાર છંદ, ગોડી પાર્શ્વનાથ છંદાદિ રચેલ છે.

માં માધવ-કામકુંડલા પર રાસ, અને સં૦ ૧૬૧૭ માં મારૂઢોલા પર ચોપઇ; [૩]દેવશીલે સં૦ ૧૬૧૯ માં વેતાલ પચવીશી અને હેમાનંદે તેજ નામનો ગ્રંથ સં૦ ૧૬૪૬ માં; ગુણમેરૂસૂરિ શિષ્ય રત્નસુંદર ઉપાધ્યાયે પંચોપાખ્યાન (પંચતંત્ર) ચતુષ્પદી સં૦ ૧૬૨૨ માં સાણંદમાં અને શુકબહોતરી ઉર્ફે રસમંજરી સં૦ ૧૬૩૮ માં ખંભાતમાં, [૪]વચ્છરાજે નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપઇ સં૦ ૧૬૪૮ માં; [૫]હીરકલશે સિંહાસનબત્રીશી સં૦ ૧૬૩૬ માં; [૬]મંગલમાણેકે વિક્રમાદિત્ય અને ખાપરા ચોરનો રાસ સં૦ ૧૬૩૮માં; નરપતિ કવિએ વિક્રમાદિત્ય ચોપાઇ સં૦ ૧૬૪૯ માં અને નંદબત્રીશી; [૭]હેમરત્ને ગોરાવાદલ પદ્મિણી કથા ચોપઇ સં૦ ૧૬૬૦ માં, સારંગે ભોજપ્રબંધ ચોપઇ સં૦ ૧૬૫૧ માં અને બિલ્હિણ પંચાશિકા; અને કનકસુંદરે સં૦ ૧૬૬૭

૩ દેવશીલ—તપાગચ્છના સૌભાગ્યસૂરિ શિ૦ સોમવિમલસૂરિ શિ૦ લક્ષ્મીભદ્ર શિ૦ ઉદયશીલ શિ૦ ચારિત્રશીલ શિ૦ પ્રમોદશીલના શિષ્ય. તેની આ કૃતિ રા. જગજીવનદાસ દયાલજી મોદીએ વડોદરામાં પ્રસિદ્ધ કરી છે.

૪ વચ્છરાજ-પાર્શ્વચંદ્રસૂરિ-સમરચંદસૂરિ-રત્નચારિત્ર શિ૦; તેની અન્ય કૃતિ સં૦ ૧૬૪૨ માં ખંભાતમાં શાંતિનાથ ચરિત્ર.

૫ હીરકલશ-ખરતર દેવતિલક શિ૦ હર્ષપ્રભ શિ૦; અન્યકૃતિઓ સમ્યક્ત્વ કૌમુદી સં૦ ૧૬૨૪, કુમતિ વિધ્વંસ ચોપઇ સં૦ ૧૬૦૭.

૬ મંગલમાણેક—આંચલિક ગચ્છના બિડાલંબ ગચ્છ, મુનિરત્નસૂરિ-આનંદરત્નસૂરિ-જ્ઞાનરત્ન-ઉદયસાગર-ભાનુભટ્ટ શિ૦ તેણે વિશેષમાં અંબડ કથાનક ચોપાઇ સં. ૧૬૩૮ જેઠ શુદ ૧૫ ગુરૂએ શરૂ કરી સં. ૧૬૩૯ માં કાર્ત્તિક શુદ ૧૩ ઉજ્જેણીમાં નિઝામના રાજ્યમાં પૂરી કરી છે.

૭ હેમરત્ન—પૌર્ણમિક ગચ્છ દેવતિલક સૂરિ-જ્ઞાનતિલક સૂરિ-પદ્મરાજ ગણિ શિષ્ય. અન્યકૃતિ શીલવતી કથા સં૦ ૧૬૭૩ પાલીમાં બનાવી.

આ બધા જૈન શ્વેતામ્બર સાધુઓ છે. ગૂજરાતના શ્વેતામ્બર સાધુઓએ કથાસાહિત્ય માટે કેવી સેવા બજાવી છે તે માટે જર્મન વિદ્વાન ડૉક્ટર હર્ટલકૃત "ઑન ધી લિટરેચર ઑફ ધી શ્વેતાંબરાઝ ઑફ ગુજરાત" એ નામનું ચોપાનીયું અવલોકવું.

માં સગાલશા રાસ; એમ અનેક કવિઓએ અનેક કૃતિઓ રચી છે. જૈનેતરમાં માત્ર એકાદ જેમકે સં૦ ૧૫૭૪ માં આમ્રપદ્ર (આમોદ) ના કાયસ્થ કવિ નરસા સુત ગણપતિએ માધવાનળની કથા ગૂજરાતીમાં બનાવેલી લોકકથા મળી આવી છે અને શોધ કરતાં બીજી પણ થોડી ઘણી મળી આવે. જો કે સત્તરમા શતકના ઘણાખરા મળેલા ગ્રંથો ધાર્મિક છે, પણ તેમાં આ લોકકથાના ગ્રંથ મળવાથી તેમાંથી લૌકિક બાબતો ઘણી પ્રાપ્ત થઇ શકે તેમ છે.

કેટલાકો એમ માનતા હતા અને માને છે કે ગૂજરાતીમાં વાર્ત્તાઓ લખનાર મૂળ કવિ શામળભટ્ટ આદિ છે; પરંતુ તેમની પહેલાંના જૈન રાસાઓમાંથી અનેક રાસાઓ વાર્ત્તાઓ રૂપે બનાવેલા મળી આવે છે: એ વાત ઉપર કર્તાઓ અને તેમની કૃતિઓનો નામ નિર્દેશ કરી જણાવી છે; તે પરથી શામળભટ્ટને વાર્ત્તાઓના આદિ રચયિતા નહિ કહી શકાય. વિશેષમાં એ પણ સંભવ છે કે ૧૮ મા શતકમાં થયેલા શામળભટ્ટે પોતાની વાર્ત્તાઓનાં મૂળ-વસ્તુ પણ પ્રાચીન જૈન કવિઓના વાર્ત્તારૂપે લખાયેલ રાસાઓ પરથી પ્રાયઃ લીધેલાં હોય. સં૦ ૧૫૭૨ માં સિંહકુશલે નંદબત્રીશી રચી છે કે જે ટુંકી છે, તેની સાથે સરખાવો શામળભટ્ટની નંદબત્રીશી કે જે વિસ્તારવાળી થયેલી છે. ઉપરોક્ત કુશલલાભની માધવાનળ અને કામકુંડલાની કથા સાથે સરખાવો શામળભટ્ટે રચેલી બત્રીશ પુતળીની વાર્ત્તામાંની ૨૬ મી માધવાનળની વાર્ત્તા, કે જે કેટલીક થોડી બાબતમાં જૂદી પડે છે; પણ તે શામળભટ્ટની કથા બહુ સંક્ષેપમાં છે અને ઝાઝા માલ વગરની છે.[૮] તેમ વૈતાળ પચીસી, સિંહાસન બત્રીશી, સુડાબહોતેરી વગેરે જેવી કૃતિઓ સાથે શામળભટ્ટની તે નામની કૃતિઓ સરખાવી શકાય. વખતે જૈન કવિઓએ જેમ લોકમાં

૮ સ્વ. ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલનો માધવાનળ કામકંદલાની લોકકથાપર ઑગસ્ટ ૧૯૨૪ 'સાહિત્ય' માં પૃ. ૩૫૩-૩૬૨ માં આવેલ લેખ.

પ્રચલિત કથાઓને એકત્રિત આકારમાં ગોઠવી સંગ્રહ કરી યા કોઇ અન્ય ભાષાના ગ્રંથોમાંથી સ્વ ભાષામાં ઉતારી હોય, તેવી રીતે શામળભટ્ટે પણ કર્યું હોય. લોકકથાના સાગર રૂપ કથાસરિત્સાગર, ક્ષેમંકર કૃત સિંહાસન દ્વાત્રિંશિકા અને સંસ્કૃત વેતાલપંચવિંશતિ જૂની–પ્રાચીન કૃતિઓ છે.

કેટલાક એમ કહેતા હોય કે જૈન સાધુઓ શૃંગારરસથી યુક્ત કાવ્યને રચે યા રચવાનો દાવો કરે તો તે જૈન ધર્મનો દીક્ષિત યતિ જ ન કહેવાય[૯] તો આના ઉત્તરમાં જણાવવાનું કે ઉપરોક્ત કુશલલાભની માધવાનળની કથા શૃંગારરસથી ભરેલી ઉત્તમ પ્રતિની વાર્તા છે, એ રા. હરગોવિન્દદાસ કાંટાવાળાએ સ્વીકાર્યું છે. જૈન કવિઓ અલબત ઉઘાડો અમર્યાદિત શૃંગાર નહિ મૂકે, કે જેથી જેમ શામળભટ્ટને માટે નર્મદ કવિને કહેવું પડ્યું કે ' શામળભટ્ટે કેટલીક વાર્તાઓ ન લખી હોત તો સારૂં ' તેમ જૈન કવિઓ માટે કહેવું નહિ જ પડે. " વિશેષમાં જૈન સાધુઓ જેમ અમુક સદ્‌ગુણનું પ્રતિપાદન કરે છે, તેમ આ (માધવાનળની કથાના) ગ્રંથમાં શીળનો મહિમા બતાવ્યો છે, એટલે તે બાબતમાં તે (જૈન કવિ) શામળભટ્ટ કરતાં ચઢે છે.........આ કૃતિ શામળભટ્ટની પૂર્વેના શતકમાં રચાઇ હતી. " (રા. હરગોવિન્દદાસ કાંટાવાળા).

આ કથા તેમજ મારૂ ઢોલાની ચોપાઇ બંને જેસલમેરમાં ત્યાંના મહારાજા રાવળ માલદેવજીના પાટવીકુમાર શ્રી હરરાજજી (કે જેમણે વિ૦ સં૦ ૧૬૧૮ થી ૧૬૩૪ સુધી જેસલમેરનું રાજ્ય કર્યું) ના કુતુહલ અને વિનોદ અર્થે બનાવેલ છે. મારૂઢોલાની ચોપાઇ સંબંધી એવી વાત છે કે હરરાજજીએ સં૦ ૧૬૧૭ માં અકબરનું સ્વામીત્વ સ્વીકારી દિલ્હી દરબારમાં જવા આવવા માંડ્યું હતું. એમણે

૯ લખપતિ શૃંગાર એ મથાળાનો લેખ. સ્વ. કવિ જીવરામ અજરામર ગોર. ગુજરાતી દીવાળી અંક સં૦ ૧૯૬૭.

પૃથ્વીરાજની કરેલ ' વેલિ ' (કૃષ્ણ રૂકિમણીનીવેલી) [૧૦]નાં વખાણ સાંભળી પોતે યુવરાજ હતા ત્યારે અને પટ્ટાભિષેક થયા પછી જેસલમેરના સર્વ કવિ અને વિદ્વાનોને એકઠા કરી ' મારૂઢોલાની વાર્તાના પ્રાચીન દોહા એકઠા કરી તેને વાર્તાના આકારમાં યથાક્રમે ગોઠવી જે ઉત્તમ ગ્રંથ બનાવશે તેને હું ઇનામ આપીશ ' એમ કહી કેટલાક ગ્રંથો રચાવેલા પોતા પાસે તૈયાર હતા તેમાંથી સર્વોત્તમ જે ગ્રંથ બન્યો હતો તે બાદશાહને ભેટ ધર્યો. આ વાતને, મારૂઢોલાની વાર્તાપર જેટલા ગ્રંથો બન્યા છે તે હરરાજજીની આજ્ઞાથી બન્યા છે એવું ૭ સાત ગ્રંથોની પ્રશસ્તિ પરથી જણાતાં ટેકો મળે છે. (વાઙ્ સૌંદર્ય સં૦ ૧૯૭૩ માર્ગશીર્ષનો અંક).

આ રીતે આપણે આ મધ્યયુગના–સત્તરમા સૈકાના ખાસ વિશિષ્ટ ગુણો જોયા. જૈન કૃતિઓ અપ્રકટ હોવાના કારણે યા તે પર અલક્ષ હોવાના કારણે માત્ર જૈનેતર કૃતિઓ લઇ યુગોનાં લક્ષણો જૈનેતરો બાંધે અને તે માટે તેમજ અમુકના અમુક જૈનેતર ઉત્પાદક એમ સિદ્ધાન્તો (theories) ઘડે એ સ્વાભાવિક છે. પણ જે અત્ર ભારપૂર્વક નમ્ર વકતવ્ય છે તે એ છે કે જૈનકૃતિઓ પર લક્ષ રાખવાથી તે સિદ્ધાંતો ખંડિત બની ચૈતન્યશૂન્ય થાય તેમ છે. ગૂર્જર વાગ્દેવીનાં બંને સંતાનો–જૈનેતર તેમજ જૈનો સમાન–દૃષ્ટિએ નિરખાવાં ઘટે. બન્નેનો ફાળો સંયુકત અવિભકત પુંજી છે. કોઇ ઓછો, કોઇ વધુ

૧૦ જુઓ ગુજરાતીનો દીવાળી અંક સં૦ ૧૯૭૭ પૃ. ૬૬. 'રાઠોડ પૃથ્વીરાજ અને વેલી ક્રિસન રૂકમણીરી' એ નામનો લેખ. તેમાં તેનો રચ્યા સં૦ ૧૬૩૪ આપેલ છે ને ભાટ ચારણો આગળ પરીક્ષા માટે સં૦ ૧૬૪૪ માં મૂકેલ હોય એમ તેની છેલ્લી બે કડીઓ પરથી જણાય છે. જો આ કડીઓ પાછળથી ઉમેરી ન હોય ને પૃથ્વીરાજની સ્વરચિત હોય, તો પછી હરરાજજી તે કૃતિની સામે મૂકવા બીજી કૃતિ સં. ૧૬૧૭ માં ઉત્પન્ન કરાવવા માંગે એ બંધબેસતું નથી. બાકી હરરાજજીના આનંદ માટે તે કૃતિ થઇ અને બનાવરાવી એ કથન સિદ્ધ છે.

ફાળો આપે, પણ એકકેયનો અનાદર ન ઘટે. જૈનેતરોમાં સંસ્કૃત ભાષાપ્રત્યેના મોહને લીધે, યા મુસલમાનોના આક્રમણથી થયેલી હિન્દુ રાજ્યની પાયમાલીને કારણે ભાષાસાહિત્ય મુખ્યપણે ન ખીલ્યું હોય તો તે સંભવિત છે, તેમજ જૈનોમાં મુખ્યપણે ત્યાગી અને પરિભ્રમણ-શીલ સાધુઓ બ્રહ્મચર્ય સેવી વિદ્યાવ્યાસંગી રહી ભાષાસાહિત્યપ્રત્યેના મોહને લીધે તે વિશેષ ખીલવી શકયા હોય તે તદ્દન સંભવિત છે; સ્વ૦ રણજીતરામ વાવાભાઇ મહેતાએ સત્યરીતે અને આગળ વધીને જણાવ્યું છે કેઃ--

"અલાઉદ્દીન ખીલજીના સરદારોએ ગુજરાતના હિન્દુ રાજ્યને પાયમાલ કીધું ત્યાર પછી ચાલેલી અંધાધૂધીમાં નાસભાગ કરતા બ્રાહ્મણોએ શારદાસેવન ત્યજી દીધું, પણ મંદિરો–પ્રતિમા આદિની આશાતના થવા છતાં જૈનસાધુઓ પોતાના અભ્યાસમાં આસક્ત રહ્યા અને શારદા દેવીને અપૂજ ન થવા દીધી. આવા ધર્મપરાયણ અને વિદ્વાન્ સાધુઓને પાટે, અમદાવાદની સલતનત તૂટી ત્યારે, શ્રી હીર-વિજયસૂરિ નામે સાધુ હતા. આગ્રે જઇ ઇબાદતખાનાંમાં અકબર બાદશાહ અને અન્ય ધર્મીઓને તેમણે જૈનધર્મનો મહિમા બતાવ્યો.

"આ ઇતિહાસ શું કહે છે? ગુજરાતના અગ્રગણ્ય નાગરિક જૈનોનો સૂર્ય ગુજરાતના હિન્દુ સામ્રાજ્ય દરમ્યાન મધ્યાન્હમાં હતો અને હેમચંદ્રની માફક અમાસને દિવસે પ્રકાશોજ્જ્વલ પૂર્ણિમા આણવા સમર્થ હતો. તેઓ મહિનાઓના મહિના સૂધી દરિયો ખેડી લાંબી સફરો કરી દેશદેશાવરની લક્ષ્મી લાવી ગુજરાતમાં ઢોળતા; પોતાનાં વીરત્વ અને વફાદારીથી રાજા પ્રજા ઉભયને સંકટ અને સૌભાગ્યના સમયમાં મદદ કરતા, અણહિલપુરની ગાદીનું ગૌરવ જાળવતા–વધારતા; બીજા દેવોનાં મંદિરો ખંડિયર થઇ જતાં હતાં, છતાં સરસ્વતી દેવીનાં મંદિરો જૈન સાધુઓના ભીષ્મ પરિશ્રમને લીધે ઘંટનાદથી ગાજી રહ્યાં હતાં. દેલવાડાપરનાં વિમળશાહનાં દહેરાં જેવાં અનેક સૌંદર્યથી ગૂજરાત

વિભૂષિત થતું હતું; રાજ્યની ઉથલપાથલો, અંધાધુધી, અને બીન-સલામતી વારંવાર નડતી છતાં પોતાનાં ઉત્કૃષ્ટ વૈશ્ય ગુણોને લીધે ગૂજરાતનો વેપાર પડી ભાંગવા ન દીધો અને આજ પર્યંત વેપાર ખેડવાના લાયકાત અને શક્તિ-તેજ રાખ્યાં."

(જૈનધર્મ પ્રકાશનો જ્યુબિલી અંક).

આટલું કહી હવે આપણે પ્રસ્તુત કવિનો પરિચય કરવા પ્રત્યે વળીશું.

કવિનો પરિચય.

કવિ પોતાના જૂદા જૂદા ગ્રંથમાં નાની મોટી પ્રશસ્તિ આપી પોતાનો કંઇક પરિચય કરાવતો ગયો છે. તે પરથી સમજાય છે કે પોતાનો ગચ્છ જૈનશ્વેતામ્બર મૂર્ત્તિપૂજક સંપ્રદાયો પૈકી ખરતર ગચ્છ હતો. તે ગચ્છના ઉત્પાદક સંબંધી એવો ઉલ્લેખ પોતે કરે છે કેઃ—

જૈનોના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની પટ્ટપરંપરાએ દેવાચાર્ય થયા, તેમના પટ્ટધર નેમિચંદ્ર, તેના પછી ઉદ્યોતનસૂરિ થયા. તેમણે આબુગિરિના એક શિખરપર અષ્ટમ તપ આદરી સૂરિમંત્ર આરાધ્યો. ત્યાર પછી વર્ધમાનસૂરિ થયા. તેના શિષ્ય જિનેશ્વરે ગૂજરાતના રાજા દુર્લભરાજ (સં૦ ૧૦૬૬ થી ૧૦૭૮) ની રાજ્ય સભામાં શ્રી અણહિલ્લપુર (પાટણ) નગરે શ્વેતપટ (ચૈત્યવાસી) સાથે વાદ કરી તેઓનો પરાભવ કર્યો અને વસતિનો મનોહારી માર્ગ પ્રગટ કર્યો. તે સૂરિના પટ્ટધર સંવેગરંગશાલા નામના ગ્રંથના રચનાર જિનચંદ્રસૂરિ થયા અને તેના પછી પટ્ટધર, ખરતરગણનાયક, જૈન સિદ્ધાંત શાસ્ત્રો પૈકી નવ અંગ–આગમપર સંસ્કૃતમાં વૃત્તિ–ટીકા રચનાર અભયદેવસૂરિ થયા. [૧૧]

૧૧. વિક્રમની સત્તરમી શતાબ્દિમાં (સં૦ ૧૬૧૭) અભયદેવસૂરિ ખરતર હતા કે નહિ તે સંબધી પાટણમાં જ તપાગચ્છના ધર્મસાગર ઉપાધ્યાય અને ખરતરગચ્છના ધનરાજ ઉપાધ્યાયને જબરો ઝઘડો થયો હતો. ધર્મસાગરે એવું

"ત્યાર પછી તેમના શિષ્ય જિનવલ્લભસૂરિ થયા, તેમના પછી ૬૪ જોગણીને વશ કરનાર જિનદત્તસૂરિ થયા. તેના જિનચંદ્રસૂરિ, તેના પછી અનુક્રમે જિનપતિસૂરિ, જિનેશ્વરસૂરિ, જિનપ્રબોધસૂરિ અને જિનચંદ્રસૂરિ થયા. જિનચંદ્રસૂરિના આદેશથી તેજ:પાલે શાંતિનાથનું બિંબ બનાવ્યું, તેના પછી જિનકુશલસૂરિ (ખરતરગચ્છની પટ્ટાવલિમાં ૪૩ મા.) ત્યાર પછી જિનપદ્મ, જિનલબ્ધિ, જિનચંદ્ર, જિનોદય, જિનરાજ, જિનભદ્ર અનુક્રમે થયા. આ ૫૬ મા જિનભદ્રસૂરિએ જેસલમેર, જાબાલિપુર (જાલોર), દેવગિરિ, અહિપુર (નાગપુર-નાગોર), અને પાટણમાં પુસ્તક ભંડારો કરાવ્યા. (પટ્ટધર પદ સં૦ ૧૪૭૫ અને મરણ સં૦ ૧૫૧૪). ત્યાર પછી ક્રમે જિનચંદ્ર,

---

પ્રતિપાદન કરવા માંડ્યું હતું કે ખરતરગચ્છની ઉત્પત્તિ જિનેશ્વરસૂરિથી નહિ, પણ જિનદત્તસૂરિથી થઈ છે; અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થઈ શકતા નથી; જિનવલ્લભસૂરિએ શાસ્ત્રવિરૂદ્ધ પ્રરૂપણા કરી છે-વગેરે ચર્ચાના વિષયો પોતાના ઔષ્ટ્રિક મતોત્સૂત્રદીપિકા નામના ગ્રંથમાં મૂક્યા (રચ્યા સં૦ ૧૬૧૭.) આ ગ્રંથનું બીજું નામ પ્રવચનપરીક્ષા છે યા બંને જૂદા હોય-બંનેમાં વિષયો સરખા છે. તેમાંનાં એકનું બીજું નામ કુમતિકંદકુદ્દાલ છે. આથી બહુ હોહાકાર થયો. બે ગચ્છ વચ્ચે અથડામણી અને અંતે પ્રબળ વિખવાદ ઉત્પન્ન થતાં તે ક્યાં અટકશે એ વિચારવાનું રહ્યું. જોખમદાર આચાર્યોને વચ્ચે પડયા વગર ચાલે નહિ, તેથી તપાગચ્છના વિજયદાનસૂરિએ ઉક્ત કુમતિકંદકુદ્દાલ ગ્રંથ સભાસમક્ષ પાણીમાં બોળાવી દીધો હતો અને તે ગ્રંથની નકલ કોઇની પણ પાસે હોય તો, તે અપ્રમાણ ગ્રંથ છે માટે તેમાંનું કથન કોઇએ પ્રમાણભૂત માનવું નહિ, એવું જાહેર કર્યું હતું. ખરતરગચ્છ વાળાએ પોતાના મતનું પ્રતિપાદન કરાવવા ભગિરથ પ્રયત્ન સેવ્યો હતો: એ વાતના પ્રમાણમાં જણાવવાનું કે આપણા નાયક સમયસુંદર ઉપાધ્યાયજીના સં૦ ૧૬૭૨ માં રચેલા સામાચારી શતકમાં સં૦ ૧૬૧૭ માં પાટણમાં થયેલા એક પ્રમાણ પત્રની નકલ આપેલી છે કે જેમાં એવી હકીકત છે કે અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થએલા છે એ વાત પાટણના ૮૪ ગચ્છોવાળા માને છે, અને એ પ્રમાણ પત્ર સાચું જણાય છે, અને તેનો હેતુ ઉપરનો કલહ-વાદ શમાવવા અર્થે હતો.

જિનસમુદ્ર, જિનમાણિક્ય થયા. જિનમાણિક્યના જિનચંદ્રસૂરિ થયા કે જે હાલ વિદ્યમાન છે. તે જિનચંદ્રસૂરિને અકબ્બર બાદશાહે આનંદથી 'યુગપ્રધાન' પદ આપ્યું."

"ઉક્ત (૬૧ મા) જિનચંદ્રસૂરિના[૧૨] હસ્તદીક્ષિત મુખ્ય શિષ્ય

---

૧૨. **જિનચંદ્રસૂરિ**—ગોત્ર રીહડ, પિતા શ્રીવંત, માતા શ્રિયાદેવી. જ્ઞાતિ વણિક, તિમરી (તીવરી—જોધપુર રાજ્ય) ની પાસે આવેલા વડલી ગામમાં સં૦ ૧૫૯૫ માં જન્મ. માત્ર નવ વર્ષની ઉમરે સં૦ ૧૬૦૪ માં જૈન સાધુની દીક્ષા. ૧૭ વર્ષની વયે સં૦ ૧૬૧૨ ભાદ્રપદ શુદિ નવમી ગુરૂવારે જેસલમેરમાં રાઉલ માલદેવના કરેલા નંદિમહોત્સવ પૂર્વક સૂરિ-પદ. તેમણે અકબર બાદશાહને જૈન ધર્મનો બોધ આપ્યો હતો અને બાદશાહે યુગમાં પ્રધાન પુરૂષ સૂચક 'યુગપ્રધાન' પદ આપ્યું હતું. એમ કહેવાય છે કે બાદશાહને જૈનધર્મી-જૈનધર્મ પ્રશંસક બનાવ્યો હતો **(प्रबोधितो येन दयापरेण ह्यकब्बराख्यः पतिसाहि मुख्यः**—જિનલાભ સૂરિના સં૦ ૧૮૩૩ ના આત્મપ્રબોધની પ્રશસ્તિ.) તેમને સકલચંદ્ર ઉપાધ્યાય ઉપરાન્ત ૯૫ શિષ્યો હતા—તેમાં મુખ્ય સમયરાજ, મહિમારાજ, ધર્મનિધાન, રત્નનિધાન, જ્ઞાનવિમલ વિગેરે હતા. તેમનો સ્વર્ગવાસ વેનાતટે (બિલાડા-મારવાડ) સં૦ ૧૬૭૦ ના આશ્વિન વદિ બીજના દિને થયો. (જુઓ ઇંડિયન એંટિકવરીમાં આપેલ ખરતર ગચ્છની પટ્ટાવલિ-મારૂં ભાષાન્તર, સનાતન જૈનના ૧૯૦૭ ના જુલાઈના અંકમાં; વધુ માટે જુઓ રત્નસાગર ભાગ ૨ જો પૃ૦ ૧૨૫) તેમણે પોતાની પાસે ગેલી નામની શ્રાવિકાએ સં૦ ૧૬૩૩ ફા૦ વદ ૫ ને દિને બાર વ્રત સ્વેચ્છા પ્રમાણે ગ્રહણ કર્યાં તે સંબંધી 'ઇચ્છા પરિણામ ટિપ્પનક' યા બાર વ્રતનો રાસ ભાષામાં સં૦ ૧૬૩૩ માં બનાવ્યો છે. વળી મેડતામાં જેને હાલ 'લોઢારો મંદિર' કહેવામાં આવે છે તેમાં ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમાની તેમણે સં૦૧૬૬૯ ના માઘ શુદિ ૫ શુક્રવારે મહારાજા સૂર્યસિંહના રાજ્યમાં પ્રતિષ્ઠા કરી છે (પ્રાચીન લેખ સંગ્રહ ભા૦ ૨ પૃ૦ ૩૦૭). તેમનાજ સમયમાં તેમના અનુયાયી ભક્ત, પ્રખ્યાત કર્મચંદ્ર મંત્રીએ સં૦ ૧૬૩૫ ના ભયંકર દુકાળના વખતમાં સવા કરોડ રૂપીઆ ખર્ચી સત્રાકારો બંધાવી બહુ જનોને બચાવ્યા હતા અને તે કર્મચંદ્રે તેમનો યુગપ્રધાન મહોત્સવ-તેમના શિષ્ય

સકલચંદ્ર ઉપાધ્યાય[૧૩] થયા અને તેના શિષ્ય તરીકે હું, સમયસુંદર વાચક-ઉપાધ્યાય થયો.'' (જુઓ સં૦ ૧૬૭૬ માં રચેલી અર્થરત્નાવલી અથવા અષ્ટલક્ષીની પ્રશસ્તિ. પીટર્સન ચતુર્થ રીપોર્ટ. નં. ૧૧૭૪- પૃ૦ ૬૮.)

આ રીતે પોતાની ગુરૂપરંપરા પોતે આપી છે તે અત્ર જણાવી. પોતે પોતાના ગચ્છનું નામ બૃહત્ ખરતર ગચ્છ આપેલું છે કારણ કે ખરતર ગચ્છમાં પોતાના સમય સુધીમાં અનેક શાખાઓ મૂળ વૃક્ષમાંથી નીકળી હતી અને પોતાનું મૂળ વૃક્ષમાંથી ચાલી આવેલ થડ બતાવવા 'બૃહત્' શબ્દ યોજેલ છે.

સં૦ ૧૬૪૯ ના ફાગણ શુદિ ૨ ને દિને યુગપ્રધાન જિનચંદ્ર સૂરિએ અકબ્બર બાદશાહના કહેવાથી લાહોરમાં (લાભપુરમાં) માનસિંહને આચાર્યપદ આપી તેમનું નામ જિનસિંહ સૂરિ[૧૪]

જિનસિંહસૂરીનો આચાર્ય પદ મહોત્સવ અતિ દ્રવ્ય ખર્ચી સં૦ ૧૬૪૯ માં ઉજવ્યો હતો. વળી તેમના સમયમાં સોમજી અને શિવજી એ બે પ્રસિદ્ધ શ્રાવકોએ રાણકપુર, ગિરનાર, આબુ, ગોડીપાર્શ્વનાથ અને શત્રુંજય એ પાંચ જૈનતીર્થોએ સંઘ કાઢી લઇ ગયા હતા. (જુઓ સમયસુંદરની કલ્પસૂત્ર ટીકાની પ્રશસ્તિ). આ કર્મચંદ્ર મંત્રીએ સધર નગરમાં જિનકુશલ સૂરિનો મોટો સ્થૂભ સં૦ ૧૬૫૫ માહા શુદ ૧૦ મે કરાવ્યો. તે સિવાય બીજાં સ્થલોએ તેમના અનેક સ્થૂભ કરાવ્યા હતા.

૧૩ **સકલચંદ્ર ગણી**—તેઓ વિદ્વાન્ પંડિત અને શિલ્પશાસ્ત્રમાં કુશલ હતા. પ્રતિષ્ઠાકલ્પ શ્લોક ૧૧૦૦૦, જિનવલ્લભ સૂરિકૃત ધર્મશિક્ષા પર વૃત્તિ (પત્ર ૧૯૮), અને પ્રાકૃતમાં હિતાચરણ નામના ઓપદેશિક ગ્રંથ પર વૃત્તિ ૧૨૪૩૯ શ્લોકમાં સં૦ ૧૬૩૦ માં રચેલ છે.

૧૪ **જિનસિંહ સૂરિ**—પિતા ચાંપસી, માતા ચતુરંગદેવી, ગોત્ર ગણધર ચોપડા, વણિક જ્ઞાતિ. જન્મ ખેસર (ખેતાસર) ગામમાં સં૦ ૧૬૧૫ ના માગશર શુદિ પૂર્ણિમાને દિને; તેમનું મૂલ નામ માનસિંહ. દીક્ષા બીકાનેરમાં સં૦ ૧૬૨૩ ના માગશર વદિ ૫ ને દિને; વાચક-ઉપાધ્યાય પદ જેસ-

રાખ્યું. તે સમયે તેજ જિનચંદ્ર સૂરિએ સ્વહસ્તે કવિ સમયસુંદર તથા ગુણવિનય એ બે સાધુઓને ઉપાધ્યાય પદ આપ્યું, આ વાત ઉક્ત ગુણવિનય[૧૫]ઉપાધ્યાયેજ સં૦ ૧૬૫૫ માં રચેલા કર્મચંદ્ર

લમેરમાં સં૦ ૧૬૪૦ ના માઘ શુદિ ૫ ને દિને; સૂરિપદ લાહોરમાં સં૦ ૧૬૪૯ ના ફાલ્ગુન શુદિ ૨ ને દિને. અકબ્બર બાદશાહને મળવા માટે કાશ્મિરમાં કઠિન વિહાર (મુસાફરી) કર્યો હતો. વાર, સિંદૂર અને ગજ્જણા (ગિઝની) આદિ દેશોમાં પણ તેમણે અમારિ એટલે જીવદયા-અહિંસા પ્રવર્તાવરાવી હતી. અક્બર બાદશાહે પોતાના રાજવહિવટના છેલ્લા વર્ષમાં (સં૦ ૧૬૬૦ માં) દસ્તાવેજ કરી ફરમાન કરી આપ્યું હતું કે ભાદરવા શુદ ૯ થી ભાદરવા શુદ ૧૫ સુધી પોતાના સંપૂર્ણ રાજ્યમાં જીવહિંસા બંધ રાખવી. ત્યાર પછી જહાંગીર બાદશાહે તેમને 'યુગપ્રધાન' પદ આપ્યું હતું. પટ્ટધર જિનચંદ્ર સૂરિ સ્વર્ગસ્થ થતાં વેનાતટમાં (બિલાડા મારવાડમાં) ગચ્છનાયક પદ સં૦ ૧૬૭૦ ના પોષ વદિ ૧૩ ને દિને મેડતામાં મળ્યું. (જુઓ ઉપરોક્ત ખરતર ગચ્છ પટ્ટાવલિ; સનાતન જૈન, જુલાઇ ૧૯૦૭, રત્નસાગર ભા૦ ૨ પૃ૦ ૧૨૭; જ્ઞાનવિમલ કૃત સં૦ ૧૬૫૪ ની શબ્દપ્રભેદ વૃત્તિમાંની ગુરૂ પટ્ટાવલિ; પીટર્સન રીપોર્ટ બીજો પૃ૦ ૬૫) તેમની પાટે જિનરાજ સૂરિ (બીજા) આવ્યા.

૧૫. **ગુણવિનય વાચક**—તેમણે ભાષામાં આ પ્રબંધ ઉપરાન્ત અંજનાસુંદરી પ્રબંધ સં૦ ૧૬૬૨ ના ચૈત્ર શુદ ૧૩ બુધે; ગુણસુંદરી ચોપઇ; અંચલમત સ્વરૂપ વર્ણન રાસ સં૦ ૧૬૭૪ માઘ શુદ ૬ બુધવારે માલપુરમાં, લુમ્પકમત તમોદિનકર ચોપઇ આદિ રચેલ છે. ખરતર ગચ્છની ક્ષેમ શાખામાં ક્ષેમરાજ ઉપાધ્યાયના શિષ્ય પ્રમોદમાણિક્ય, તેના જયસોમ, અને તેના તેઓ શિષ્ય થાય. આ કવિએ સંસ્કૃતમાં પણ અનેક ગ્રંથો રચ્યા છે તે પૈકી ખંડ પ્રશસ્તિ કાવ્ય ટીકા સં૦ ૧૬૪૧, દમયંતી ચંપૂ ટીકા સં૦ ૧૬૪૬, રઘુવંશ ટીકા સં૦ ૧૬૪૬, વૈરાગ્યશતક ટીકા સં૦ ૧૬૪૭, ઇંદ્રિયપરાજયશતક વૃત્તિ સં૦ ૧૬૬૪, ઉત્સૂત્રોદ્‌ઘટ્ટન કુલક ખંડન સં૦ ૧૬૬૫ કે જેમાં ઉપરોક્ત ધર્મસાગર ઉપાધ્યાયના મતનું ખંડન કરેલું જણાય છે, સંબોધસત્તરી ટીકા, લઘુઅંજિતશાંતિ સ્તોત્ર ટીકા છે. આ પરથી તેઓ એક સત્તરમા સૈકામાં વિદ્વાન્ ટીકાકાર અને સાક્ષર હતા એ નિર્વિવાદ છે. (વધુ માટે જુઓ એ૦ રાસસંગ્રહ ભાગ ૩ જો.)

મંત્રિવંશ પ્રબંધ--કર્મચંદ્રવંશાવલિ પ્રબંધમાં આપેલી છે, કે જે કર્મચંદ્ર મંત્રીએ આ આચાર્ય મહોત્સવ કરેલો. આ સમયે જ જિનચંદ્ર સૂરિને યુગપ્રધાનપદ મળેલું જણાય છે.

વાચકપદ ગુણવિનયનઈ, સમયસુંદરનઇ દીધઉ રે
યુગપ્રધાનજીનઇ કરઇ, જાણિ રસાયણ સીધઉ રે
—શ્રીજિનશાસન ચિરજયઉ.

આ ઉત્સવના શુભ કાર્યના ઉપલક્ષમાં બાદશાહ અકબ્બરે ખં-ભાતના બંદર ઉપર એક વર્ષ સુધી કોઇ મગર કે માછલીઓ ન મારે એવો હુકમ બહાર પાડ્યો હતો. તેમ લાહોરમાં પણ એક દિવસ કોઇ પણ જીવની હિંસા નહિ કરવાની આજ્ઞા ફેરવી દીધી હતી. (જુઓ ઉક્ત પ્રબંધ ઐતિહાસિક રાસમાળા ભા૦ ૩; જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય. તથા જુઓ પં૦ જયસોમ કૃત સંસ્કૃતમાં કર્મચંદ્ર મંત્રી પ્રબંધ) ઉક્ત જિનસિંહ સૂરિએ બાદશાહ પર પોતાનો પ્રભાવ પાડી તેની પાસેથી આષાઢ શુદિ ૯ થી આષાઢ શુદિ ૧૫ સુધીના સાત દિવસોમાં બીલકુલ જીવવધ ન થાય એવું ફરમાન મેળવ્યું હતું. આ અસલી ફરમાનપત્ર હાથ આવ્યું છે ને તે હિન્દી 'સરસ્વતી' મા-સિકના જૂન, સને ૧૯૧૨ ના અંકમાં છપાયું છે. આમાં હીરવિજય સૂરિના ઉપદેશથી પર્યુષણના આઠ અને બીજા ચાર એમ બાર દિવસો સુધીમાં જીવવધના નિર્બંધ માટે ફરમાન આપ્યું છે તેનો પણ ઉલ્લેખ કર્યો છે.

જિનચંદ્રસૂરિ એક પ્રભાવક મહાપુરૂષ હતા. તેમનાં જ્ઞાન અને આચારની ખ્યાતિ અકબ્બર બાદશાહે ઉક્ત કર્મચંદ્ર બચ્છાવત પાસેથી સાંભળી પોતાની નિજકલમવડે ફુરમાન (વિનતિ) પંજાબના લાહોર નગરથી લખી અને પોતાના ખાસ મરજી દાન ઉમરાવો તે ગુરૂને બો-લાવવા માટે મોકલ્યા. તે વખતે તે ગુરૂના ૮૪ શિષ્યમાં મુખ્ય સકલ-

ચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય પંડિત સમયસુંદરજી પણ વિહારમાં સાથે હતાં. તે વિહાર ક્યાંથી ક્યાં કર્યો અને લાહોરમાં આવ્યા પછી ઉપરોક્ત મહોત્સવ કેમ થયો એ સંબંધી સમયસુંદરેજ 'ગુરૂ ગુણ છંદ અષ્ટક' હિન્દીમાં બનાવેલ છે તે અત્ર મૂકીશું.

સંતનકી[૧૬] મુખ વાણિ સુણી જિનચંદ મુણિંદ મહંત જતી,
તપજપ કરૈ ગુરૂ ગુર્જરમેં પ્રતિબોધત હૈ ભવિકું સુમતી,
તબહી ચિતચાહન ચૂંપ ભઇ સમયસુંદરકે ગુરૂ ગચ્છપતી,
ભેજે પતસાહ અકબ્બરી છાપ બોલાવે ગુરૂ ગજરાજ ગતી. ૧
એજી ગુજ્જરતેં ગુરૂરાજ ચલૈ વિચમેં ચોમાસ જાલોર રહે,
મેદનીતટમેં મંડાણ કિયો ગુરૂ નાગોર આદરમાન લહે,
મારવાડરિણી ગુરૂવંદનકોં તરસૈ સરસૈ વિચ વેગ વહે,
હરખ્યો સંઘ લાહોર આયે ગુરૂ પતસાહ અકબ્બર પાંવ ગહે. ૨
એજી સાહ અકબ્બરી વબ્બરકે ગુરૂ સૂરત દેખત હી હરખે.
હમ જોગી જતી સિદ્ધ સાધ વ્રતી સબહી ખટ દરસન કે નિરખે,
ટોપી બસડમાવાસ ચંદ ઉદય અજ તીન બતાય કલા પરખે,
તપ જપ દયા ધર્મ ધારણકોં જગ કોઇ નહીં ઇનકે સરખે. ૩
ગુરૂ અમૃતવાણિ સુણી સુલતાન એસા પતસાહ હુકમ્મ કિયા,
સબ આલમ માંહિ અમાર પલાય બોલાય ગુરૂ ફુરમાણ દિયા

---

૧૬. ૨. મેદનીતટ—મેડતા; મારવાડરિણી—મારવાડની સ્ત્રીઓ. ૩. ટોપી ......હરખે=આનો અર્થ બરાબર સમજાતો નથી, પણ એમાં એમ હોવાનો સંભવ છે કે ટોપી ઉડાડી અધર રાખી હોય, અમાવાસને દિને ચંદ્રનો ઉદય બતાવ્યો હોય અને ત્રણ બકરાં બતાવી ચમત્કાર બતાવ્યા હોય. ૪. ભવ્ય—પાઠાંતર હોત. મછરી—માછલી પકડવાનું ખંભાતમાં થતું હતું તે ફુરમાનથી દૂર કરાવ્યું. ૬—ચામર છત્ર......જિયંરે—પાઠાંતર—જુગપ્રધાનકાએ ગુરૂદું ગિગડદું ગિગડદું ધુંધું બાજીયેરે સમયસુંદરકે ગુરૂ માન ગુરૂ, પતિસાહ અકબ્બર ગાજીયેરે. (જૈન સંપ્રદાય શિક્ષા પૃ. ૬૪૯).

જગજીવ દયા ધર્મ દાક્ષણતેં જિન સાસનમેં જુ સોભાગ લિયા,
સમયસુંદર કહે ગુણવંત ગુરૂ દગ દેખત હરખત ભવ્ય હિવા. ૪

એજી શ્રીજી ગુરૂ **ધર્મ** ધ્યાન મિલે સુલતાન **સલેમ** અરજજ કરી,
ગુરૂ જીવ દયા નિત પ્રેમ ધરે ચિત અંતર પ્રીતિ પ્રતીતિ ધરી,
કર્મચંદ બુલાય દિયો ફુરમાણ છોડાય ખંભાયતકી મછી,
સમયસુંદરકે સબ લોકનમેં નિત ખરતર ગચ્છકી ખ્યાતિ ખરી. ૫

એજી શ્રી જિનદત્ત ચરિત્ર સુણી પતસાહ ભયે ગુરૂ રાજિયે રે,
ઉમરાવ સબે કર જોડ ખડે પભણે અપણે સુખ હાજિયે રે,
ચામર છત્ર મુરા તબ ભેટ ગિગડદૂં ધૂંધૂં બાજિયે રે,
સમયસુંદર તૂંહી જગત્ર ગુરૂ પતસાહ અકબ્બર ગાજિયે રે. ૬

હેજી જ્ઞાન વિજ્ઞાન કલા ગુણ દેખ મેરા મન સદગુરૂ રીઝીયેજી
હુમાયૂકો નંદન એમ અખૈ, અબ સિંઘ (માનસિંઘ) પટોધર કીજીયેજી,
પતસાહ હજૂર થપ્યોં સંઘ સૂરિ મંડાણ મંત્રીશ્વર વીઝીયેજી,
જિણચંદ પટે જિણસિંહ સૂરિઃ ચંદ સૂરજ જૂં પ્રતપીજીયેજી. ૭

હેજી રીહડવંસવિભૂષણ હંસ ખરતર ગચ્છ સમુદ્ર શશી,
પ્રતપો જિનમાણિક્ય સૂરિકે પાટ પ્રભાકર જ્યૂં પ્રણમૂં ઉલસી,
મન શુદ્ધ અકબ્બર માંનત હૈ જગ જાણત હૈ પરતીત એસી,
જિનચંદ મુણીંદ ચિરં પ્રતપો **સમયસુંદર** દેત આશીશ એસી. × ૮

× આ અષ્ટક 'મહાજન વંશ મુક્તાવલિ'—ઉ૦ રામલાલ ગણી. રાંઘડી વિદ્યાશાલા બિકાનેરમાંથી તેની પ્રસ્તાવના પૃ૦ ૫-૬ પરથી ઉતારેલું છે. તેમાં વિશેષ જણાવ્યું છે કે "આ વખતે નકાસ (ચિતારા) એ તસવીર બાદશાહ અને ગુરૂમહારાજની ઉતારી તે બીકાનેરના ખરતર ભટ્ટારક શ્રી પુજ્યજી પાસે મોજૂદ છે. ચિતારાએ બાદશાહ અકબ્બરની સભામાંથી બાદશાહની પાછળ મુખ્ય ૩ તસબીર લખી છે. બિરબલ, કરમચંદ બછાવત, તથા કાજી ખાનખા; અને શ્રી ગુરૂ મહારાજના સર્વ સાધુ સમુદાયમાંથી ત્રણ સાધુ નામ લખ્યાં છેઃ—વેષહર્ષ (ખરૂં નામ વિવેકહર્ષ), પરમાનંદ,

આ પરથી એમ અનુમાન થાય છે કે જિનચંદ્રસૂરિ, અકબર બાદશાહે બોલાવવાથી ગૂજરાતમાં હતા ત્યાંથી અનેક શિષ્યો સાથે લઇ ગયા તેમાં સમયસુંદર હતા ગૂજરાતમાંથી વિહાર કરતાં પહેલાં જાલોર, ત્યાંથી મેદિનીતટ-મેડતા, નાગોર એમ મારવાડમાંથી પસાર થઇને લાહોર આવ્યા.

સં૦ ૧૬૪૯ પહેલાં તો સમયસુંદર ગૂજરાતમાં જ રહ્યા હતા અને સં૦ ૧૬૪૯ માં લાહોર આવી ઉપાધ્યાય પદ મેળવી પછી તે બાજુ ને વિશેષમાં મેવાડ-મારવાડમાં પ્રવાસ કર્યો છે, અને તેથી તેમની મુખ્ય ગૂજરાતી ભાષામાં અનેક દેશોના પ્રાન્તીય શબ્દો, મારવાડી શબ્દો, ફારસી શબ્દો જોવામાં આવે છે. આ વાત તેમણે જે ગ્રંથો રચ્યા તેના નિર્દિષ્ટ સ્થલપરથી-તે ગ્રંથોપરથી જણાઇ આવે છે.

સ૦ ૧૬૫૮ અમદાવાદ, સં૦ ૧૬૫૯ ખંભાત, સં૦ ૧૬૬૨ સાંગાનેર અને ઘંઘાણી સં૦ ૧૬૬૫ આગ્રા, સં૦ ૧૬૬૭ મરોટ. સં૦ ૧૬૬૮ મુલતાન, સં૦ ૧૬૭૨ અને ૧૬૭૩ મેડતા. સં૦ ૧૬૭૪ માં જિનચંદ્રસૂરિ મેડતામાં સ્વર્ગસ્થ થયા ને જિનરાજસૂરિને[૧૭]

તથા સમયસુંદર." આ છબી પ્રકટ થાય તો ઘણો પ્રકાશ પડે અને કવિ સમયસુંદરની તસબીર મળી આવે. આવીજ છબી તપાગચ્છીયહીરવીજય સૂરિની તે વખતની પ્રકટ થઇ છે (જુઓ સાક્ષર શ્રી જિનવિજયજીએ કૃપારસકોશની લખેલી ભૂમિકા સાથે પ્રકટ કરેલ છબી. તેમાં પણ અકબ્બર સાથે ત્રણ અમીરાદિ, અને હીરવિજય સાથે ત્રણ જૈન સાધુઓ છે. આ અને ઉપરની છબી બંને એકજ તો નથી એમ શંકા રહે છે. વળી આ અષ્ટક જૈન સંપ્રદાય શિક્ષા (યતિ શ્રી પાલચંદ્રની) માં પૃ૦ ૬૪૯ ની ટિપ્પણીમાં પ્રકટ થયું છે.

૧૭. જિનરાજસૂરિ—(બીજા) પિતા શા ધર્મસી, માતા ધારલદે, ગોત્ર બોહિત્થરો. જન્મ સં૦ ૧૬૪૭ ચૈ. શુ. ૭, દીક્ષા બીકાનેરમાં સં૦ ૧૬૫૬ ના માર્ગશીર્ષ શુદિ ૩, દીક્ષા નામ રાજસમુદ્ર, વાચક (ઉપાધ્યાય)

તેમની ગાદી ત્યાં મળી. સં૦ ૧૬૭૬ માગશર માસમાં રાણકપુર (સાદડી પાસે) ની જાત્રા કરી [તે રાણકપુરની જાત્રા વખતે કરેલા સ્તવનમાં તેના મંદિરનું વર્ણન આપ્યું છે કે ' ચારે દિશાના ૨૪ મંડપ ચાર ચતુર્મુખ (ચોમુખ) પ્રતિમા, તે દેહરાનું નામ ત્રિભુવનદીપક. ૮૪ દેરી, ભોંયરાં. મેવાડ દેશમાં ૯૯ લાખ ખર્ચી પોરવાડ ધરણાકે બંધાવ્યું. ત્યાં ખરતર વસતિ છે ને તે ઉપરાંત બીજા પ્રાસાદ છે.] અને તે વર્ષમાં લાહોર ગયા, સં૦ ૧૬૮૧ જેસલમેરમાં હતા. આની પછી સં૦ ૧૬૮૨ માં જેસલમેર પાસેના પાંચ ગાઉ પરના–અસલ રાજ્યધાની લોદ્રવપુરમાં રહેતા. [૧૮]થેરૂ

પદ સં૦ ૧૬૬૮ માં જિનચંદ્રસૂરિએ આસાઉલિમાં આપ્યું અને સૂરિપદ મેડતામાં સં૦ ૧૬૭૪ ના ફાગણ શુદ ૭ ને દિને થયું. તેનો મહોત્સવ ત્યાંના ચોપડા ગોત્રીયસાહ આસકરણે કર્યો. તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરી–દાખલા તરીકે સં૦ ૧૬૭૫ ના વૈશાખ શુદિ ૧૩ શુક્રે શત્રુંજય ઉપર અષ્ટમ ઉદ્ધાર-કારક અમદાવાદના સંઘવી સોમજી શિવજીએ ઋષભ અને બીજા જિનોની ૫૦૧ મૂર્તિઓ બનાવરાવી તેની પ્રતિષ્ઠા કરી. ભાણવડમાં પાર્શ્વનાથની પ્રતિમાની સ્થાપના કરી હતી. સં૦ ૧૬૭૭ જેઠ વદિ ૫ ગુરૂવારે જહાંગીરના રાજ્યમાં અને શાહજાદા શાહજહાના સમયમાં ઉક્ત આસકરણે બનાવેલા મમ્માણી (સંગેમર્મર) ના પથ્થરના સુંદર વિહાર (મંદિર) માં મેડતામાં શાંતિનાથની મૂર્ત્તિની પ્રતિષ્ઠા કરી. એવું કહેવાય છે કે તેમને અંબિકા દેવીએ વર આપ્યો હતો. અને તેથી ઘંઘાણીપુરમાં પ્રાચીન પ્રતિમા કાઢી હતી. તેઓ પાટણમાં સં૦ ૧૬૯૯ ના આષાઢ શુદિ ૯ ને દિને સ્વર્ગસ્થ થયા. તેમણે નૈષધીય કાવ્ય પર જૈનરાજી નામની વૃતિ રચી છે અને બીજા ગ્રંથો રચ્યા છે. તેમના કહેવાથી મતિસારે ધન્ય શાલિભદ્રનો રાસ સં૦ ૧૬૭૮ આસો વદિ ૬ ને દિને ખંભાતમાં રચ્યો હતો.

૧૮. થેરૂ ભણશાલી સંબંધી એવું કહેવાય છે કે તે લોદ્રવપુર (હાલનું લોધરા) માં ઘીનો વેપાર કરતો હતો. એક ઘીનું પાત્ર લઇ ભરવાડણ વેચવા આવી, તેની નીચે હરીવેલ હતી. આથી તે પાત્રના ઘીનો તોલ કરતાં જેમ જેમ ઘી કાઢતાં જાય તેમ તેમ તે પાત્ર ભરાતું જાય. આ હરીવેલ પાત્ર નીચેની ઇંઢોણી સાથે હતી, તે ઇંઢોણી લઇને થેરૂશાહે ફેંકી દીધી, પછી

ભણશાલીએ જેસલમેરથી શત્રુંજયપર જવાનો સંઘ કાઢયો. આમાં શ્રી જિનરાજસૂરિ પ્રમુખ અનેક આચાર્ય સાથે હતા અને સમયસુંદર ઉપાધ્યાય પણ આ સંઘમાં ગયા હતા. આ સંઘ શત્રું-જયની યાત્રા કરી આવ્યો–સં૦ ૧૬૮૨. પછી સમયસુંદર ૧૬૮૨ માં નાગોર આવ્યા, કે જ્યાં શત્રુંજય રાસ રચ્યો. ત્યાંથી સં૦ ૧૬૮૩ મેડતામાં, સં૦ ૧૬૮૫ લૂણકર્ણસર, સં૦ ૧૬૮૭ પાટણ. આ વર્ષમાં ભારે દુકાળ પડયો હતો કે જેનું વર્ણન તેમણે ચંપક ચોપઇમાં કર્યું છે. સં૦ ૧૬૮૯ મીરમીજાંના રાજ્યમાં અકપુર (અમદાવાદ) માં, સં૦ ૧૬૯૧ ખંભાત, સં૦ ૧૬૯૪ અને ૧૬૯૫ જાલોર,

તેમાંથી તે વેલ લઇ તેના પ્રતાપે અખૂટ ઘીથી અઢળક સંપત્તિ તેણે પ્રાપ્ત કરી. આ વાત તેણે જિનસિંહ સૂરિને કહી, ગુરૂએ સુકૃતાર્થ કરવા કહ્યું ત્યારે થિરૂએ ત્યાં થઇ ગયેલા ધીરરાજા (ધીરાજી ભાટી) એ સં૦ ૧૧૯૬ પછી બંધાવેલાં લોધરામાંના સહસ્રફણા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો તેમાં વિશાલ પ્રતિમા સ્થાપન કરી. અને પોતાની બે પત્ની તથા બે પુત્રના કલ્યા-ણાર્થે ચાર બાજુએ ચાર દેવકુલિકાઓ બંધાવેલી છે. આની પ્રતિષ્ઠા નૈષધકાવ્ય ઉપર જૈનરાજી નામની ટીકાના કર્તા મહા વિદ્વાન્ આચાર્ય જિનરાજ સૂરિએ સં૦ ૧૬૭૫ માં કરેલી છે. વિશેષમાં થેરૂશાહે જ્ઞાનભંડાર કરાવ્યા અને નવ-રત્નોનાં જિનબિંબ કરાવ્યાં. ક્રોડો રૂપીઆ ખર્ચ્યા, ત્યારપછી શત્રુંજયનો સંઘ સં૦ ૧૬૮૨ માં કાઢયો. આની પહેલાં બાદશાહ અકબ્બરે થેરૂશાહને દિલ્હી બોલાવી ઘણું માન આપ્યું. થેરૂશાહે નવ હાથી, પાંચસેં ઘોડા નજર કર્યા ત્યારે બાદશાહે ' રાયજાદા ' નો ખિતાબ બક્ષ્યો. આથી આની ઓલાદ ' રાયભણશાલી ' કહેવાય છે. આગ્રામાં મોટું જિનમંદિર થિરૂશાહે કરાવ્યું કે જે હાલ મોજૂદ છે. ભણશાલી એ મૂળનામ એ રીતે પડયું કે લોદ્રપુરના યદુવંશી ધીરાજી ભાટી રાજાના યુવરાજ પુત્ર સગરની માતાને બ્રહ્મરાક્ષસ લાગ્યો હતો તેને સં૦ ૧૧૯૬ માં ખરતર ગચ્છના ચમત્કારી આચાર્ય જિનદત્ત સૂરિએ કાઢયો તેથી રાજા કુટુંબ સહિત જૈન થયો અને તેના પર આચાર્યે જૈનત્વની ક્રિયારૂપે ભંડશાલમાં વાસક્ષેપ કર્યો તેથી તેનું ગોત્ર ભંડશાલી (ભણશાલી) સ્થપિત થયું, અને તેના આ વંશજ થેરૂશાહ થયા. આ રીતે મૂલ ભણશાલી જૈન હતા. જુઓ મહાજન વંશ મુક્તાવલિ પૃ. ૨૯–૩૦.

સં૦ ૧૬૯૬ અમદાવાદ, સં૦ ૧૬૯૮ અહમદપુર (અમદાવાદ); સં૦ ૧૭૦૦ અમદાવાદ; એ રીતે એ સ્થલોએ આપણા કવિએ અચક નિવાસ કર્યો હતો.

આ ઉપરાંત સમેતશિખર (જેને હાલ કેટલાક પાર્શ્વનાથહિલ કહે છે), ચંપા, પાવાપુરી, ફલોધી (મારવાડ), નાદોલ, વીકાનેર, આબુ, શંખેશ્વર, જીરાવલા, ગોડી, વરકાણા, અંતરીક્ષ પાર્શ્વનાથ, તેમજ ગિરનાર વગેરે અનેક જૈન તીર્થોની જાત્રા કરી હતી. [19]જેસલમેરમાં પોતે ઘણાં વર્ષો ગાળ્યાં લાગે છે.

---

૧૯ જેસલમેર—આનો કિલ્લો રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે કે જે યદુવંશી ભટ્ટી મહારાઉલોએ લોદ્રપુરથી આવી સં૦ ૧૨૧૨ માં બાંધ્યો. જૈનના ખરતર ગચ્છના શ્વેતામ્બરી સાધુઓનો આ પ્રબલ નિવાસરૂપ હતો. જિનરાજ, જિનવર્ધન, જિનભદ્ર આદિ સૂરિયોએ અનેક જૈન દેવાલયોની પ્રતિષ્ઠા અત્ર કરી છે. કિલ્લાપર આઠ જૈન મંદિર છે; તે પૈકી મુખ્ય ચિંતામણી પાર્શ્વનાથનું છે—સં૦ ૧૪૫૮ માં જિનરાજસૂરિના આદેશથી તેના ગર્ભગૃહમાં સાગરચંદ્રસૂરિએ પ્રતિમા સ્થાપિત કરી, અને સં૦ ૧૪૭૩ માં મહારાઉલ લક્ષ્મણ સિંહના સમયે સંપૂર્ણ થયું. તે રાજાના નામ પરથી તેનું નામ લક્ષ્મણવિહાર રાખ્યું ને તેમાં જિનવર્ધન સૂરિએ પ્રતિષ્ઠા કરી. તેમાંની ચિંતામણી પાર્શ્વનાથની મૂર્ત્તિ ભટ્ટીઓની પ્રાચીન રાજધાની લોદ્રપુરથી આણેલી વેલુની હોઇ પ્રાચીન છે. બીજું મંદિર સંભવનાથનું સં૦ ૧૪૯૪ માં જિનભદ્ર સૂરિના ઉપદેશથી આરંભાયેલું તે ૧૪૯૭ માં પૂરૂં થયું ને તેમાં તે સૂરિએ પ્રતિષ્ઠા કરી. તે વખતે ૩૦૦ મૂર્ત્તિની પ્રતિષ્ઠા થઇ. આ મંદિરની નીચે જ્ઞાનભંડાર વાસ્તે ભોંયરૂં બંધાવ્યું. તેમાં ભંડાર રાખ્યો, કે જે હજુ વિદ્યમાન છે. તેમાં ૧૦ મીથી ૧૫ મી વિક્રમ સદીનાં લખાએલાં તાડપત્રના પ્રાચીન દુર્લભ પુસ્તકો મોજુદ છે. બીજા મંદિરો—આદીશ્વર, શાંતિ, શીતલ, ચંદ્રપ્રભા, મહાવીર વગેરેનાં વિક્રમના સોલમા શતકના પૂર્વાર્ધમાં નજીક નજીક ત્યાં બંધાવેલાં છે. આ તથા સર્વ બીજાં મંદિરોમાં કુલ મળી આશરે ૭૦૦૦ જિનબિંબો છે. વળી બધાં મળી ૬ જ્ઞાન ભંડારો છે. ત્યાંના ભંડારોની પુસ્તકસૂચિ સદ્‍ગત સાક્ષર ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલે મહાશ્રમ લઇ કરેલી તે પંડિત લાલચંદજીના વિસ્તૃત હકીકતવાળા પરિચય સહિત ગાયકવાડ સરકારે હમણાં બહાર પાડી છે. જોધપુર બિકાનેર

જૈનોનાં ભારતવર્ષમાં તેમના તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, કેવલજ્ઞાનભૂમિ, નિર્વાણભૂમિ તરીકેનાં તીર્થો અનેક છે. તેમાં મુખ્ય શત્રુંજય, ગિરનાર, સમ્મેત-શિખરાદિ છે. તે સર્વની યાત્રા દરેક ચુસ્ત જૈનને માટે આવશ્યક ગણાય. આ કવિએ રચેલ 'તીર્થમાલા સ્તવન' પરથી જણાય છે કે તેમાં લખેલ અષ્ટાપદ અને નંદીશ્વર એ શાસ્ત્રોકત તીર્થ સિવાય બધાય તીર્થની યાત્રા તેમણે કરી હતી. તે સ્તવન નીચે પ્રમાણે છેઃ—

શત્રુંજે[20] ઋષભ સમોસર્યા ભલા ગુણ ભર્યારે, સિદ્ધા સાધુ અનંત,
તીરથ તે નમું રે,
તીન કલ્યાણક તિહાં થયાં, મુગતેં ગયારે, નેમીશ્વર ગિરનાર,
તીરથ તે નમું રે. ૧

રેલ્વેમાં બાડમેર સ્ટેશનથી જેસલમેર ૯૨ માઇલ છે. ત્યાં તપાગચ્છે ૧૯ મી સદીમાં પ્રવેશ કર્યો ને મહાકષ્ટે ૧૮૬૯ માં કોટની નીચે તેમના તરફથી શિખરબંધ દહેરૂં બંધાયું. ત્યાંના દહેરાં સંબંધી વિગત જિનસુખ સૂરિએ જેસલમેર ચૈત્ય પરિપાટી બનાવેલ છે તેમાં મળે છે. (જુઓ પ્રાચીન તીર્થમાળા સંગ્રહ પૃ૦ ૧૪૬.)

૨૦ શત્રુંજય—પાલીતાણા કાઠીયાવાડમાં—આવેલો પવિત્ર ગિરિ. ગિરનાર—જુનાગઢમાં. આબુ કે જયાં વિમલ મંત્રીએ અને વસ્તુપાલ મંત્રીએ મહાન્ કારીગરીનાં અદ્‍ભુત જૈન દેવાલયો બંધાવેલાં છે. સમેતશિખર કે જ્યાં ૨૪ તીર્થંકરો પૈકી ૨૦ મુક્તિ પામ્યા છે—કલકત્તાથી જવાય છે.

ચંપા એ વાસુપુજ્યની નિર્વાણ ભૂમિ. પાવાપુરી—મહાવીરની નિર્વાણ ભૂમિ. જેસલમેર—વીકાનેર પ્રસિધ્ધ છે.

સેરીસરો, સેરિસા—કલ્લોલ પાસે. આ તીર્થનો હમણાં જ ઉદ્ધાર કરવામાં આવ્યો છે.

શંખેશ્વર પાર્શ્વનાથ—પાટણથી ૨૦ ગાઉ દૂર. પંચાસરો પાર્શ્વનાથ પાટણમાં વનરાજ ચાવડાએ સ્થાપેલ.

ફલોધી—મેડતારોડ સ્ટેશનથી પા ગાઉ. સં૦ ૧૧૮૧ માં પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપાયેલી છે.

અષ્ટાપદ એક દેહરો, ગિરિસેહરોરે, ભરતેં ભરાવ્યાં બિંબ-તી૦
આબુ ચોમુખ અતિ ભલો, ત્રિભુવનતિલોરે વિમલવસઇ વસ્તુપાલ ૨
સમેતશિખર સોહામણો, રલિયામણોરે, સિદ્ધા તીર્થંકર વીશ.
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયેરે, સિદ્ધા શ્રી વાસુપૂજ્ય. ૩
પૂર્વ દિશે પાવાપુરી, ઋદ્ધિ ભરીરે, મુક્તિ ગયા મહાવીર
જેસલમેર જુહારીયે, દુઃખ વારીયેરે, અરિહંત બિંબ અનેક. ૪
વિકાનેર જ વંદીયે, ચિર નંદીયેરે, અરિહંત દેહરાં આઠ.
સેરિસરો સંખેશ્વરો, પંચાસરોરે, ફલોધી થંભણ પાસ. ૫
અંતરિક અંજાવરો, અમીઝરોરે, જીરાવલો જગનાથ.
'ત્રૈલોક્યદીપક' દેહરો, જાત્રા કરોરે, રાણપુરેં રિસહેશ. ૬
શ્રી નાડુલાઇ જાદવો, ગોડી સ્તવોરે. શ્રી વરકાણો પાસ.
નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાંરે, રૂચકકુંડલે ચાર ચાર. ૭
શાશ્વતી આશાશ્વતી, પ્રતિમા છતીરે, સ્વર્ગ મૃત્યુ પાતાલ.
તીરથ યાત્રા ફલ તિહાં, હોજો મુઝ ઇહાંરે, સમયસુંદર કહે એમ. ૮

શિષ્ય પરંપરા.

હર્ષનંદન નામના એક વિદ્વાન્ શિષ્ય તેમને હતા. તે શિષ્યે સં૦ ૧૬૭૩ માં 'મધ્યાન્હ વ્યાખ્યાન પદ્ધતિ' તથા બીજો ગ્રંથ નામે 'ઋષિમંડલ સ્તવ' (મહર્ષિ સ્તવ) ગાથા ૨૭૧ નું,- તેના પર

થંભણ—સ્થંભનક પાર્શ્વનાથ. હાલ ખંભાતમાં. તેની પ્રતિમા અભયદેવસૂરિના સમયમાં પ્રકટેલી.

અંતરિક્ષ પાર્શ્વનાથ—આકોલાથી લગભગ ૨૦ ગાઉ દૂર.

અજાવરો (અજાહરો) પાર્શ્વનાથ—કાઠિયાવાડના ઉંના ગામ પાસે.

અમીઝરો પાર્શ્વનાથ—ડુઆમાં (પાલણપુર તાલુકો.)

જીરાવલા પાર્શ્વનાથ (મારવાડ). નાડુલાઇ—મારવાડમાં. ગોડી પાર્શ્વનાથ—પારકરમાં. વરકાણા પાર્શ્વનાથ-મારવાડમાં.

૪૨૦૦ શ્લોકની ટીકા રચેલ હતી. ખરતર ગચ્છમાં લઘ્વાચાર્યીય નામનો આઠમો ગચ્છભેદ ખ૦ જિનસાગરસૂરિએ સં૦ ૧૬૮૬ માં કર્યો હતો તે ગચ્છને હર્ષનંદને ઘણો વધાર્યો. વિશેષમાં હર્ષનંદને, તથા ખ૦ સુમતિકલ્લોલ એ બંને એ મળીને તૃતીય જૈન આગમ નામે સ્થાનાંગ પરની વૃત્તિમાંની ગાથાઓ પર શ્લોક ૧૩૬૦૪ ની વૃત્તિ રચી હતી.

સમયસુંદરના શિષ્યના શિષ્ય નામે હર્ષકુશલ ગણી (ઉપાધ્યાય) હતા કે જેણે સમયસુંદરની ભાષાકૃતિ નામે ધનદત્તની ચોપઇ પોતે સંશોધિત કરી હતી.

સમયસુંદરની શિષ્યપરંપરા અખંડપણે સં૦ ૧૮૨૨ સુધી તો ચાલી આવેલી હતી એ વાત સિદ્ધ છે. સં૦ ૧૮૨૨ ના માગશર શુદિ ૪ ના દિવસે તેમની શિષ્યપરંપરામાંના આલમચંદે 'સમ્યક્ત્વ કૌમુદી ચતુઃપદી' એ નામની પદ્યકૃતિ મક્ષુદાબાદમાં બનાવેલ છે તેમાં પોતાની પ્રશસ્તિ આપતાં જણાવે છે કે,

> યુગવર શ્રી જિનચંદ સૂરીંદા, ખરતર ગચ્છ દિણંદાજી
> રીહડ ગોત્ર પ્રસિદ્ધ કહંદા સદ્‌ગુરૂ સુજસ લહંદાજી.
> પ્રથમ શિષ્ય તસુ મહા વૈરાગી જિણ મમતા સહુ ત્યાગીજી
> સકલચંદજી સકલ સોભાગી સમતા ચિત્તસું જાગીજી.
> તાસુ સીસ પરગટ જગમાંહી સહૂ કોઇ ચિત્ત ચાહૈજી
> પાઠક પદવીધર ઉચ્છાહૈ સમયસુંદરજી કહાહૈજી,
> તાસુ પરંપરમે સુવિચારી ભયે વાચક પદ ધારીજી
> કુશલચંદજી બહૂ હિતકારી તાસુ શિષ્ય સુખકારી જી.
> સદ્‌ગુરૂ આસકરણજી સુહાયા જગમે સુજસ ઉપાયાજી
> તાસુ શિષ્ય આલમચંદ કહાયા એ અધિકાર બણાયાજી.

આ રીતે સમયસુંદરની શિષ્ય પરંપરામાં કુશલચંદ ઉપાધ્યાય થયા, તેના શિષ્ય આસકરણજી અને તેના શિષ્ય આલમચંદ.

સંસ્કૃત ભાષામાં કૃતિઓ.

કવિ એક સમર્થ વિદ્વાન્, ટીકાકાર, સંગ્રહકાર, શબ્દશાસ્ત્રી, છંદશાસ્ત્રી, અને અનેક ગ્રંથોના અવલોકનકાર અને અવગાહનાર હતા એ તેમના નીચેના ગ્રંથો પરથી જણાઇ આવે છે. આ ગ્રંથો ગૂર્જર ભાષા સિવાયના છેઃ-

ભાવશતક શ્લોક ૧૦૧ સં૦ ૧૬૪૧.

રૂપકમાલા પર વૃત્તિ શ્લો૦ ૪૦૦, સં૦ ૧૬૬૩. આ વૃત્તિ કવિના પ્રગુરૂ ઉક્ત જિનચંદ્ર સૂરિના શિષ્ય રત્નનિધાન ગણીએ શોધી હતી.

કાલિકાચાર્ય કથા (સંસ્કૃત) સં૦ ૧૬૬૬.

સામાચારી શતક સં૦ ૧૬૭૨ મેડતામાં.

વિશેષ શતક (પત્ર ૬૭) સં૦ ૧૬૭૨ મેડતામાં, આનો ઉલ્લેખ કર્તાએ પોતાની ગાથા સહસ્રીમાં કર્યો છે રચ્યા દિન પાર્શ્વજન્મ દિને.

વિચાર શતક (પત્ર ૪૫) સં૦ ૧૬૭૪.

[૨૧] **અષ્ટલક્ષી** સ૦ ૧૬૭૬ (રસ જલધિરાગ ગોસમેતે)

૨૧ આમાં પહેલા એક શ્લોકમાં સૂર્યદેવની સ્તુતિ કરી છે તે ખાસ ધ્યાન ખેંચે છે. ત્યાર પછી બીજા શ્લોકમાં બ્રાહ્મી—સરસ્વતીની સ્તુતિ કરી જણાવે છે કે 'રાજા નો દદતે સૌખ્યં' એ શ્લોકના એક પાદના મેં નિજબુદ્ધિની વૃદ્ધિ નિમિત્તે અર્થો કર્યા છે તેમાં તે પાદમાંના 'રાજા' નો અર્થ સૂર્ય પણ થાય છે એમ જણાવી સૂર્યદેવનાં નામો આપે છેઃ—

सावित्री भविता राजा विसृजो विघृणो विराट् ।
सप्तार्चिः सप्ततुरगः सप्तालोकनमस्कृतः ॥

એમ સ્કંદપુરાણમાં શ્રી સૂર્યસહસ્ર નામમાં જણાવ્યું છે તેથી રાજા એટલે શ્રી સૂર્ય, નઃ એટલે અમને સૌખ્ય આપે છે.

લાહોર. આ **राजानो ददते सौख्यम्**—એ રીતના વાકયના આઠ લાખ અર્થોવાળો ગ્રંથ છે. આનું બીજું નામ અર્થરત્નાવલિ છે. તે લાભપુર (લાહોર) માં પૂર્ણ કર્યો. (પી. રી. ૪ થો. પૃ. ૬૮–૭૩).

આ અષ્ટલક્ષી ગ્રંથ કવિએ સં૦ ૧૬૪૯ **પહેલાં શરૂ** કરી તે વર્ષ**માં** એક પુસ્તકના **પ્રમાણનો** કરી નાંખ્યો **હોવો** જોઇએ એમ જણાય છે. એટલુંજ નહિ પણ તે વર્ષ**માં** શ્રી અકબ્બર બાદશાહે ખુદ રાજસભામાં વાંચી સાંભળી આ પુસ્તક સ્વહસ્તે લઇ કવિના હાથમાં આપી તે રીતે પ્રમાણભૂત કર્યો એવું પોતે આ **ગ્રંથમાં** જ જણાવે છે:—

संवति १६४९ प्रमिते श्रावण शुक्ल १३ दिने सन्ध्यायां कश्मीरदेशविजयमुद्दिश्य श्री राजश्री रामदास वाटिकायां कृतप्रथमप्रयाणेन श्री अकब्बर पातशाहिना जलालदीनेन अतिजात साहिजाने श्री सिलेम सुरत्राण सामंतमंडलिकराजराजिविराजितराजसभायां अनेकवैयाकरणतार्किकाविद्वत्तमभट्टसमक्षं अस्मद् गुरुवरान् युगप्रधानखरतर–भट्टारकश्री जिनचन्द्र सूरीश्वरान् आचार्य श्रीजिनसिंहसूरिप्रमुखकृतमुखसुमुखशिष्यव्रातपरिकरान् असमानसन्मानबहुदानपूर्वं समाहूयायमष्टलक्षार्थी

આમ જૂદા જૂદા અર્થો દરેક શબ્દોના મૂકી આખા વાક્યનો અર્થ કરી, સર્વે મળી આઠ લાખ અર્થ કર્યા છે તે જણાવી છેવટે પોતાની પ્રશસ્તિ આપે છે.

આ રચવામાં શ્રી જિનસિંહસૂરિના શિષ્ય ઉપાધ્યાય **સમયરાજ** ગણિએ (મદ્વિદ્યૈક ગુરૂ-કે જે મારા વિદ્યાગુરૂનાજ શિષ્ય થાય) મારા પર અનુગ્રહ કરેલો છે એમ પોતે સ્વીકારે છે.

ग्रन्थो मत्पार्श्वाद् वाचयांचक्रेऽवक्रेण चेतसा । ततस्तदर्थश्रवण समुत्पन्नप्रभूतनूतनप्रमोदातिरेकेण संजातचित्तचमत्कारेण बहुप्रकारेण श्रीसाहिना बहु प्रशंसापूर्वं ' पठ्यतां सर्वत्र विस्तार्यतां सिद्धिरस्तु ' इत्युक्त्वा च स्वहस्तेन गृहीत्वा एतत् पुस्तकं मम हस्ते दत्वा प्रमाणीकृतोऽयं ग्रन्थः । अतः सोपयोगित्वात् श्रीसाहिनापि समुद्दिश्यार्थमाह–राजा श्री अकब्बरः नोऽस्मभ्यं सौख्यं सुखं ददते प्रजानामिति ।

એટલે—સંવત્ ૧૬૪૯ ના શ્રાવણ સુદ ૧૩ દિને સાંજે કાશ્મીર દેશપર વિજય કર્યો તે નિમિત્તે શ્રીરાજ શ્રી રામદાસ (આ રામદાસ તે જણાય છે કે જેણે સં૦ ૧૬૫૨ માં સેતુબંધ (રાવણવહો) ની ટીકા રચી છે અને જેને માટે પ્રાજ્ય ભટ્ટની રાજતરંગિણીમાં વિશેષ ઉલ્લેખ મળી આવે છે) ની વાડીમાં શ્રી અકબર બાદશાહ–જલાલદીને પ્રથમ પ્રયાણ કરી અતિ ખાનદાન શાહજાદા શ્રી સલીમ (પાછળથી જહાંગીર બાદશાહ) સુલતાન સામંત મંડલિક રાજાઓથી વિરાજિત રાજસભામાં અનેક વ્યાકરણીઓ તાર્કિક વિદ્વત્તમ ભટ્ટ-પંડિત સમક્ષ અમારા ગુરૂવર યુગપ્રધાન ખરતર ભટ્ટારક શ્રી જિનચંદ્ર સૂરીશ્વર ને આચાર્ય શ્રી જિનસિંહસૂરિ વગેરેએ આણેલા શિષ્ય સમુદાય સહિતને અતિશય સન્માન આપીને બોલાવી આ અષ્ટલક્ષાર્થી ગ્રંથ મારી પાસે શુદ્ધ ચિત્તથી વંચાવ્યો, ત્યારપછી તેના શ્રવણથી તેને અતિ નવીન પ્રમોદનો અતિરેક થતાં ચિત્તમાં ચમત્કૃતિ થતાં બહુ પ્રકારે શ્રી બાદશાહે બહુ પ્રશંસા કરી અને ' સર્વત્ર વાંચી આનો વિસ્તાર કરો ' એમ કહી સ્વહસ્તે તેને લઇને આ પુસ્તક મારા હાથમાં આપી આ ગ્રંથ પ્રમાણભૂત કર્યો. પછી પોતે જેના અર્થ કરવા ચાહે છે તે પદ લઇ રાજા એટલે બાદશાહ અકબર તે નઃ

એટલે આપણને પ્રજાને સૌખ્ય આપે છે. આ ગ્રંથની અંતે કવિએ ' અકબર ગુરુ વર્ણન અષ્ટક ' મૂકેલ છે તે ખાસ અવગાહવા યોગ્ય છે.

વિસંવાદ શતક સં૦ ૧૬૮૫ આમાં સૂત્રોઆદિમાં પરસ્પર જે વિરોધ ભાસે છે તે બતાવ્યો છે.

सूत्र प्रकरण टीका प्रबंध संबंध चारु चरितेषु ।
ये केऽपि विसंवादा दृष्टा एकीकृता इह ते ॥ પી. રી. ૩ પૃ. ૨૯૦

વિશેષ સંગ્રહ સં૦ ૧૬૮૫ લૂણકર્ણસરમાં.

ગાથાસહસ્રી સં૦ ૧૬૮૬ (પી. રી. ૩ પૃ. ૨૮૮).

આમાં જમાલિ આદિ નિન્હવોની આવશ્યક ચૂર્ણિમાંથી ૧૬ ગાથા ટાંકી કહેલ છે કે આની વ્યાખ્યા સંબંધ સહિત મારા રચેલ વિશેષ સંગ્રહમાંથી વિદિત થશે. આમાંની અનેક ગાથાઓ જૈન ઇતિહાસ અને સાહિત્ય માટે ઉપયોગી થાય તેવી છે

गाथाः कियत्यः प्रकृताः कियत्यः श्लोकाश्च काव्यानि कियंति संति।
नानाविधग्रंथपरिलोकनप्रसादेकीकृता अत्र मया प्रयत्नात् ॥

જયતિહુયણ નામના સ્તોત્રપર વૃત્તિ સં૦ ૧૬૮૭ પાટણમાં.

૨૨ દશવૈકાલિક સૂત્રપર શબ્દાર્થ વૃત્તિ ટીકા શ્લો. ૩૩૫૦ સં૦ ૧૬૯૧ ખંભાતમાં.

વૃત્તરત્નાકર વૃત્તિ સં૦ ૧૬૯૪ જાલોરમાં.

૨૨. દશવૈકાલિક—સૂત્ર એ પ્રાચીન સય્યંભવ સૂરિકૃત જૈનાગમ છે તે પર પ્રસિદ્ધ હરિભદ્ર સૂરિએ ટીકા કરી છે. કર્ત્તા કહે છે કે તે ટીકા વિષમ છે તેથી શિષ્યોને અર્થે શીઘ્રબોધ થાય તે હેતુથી સુગમ કરી છે. (મુદ્રિત સં૦ ૧૯૭૫)

૨૩ **કલ્પસૂત્રપર** કલ્પકલ્પલતા નામની વૃત્તિ શ્લો૦ ૬૫૦૦.

નવતત્વપર વૃત્તિ.

વીર ચરિત્રસ્તવ એ નામના જિનવલ્લભસૂરિ કૃત સ્તવન પર ૮૦૦ શ્લોકની ટીકા વીરસ્તવ વૃત્તિ (દુરિયરવ સમીર વૃત્તિ)

સંવાદસુંદર ૩૩૩ શ્લો૦

ચાતુર્માસિક વ્યાખ્યાન.

રઘુવંશ વૃત્તિ (પત્ર ૧૪૫)

કવિ કાલિદાસ કૃત રઘુવંશ નામનો ગ્રંથ જૈનોમાં સાહિત્ય અર્થે પઢાવવામાં આવતો અને તેથી તેના પર વૃત્તિઓ પણ અનેક જૈન સાધુઓએ કરેલી જોવામાં આવે છે.

આ રીતે સંસ્કૃત ભાષામાં કૃતિઓ તેમણે કરી છે. વૃત્તિ-ટીકા ઉપરાંત અનેક ગ્રંથો સૂત્રો વાંચી તે સર્વેનું દિગ્દર્શન કરાવી તેમાં રહેલા વિસંવાદ શોધી પોતાનું બહુશ્રુતપણું દાખવ્યું છે.

ગૂર્જર ભાષાની પદ્યકૃતિઓ.

૧ ચોવીશી (૨૪ તીર્થંકરનાં સ્તવનો) સં૦ ૧૬૫૮

૨૩. કલ્પસૂત્ર—એ પણ પ્રાચીન, ભદ્રબાહુકૃત જૈનાગમ છે. આ પરની કર્તાની ટીકા ડૉ૦ જેકોબી (કે જેણે અંગ્રેજીમાં આ સૂત્રનો અનુવાદ કરેલ છે. જુઓ સેક્રેડ બુકસ ઓફ ધ ઇસ્ટ) ના કહેવા પ્રમાણે જિનપ્રભ મુનિએ કલ્પસૂત્ર પર રચેલી સંદેહવિષૌષધિ નામની ટીકાનો માત્ર સંક્ષિપ્ત સાર—abstract—છે. આ ટીકા જિનરાજસૂરિ (કે જેનું સૂરિપદ સં૦ ૧૬૭૪ થી મરણ સં૦ ૧૬૯૯ સુધી રહ્યું) ના રાજ્યમાં ને જિનસાગર સૂરિના યૌવરાજ્યમાં લુણકર્ણસર ગામમાં આરંભ કરીને તેજ વર્ષમાં અમરિણીપુરમાં પૂર્ણ કરેલ છે. તેથી આ રચના સં૦ ૧૬૭૪થી૧૬૯૯ ની વચમાં કરી છે ને તે દરમ્યાનમાં લુણકર્ણસરમાંજ સં૦ ૧૬૮૫ માં પોતે હતા તે વિશેષસંગ્રહના રચનાકાલ અને સ્થલ પરથી જણાય છે. તેથી આ રચના સં૦ ૧૬૮૫ માં જ પૂર્ણ થયેલી છે.

વિજયાદશમી **અમદાવાદમાં.** આને કવિએ ‘ ચતુર્વિંશતિ તીર્થંકરગીતાનિ ’ એ નામ આપ્યું છે. આની શુદ્ધ પ્રત **આણંદજી કલ્યાણજી** હસ્તકના પાલીતાણાના ભંડારમાં છે.

૨ શાંબપ્રદ્યુમ્ન પ્રબંધ રચ્યા સં૦ ૧૬૫૯ વિજયાદશમી. ખંભાતમાં સ્તંભન પાર્શ્વનાથના પસાયથી.

ભાષામાં મોટો ગ્રંથ રચવાનો આ તેમનો પહેલો **પ્રયાસ** છે એમ તે જણાવે છે.

> શક્તિ નહી મુઝ તેહવી, બુદ્ધિ નહી સુપ્રકાશ
> વચનવિલાસ નહી તિસ્યઉ, એ પણિ **પ્રથમ અભ્યાસ.**

કૃષ્ણના કુંવર શાંબ અને પ્રદ્યુમ્ને આખરે નેમીશ્વર પાસે દીક્ષા લીધી અને વિમલગિરિ પર સંલેખના કરી મોક્ષે ગયા. આ બનેનો અધિકાર આઠમા અંગમાંથી (અંતકૃત્ દશાંગ—અંતકૃત્ એટલે તદ્ભવ મુક્ત થનાર—ચરમભવી મહાત્માઓ સંબંધીનું સૂત્ર) લઇ આ પ્રબંધ એ ખંડમાં રચ્યો છે. ગાથા ૫૩૫, ઢાલ ૨૧, શ્લોક ૮૦૦ છે અને તે જેસલમેરના વતની નાનાવિધશાસ્ત્રવિચારરસિક લોઢા સા૦ સિવરાજની અભ્યર્થનાથી રચેલો છે એવું એક જૂની પ્રતમાં લખેલું છે. સં૦ ૧૬૭૦ ની લખેલી સારી અને જૂની પ્રત લીંબડીના ભંડારમાં મોજૂદ છે.

૩ દાન શીલ તપ ભાવના સંવાદ. P (અથવા સંવાદ શતક)[૨૪] સં૦ ૧૬૬૨ સાંગાનેરમાં ‘ પદ્મપ્રભુ સુપસાઉલે ’—

આ P ચિહ્ન મુદ્રિત થયેલ ગ્રંથ સૂચવે છે.

૨૪. કોઇક પ્રતમાં પાઠાંતર બાસઠ ને બદલે ‘ છાસઠ ’ છે. પણ ઘણી પ્રતોમાં બાસઠ છે તેથી તે જ પાઠ યોગ્ય લાગે છે. આ સંવાદને ‘ સંવાદશતક ’ કર્ત્તાએ પોતે એક ઠેકાણે કહેલ છે. પોતાની સીતારામ ચોપાઈમાં એક ઢાલનો રાગ સૂકતાં જણાવ્યું છે કે “ રાગ ધન્યાસિરી-સીલ કહે જગિ હું વડું, મુઝ વાત સુણો એક મીઠીરે (કે જે આ સંવાદમાં બીજી ઢાલમાં શીલ કહે છે) એ સંવાદ શતકની બીજી ઢાલ ”. આમાં કુલ ૫ ઢાલ છે અને ૫૦ કડી છે. આ સંવાદ સઝાયમાળા અને રત્ન સમુચ્ચયમાં મુદ્રિત થયેલ છે.

જૈનમાં ધર્મના ચાર પ્રકાર નામે દાન, શીલ, તપ અને ભાવના જણાવ્યા છે—તે દરેક પોતપોતાને વડો માને છે અને એ રીતે ચારે પોતપોતાના ગુણ ગાઇ પોતપોતાથી કેટલા સુખી અને સિદ્ધ થયા તે જણાવી તકરાર કરી આપ વડાઇ, વીરની પરિષદ્‌માં, વીર પ્રભુ પાસે કરે છે ત્યારે છેવટે વીર સમાધાન કરી જણાવે છે કે:—

કો કેહની મ કરો તુમ્હે નિંદા ને અહંકાર
આપ આપણે ઠામે રહો સહુકો ભલો સંસાર
તોપણ અધકો ભાવ છે, એકાકી સમરત્થ
દાન શીલ તપ ત્રિણે ભલા, પણ ભાવ વિના અકયત્થ.
અંજન આંખે આંજતા, અધિકો આણી રેખ
રજમાંહે તજ કાઢતાં, અધિકો ભાવ વિશેષ.

૪ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ P મારૂ સં૦ ૧૬૬૫ જેઠ શુ. ૧૫ આગ્રામાં.

પ્રત્યેક બુદ્ધ થઇ સિદ્ધ થયેલા નામે કરકંડુ, દુર્મુખ, નેમિરાજ અને નિર્ગતિ (નિગ્ગઇ) એ ચાર સંબંધી ચાર ખંડમાં આ રાસ વિભક્ત છે. પ્રત્યેક ખંડ સં૦ ૧૬૬૪ માં પૂર્ણ કર્યો છે પણ દરેકની તીથિ જૂદી જૂદી છે. ૧ કરકંડુ પરનો સં૦ ૧૬૬૪ ફાગણ સિદ્ધિયોગ બુધવારે. ઢાલ ૧૦, ગાથા ૧૮૭, શ્લોક ૨૫. ૨ દુમુહપર ચૈત્ર વદ ૧૩ શુક્ર ઢાલ ૮. ૩ નેમિરાજ પર—તીથિ નથી જણાવી ઢાલ ૧૭. ૪ નિગ્ગઇ પરનો મારૂ સંવત ૧૬૬૫ જેઠ શુદ ૧૫ આગ્રામાં 'વિમલનાથ પસાઉલે' સાન્નિધ્ય 'કુશલસૂરીંદ': ઢાલ ૯. આ ચારે ખંડ નાગડગોત્રના સંઘનાયક સૂરશાહના આગ્રહથી રચ્યા છે. આખો રાસ અતિ સુંદર અને રસમય છે મદનરેખા (મયણરેહા) સંબંધી આખ્યાન ત્રીજા ખંડમાં અંતર્ગત થાય છે. મુંબઇના શ્રાવક ભીમસી માણેકે આ મુદ્રિત કરેલો છે. ચાર પ્રત્યેક બુદ્ધ પર તિલકા-

ચાર્યકૃત ૨૧૫ પત્રમાં, ૧૧૩૮ શ્લોકમાં, ૬૦૦ શ્લો. અને ૩૫૦ શ્લોકમાં રચાયેલી એમ ચાર પુસ્તક રૂપે કથાઓ જૈન ગ્રંથાવલીમાં નોંધાઇ છે.

૫ **પોષધવિધિ સ્તવન.** (એક નાની કવિતા) સં૦ ૧૬૬૭ માગશર શુદ ૧૦ ગુરૂ. મરોટમાં.

૬ **મૃગાવતી ચરિત્ર રાસ**—ચોપઇ. સં૦ ૧૬૬૮ મુલતાનમાં.

વત્સદેશની રાજધાની કોશામ્બીના રાજા શતાનીકની રાણી અને ઉદાયનની માતા મૃગાવતી પતિ પોતાના પુત્રને સગીર મૂકી સ્વર્ગસ્થ થતાં પોતે રાજ્ય ચલાવે છે તે વખતે તેના પર આસક્ત બની અવંતીનો રાજા ચંડપ્રદ્યોત આક્રમણ કરે છે, પણ તેને સમજાવી રાજ્યને દુર્ગઆદિથી પ્રબલ કરી આખરે મહાવીર ભગવાન્ પાસે પોતે દીક્ષા લે છે. આ પ્રમાણે શીલ સાચવી પુત્રહિતાર્થે રાજ્ય-વ્યવહાર કરી ધર્મ વૈરાગ્ય પામી મુકિત મેળવે છે; તે જૈન સતી પર આ સુંદર આખ્યાન છે. જુદી જુદી ગુજરાતી, મરૂધરની, સિંધી, પૂર્વની નવી નવી ઢાળોમાં ત્રણ ખંડોમાં આ 'મોહનવેલી' ચોપઇ રચેલી છે. પ્રથમ ખંડમાં ૧૩ ઢાળ, ગાથા ૨૬૬ અને બીજામાં પણ ઢાળ ૧૩, ગાથા ૨૬૬, ત્રીજામાં ઢાલ ૧૨, ગાથા ૨૨૧ છે. મૂળ જેસલમેર નિવાસી ને મુલતાન વસતા રીહડ ગોત્રના કરમચંદ શ્રાવક વગેરે માટે મુલતાનમાં કે જ્યાં 'સિંધુ શ્રાવક સદા સોભાગી ગુરૂગચ્છ કેરા બહુ રાગી'---સિંધી શ્રાવકો વસતા હતા ત્યાં રચેલ છે.

આ રચનાની પહેલાં પોતે સાંબપ્રદ્યુમ્નની ચોપાઇ રચી હતી એવું આના મંગલાચરણમાં જ જણાવ્યું છે.

૭ **કર્મ છત્રીસી**—P સં૦ ૧૬૬૮ માહ શુદ ૬ મુલતાનમાં ૩૬ કડીનું કર્મવશ સર્વ જીવ છે એમ જણાવી તે માટેનાં દૃષ્ટાંત આપ્યાં છે. (પ્ર૦ ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ પુના.)

૮-૧૦ **પુણ્ય છત્રીશી** (સં૦ ૧૬૬૮ સિદ્ધપુર) **શીલ છત્રીશી** અને **સંતોષ છત્રીશી**	સં૦ ૧૬૬૯ દરેકમાં ૩૬ કડી

૧૧ **ક્ષમા છત્રીશી**. નાગોરમાં.

(આદરજીવ ક્ષમા ગુણ આદર એથી શરૂ થતું ૩૬ કડીનું પ્રસિદ્ધ કાવ્ય.)

૧૨ **સિંહલ સુત પ્રિયમેલક રાસ.** [૨૫] સં૦ ૧૬૭૨ મેડતામાં દાન વિષય ઉપર આ આખ્યાન છે. સાધુને દાન દેવાથી સિંહલસુત સિંહલસિંહ કેવાં સુખ પામે છે તે અને તેમાં પ્રિયમેલક નામના તીર્થનું માહાત્મ્ય જણાવી તે ઉત્તમ શ્રાવક તરીકે ધર્મના રૂડાં કામ કરે છે અને સમાધિ મૃત્યુ પામી સુરપદવી લહે છે એ બતાવ્યું છે. ઢાલ ૧૦ છે. આ પોતાના સ્વકલ્પિત કથા લાગે છે.

૧૩ **નલદમયંતી રાસ**. સં૦ ૧૬૭૩ વસંત માસમાં મેડતામાં.

કવિ પ્રેમાનંદે નલાખ્યાન રચ્યું છે; તેની પહેલાના સૈકામાં કવિ સમયસુંદરે જૈન કથામાં નિરૂપેલું નલદમયંતી ચરિત્ર પરથી ભાષામાં આ રસમય રાસ રચ્યો છે. [૨૬] તિલકાચાર્ય કૃત દશવૈકાલિક વૃત્તિ અને

---

૨૫ આમાં પ્રાચીન સુભાષિત મૂકેલ છે કેઃ—

યતઃ-ઘરિ ઘોડો નઈ પાલો જાય, ઘરિ ઘેણુ ને લુષઉ ખાય
ઘરિ પલ્યંક નેં ધરતી સૂઇ, તિણરી બઇયરિ જીવતાનેં રૂઈ.

આની પ્રત મારી પાસે છે. પત્ર ૧૧. પંક્તિ ૧૩. બીજી પ્રતો ઘોરાજીના સર્વજ્ઞ મહાવીર ભંડાર, તેમજ ગારીયાધરના, અને પાલણપુરના ભંડારોમાં છે.

૨૬ તિલકાચાર્ય-શ્રી ચંદ્રપ્રભ-ધર્મઘોષ ચક્રેશ્વરસૂરિ-શિવપ્રભસૂરિ અને તેના શિષ્ય. તેમણે આવશ્યક સૂત્ર લઘુવૃત્તિ ૧૦૬૫૦ શ્લોકમાં સં. ૧૨૯૬ માં, ચૈત્યવંદના વંદનક પ્રત્યાખ્યાનવૃત્તિ શ્લો. ૫૫૦, શ્રાવકપ્રતિક્રમણ સૂત્રવૃત્તિ શ્લો. ૨૦૦, સાધુપ્રતિક્રમણવૃત્તિ શ્લો. ૨૯૬, ઉક્ત દશવૈકાલિક સૂત્રવૃત્તિ શ્લોક ૭૦૦૦ સં૦ ૧૩૪૬ માં, જીતકલ્પવૃત્તિ શ્લો. ૧૭૦૦ સં. ૧૨૭૪ માં, શ્રાદ્ધ

પાંડવ નેમિ ચરિતમાંથી અધિકાર ઉદ્ધરી ' કવિયણ કેરી કિહાં કણિ ચાતુરી ' કેળવી ૭ ખંડમાં, સર્વ ગાથા ૯૧૩, શ્લોક સંખ્યા ૧૩૫૦, અને ઢાલ ૩૮ માં રચના કરી છે. આની પ્રત મુંબઇની મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરીમાં; આણંદજી કલ્યાણજીના પાલીતાણાના ભંડારમાં, લીંબડીના ભંડાર વગેરે સ્થળે વિદ્યમાન છે.

૧૪. **પુણ્યસાર ચરિત્ર**. સં૦ ૧૬૭૩ આની પ્રત મને પ્રાપ્ત થયેલ નથી.

૧૫ રાણકપુર સ્તવન સં૦ ૧૬૭૬ માગશર. રાણકપુરમાં

મારવાડમાં સાદડી પાસે રાણકપુરમાં સોમસુંદરસૂરિથી સં૦ ૧૪૯૬ માં પ્રતિષ્ઠિત થયેલું ૯૯ લાખ ખર્ચી ધનાશા પોરવાડે સં૦ ૧૪૬૧ માં બંધાવેલું અતિ ઉત્તમ અને શિલ્પકારીગરીથી ભરપૂર અનેક સ્તંભોવાળું ' ત્રિભુવન દીપક ' નામનું મંદિર વિરાજે છે. તેની કવિએ જાત્રા કરી તેના ટુંક વર્ણન રૂપે આ સ્તવન રચ્યું છે. ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુર્મુખ (ચોમુખ) પ્રતિમા, ૮૪ દેરી, ભોંયરાં ત્યાં ખરતર વસતિ-દેહરૂં છે.

૧૬. **વલ્કલચીરી રાસ.** સં૦ ૧૬૮૧ જેસલમેરમાં

ઉપરોક્ત જેસલમેરી કર્મચંદ મુલતાનમાં વસતો હતો તેના આગ્રહથી આ રાસ પણ રચ્યો છે. આની પ્રત પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના વડોદરાના ભંડારમાં છે અને લીંબડીના ભંડારમાં છે.

૧૬ અ. **એકાદશા (મૌન એકાદશી) નું વૃદ્ધ (મોટું)** સ્તવન P સં૦ ૧૬૮૧ જેસલમેર પ્ર રત્નસમુચ્ચય પૃ ૧૭૨-૩.

જીતકલ્પ મૂળગાથા ૩૬ અને તેનાપર સ્વોપજ્ઞવૃત્તિ શ્લો. ૧૧૫, પૌર્ણમિક સામાચારી શ્લો. ૨૫૦૦, નેમિનાથ ચરિત્ર શ્લો. ૩૫૦૦ અને પ્રત્યેક બુદ્ધ ચતુષ્ટય કથા રચેલ છે. આ પૈકી છેલ્લો ગ્રંથ પણ કવિએ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ રચતાં કદાચ જોયો હોય.

૧૭. **વસ્તુપાલ તેજપાલનો રાસ.** સં૰ ૧૬૮૨ (પાઠાં ૧૬૮૬) તિયરી પુરમાં.

આ એક બહુ ટૂંકી કૃતિ છે. આમાં વસ્તુપાલ અને તેજપાલ જે ગૂર્જરરાજ વીરધવલના પ્રખ્યાત શૂરવીર જૈન મંત્રીઓ થયા તેમણે જે દેવલ કર્યાં તેનો તથા બીજાં ધર્મ કાર્યોનો ટુંક અહેવાલ છે. આની પ્રત મેં લખી લીધેલી છે. એક પ્રત ફાર્બસ સભા પાસે છે.

૧૮. **શત્રુંજય રાસ.** P. સં૰ ૧૬૮૨ (પાઠાંતર ૧૬૮૬)[૨૭] નાગોરમાં શ્રાવણ વદમાં. આ રાસ ટૂંકો છે તેમાં લખ્યું છે કે સં૰ ૪૭૭ માં ધનેશ્વરસૂરિએ શત્રુંજય માહાત્મ્ય નામનો ગ્રંથ શિલાદિત્ય હજૂર કર્યો (આ એક દંત કથા છે) તેનો કંઇક આધાર આમાં લીધો છે. આમાં પહેલી ઢાલમાં શેત્રુંજયનાં ૨૧ નામ, પછી તેનું પ્રમાણ. બીજી ઢાલમાં ત્યાં સિદ્ધ થયેલાનાં નામ, ત્રીજી તથા ચોથી ઢાલમાં તેના સોલ ઉધ્ધાર વર્ણવેલાં છે, પછી માહાત્મ્ય બતાવી પાંચમી ઢાલમાં ત્યાં પાપનું આલોયણ (આલોચના) કરતાં છુટકો થાય છે એ બતાવી છઠી ઢાલમાં ત્યાંના દેવળોનું ટુંક વર્ણન કરી-ચૈત્ય પ્રવાડિ વર્ણવી જણાવે છે કે–

> ચૈત્ય પ્રવાડિ ઇણ પર કરીએ, સીધાં વંછિત કામ
> જાત્રા કરી શેત્રુંજ તણીએ, સફલ કિયો અવતાર
> કુશલ ક્ષેમશું આવિયોએ, સંઘ સહૂ પરિવાર–

આ રીતે સંઘ સાથે પોતે જાત્રા કરી કુશલક્ષેમ આવ્યા તે ત્યાર પછી સં૰ ૧૬૮૨ માં નાગોરમાં આ રાસની રચના કરી. તો આ સંઘ કયો તે અંદર જણાવેલ સોમજીશાહ–

૨૭. બાસી અને છાસી: એમ તેમ બાસઠ અને છાસઠ એમ પાઠાંતર બા અને છા એકબીજાને બદલે લખાઈ જવાના હસ્તદોષથી સંભવે છે. આ બંને રાસો માટે જુઓ ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલી પૃ. ૪૭ અને પૃ. ૬૭.

> વંશ પોરવાડે પરગડો એ સોમસી સાહ મલાર
> રૂપજી સંઘવી કરાવીઓ એ, ચૌમુખ મૂલ ઉદ્ધાર

નો સંઘ કદાચ હોય એવી કલ્પના થવા સંભવ છે. કારણ કે તે અમદાવાદના શેઠ સોમજી સવાઇએ સં૰ ૧૬૭૫ માં આ ચૌમુખની ટોંક બંધાવી. તેમાંના બહારના ભાગને ખરતરવસહિ અને અંદરના ભાગને ચૌમુખ-વસહી કહે છે. મીરાતે-અહમદી કહે છે કે આ મંદિર બંધાવવામાં ૫૮ લાખ રૂપીઆ લાગ્યા હતા.

(રત્નસમુચ્ચયમાં પૃ. ૨૭૦ થી ૨૮૦ ને પાને પ્રસિદ્ધ થયેલ છે. છેલ્લી પ્રશસ્તિ આમાં છે તેથી વધારે ૧૯ મી કડી પછી ત્રણ કડી બીજી પ્રતમાં વિશેષ છે તેમાં જણાવેલ છે કે આ રાસ શત્રુંજય માહાત્મ્ય સાંભળી તે અનુસાર રચ્યો છે અને તે જેસલમેરથી ભણશાલી થિરે શત્રુંજયનો સંઘ કાઢયો હતો, તો આ થિરશાહ (જુઓ પૃ. ૨૪ પર નં. ૧૮ ની ફુટનોટ) નો સંઘ જ ઉપર જણાવેલ કુશલક્ષેમથી આવેલ સંઘ હોવાનું સ્પષ્ટ પ્રતીત થાય છે.)

૧૯. **સીતારામ પ્રબંધ ચોપઇ.** સં૰ ૧૬૮૩ મેડતામાં.

આ રાસ ઘણો મોટો છે અને જૈન રામાયણ આખી તેમાં મૂકી છે આમાં પ્રથમ જ પોતે આની અગાઉ ચાર રાસ રચ્યા છે તેમાં 'હે સરસ્વતિ તેં મદદ કરી હતી તેમ આમાં પણ મદદ કરજે' એવું જણાવે છે:—

> સમરૂં સરસતિ સામિણી, એક કરૂં અરદાસ
> માતા દે જે મુજઝને કરૂં વચન વિલાસ.
> સંબ પ્રજૂન કથા સરસ (૧), પ્રત્યેક બુધ્ધ પ્રબંધ (૨)
> નલ દવદંતી (૩) મૃગાવતિ (૪), ચઉપઇ ચ્યાર સંબંધ.
> આઇ તું આવી તિહાં, સંમર્યા દીધો સાદ,
> સીતારામ સંબંધ પણિ સરસતિ કરે પ્રસાદ.

આ પદ્મ ચરિત્ર (પઉમ ચરિયમ્)–સીતાચરિતના આધારે રચેલ છે. હિન્દુ રામાયણમાંથી અનેક આખ્યાનો જૂદા જૂદા હિન્દુ કવિએ લખેલાં છે કવિ કહે છે કે–

જિનશાસન શિવશાસને સિતારામ ચરિત્ર સુણીજેરે
ભિન્નભિન્ન શાસન ભણી કો કો વાર્ત્તા ભિન્ન કહિજેરે.

આ નવ ખંડમાં લગભગ ૩૭૦૦ ગાથાનો આ રાસ, ગોલછા ગોત્રીય પ્રસિદ્ધ રાયમલ્લના પુત્રરત્ન અમીપાલ અને નેતસો, તથા ભત્રીજા રાજસીના આગ્રહે રચેલો છે. તેમાં કવિએ ગૂજરાતી, સિંધી, મારવાડી, મેવાડી, ઢુંઢારી, દિલ્હી વગેરે અનેક સ્થળોનાં ગીતો તથા દેશીઓ લઇ તેની લયમાં પોતાની દેશીઓ બનાવી કાવ્યચાતુરી એવી કુશલતાથી રસને ખીલવી બતાવી છે કે ન પૂછો વાત. આ કૃતિ તો કવિની અદ્ભૂત થઇ છે અને તે ગૂર્જર કવિ શિરોમણી પ્રેમાનંદથી અનેકધા ટક્કર મારી કેટલીક બાબતમાં ચડી જાય છે. કવિ પોતે આ કૃતિને માટે મગરૂર છે એમ તે છેલ્લે જે જણાવે છે તે પરથી સ્પષ્ટ થશેઃ—

સીતારામની ચોપઇ જે ચતુર હુંઇ તે વાંચો રે,
રાગ રતન જવહર તણો, કુણ ભેદ લહે નર કાચો રે–
નવરસ પોષ્યા મેં ઇહાં, તે સુધડો સમજી લેજ્યો રે,
જે જે રસ પોષ્યા ઇહાં. તે ઠામ દેખાડિ દેજ્યો રે–
કે કે ઢાલ વિષમ–કહિ તે, દુષણ મત દ્યો કોઇ રે,
સ્વાદ સાબુણી જે હુવે તે લિંગ હદે કદે ન હોઇ રે–
જે દરબારે ગયો હુસે ઢુંઢાડિ મેવાડિ ને ઢિલ્લી રે,
ગુજરાત મારૂઆડિમેં તે કહિસે ઢાલ એ ભલ્લી રે–
મત કહો મોટિ કાં જોડી, વાંચતાં સ્વાદ લહેસો રે,
નવનવા રસ નવનવી કથા, સાંભલતાં શાબાશ દેશો રે–

આ રાસ ખાસ પ્રકટ કરવા યોગ્ય છે. દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડવાળા પાસેથી આની પ્રત મને જોવા મળી હતી. તેઓ પ્રકટ કરવા ઇચ્છતા હોય એમ જણાતું હતું. પણ આને ત્રણ ચાર વર્ષ થયા છતાં કંઇપણ તે માટે પ્રયાસ થયો નથી જણાતો તે શોચનીય છે. આ રાસની કવિ સ્વહસ્તલિખિત પ્રત આગ્રા ભંડારમાં છે. એક જૂની ને સારી પ્રત મુંબઇ જૈ. એ. ઇ. પાસે છે.

૨૦ બાર વ્રતરાસ સં. ૧૬૮૫
૨૧ ગૌતમપૃચ્છા સં. ૧૬૮૬
૨૨ થાવચ્ચા ચોપાઇ સં. ૧૬૯૧

[થાવાચ્ચા પુત્ર કથા સં. શ્લોકબદ્ધ પત્ર ૬૧ ની જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલી છે]

૨૩ ચંપક શ્રેષ્ઠીની ચોપાઈ સં. ૧૬૯૫ જાલોરમાં.

આ અનુકંપાદાન ઉપર કથાનક છે. પોતાના અધિક સ્નેહી શિષ્યના આગ્રહથી. બે ખંડ. કુલ ગાથા ૫૦૬. ગ્રંથાગ્રંથ શ્લો. ૭૦૦ પ્રત આણંદજી કલ્યાણજીના તથા ધોરાજીના ભંડારમાં છે.

આમાં એ પણ બતાવ્યું છે કે ઘણા સરજત ઉપર આધાર રાખનાર હોય છે પણ ઉદ્યમ અને ભાવી બંનેમાં ભાવી કરતાં ઉદ્યમ અધિકું છે.

'સહુ કો લોક લહઇ છઇ સરજ્યું. તે બોલ કેતા વાંચું,
ઉદ્યમ છઇ ઇમ પણિ ભાવી અધિકું, સમયસુંદર કહઇ સાચું.

[ચંપકશ્રેષ્ઠિ કથા એ નામથી (૧) ૩૫૫ શ્લોકમાં, (૨) જયસોમ (કવિ સમયસુંદર સાથે જેણે ઉપાધ્યાય પદ લીધું તે ગુણવિનયના ગુરૂ) કૃત, (૩) વિમલગણિ કૃત, એમ ત્રણ જૈન ગ્રંથાવલિમાં નોંધાએલ છે.]

૨૪ ધનદત્ત ચોપાઇ સં૦ ૧૬૯૬ આસો માસ–અમદાવાદમાં.

આ વ્યવહારશુદ્ધિ પર કથાનક છે. શ્રાવકે વ્યવહારમાં કેવી રીતે

વર્ત્તવું એ આનો ઉદ્દેશ છે. શુદ્ધ વ્યવહાર—ચોખવટ ભર્યો વ્યવહાર કયો તે કવિ બતાવે છે. શ્રાવકના ૨૧ ગુણ ગણાવે છે.

વિણજ કરતઉ વાણીયઉ, સાહજી, ઓછું નાપઇ ટાંક,
અધિકું પિણ તોલઇ નહી, શાહજી, મનમાંહિ આણઇ સાંક-
સુણઉ રે ભવિકજન, શ્રાવક ગુણ ઇકવીસ ઇણિ પરઇ.
સખર વચન ન કહઇ નિખર, સા૦ નિખર સખર ન કહેઇ
જિણ વેલા દેવું કહ્યું, સા૦ તિણિ વેલા તે દેઇ-સુ૦
ઝૂઠું કદિ બોલઇ નહિ, સા૦ સાચું કહઇ નિતમેવ,
પહિલઉ વ્યવહાર શુદ્ધ ગુણ, સા૦ ઇમ કહ્યું અરિહંતદેવ. સુ૦

લગભગ દોઢસો ટુંકનો આ રાસ છે. આની પ્રત અમદાવાદમાં. ધોરાજી અને પાટણના ભંડારમાં છે. પાટણના હાલાભાઇના ભંડારના ડાબડા ૮૨ માં પત્ર ૯ ની આ રાસની એક પ્રત છે તેની અંતે લખ્યું છે કે 'સર્વ ગાથા ૧૬૧ શ્રી સમયસુંદર મહોપાધ્યાયાનાં પૌત્રેણ પં. હર્ષકુશલ ગણિના સંશોધિતા. સા. હરજી ધનજી સુશ્રાવિકાગ્રહેણ.' પત્ર ૯. આ પરથી જણાય છે કે કવિની શિષ્ય પરંપરા હતી અને તે પૈકી તેના શિષ્યના શિષ્યનું નામ પંડિત હર્ષકુશલ હતું.

[ધનદત્ત કથા (૧) શ્લોકબદ્ધ પત્ર ૨૪, (૨) ગદ્યમાં પત્ર ૧૦. (૩) પત્ર ૧૭ માણિક્યસુંદર કૃત, (૪) ૩૩૦ શ્લોકની, એમ ચાર અને સૌથી પ્રાચીન તાડ પત્રમાં લખેલી અમરચંદ્ર કૃત એમ પાંચ જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે.]

૨૫ સાધુવંદના સં. ૧૬૯૭ (લીં૦ ભંડાર)

૨૬ પાપ છત્રીશી સં૦ ૧૬૯૮ અહિમદપુરમાં. (પૂરણચંદજી નહાર પાસે પ્રત છે).

૨૭ સુસઢ રાસ આ પ્રાપ્ત થયેલ નથી. [મૂળ આ કથા પ્રાકૃતમાં દેવેંદ્રસૂરિ કૃત ૫૩૭ ગાથામાં અને બીજી પ્રાકૃતમાં ૩૫૦ ગાથા. જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે.]

૨૮ પુણ્યાઢ્ય રાસ (ડહેલાનો અપાસરો તથા રત્નવિજયજીનો ભંડાર અમદાવાદ.)

૨૯ પુંજા ઋષિનો રાસ.

નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિમાં થએલા એક મુનિના તપનું વર્ણન કરવા સમયસુંદર ઉપાંધ્યાયે આ રાસ કરેલો જણાયો છે. પાર્શ્વચંદ્રસૂરિ સંતાનીય વિમલચંદ્રસૂરિ થયા તેની પાસે પુંજા મુનિએ રાજનગરમાં વિ. સં૦ ૧૬૭૦ માં અષાઢ શુદિ ૯ ને દિને દીક્ષા લીધી, અને ત્યાર પછી ઉગ્ર તપ ક્રિયા કરી ૧૨૩૨૨ (?) ઉપવાસ કર્યા અને બીજાં અનેક તપ કર્યાં. આ સર્વ તપની સંખ્યા વગેરે ઉકત રાસમાં આપી છે.

આ સિવાય કવિએ અનેક સ્વાધ્યાયો (સઝાયો), સ્તવનો, પદ વગેરે ટુંકી કવિતાઓ રચેલી છેઃ–

સઝાયો—મહાસતી યા મહાપુરૂષો પર લખેલી, અને બીજી વૈરાગ્યોપદેશક સઝાયો એમ બે પ્રકારે છે.

(૧) રાજુલ પર સઝાય. (પ્રથમ ચરણ–રાજુલ ચાલી રંગ શું રે)
ગજસુકુમાલ સ૦ (નયરી દ્વારામતિ જાણિયેજી)
અનથી મુનિ સ૦ (શ્રેણિક રયવાડી ચડયો)
બાહુબલિ સ૦ (રાજતણા અતિ લોભિયા.વીરા મ્હારા ગજથકી ઉતરો)
ચેલણા સ૦ (વીર વાંદી વલતાં થકાંજી..વીરે વખાણી રાણી ચેલણાજી)
અરણક મુનિ સ૦-(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી)
કરકંડુ સ૦–(ચંપા નગરી અતિ ભલી, હું વારી લાલ)
નમિરાજર્ષિ સ૦ પ્રસન્નચંદ રાજર્ષિ સ૦. સ્થુલભદ્ર સ૦

મેઘરથ રાય સ૦– દશમે ભવે શ્રી શાંતીજી, મેઘરથ જીવડો રાય–રૂડા રાજા...ધન્ય ધન્ય મેઘરથ રાયજી, જીવદયા ગુણખાણ...)

શાલિભદ્ર સ૦ (પ્રથમ ગોવાળિયા તણે ભવેજી, દીધું મુનિવર દાન...)

ભૂદેવ–નાગિલાની સ૦ (અર્ધ મંડિત ગોરી નાગલારે–આ દેશી વિનય વિજય અને યશોવિજયકૃત શ્રીપાળરાસમાં લેવાઇછે) અપ્રગટ.

ધનાની સઝાય–(જગિ જીવન વીરજી, કવણ તમારો શીષ)–અપ્રકટ.

(૨) નિંદા પર–(નિંદા મ કરજો કોઇની પારકી રે)

માયા પર–(માયા કારમીરે માયા મ કરો ચતુર સુજાણ.)

દાનશીલ તપ ભાવ પર–(રે જીવ જિન ધર્મ કીજીએ.)

ધોબીડા પર–(ધોબીડા તું ધોજે મનનું ધોતિયું રે)

પંચમઆરા.

(શ્રાવકના) એકવીસ ગુણ સ૦ (પુરણચંદજી નહાર–કલકત્તા પાસે પ્રત છે)–આ કદાચ વ્યવહાર સુદ્ધિ રાસનો ભાગ હોય

સ્તવનો

(૧) મુનિસુવ્રત સ્વામી સ્ત૦ (પખવાસાનું સ્ત૦)–૧૫ દિવસના ઉપવાસ કરવાના તપ ઉપર–(જંબૂદ્વીપ સોહામણો દક્ષિણ ભરત ઉદાર.)

ઋષભદેવ સ્તવન.

તીર્થમાલા સ્તવન (શત્રુંજયે ઋષભ સમોસર્યા)

રાણકપુર સ્ત૦ સં૦ ૧૬૭૬ (રાણકપુર રળિયામણું રે...શ્રી આદીશ્વર દેવ મન મોહ્યું રે)

અષ્ટાપદ ગિરિ સ્ત૦(મનડો અષ્ટાપદ મોહ્યો માહરોજી, નામ જપું નિશદીસ જી)

સીમંધર સ્ત૦ (ધન ધન ક્ષેત્ર મહાવિદેહજી.)

શત્રુંજય મંડણ શ્રી આદિનાથ સ્તવન-સં૦ ૧૬૯૯ માં કવિના હાથનું લખાયેલું પંડિત લાલચંદ પાસે છે. ' સંવત સોલ

૯૯ વર્ષે ભાદ્રવા સુદિ ૧૩ દિને લિષિતં ॥ સ્વયમેવ ॥' એમ છેલ્લે ઉલ્લેખ છે. તેમાંથી ૨૨ મી કડી

' ચંચલ જીવ રહે નહીંજી, રાચઇ રમણી રુપ
કામ વિટંબણ સા કહુંજી, તું જાણઇ તે સરુપ. '

તે જિનહર્ષે પોતાના ' આદિજિન વિનતિ ' સ્તવનમાં થોડા ફેરફાર સાથે લીધી જણાય છે.

(૨) પંચમીં તપ પર નાનું સ્ત૦–(પંચમી તપ તમે કરો રે પ્રાણી.)

પંચમી તપ પર વૃદ્ધ (મોટું) સ્ત૦–ઢાલ ૩નું (પ્રણમી શ્રી ગુરૂપાય નિર્મલ જ્ઞાન ઉપાય) જ્ઞાન પંચમી એ જૈનોમાં જ્ઞાન વૃદ્ધિ અર્થે એક ધાર્મિક પર્વ છે. આમાં જણાવ્યું છે કે –

જ્ઞાન વડો સંસાર, જ્ઞાન મુગતિ દાતાર
જ્ઞાન દીવો કહ્યો એ સાચો સદ્દહ્યો એ.
જ્ઞાન લોચન સુવિકાશ, લોકાલોક પ્રકાશ,
જ્ઞાન વિના પશુ એ, નર જાણે કિશ્યું એ.

એકાદશી વૃદ્ધ સ્ત૦ ૧૩ કડીનું. (સમવસરણ બેઠા ભગવંત, ધરમ પ્રકાશે શ્રી અરિહંત). મોન એકાદશી નામના ધાર્મિક પર્વ પર જેસલમેરમાં સં૦ ૧૬૮૧

ઉપધાન તપ સ્ત૦- (શ્રીમહાવીર ધરમ પરગાસે, બેઠી પરષદબારજી)

પોષધવિધિ સ્ત૦–

(૩) **વિનતિ** એટલે સંબોધન રૂપે આપવીતિ–સ્વદોષ જણાવી પ્રભુની કરૂણા અને દયા માંગવા માટે જેમાં આર્જવપૂર્વક વિનતિ કરવામાં આવી છે તેવાં વિનતિ સ્તવનો.

મહાવીર વિનતિ સ્ત૦ (વીર સુણો મોરી વિનતિ, કરજોડી હો કહું મનની વાત) આ જેસલમેરમાં વાચનાચાર્ય પોતે હતા ત્યારે બનાવ્યું છે.

અમરસરપુર મંડન શીતલનાથ વિનતિ સ્ત૦ (મોરા સાહેબ હો, શ્રી શીતલનાથ કિ, વીનતી સુણો એક મોરડી)

આલોયણ (આલોચના) રૂપે વિનતિ સ્ત૦

(૪) છંદ—પાર્શ્વનાથ છંદ (આપણ ઘર બેઠાં લીલ કરો.)

(૫) દાદાજી સ્ત૦ (ખરતર ગચ્છમાં પોતાની ગુરૂ પરંપરામાં થયેલ જિનકુશલસૂરિજી 'દાદાજી' તરીકે ઓળખાય છે. ઘણા ચમત્કારી હોઇ તેમણે સમરતાં ઘણાને પરચા આપ્યા છે એમ મનાય છે. એવો પરચો કવિને મળ્યો હતો તેવું આ સ્તવનમાં જણાવેલ છે, તેમજ પોતાની કૃતિમાં પણ સ્તુતિ રૂપે તેમનું સાંનિધ્ય લઇને આહ્વાહન કરેલું છે. આદિ ચરણ–આયો આયોજી સમરંતા દાદોજી આયો.)

સ્તુતિઓ. પ્રભુ સ્તુતિ.

વિમલાચલ ઋષભ સ્તુતિ.

કેટલાંક પદો.[૨૮] વૈરાગ્ય–ઉપદેશ બોધક ટૂંકાં કાવ્યોને 'પદ' એ નામ અપાય છે.

જે મળેલાં તે આ નિબંધમાં ઉધ્ધૃત કર્યાં છે. આ બધાં હિન્દી ભાષામાં છે.

અન્ય કૃતિઓ—ઉપરોકત સિવાય અન્ય કૃતિઓ કવિની હોવાનો સંભવ છે. એ પૈકી ઋષિમંડળ પર પોતાની ટીકા કે સ્તવન–કંઇ પણ હોવી જોઇએ [૨૯]

---

૨૮ ઉપરની સઝાયો, સ્તવનો, પદ વગેરે સર્વ મુદ્રિત થયાં છે. જુઓ જૈનપ્રબોધ સઝાયમાળા, રત્નસાગર, રત્નસમુચ્ચ, જૈય કાવ્યસંગ્રહ, ચૈત્યવંદનસ્તુતિ, સ્તવનાદિ સંગ્રહ.

૨૯ કારણ કે ખ૦ શિવચંદ પાઠકે ૨૪ જિન પૂજા સં. ૧૭૭૯ (નંદ મુનિ નાગધરણી) વર્ષમાં આશો શુદ ૨ ને શનિને દિને જયપુરમાં રચેલ છે તેમાં સમયસુંદરની આ કૃતિનો પોતે આધાર લીધેલો જણાવ્યો છેઃ—

સમયસુંદર અનુગ્રહી ઋષિમંડલ, જિનકી શોભ સવાયા,
પૂજા રચી પાઠક શિવચંદે આનંદ સઘ વધાયા–

–રત્નસાગર ભાગ ૧ લો પૃ. ૨૮૮.

કવિની અન્યે કરેલી પ્રશંસા.

આ સર્વ કૃતિઓ પરથી જણાય છે કે સમયસુન્દર એ એક પ્રતીષ્ઠિત, નામી કવિ, ગ્રંથકાર અને લેખક હતા. તેમના સમકાલીન, શ્રાવક-કવિ પ્રસિધ્ધ ઋષભદાસે પણ માત્ર નામથી ઉલ્લેખેલા પ્રસિદ્ધ કવિઓમાં સમયસુંદરને પણ ગણાવ્યા છેઃ—

સુસાધુ હંસ **સમયો** સુરચંદ, શીતલ વચન જિમ શારદચંદ
એ કવિ મોટા બુદ્ધિ વિશાલ, તે આગલિં હું મુરખ બાલ.

–કુમારપાલ રાસ, રચ્યા સં૦ ૧૬૭૦.

આ પરથી સં૦ ૧૬૭૦ પહેલાં જ સમયસુંદરે શરચ્ચંદ્ર સમાન શીતલ વચન જેનાં છે એવા મોટા બુધ્ધિ વિશાલ કવિ તરીકેની ખ્યાતિ ઋષભદાસ જેવા ઉત્તમ અને તે યુગના એક આધારભૂત કવિ પાસે મેળવી હતી એ સ્પષ્ટ જણાય છે.

સં૦ ૧૬૭૦ પછી તો તેમણે અનેક સુંદર અને મોટી કૃતિઓ રચી છે અને તેથી તેમની ખ્યાતિ દિન પ્રતિદિન વધતી ગઇ છે. તેમની કવિતાઓનાં પ્રથમ ચરણો લઇને તેની દેશીઓ મૂકીને તે દેશીઓ પર અનેક જૈન કવિવરો—સારા સારા કવિઓએ (સમકાલીનમાં ઋષભદાસ અને પછીના આનંદઘન વિગેરે) પોતાનાં કાવ્યો રચ્યાં છે એ વાત વિસ્તારથી હવે પછી સમજાવેલ છે.

વિશેષમાં તે પછીના જ અઢારમા સૈકામાં થયેલા એક કવિ નામે પંડિત જ્ઞાનતિલકના શિષ્ય વિનયચંદ્રે પોતાના સં૦ ૧૭૫૨ ના ફાગણ શુદિ ૫ ના દિને પાટણમાં ૪૨ ઢાલ અને ૮૪૮ ગાથાના ઉતમકુમાર ચરિત્ર રાસમાં પોતાની માહીતી આપતી છેવટની પ્રશસ્તિમાં સમયસુંદર માટે યથાર્થ જણાવ્યું છે કેઃ—

જ્ઞાનપયોધિ પ્રબોધિવા રે, અભિનવ શશિહર પ્રાય, સુ
કુમુદચંદ્ર ઉપમા વહે રે, સમયસુંદર કવિરાય સુ. ૮

તતપર શાસ્ત્ર સમરથિવા રે, સાર અનેક વિચાર સુ.
વલિ કલિંદિકા કમલિની રે, ઉલ્લાસ દિનકાર. સુ. ૯

આ રીતે કવિરાજ સમયસુંદર જ્ઞાનસમુદ્ર માટે ભરતી આણનાર અભિનવ ચંદ્રમા સમાન, કુમુદ માટે ચંદ્ર સમ, અને શાસ્ત્ર સમર્થન કરવા તત્પર–શાસ્ત્રના ગર્ભમાંથી અનેક વિચારથી સાર–અર્ક કાઢનાર અને કમલના ઉલ્લાસ માટે જેમ સૂર્ય તેમ શાસ્ત્રનું ઉલ્લાસન કરનાર હતા.

કવિની લઘુતા.

કવિએ પોતાનાં આખ્યાનો ઘણી સુન્દર, મનોરમ અને સાદી ભાષામાં આળેખ્યાં છે, અને કવિત્વ બતાવ્યું છે; છતાં પોતે પોતાના નામ પાછળ 'કવિ' એ પદ ક્યાંય ધારણ કરેલું દેખાતું નથી; ઉલટું પોતાની લઘુતા તેમણે બતાવી છે.

૧ પ્રણમોં ગુરૂ માતા પિતા, જ્ઞાનદૃષ્ટિ દાતાર,
કીડીથી કુંજર કરે, એ મોટો ઉપગાર.
ગારૂડ ફણીની મણિ ગ્રહે, તે જિમ મંત્રપ્રભાવ,
તિમ મહિમા મુઝ ગુરૂ તણો, હૂં મતિ મૂઢ સ્વભાવ
–પ્રત્યેકબુદ્ધરાસ.

૨ હું મૂઢ મતિ કિસૂં જાણું મુઝ વાણિ પણિ ન સવાદો રે,
પણિ જે જોડિમેં રસ પડ્યો તે દેવગુરૂનો પરસાદોરે;
હું શીલવંત નહિ તિસો, મુઝ પોતે બહુ સંસારોરે,
પણિ શીલવંતનો જસ કહતાં મુઝ થાશે સહિ નિસ્તારો રે.
–સીતારામ ચોપાઇ.

પણ કવિ પોતે 'કવિ' નાં લક્ષણ એક સ્થલે જણાવે છે કે;

ચપલ કવીસરનાં કહ્યાં એક મન ને વચન એ બેઇરે,
કવિ કલ્લોલ ભણિ કહે, રસના વાલ્હા પણ કેઇરે,
–સીતારામ ચો.

કાવ્યનો હેતુ

સાધુઓનાં ગુણ ગાવાથી અનંત લાભ છે, તેથી ભવનો અંત આવે. પ્રહસમે ઉઠી શીલવંતનાં નામ સહુ જપે છે તેથી હું પણ ભક્તિથી આ મૃગાવતી શીલવતીનું ચરિત્ર ભણું છું. દાન ઉત્તમપાત્રને દેવાથી અઢળક લક્ષ્મી થાય છે તેથી આ સિંહલસુતની દાન કથા કહું છું. જીભ પવિત્ર કરવા આ દમયંતી સતિનું ચરિત્ર કહું છું. કોઇને કલંક ન દેવું--પાપ વચન પરિહરવું એ સીતાનું દુખ જોઇ બોધ લેવાનો છે તેમ જ શીલ પાળી સીતાની પેઠે સુખ અને લીલવિલાસ પામો તે માટે સીતારામનો સંબંધ કહું છું. અનુકંપાપર ચંપક શ્રેષ્ઠી, અને વ્યવહાર શુદ્ધ શ્રાવક ધર્મપર ધનદત્તની કથા કહું છું–એમ કવિ જણાવે છે.

પોતાની કૃતિમાં મંગલાચરણમાં મહાવીર, આદિ તીર્થંકર, ગૌતમસ્વામી, સરસ્વતી, સુમતિ, માતપિતા, ગુરૂ–દીક્ષાગુરૂ ને વિદ્યાગુરૂની, સ્તુતિ–સ્મરણ કરે છે તે પૈકી સરસ્વતી આદિની સ્તુતિ ખાસ ધ્યાન ખેંચે છે.

સરસ્વતી સ્તુતિ

વીણાપુસ્તકધારિણી સમરૂં સરસતિ માય,
મૂરખનૈ પંડિત કરૈ કાલિદાસ કહિવાય.
—ચાર પ્રત્યેક બુદ્ધ રાસ.

સમરૂં સરસતિ સામિની, પ્રણમું સદગુરૂ પાય;
બે કરજોડી વીનવું, માગું એક પસાય.
સરસ વચન દીઉ સરસતિ, સુણતાં અમીય સમાણ;
સદગુરૂ પણિ સાનિદ્ધ કરો, નિરમલ દિઉ મુઝ જ્ઞાન.
—મૃગાવતી રાસ.

સમરૂં સરસતિ સામિણી, એક કરૂં અરદાસ;
માતા દેજે મુઝને કરૂં વચન વિલાસ.

સંબપ્રજૂન કથા સરસ (૧), પ્રત્યેકબુદ્ધ પ્રબંધ (૨)
નલ દવદંતિ (૩) મૃગાવતી (૪), ચઉપઇ ચ્યાર સંબંધ.
આઇ તું આવો તિહાં, સમર્યાં દીધો સાદ
સીતારામ સંબંધ પણિ, સરસતિ કરે પ્રસાદ
—સીતારામ ચોપાઈ.

સુમતિ

મુજને સુમતિ જગાઇયો, ઉઠ ઉઠ રે ઉઠ,
ગુણવરણને ગરવા તણા, હું તુઝ પૂરસો પૂઠ.
તિણુ મુઝ ઉદ્યમ ઊપનો, પંખીને જિન પંખ,
એક લાભ વલિ કહે સુમતિ, દૂધ ભર્યો વલિ શંખ.
—ચારપ્રત્યેક બુદ્ધ રાસ.

માતપિતા ગુરૂસ્તુતિ

માતપિતા પ્રણમું સદા, જનમ દીયો મુઝ જેણુ,
વાંદું દીક્ષા ગુરૂ વલી, ધરમ રતન દિયો તેણુ.
વિદ્યાગુરૂ વાંદું વલી, જ્ઞાન દૃષ્ટિ દાતાર,
જગમાંહિ મોટા જાણુજ્યો, એ ત્રિહુંનો ઉપકાર.
એ ત્રિહુંને પ્રણમી કરી, છઠ્ઠો ખંડ કહેસિ.
ષડ રસ મેલી એકલા સગલા સ્વાદ લહેસિ.
—સીતારામ ચોપાઇ.

આ સિવાય ચમત્કારી ગુરૂઓ પોતાના ગચ્છમાં પૂર્વે થયેલા તે જિનદત્તસૂરિ, અને જિનકુશલસૂરિ વગેરેનું આવ્હાહન કરે છે અને સાંનિધ્ય માગે છે.—

શ્રી જિનદત્ત સૂરિ જાગતો હવઇ પ્રણમું તસ પાય
અખંડ ૧૨ અક્ષર થકી, યુગપ્રધાન કહિવાય.
જતી ચોસઠ જોગિણી, ક્ષેત્રપાલ બાવન;
નામઇ ન પડઇ વીજલી, લોક કહઇ ધનધન્ન

ખંડ બીજઇ સાનિધિ કરી જિમ શ્રી કુશલ સૂરીંદ,
તિમ ત્રીજઇ કરજ્યો તુમ્હે, હું પણિ છું મતિમંદ.
—મૃગાવતી ત્રીજા ખંડની આદિમાં.

આનાજ બીજા ખંડમાં જિનકુશલ સૂરિની સહાય માગી હતી.

શ્રી જિનકુશલ સૂરીસરૂ, સુણિ મોરી અરદાસ,
મુઝનઇ આળસ ઊપજઇ, મતિ પણિ નહીં પ્રકાસ.
ઉદાસીન મન માહરૂં, કહો કીમ કીજઇ જોડિ
તું સદ્ગુરૂ જગિ જાગતાં, પૂરઇ વંછિત કોડિ.
પરતો એક મઇં પેષીઉ, નગર મરોટ મઝાર,
મેહ માગ્યો વુઠો તુરત; ઇમ અનેક પ્રકાર.
તેણુઈ તુજનઇ મઇં પ્રારથ્યો, સમરથ સાહિબ જાણિ,
મઇં બીજો ખંડ માંડીઉ, તું શિઘ્ર ચાડિ પ્રમાણિ.

આ રીતે 'પરતો'—ચમત્કાર-પરિચય પોતાને મરોટનગરમાં જિનકુશલ સૂરિના નામ સ્મરણથી વાંછિત મેઘવૃષ્ટિ થયાનો પોતાને મળેલો કવિ સ્વીકારે છે એ ઉપરાંત બીજો 'પરતો' પણ દેરાવરમાં પોતાને મળેલ તે હકીકત પણ પોતે તેમના સ્તવનમાં નોંધી છે.

આયો આયો જી સમરંત દાદોજી આયો,
સંકટ દેખ સેવકકું સદ્ગુરૂ, દેરાવર તેં ધ્યાયો જી—સમરંત૦
દાદા વરસે મેહ ને રાત અંધેરી, વાવપિણુ સબલો વાયો,
પંચ નદી હમ બૈઠે બેડી દરીગે હો દાદા દરિયે ચિત્ત ડરાયો જી—સમરંત૦
દાદા ઉચ્ચ ભણી પોહચાવણુ આયો, ખરતર સંઘ સવાયો,
સમયસુંદર કહે કુશલ કુશલ ગુરૂ, પરમાનન્દ સુખ પાયો જી—સમરંત૦
—[પ્ર૦ રત્નસાગર ભા. ૧ પૃ. ૬૪૮]

ચાર પ્રત્યેક બુદ્ધના રાસની અંતે પણ જિનકુશલ સૂરિના સાંનિધ્યથી એ પૂર્ણ થયો એમ જણાવે છે.

વિમલનાથ સુપસાઉલે એ, સાન્નિધ્ય કુશલ સૂરીંદ,
ચારે ખંડ પૂરા થયા એ, પામ્યો પરમાણંદ—

વાર્ત્તાનો ઉપયોગ.

કવિ પ્રેમાનન્દ, અને શામળના પુરોગામી આ કવિએ પણ વાર્ત્તાઓને કૌતુકવતી બનાવી વિમલવાણીમાં મૂકી. વાર્ત્તાઓનું મૂલ કથામાંનું વસ્તુ લઇ તેને મનમાં ખડું રાખી તેનામાં પોતાનો અનુભવ પૂરતા જઇ લોકોત્તર ગિરામાં મૂકતા જઇ રસની સાથે વાર્ત્તાના પ્રવાહનું અનુસંધાન કવિ રાખતો ગયો છે:

वार्ता च कौतुकवती विमला च वाणी
लोकोत्तरः परिमल श्च कुरंगनाभेः
तैलस्य विन्दुरिव वारिणि दुर्निवारमेतत्त्रयं प्रसराति स्वमेव भूमौ॥

કૌતુકવતી વાર્ત્તા, વિમલ વાણી અને કસ્તૂરીમૃગની નાભિની લોકોત્તર સુગંધ: આ ત્રણ પાણીમાં તેલનું ટીપું અનિવાર્યપણે પ્રસરે તેમ પૃથ્વી પર સ્વયમેવ પ્રસરે છે.

આ કવિ જૂની વસ્તુને નવા આકારમાં-નવી ભાષામાં—પોતાની માતૃભાષામાં મૂકતા જઇ તેને ખીલાવ્યે ગયો છે અને તેવી ખીલાવટમાં આવશ્યક એવો પ્રેરણા અને તર્ક શક્તિનો ઉપયોગ કવિ પોતે કવિ અને વાર્ત્તાકાર તરીકે કર્યે ગયો છે. વાર્ત્તાઓમાં લોકોનું અને સંસાર વ્યવહારોનું ચિત્ર–પ્રતિબિંબ કવિએ આળેખ્યું છે. તેનામાં પ્રેરણા છે, અને ક્લિષ્ટતા નથી.

કૃતિઓ ભાષાન્તર નથી.

કવિ પ્રેમાનન્દે પૌરાણિક સાહિત્યનું અનુકરણ અને ભાષાંતર કર્યું તે પહેલાં જૈન સાધુઓએ પોતાની પૌરાણિક કથાઓનું અનુકરણ અને ભાષાંતર કરવાનો માર્ગ ઘણાં વર્ષોથી લઇ લીધો હતો. પ્રેમાનન્દને

પુરાણમાંનીક થાનું વસ્તુ લઇ તે પર પોતાના કવિત્વનો ઓપ આપનારની અને તેના સમયને ' કવિત્વ ' ના કાળની ઉપમા અપાય તો તેની પહેલાંના જૈન કવિ, નયસુંદર, આ કવિ, ઋષભદાસ વગેરેને 'ભાષાંતર કાળ ' માં ઉદ્‌ભવેલા નહિ કહી શકાશે. કારણકે તેઓએ માત્ર ભાષાંતર નથી કર્યું પણ મૂળ વસ્તુ પર પોતાનાં 'કવિ કેળવણી ' થી ચણેલા સુંદર રોગાનો–રંગોવાળાં ચણતર કરી તેમાં ' કવિત્વ ' દાખવ્યું છે–એ બધા છુટથી અને છટાથી ભાષાદ્વારા મનોભાવ દાખવવામાં સફલ અને વિજયી થયા છે.

દેશી દેશીઓ

સામાન્ય જનસમૂહમાં વાર્ત્તા સાંભળવાનો અત્યંત રસ હોય છે અને તેવા વાર્ત્તાના રસીઆઓને- ભાવવાહી લોકભોગ્ય ભાષામાં એક ધારે વહેતી જૂદી જૂદી ઢાળો–દેશી રાગણીઓમાં પોતાની સ્વોત્પન્ન શક્તિથી કાવ્યમાં મૂકી આ કવિએ કથાનકો પૂરાં પાડયાં છે.

એવું કહેવામાં આવે છે કે ગૂર્જર સાહિત્યમાં કવિ પ્રેમાનન્દે ગૂર્જર ભૂમિનાં જ 'વૃત્તસંતાનો '–ગૂજરાતી રાગો જેવા કે મારૂ, રામેરી, રામગ્રી આદિ દેશી રાગોનો બહુ છુટથી ઉપયોગ કર્યો છે; પરંતુ અત્રે મને કહેવા દ્યો કે તેમના પૂરોગામી આ સમયસુન્દરે તેમની પહેલાં જ દેશી રાગોને અતિ વિસ્તૃત પ્રમાણમાં પોતાની સર્વ કૃતિઓમાં વાપર્યા છે, એટલું જ નહિ, પણ સમયસુંદરના સમકાલીન, અને તેમના સત્તરમા સૈકામાં જ થયેલ સર્વ જૈન કવિઓએ દેશી ઢાળો–રાગોનો જ ઉપયોગ કર્યો છે.

સમયસુન્દર તો દેશી રાગો–ઢાળો–દેશીઓના માર્મિક જાણકાર અને વાપરનાર હતા અને તે વાપરી જે સુન્દર કાવ્યો રચતા તે એટલે દરજ્જે સુધી પ્રસિદ્ધ થઇ ગયા હતાં કે તેમના પછીના જ નહિ. પણ નયસુન્દર અને ઋષભદાસ જેવા તેમના સમકાલીન સમર્થ

જૈન કવિઓએ પણ સમયસુન્દરનાં રાગોની દેશીઓ ટાંકી તે દેશી ઢાળોમાં પોતાની કવિતાઓ રચી છે.

દેશી રાગો યથાસ્થાને વાપરવામાં સમયસુન્દરે વિવેચક બુદ્ધિથી કૌશલ દાખવ્યું છે.

(૧) સિંધુડે રાગેં રે, સુણિ શૂરિમા જાગે રે;
અતિ મીઠી પણ લાગે ઢાલ એ સાતમી રે.

(૨) ગોડી રાગેં પહેલી ઢાળ, સમયસુંદર કહે વચન રસાલ.

× × × ×

ગોડી રાગ રસાલ બીજી ઢાલ કહી,
સમયસુંદર કહે એમ સુણતાં સરસ સહી.

(૩) ટોડીને ધન્યાશરી, નવમી ઢાલે રાગ,
સમયસુંદર કહે સાંભલોજી, જિમ ઉપજે વૈરાગ.

× × × ×

ઢાલ ભણી એ સાતમી, ધન્યાસિરિ રાગ સોહેરે,
સમયસુંદર કહે ગાવતાં, નરનારી મન મોહેરે.

(૪) ભલો રાગ ખંભાયતીરે, સોહેલાની ઢાલ છઠ્ઠી રે,
સમયસુંદર કહે શ્રાવકો રે, સાંભલતાં અતિ મીઠીરે.

યુદ્ધમાં વીર રસ ઉત્પન્ન કરાવવા યુદ્ધગીત 'કડખા' માં મૂકાયછે. હાલ ઝુલણા છંદ યા પ્રભાતિયું જે રીતે ગવાય છે તેજ રીતે બારોટ ચારણાદિ ગાઇ તેને 'કડખું' નામ આપે છે. જૈન કવિઓ બનતાં સુધી યુદ્ધ સંગ્રામનાં ગીત આ કડખાની દેશીમાં જ મૂકે છે. સમયસુંદરે યુદ્ધ સંગ્રામનું ગીત–યુદ્ધ વર્ણન આ દેશીમાં મૂક્યું છે અને છેવટે કહ્યું છે કે 'રામગ્રી રાગની ઢાલ એ પાંચમી, સમયસુંદર કહે જાતિ કડખો'.—

યુદ્ધ ગીતો.

ચડયો રણ ઝુઝવા ચંડપ્રદ્યોત નૃપ, ચડતનાં તુરત વાજાં વજાયાં,
સુભટ ભટ કટક ચટ મટકિ ભેલાં થયાં, વડવડા વાગીયા વેગેં ધાયા.—૧ ચડયો.

(ગજવર્ણન)

શીશ સિંદૂરીયા પ્રબલ મદ પૂરીયા, ભમર ગુંજાર ભીષણ કપોલા,
સુંઢ ઉલાલતા શત્રુદલ ગાલતા, હાથીયા કરત હાલા કલોલા—૨ ચડયો૦
ઘંટ બાજે ગલે રહે એકઠા મલે, મેહ–કાલી ઘટા જાણે દીસે,
ઢળકતી ઢાલ ને શીશ ચામર ઢલે, મત્ત માતંગ રહે ભર્યા રીસેં–૩ ચડયો૦
હાલતા ચાલતા જાણે કરી પર્વતા, ગુહર ગુંજાર ગંભીર કરતા,
ચંડપ્રદ્યોત રાજા તણા કટકમેં, હસ્તી લાખ હોય મદવારિ ઝરતા–૪ ચડયો૦

(અશ્વવર્ણન)

દેશ કાશ્મીર કંબોજ કાબુલ તણા, ખેત્ર ખુરસાણ સુધા બુખારા,
અવલ ઉત્તર પવન પાણીપંથા વલી, ભલ ભલા કચ્છી તેજી તુખારા–૫ ચ૦
નીલડા પીલડા સબલ કંબોજડા, રાતડા રંગ કવિલા કિહાડા,
કિરડીયા કાલૂઆ ધૂસરા દૂસરા, હાંસિલા વાંસલા ભાગ જાડા–૬ ચ૦
પવન વેગ પાખર્યા ફોજ આગલ ધર્યા, ચાલતા જાણે ચિત્રામ લેખ્યા,
એહવા અશ્વ ઉજેણી રાજા તણે, કટકમેં લાખ પંચાસ સંખ્યા–૭ ચ૦

(પાયક વર્ણન)

શિર ધરે આંકડા બાંહે બેહેરી કડાં, ભાજની પરતના બોલવાલા,
એકથી એકડા કટક આગલ ખડા, શૂરવીર વાંકડા સુભટ પાલા–૮ ચ૦
સબલ કાંધાલ મૂછાલ જિન સાજિયા, લોહમય ટોપ આટોપ ધારા,
પંચ હથિયાર હાથે ને બાથે ભડિ, ભીમ સમ વડ ભલા પાલિ હારા–૯ ચ૦
તીર તરકસ ધરા અભંગ ભટ આકરા, સહસ જોધાર સંગ્રામ શૂરા,
ચંડપ્રદ્યોત રાજાતણે એહવા, સાત કોડિ સાથ પાયક પૂરા–૧૦ ચ૦

(રથ વર્ણન)

નિજ નિજ નામ નેજા ધજા ફરહરે, ઘર હરે ઘોર નીશાણ વાજા,
જરહ જોશાણ કીયા લાખએ રથ શીયા, સાથમેં ચંડપ્રદ્યોત રાજા–૧૧ ચ૦
ચાલીયા કટક જાણે ચક્રવર્તિકા, ઇસરી ધૂલ ઉડે ગગન લાગી,
સમુદ્ર જલ ઉછલ્યાં સેષ પણ સલસલ્યા, ગુહર ગોપીનાથકી નિંદ ભાગી–૧૨ ચ૦

ઇંદ્રને ચંદ્ર નાગેન્દ્ર પણ ખલભલ્યા, લંક ગઢ પોલિ તાલાં જડાયાં;
સબલ સીમાલ ભૂપાલ ભાગી ગયા, ચંડપ્રદ્યોત રાજા ન આયા-૧૩ ચ૦
આવીયો ચંડપ્રદ્યોત ઉતાવલો, દેશ પંચાલની સીમમાંહે,
દુમુહ રાજા પણ દેઇ દમામાં ચડયો, આવી સાહમો અડયો મન ઉચ્છાહે-૧૪ ચ૦
ફોજ ફોજેં મલી ભાટ ભટ ઉછલી, સબલ સંગ્રામ ભારથ મંડાણો,
ભડેં ભડ મલ્યા ભૂપ ભૂપેં ભડયા, સુભટ સુભટેં અડયા દેખી ટાણો-૧૫ ચ૦
મુકુટ પરભાવેં રાજાન જીત્યો દુમુહ, કટકમાં પ્રગટ જસ પડહ વાગો,
કાછ લંપટ સદા કૂડ કપટી તદા, ચંડપ્રદ્યોત રાજાન ભાગ્યો-૧૬ ચ૦
નાસતો ભાજતો ચંડપ્રદ્યોત નૃપ, જાલિ કરી બેડીયામાંહે દીધો,
કટક ભાજી દશોદિશિ ગયું તેહનું, 'ધર્મ જય પાપ ક્ષય' વચન સીધો-૧૭ ચ૦
દુમુહ રાજા ન આયો ઘેર આપણે, કહે ઇહાં રાજ પંચ રાત પડખો.
રામગ્રી રાગની ઢાલ એ પાંચમી, સમયસુંદર કહે જાત કડખો-૧૮ ચ૦

આમ ઉજ્જયિનીના વિષયલંપટ રાજા ચંડપ્રદ્યોતને અને પંચાલના કંપિલપુરના રાજા દુર્મુખ સામેના યુદ્ધનું વર્ણન કવિએ કડખાની દેશીમાં આપ્યું; તેમ 'સિંધુડો' એ યુદ્ધના રાગમાં કવિએ કંચનપુરનાં કરકંડુ રાજા ચંપાના દધિવાહન રાજા પર ચડે છે તેનું વર્ણન કરે છે.

કરકંડુ રાજા રે, સુણિ કરત દીવાજા રે,
તતકાલ વજાયાં વાજાં ચઢતરાં રે.
કટકી કરી ધાયોરે, ચંપાપુરી આયો રે,
તપ તેજ સવાયો રે, પુર વીંટી રહ્યો રે.
ગઢરો હો મંડયો રે, અભિમાન ન છંડયો રે,
નિજ બોલ ન ખંડયો, નૃપ સાહમો અડયો રે,
રણ ભૂમિકા સૂડે રે, નાલગોલા ઊડે રે,
ગડડંત ગયગુડે, શેષનાગ સલસલે રે,
સરણાઇ વાજે રે, સિંધૂડો સાજે રે

શૂરવીર વિરાજે ઉંચા ઉચ્છલે રે.
પહેર્યા જિણુ શાલા રે, ઉમટયા મેહ કાલા રે,
શિર ટોપ તેજાલા ઝબઝબ ઝબકતા રે,
ભાલાં અણીયાલાં રે, ઉછાલે પાલા રે,
એક સુભટ મુછાલા, ચાલે ચમકતા રે.
વાજે રણતૂરાં રે, બેઉ દલ પૂરાં રે,
એક એકથી શૂરા સુભટ તે સાથમેં રે,
જમકી જીભ લબકે રે, જાણે વિજલી ચમકે રે.
તરવાર ઉઘાડી ઝબકે હાથમેં રે.
વહે તીર વચાલેં રે, આવંતાં ટાલે રે
વયર પોતાનું વાલે તે સાસે નહી રે.
નવા નેજા ફરકે રે, વઢવાને થરકે રે,
પગ એક ન સરકે પાછા તે સહી રે.
મૂછે વલ ઘાલે રે, આગલથી ચાલે રે,
ફોજ આવંતી પાળે તે વલી વારફીરે.
એક પાગડા છોડે રે, નૃપ હોડાહોડે રે,
અણીએં અણી જોડે ફોજાં મારફી રે.
છોડી આતસબાજીરે, બેઉ રાજા-રાજી રે,
ન રહે ગજ વાજી ઝાલ્યા કેમ કિયેરે.
ઠાકુરબ પુકારે રે, બાપ બિરૂદ સંભારે રે,
આજ જય તે તુમ્હારે ભુજેં પામીયેંરે,
ભાજણરા સુસ લીધા રે, ગંગોદક પીધાં રે,
ભલાં ભોજન કીધાં તાજાં ચુરમાં રે.
રાણીરા જાયા રે, આમ્હા સામ્હા ધાયા રે,
ઘણા અમલ ખવરાયા ચડિયા શૂરમાં રે.
એક કાયર કંપેરે, ચિહું દિશિ દલ ચંપે રે,
મુખ જંપે હાહા હવે કિણ દિશિ ભાગશું રે.

શૂરવીર ત્રાકુકે રે, હોંશે રણ ઢૂકે રે,
મુખ ફૂકેં આવો આજ લટાપટ લાગશું રે.
સંગ્રામ મંડાણો રે, નહીકો તિસો શાણો રે,
રાય રાણો સમજાવે જે બિહું રાયને રે.
હુંતી વાત થોડી રે, થઇ કલેશની કોડી રે,
ન શકે કોઇ છોડી સમજાયતે રે.
સિંધુડે રાગે રે, સુણિ શૂરિમા જાગે રે,
અતિ મીઠો પણિ લાગે ઢાલ એ સાતમી રે
સમયસુંદર ભાંખેરે, હવે વઢતાં રાખે રે,
પદમાવતી પાખેં એ કુણ મતિ સમીરે.

કવિએ અનેક દેશદેશાંતર ભ્રમણ કરેલ છે અને ત્યાં ત્યાંથી ગવાતાં ગીતોને–દેશીઓને લઇ તેમાં પોતાનાં કાવ્યો ગાયાં છે–સંગીત કાવ્યો રચ્યાં છે. પોતાના 'મૃગાવતી રાસ' માં જણાવે છે કેઃ—

સંધી પૂરવ મરૂધર ગુજરાતી, ઢાલ નવી નવ ભાતી,
ચતુર વિચક્ષણ તુમ્હે હોઇ, ઢાલ મ ભાંગજ્યો કોઇ.

એટલે સિંધની સિંધી, પૂર્વ હિંદની, મારૂવાડ મરૂધરની અને ગુજરાતની ગુજરાતી ઢાળો નવી નવી પોતે કરી છે, તે ઢાળને હે શ્રોતા! તમો ચતુર વિચક્ષણ હોઇને કોઇ ભાંગતા નહિ–અખંડ રાખજો એટલે રાગથી અળગી નહિ કરતા–ગાયે જ જજો, કારણ કે

ભાંગી ચૂડિમેં નહી સકારા, તૂટિ લટિમેં જ્યું હારા,
ભાગે મને ન સોહે વૈરાગી, તિમ ન સોહે ઢાલ ભાંગી.
કનક મુદ્રડી નંગ વિહુણી, રસવતી જેમ અલૂણી,
કંત વિના જિમ નારિ વિરંગી, રાગ વિણુ ઢાલ ન ચંગી.
મીઠી ઢાલ રાગસિઉં મેલી, જિમ મિશ્રી દૂધ ભેલી,
તેહ ભણી ઢાલ રાગસિઉં કહયો, ચતુર તુમ્હે જસ લેયો.

આ ઉપરાંત ઢુંઢાડી (મારવાડ પાસેનો પ્રદેશ), મેવાડી, દિલ્લી વગેરેની દેશીઓ લીધી છે. (જુઓ ઉપર સીતારામ ચોપાઇ પર લખતાં જણાવ્યું છે તે

હવે ઉપરના પ્રાંતની ઢાલો જોઇએ. સિંધી, એટલે સિંધ પ્રદેશની. પોતે મુલતાનમાં વસ્યા હતા અને ત્યાં અનેક સિંધીઓ વસતા હતા એમ તેમણે જણાવ્યું છે. તે લોકોમાંથી—

(૧) સિંધી ઢાળ. ૧. "રાગ–મારૂણી–

ઝાંખર દીવા ન બલે રે, કાલિ કમલ ન હોઇ,
છોરિ મૂરખ મોરી બાંહરી, મીયા જોરે પ્રીતિ ન જોઇ,
કન્હઇયા એ દયારલ બાસિયા, જોવન જાસિયા એ, બહુર ન આસિયા.

એની ઢાલ–એ ગીત " સંધિ માહે પ્રસિદ્ધ છે. " આ પ્રમાણે કવિએ સ્વહસ્તલિખિત પોતાની સીતારામ પ્રબંધ ચોપાઇમાં આઠમા ખંડની બીજી ઢાલમાં લખ્યું છે.

૨. સંધિની રાગ આસાઉરી. મન રાજી તો સું કરઇ કાજી; એ ઢાલ.
૩. રાગ આસાઉરી સિંધૂડો. ઢાલ સિંધની.

—આ બંને મૃગાવતી રાસમાં વાપરી છે.

(૨) પૂરવની ઢાળ–રાગ હુસેની. ધન્યાસિરી મિશ્ર

દિલ્લી કે દરબારમેં લખ આવે લખ જાઇ,
એક ન આવે નવરંગ ખાન જાકિ પઘરિ ઢલિ ૨ જાઇ.

–નવરંગ વેરાગીલાલ એ દેશી.

(૩) મરૂધર ઢાલ–(ઢુંઢાડી તથા મેવાડી) તો પુષ્કળ લીધી છે કારણ કે ત્યાં પોતે બહુ વાસ કર્યો છેઃ–કવિએ પોતે જણાવેલ તે પ્રમાણે નીચે મૂકવામાં આવેલ છે.

૧. વરસાંરી હોલી આવઇ, પ્રાહુણા–એ ગીત.
૨. ભોજરાજારી ગીતરી. હાથીયાં રઇ હલકઇ આવઇ માહરઇ
પ્રાહુણીરે–એહની ઢાલ.

૩. ઇડરીયો ઇડરીયો ઓલગાણે આબૂ ઉલગ્યો આબુ ઉલગ્યો રે લાલ.

૪. તોરા કીજે મ્હારા લાલ, દારૂ પીજે જી,
પડવૈં પધારો મ્હારા લાલ, લસરક લેજેજી
–તેરી અજબ સૂરતિ મ્હાંકો મનડો રંજ્યો રે લોભી લંજ્યાજી
–એ ગીતની ઢાલ.

૫. રે રંગ રત્તા કરહલા, મો પ્રીઉ રતો આંણુ,
હુંતો ઊપરીકા દ્દિનેં પ્રાણુ કરૂં ખુરબાંણુ
સુરંગા કરહલા રે, મો પ્રીઉ પાછો વાલ. મજિઠા કરહલા રે
–એ દેશી રાગ મારૂણી.

૬. અમ્હાં માંકી ચિત્રાલાં કોઇ જોઇ.
અમ્હાં મારૂડેં મેવાસીકો સાદ સોહામણો રે લો.

૭. રૂડીરે રૂડીરે બારણે સમલા પદમિનીરે. એ દેશી રાગ મારૂણી.
–આ બધી મૃગાવતીમાં.

૮. રાગ આસાઉરી. સિંધૂડો મિત્ર.
ચરણાંલી ચામુંડા રણે ચડે, ચખ કરી રાતા ચોલોરે
વિરતિ દાનવ દલ વિચિ, ધાઉ દીયો ધમરોલો રે—ચરણાલી૦

૯. વેસર સોનાકી, ધરિદે ચતુર સોનાર વે૦,
વેસર પહેરી સોનાકી રંઝે નંદકુમાર વે૦
–એહ ગીતની. રાગ અસાઉરી.

૧૦. નોખારા ગીતરી–નોખારા ગીત મારૂયાડિ ઢુંઢાડિ માંહે પ્રસિદ્ધ છે.

૧૧. રાગ ખંભાયતી. સોહલાની જાતિ.
અમાં મોરી મોહિ પરણાવિ હે અમાં મોરી.
જેસલમેરા મેરા જદવાં હે—જાદવ મોટા રાય,
જાદવ મોટા રાય હો. અમાં મોરી કોડ મોડીને ઘોડે ચડો
–એ ગીતની ઢાલ.

૧૨ રાગ ખંભાયતી–સુંબરા તું સુલતાણુ,
બીજાહો થારા સુંબરાં ઓલગૂ હો–એ ગીતની ઢાલ.
–એ સુંબરાના ગીતની ઢાલ–જોધપુર મેડતા નાગોર નગરે પ્રસિદ્ધ છે.

૧૩. તિલ્લીરા ગીતરી ઢાલ–મેડતાદિક દેસે પ્રસિદ્ધ છે.

(આ સીતારામ પ્રબંધમાંથી છે.)

(૪) ગૂજરાતની.

૧. પોપટ ચાલ્યઉ રે પરણવા–એ સંસારી ગીતની ઢાલ ખંભાતમાં પ્રસિદ્ધ છે. (ચંપક શેઠ રાસ)

૨. ઢાલ ગામી ગૂજરાતી પુલકાંની.

૩. રાગ વયરાડી–જાજારે બાંધવ તું વડો–એ ગૂજરાતી ગીતની ઢાલ.

૪. કપૂર હુયે અતિ ઉજલું રે, વલિ અનોપમ ગંધ–એ ગીતની ઢાલ.

આવી અનેક દેશીઓ ગીતો વગેરેની લીધી છે તે પરથી એમ સમજાય છે કે સ્ત્રી ગીતો–લોકગીતોનું સાહિત્ય તે વખતે–કવિના જમાનામાં ઘણું હતું. એક સ્થળે એક એવી દેશી ઉતારી છે; જેમકે રાગ પરજીયો. ઢાલઃ—

સિહરાં સિહર મધુ સુરીરે, ગઢાં વડો ગીરનારી રે
રાંણ્યા સિરહર રૂકમિણીરે, કુંયરાંનંદ કુંમાર રે
કંસાસુર મારણ આવિને રે પલાદ ઉધારણ રાસ રમણ ધરિ આવ્યો
ધરિ આવ્યો ધરિ આવ્યો, હો રાંમ રાંમજી ઘરિ આવ્યો—એ દેશી.

આ પરથી કવિની અગાઉનાં કાવ્યો હતાં તે પૂરવાર થાય છે. 'સોરઠ દેસ સોહામણો સાહેલડી રે દેવાં તણો નિવાસ–એ ગજસુકુમાલની ચોઢાલીયાની' દેશી એક સ્થળે કહી છે અને બીજે સ્થળે સુબાહુ સંધીની ઢાલ કહી છે તે પરથી ગજસુકુમાલ પર ચાર ઢાલવાળું કાવ્ય તથા સુબાહુ સંધિ એ કવિના અગાઉનાં અન્ય કવિએ રચેલાં સુપ્રસિદ્ધ કાવ્યો હતાં તે સિદ્ધ થાય છે.

કવિ પોતે જોડેલાં કાવ્યોની પહેલી કડીની દેશી તરીકે પણ બીજા પોતાનાં કાવ્યમાં મૂકી છે તે પરથી એમ સિદ્ધ થાય છે કે પોતાની દેશીઓ પર પણ પોતાને મોહ હતો. દાખલા તરીકે સીતારામ પ્રબંધમાં—

(૧) પ્રત્યેક બુદ્ધની બીજા ખંડની આઠમી ઢાલ.

(૨) સુણોરે ભવિક ઉપધાન લહ્યાં વિણ કિમ સૂઝે નવકાર.
–એ સ્તવનની ઢાલ (આ ઉપધાન સ્ત૦ પોતાનું છે)

(૩) રાગ બંગાલો–ઇંમ સુણી દૂત વચન, કોપીઓ રાજા મન
–એ મૃગાવતીની ચોપઇની બીજા ખંડની દશમી ઢાલ

(૪) રાગ ધન્યાગિરી–સીલ કહે જગિ હું વડું, મુઝ વાત સુણો એક મીઠી રે–એ સંવાદ શતકની બીજી ઢાલ (આ સંવાદ શતક તે દાનશીલ તપ ભાવના સંવાદ પર ચોઢાળીયું સ્વરચિત છે તે)

(૫) શ્રેણિકરાય હું રે અનાથી નિગ્રંથ (અનાથી પર સઝાય)

(૬) આદરજીવ ક્ષમા ગુણ આદર (ક્ષમાબત્રીશી)

(૭) હવે રાણી પદમાવતી જીવરાશિ ખમાવે. (પ્રત્યેક બુદ્ધ રાસ)
વગેરે વગેરે અનેક ઉદાહરણ છે.

રસાલંકાર જ કાવ્યનું લક્ષણ છે?

રસાલંકારવાળું કાવ્ય લખનારને જ કવિ કહેવાય એવો નિયમ સર્વાંશે ગ્રહણ કરી ન શકાય. રસાલંકારવાળું કાવ્ય કરવું શ્રમસાધ્ય છે અને તે પંડિતોને માટે–વિદ્વદ્‌ભોગ્ય થાય છે. જે સહજ સરલતાથી અખંડપણે વ્હેતા ઝરાની માફક સ્વાભાવિક સરલતાથી રસિકભાવ અર્પતી કવિતા છે તે કાવ્ય નથી એમ કેમ કહી શકાય? આવી કવિતામાં ચરિત્રવિષયક ગ્રંથમાં ચારિત્રનાયકનું રસાળ અને ચિત્તવેધક કથાનક સુરસરીતિથી કવિએ વર્ણવેલું હોય છે ત્યારે માનવી વૃત્તિના ભિન્નભિન્ન દશ્યો વાચકની હૃત્પટ્ટિકા પર આબેહૂબ આલેખવાનું અમોઘ

સામર્થ્ય કવિનું સ્થળે સ્થળે જણાઇ આવે છે. ભયપ્રદ યુદ્ધસંગ્રામ, રમ્ય સુરમ્ય સ્થાનો, રાજ્યાભિષેકના પ્રસંગો, અને નગરશોભાના અપ્રતિમ દેખાવો–એ સર્વનાં વર્ણન મનોહર રીતિથી કરેલાં હોય છે. આમાંના કેટલાંક વર્ણનો આ કવિનાં આપણે અગાઉ જોઇ ગયા. વિશેષ હવે પછી જોઇશું.

પ્રકૃતિ પર કાવ્યો.

પ્રકૃતિનું સૌંદર્ય કવિ જે આંખથી જોઇ શકે છે તે પ્રકૃત–સામાન્ય જનો જોઇ શકતા નથી. પ્રકૃતિના વિવિધ દેખાવ જોઇને સુંદર શબ્દ રચનાથી તેનું વર્ણન કરવામાં કવિનો ભાવ વધે છે અને તે ભાવથી સૌંદર્યબોધ કરતો કવિ વિશેષ આકર્ષક બને છે. આપણા જૂના સાહિત્યમાં બહુ સુન્દર કાવ્યો આ સંબંધી મળતાં નથી, છતાં સામાન્ય એવા કંઇ નમુનાઓ મળી આવે છે:—

વસંતવિહાર

તેણે અવસરે સોહામણો, આવ્યો માસ વસંત, સુરંગાં ખેલણાં.
રસિયા ખેલે બાગમેં, ગાવે રાગ વસંત, સુરંગાં ખેલણાં.
બોલસિરી જાઇ જૂઇ, કુંદ અને મુચકુંદ,–
ચંપક પાડલ માલતી, ફૂલી રહ્યાં અરવિંદ–
દમણો મરૂઓ મોગરો, સબ ફૂલી વનરાય–
એક ન ફૂલી કેતકી, પીયુ વિણ હર્ષ ન થાય–
આંબા મોર્યા અતિ ઘણા, મજર (મંજરી) લાગી સાર,–
કોયલ કરે ટહુકડા, ચિહું દિશિ ભમર ગુંજાર–
જુગબાહુ રમવા ચલ્યો, મયણરેહા લૈ સાથ,–
બાગમાંહિ રમે રંગશું, ફૂલ ધર્યું નિજ હાથ–
નિર્મલ નીર ખંડો ખલી, ઝીલે રાજ મરાલ,–
પ્રેમદાશું પ્રેમે રમે, નાખે લાલ ગુલાલ–

ભોજન ભક્તિ યુક્ત ભલી, કરતાં થઇ અવેર,-
રાત પડી રવિ આથમ્યો, પ્રસર્યો પ્રબલ અંધેર-
નિર્ભય ઠામ જાણી રહ્યો, રાતેં બાગ મઝાર,-
કેલીઘર સૂતો નૃપ, થોડો શો પરિવાર-
ચોથી ઢાલ પૂરી થઇ, ઝુંબખડાની જાતિ,-
સમયસુંદર કહે હવે સુણો, રાતે હોશે જે વાત-

—નમિરાજા પ્રત્યેક બુદ્ધ રાસ રચ્યા સં૦ ૧૬૬૨

વસંતવર્ણન

એહવેં માસ વસંત આવીઉં, ભોગી પુરૂષાં મન ભાવીઉં,
રૂડી પરઇં ફૂલી વનરાઇં, મહકેં પરિમલ પુહવી ન માઇં.
સખર ઘણું મહોર્યા સહકાર, માંજરી લાગી મહિકેં સાર,
કોયલ બઇઠી ટીહૂકા કરે, શાખા ઉપરિ મધુરે સ્વરેં.
છયલ છબીલા નર છોગાલ, ગાઇ વાઇ બાલ ગોપાલ,
ચતુર માણસને હાથે ચંગ, મેઘનાદ વાજઇ મિરદંગ.
ફૂટરાં ગીત ગાઇં ફાગનાં, રસિક ભેદ કહઇં રાગનાં,
ઊડે લાલ ગુલાલ અબીર, ચિહું દિસિ ભીંજેઇ ચરણા ચીર.
નગરમાંહિ સહુકો નરનારિ, આણંદ ક્રિડા કરઇ અપાર,
ઢલતી રામગિરિ એ ઢાલ, સમયસુંદર કહે વચન રસાલ.

—પ્રિયમેલક રાસ, ર. સં૦ ૧૬૭૨.

કવિ પોતાના સમયનું પ્રતિબિંબ છે.

કવિ એ પોતાના સમયનું ચિત્ર નજર આગળથી દૂર કરી શકતો નથી. કલ્પનાના અંતર્પટ પર ખેંચેલાં ચિત્રો કે આદર્શભાવનામાંથી ઉતારેલાં પાત્રોનાં આલેખનો વાણીમાં ચિતરતી વખતે કવિ આસપાસની પરિસ્થિતિ થોડો વખત ભૂલી જાય, છતાં યે સંપૂર્ણ રીતે પોતાના સમયની

સ્થિતિમાંથી સંપૂર્ણ રીતે કવિ મુક્ત થઇ શક્તો નથી. પ્રચલિત કથાઓ કે શાસ્ત્ર—પુરાણની દંતકથાઓને સ્વભાષામાં, કવિતામાં, અવતારતીવેળા આખ્યાનક કવિઓથી સ્વસમયની સ્થિતિ કદિ વીસરાતી નથી. આખ્યાનોનો હેતુ રસ અને બોધ આપવાનો છે અને તેથી મનુષ્યઆત્માની સ્વાભાવિક પ્રેરણા-(ideal)ને વ્યાપકરીતે અંત સુધી અખંડપણે આપવામાં ભાવનામય-આદર્શમય કવિઓ ચીવટથી વળગી રહે તેવું આખ્યાનોમાં સ્વાભાવિક રીતે હોતું નથી. આટલું છતાં આખ્યાનમાં માત્ર હકીકતો કહી જવી એટલું જ કાર્ય કવિનું નથી. તેમાં તેને પ્રેરણામય ભાવના સાથે વસ્તુસ્થિતિના ચિત્રકાર(realist) થવું પડેછે. રાસાઓ એ મુખ્યપણે આખ્યાનો છે-કથાવર્ણનો છે. તેના રચનાસમયનાં આચાર, વ્યવહાર અને રહેણી-કહેણીની વાતો તેમાં પ્રવેશ પામે છે તેથી તે સમયનું થોડું ઘણું સામાજિક જ્ઞાન પણ થાય છે.

આ કવિએ દુમુખરાજા (પછીથી પ્રત્યેક બુદ્ધ) ની પટરાણી ગુણમાલાને સાત પુત્ર થયા છતાં પુત્રીની ઇચ્છા થઇ તે હકીકત લઇને કેટલીક સ્ત્રીઓ સામાન્ય રીતે અતૃપ્ત હોય છે તેના પર એક ઢાળ તેના પ્રબંધમાં રચી અને ખાસ કરી છેવટે ગૂજરાતી સ્ત્રીઓને માટે તે હકીકત લાગુ પડે છે એવું જણાવી કવિ અંતે ટોણો મારે છે કે પોતાનું કહેવું સાચું છે કે નહિ તે જાણવું હોયતો 'ગૂજરાતી લોક પૂછજ્યોરે, તે કહેશે તતકાલ !' તે ઢાલ નીચે પ્રમાણે છે:—

અતૃપ્ત સ્ત્રી

આ કામિની તૃપ્તિ ન પામે કેમ,
રઢ લીધી મૂકે નહી રે, પગ પગે નવનવા પ્રેમ રે—આ કામિની.
જનમથી માયા કેલવી રે, શીખે ઘરનું સૂત્ર,
ઘુલડીયેં રમતી કહેરે, એ મુજ પતિ એ પુત્રરે—
દેહ સમારે દિન પ્રત્યેં રે, શીખી નાણ વિન્નાણ,
અણખ અદેખાઇ કરે રે, ગાયે ગીત નેં (ત્રિયનાં) ગાન રે—

આરાધે કુલદેવતા રે, વિનતિ કરે વારંવાર,
ગોરીગણ ગોરી રમે રે, ભલો હોજો ભરતાર રે—
પરણી પણ રહે ઝૂરતી રે, વશીકરણ એકાંત,
કિમહિ પિયુડો વશ કરૂં રે, પૂરૂં મનની ખાંત રે—
સુખ પામે ભરતારનું રે, તો પુત્ર વાંછે નાર,
પુત્ર પાંખે કહે કામિની રે, કાંઇ સરજી કિરતાર રે—
પુત્ર પરણાવું પ્રેમશું રે, વહૂ દેખું એક વાર,
ગોદ ખેલાઉં પોતરા રે, સફળ કરૂં અવતાર રે—
બાલક પીડા ઉપજે રે, પ્રાયેં ઉગમતે સૂર,
ખેત્રપાલેં ભમતી રહે રે ઢોલે તેલ સિંદૂર રે—
પુત્ર પ્રમુખ સુખ ઉપનાં રે, તોપણ જીવ ઉદ્વેગ,
ગુણમાલા રહે ઝુરતી રે પુત્રી ન પામી એક રે—
ચોરી ન બાંધી આંગણે રે, તોરણેં નાવિ જાન,
પેસતો જમાઇ ન પોંખીયોં રે, તે જીવ્યું અપ્રમાણ (કુણ જ્ઞાન) રે—
હાથ મુકાવણ હાથીયો રે, કે ઘોડા કે ગામ,
જમાઇ ન દીધો દાયજો રે, તો ધન કેહું (કેહે) કામ રે—
ધનતન (ધણતણ) સઘલી નારીનો રે, સહજ સદાંરો એહ,
પુત્ર થકી પણ વાલહો રે, નવલ જમાઇ નેહરે —
માન્યા ઇચ્છણં માનણાં રે, દોડિ દેવાલે જાય,
દોડધાવ કરતા થકાં રે, કિણુ મેલે પુત્રી થાય રે—
સમયસુંદર કહે મેં ભણી રે, એણીપરેં ત્રીજી ઢાલ,
ગુજરાતી લોક પૂછજ્યો રે, તે કહેશે તતકાલ.

—(દુમહ નામના બીજા પ્રત્યેક બુદ્ધનોરાસ.)

નમિરાજ ઋષિ નામના ત્રીજા પ્રત્યેક બુદ્ધના ચરિત્ર પરના રાસમાં કવિ પહેલાં સુદર્શન નામના નગરનું વર્ણન કરે છે તેનો મુખ્ય

ભાગ જે આગ્રા નગરમાં કવિ તે રાસ રચી રહ્યા છે તેનું જ વર્ણન કરતો હોય તેમ જણાય છે. આગ્રામાં રચના સમયે (સં૦ ૧૬૬૨) મહાન્ અકબર સ્વર્ગસ્થ થયા પછી જહાંગીર બાદશાહ થયો હતો. મોગલ સલ્તનતના દરબારો અને તેની રાજધાની કેવી હોઇ શકે તેનું કંઇક વર્ણન સુદર્શન નગરના વર્ણનમાં કવિએ મૂકેલું છે:—

નગર વર્ણન

જંબુદ્વીપ સોહામણો, ક્ષેત્ર ભરત રસાલ,
દેશ અવંતી દીપતો, કદી ન પડે દુષ્કાલ.
નગર સુદર્શન અતિ ભલું, બહુ ઋદ્ધિ સમૃદ્ધિ,
વારૂ વસે વ્યવહારીયા, દેશ દેશ પરસિદ્ધ—નગર૦
ઉંચાં મંદિર માલીયાં ઉંચા રાજ પ્રાસાદ,
દંડ ઉપર ધ્વજ લહલહે, કરે સ્વર્ગશું વાદ.
અંતેઉર જાણે અપચ્છરા, ઇંદ્રે મૂકી આણી,
દૈત્ય થકી ડરતે થકે, નિર્ભય ઠામ જાણી.
કિહાં કિણે રાજસભા જડી, મહેતા પરધાન,
શેઠ સેનાપતિ સૂત્રવી, ખોજા ને ખાન.
કિહાં કણે છત્ર ધરાવતો, બેઠો ભૂપાલ
હુકમ ચલાવે આપણો, માને બાલ ગોપાલ.
કિહાં કણે ભૂપ આગળ ભલા, વઢે જેઠીમલ્લ,
હુશીયાર રહે હવે રામલા, વાહે વલી ગાલ.
કિહાં કણે શુંઢ ઉલાલતા, ઝરતાં મદવારિ,
સુંદર શશિ સિંદૂરીયા, ઘૂમે દરબારિ.
કિહાં કણે ઘોડા જુલમતી, સોવન જડિત પલાણ,
તાજા તેજી હીંસતા, દીસે દીવાણ.
કિહાં કણે વલી પાયક લડે, સામે હથિયાર,
એક વાહે ઘા એકને, એક ટાલણહાર.

કિહાં કણે ઘડીયાલાં ઘડી, વાજે વારંવાર,
કાલ જણાવે લોકને, રેહેજો હુશિયાર.
કિહાં કણે વલી નોબત તણા, વાજે નીશાણ,
જાગોરે જાગો ધર્મ કરો, લોકને કરે જાણ.
કિહાં કણે કનક રૂપા તણી, પડે તિહાં ટંકશાલ,
ગંજ ખજાના ઉપર રહે, બહુત રખવાલ.
કિહાં કણે બેઠા ચઉતરે, કાજી કોટવાલ,
ઝગડો ભાંજે લોકનો, ન લીધે લાંચ વિચાલ.
કિહાં કણે દોશી કાપડા, વેચે પટકૂલ,
જેમ તેમ સાટું મેલવે, દલાલ વાતુલ.
કિહાં કણે બેઠા જવહરી, જવાહીર લેઇ જોય,
મોતી માણક લાલડે, લાભ પામે સોય.
કિહાં કણે માંડયાં કંદોઇએં, સુખડી બહુ હાટ,
ગુંદવડાં પેંડા ભલા, દીઠે ગલે દાઢ.
કિહાં કણે સખરા સુરહીએ, ચૂઆ ચંપેલ,
મહમહતા માંડયાં ઘણાં, મોઘરેલ ફૂલેલ.
કિહાં ઘંટા રણકે દેહરે, જિનબિંબ વિચિત્ર,
શ્રાવક સ્નાત્ર પૂજા કરે, કરે જન્મ પવિત્ર.
કિંહાં વલી સાધુ ને સાધવી, બેઠાં પોશાલ,
દ્યે ભવિયણને દેશના, વાંચે સૂત્ર રસાલ;
કિહાં ભલે આંક ભણે ઘણા, નીશાલે બાલ,
છ દુ બાર મુખેં કહી, ઘડો દે તતકાલ.
કિહા કાજી મુલ્લાં પઢે, કિતાબ કુરાણ,
કિહાં વલી બ્રાહ્મણ વેદીયા, ભણે વેદ પુરાણ.
કિહાં બજાર બાજી પડે કિહાં ગીત ને ગાન,
કિંહાં પવાડા ગાઇયેં, કિહાં દીજે દાન

કિહાં વલી નગરની નાયકા, બૈઠી આવાસ,
હાવ ભાવ વિભ્રમ કરી, પાડે નર પાસ.
કિહાં વલી મોતી પ્રોઇયેં કિહાં ફટિકની માલ,
કિહાં પરવાલાં કાઢીયેં, હીંગલો હરિયાલ.
કિહાં ધાનના ઢગ માંડીયા, કિહાં ખડના ગંજ,
કિહાં ઘી તેલ કૂંડાં ભર્યાં, કિહાં કાષ્ટના પુંજ.
ચઉરાશી ચઉટા ભલા, ભલી પોલ પ્રાકાર,
ભલી બાજાર ત્રિપોલિયા, ભલા સકલ પ્રકાર.
નગર સુદર્શન વર્ણના, એ પહેલી ઢાલ,
સમયસુંદર કહે હવે કહું, તિહાં કોણ ભૂપાલ

આમાં ખોજા, ખાન, કાજી, કોટવાલ, જવેરી. ટંકશાલ, ઘડિયાલ, સરૈયા (અત્તરવાળા), મુલ્લા–કુરાન, નાયિકા વગેરેને સ્થાન આપ્યું છે, તેમ જ ભૂપાલ પણ જહાંગીરી હુકમવાળો (હુકમ ચલાવે આપણો, માને બાલ ગોપાલ) વર્ણવ્યો છે એટલું જ નહિ પણ જેને મલ્લબાજી, પટ્ટાબાજી, હાથી ને ઘોડાના ખેલો પસંદ છે એવું જણાવ્યું છે તે જહાંગીર બાદશાહને લાગુ પડે છે. મોટી ઘડિયાલ અકબર બાદશાહના વખતમાં દાખલ થઇ હતી તેનો પણ ઉલ્લેખ કર્યો છે.

ચંપક શ્રેઠીની ચોપઇ સં૦ ૧૬૬૫ માં કવિએ રચી તેમાં કથા પ્રસંગમાં દુકાલનું વર્ણન કરતાં કવિ પોતાના સમયમાં સં૦ ૧૬૮૭ માં પડેલા દુકાળનું વર્ણન ટાંકે છે;—

દુકાળનું વર્ણન—

તિણિ દેસઇ હિવ એકદા પાપી પડયઉ દુકાલ,
બાલ વરસ સીમ બાપડા, કીધા લોક કરાલ.
વલિ મત પડજયો એહવઉ, કાલ મહા વિકરાલ,
જિણિ વિછોહ્યા માબાપ સુત, ભાગા સબલ ભૂપાલ

ખાતાં અન્ન ખૂટી ગયા, કીજઇ કુંણ પ્રકાર.
ભુખ સગી નહી કેહની, પેટ કરઇ પોકાર.
સગપણ કોઇ ગિણઇ નહી, મિત્રાઇ ગઇ ભૂલ,
કોક દાવિ માંગઇ કદે, તઉ માથઇ ચઢઇ સૂલ.
પ્રાણ મૂંકિ વડ માણુસે, માંગવા માંડી ભીખ,
તે પણિ કો આપઇ નહી, દુખીએ લીધી દીખ.
કે બઇયર મૂંકી ગયા, કે મૂંકી ગયા બાલ,
કે માબાપ મૂંકી ગયા, કુંણ પડઇ જંજાલ.
બાપે બેટા વેચીયા, માંટી વેચી બયર,
બયરે માંટી મૂકીયા, અન્ન ન દ્યઇ એ બયર.
પરદેશે ગયા પાધરા, સાંભલ્યઉ જેથિ સુગાલ,
માણુસ સંબલ વિણ મૂઆ, મારગમાંહિ વિચાલ.
ગઉખે બઇઠે ગોરડી, વીંઝણે ઢોલતિ વાય,
પેટનઇ કાજિ પદમિની, યાચઇ પરઘરિ જાઇ.
ભોજન અમૃત જીમતા, ખાતા દ્રાખ અખોડ,
કાંટી ખાયઇ કોરડી, કે ખેજડનાં છોડ.
જતીયાં દેખી જીમતા, ઊભા રહતા આડિ,
તે તઉ ભાવ તિહાં રહ્યા, જિમતા જડઇ કમાડ.
દેવ ન પૂજઇ દેહરઇ, પડિકમઇ નહી પોસાલ,
સિથિલ થયા શ્રાવક સહુ, જતી પડયા જંજાલ.
રડવડતા ગલિએ મુઆ, મડા પડયા ઠામિ ઠામિ,
ગલીમાંહિ થઇ ગંદગી, દ્યઇ કુણ નાંખણ દામ.
સંવત સોલ સત્યાસિયઇ, તે દીઠઇ એ દીઠ,
હિવ પરમેશ્વર એહનઇ, અલગઉ કરે અદીઠ.
હાહાકાર સબલઉ હુઅઉ, દીસઇ ન કો દાતાર,
તિણ વેલા ઊઠયઉ તિહાં, કરિવા વલી ઉદ્ધાર.

હુવે આપણે જોશીનું વર્ણન જોઇએ:—

ઢાળ દસમી-કપૂર હુયઇ અતિ ઉજલું રે. એહની.

રાગ કેદારો ગોડી.

રૂપ કીધું બ્રાહ્મણ તણું રે. ચાલ્યઉ નગર મઝારિ
હાથે લીધું ટીપણું રે, વાંચઇ તિથિ નઇ વાર.
—જોસીયડઉ જાણઇં જોતિષ સાર,
એતઉ નિમિત્ત પ્રકાશઇ અપાર—જોસિયડઉ૦

સ્નાન કરી તટની જલઈં રે, ઢલતા મુકયા કેસ,
માથઇં બાંધ્યું ફાલોયું રે, વારૂ બણાયઉ વેસ—જોસિ૦ ૨
તિલક કીધું કેસર તણું રે, વિચિમાંહિ નખસું ચીરિ,
અદભુત આડિ બિહુ ગમાં રે, સુંદર ચક્ર સરીરિ—જો૦ ૩
ધોલું ખીરોદક ધોતીયું રે, જનોઇ સુવિસાલ.
હરિ વિષ્ણુ હરિ વિષ્ણુ મુખિ જપઇરે, તુલસીની જપમાલ—જો૦ ૪
હેમકમંડલુ હાથમઇં રે, નીર ભરિઉ નિત જાણિ,
વેદ ભણઇ મુખિ વેદીયડેરે, કહઇ સહુનઈં કલ્યાણ—જો૦ ૫
ભમતઉ **ભામા** ઘરિ ગયઉરે, દીઠી કુબજા દાસિ,
સુંદર રૂપ સરલ તનૂરે, તતખિણ કીધું તાસિ--જો૦ ૬
અચરિજ દાસી ઉપનું રે. કીધું ચરણ પ્રણામ,
પૂછ્યું કેથિ પધારસ્યઉ રે, જમસ્યું ભોજન કામ ?—જો૦ ૭
સત્યભામા મુઝ સામિની રે, આવઉ તસુ આવાસિ,
મોદક મીઠા આપસ્યું રે, દેસ્યઉ મુઝ સાબાસિ--જો૦ ૮
વિપ્ર બાહિરિ મુંકિ માંહિ ગઇ રે, દાસિ **ભામા** પાસિ,
દીવ્ય રૂપ નવિ ઉલખીરે, રહિય વિમાંસિ વિમાંસિ--જો૦ ૯
કુબજા દાસી હું તુમ્હ તણી રે. કહી બ્રાહ્મણની વાત,
દઉડિ તેડી આવિ તેહનઇં રે, સિદ્ધ પુરૂષ સુવિખ્યાત--જો૦ ૧૦

વેદ ભણુંતઉ આવીયઉ રે, દીધઉ આસિરવાદ,
ભામા ઉઠિ ઉભિ થઇ રે. પ્રણુમ્યા ચરણ પ્રસાદ--જો૦ ૧૧
ભામા ભગતિં ઇમ ભણુઇ રે, એક કરૂં અરદાસ,
રૂકમણિનું રૂપ રૂયડું રે, મૂઝથી અધિક પ્રસાદ--જો૦ ૧૨
તિણિ તેહનઇં માનઇ ઘણું રે, કૃષ્ણજી કંત મુરારિ,
અધિક રૂપ કરિ માહરૂં રે, મનિસું તુમ્હ ઉપગાર--જો૦ ૧૩
ચિત્ત ઉત્તરઇં કંતનુરે, રૂકમણિથી એક વાર,
તઉ હું જાણું માહરૂં રે, જીવિત સફલ સંસાર--જો૦ ૧૪
વિપ્ર કહિં વિધિ છઇ ઘણી રે, તે જઉ સર્વ કરેસિ,
તઉ રૂપ થાસ્યઇં તેહવું રે, દેખી વિસમય ધરેસિ—જો૦ ૧૫
જે કહો તે સ્વામી હું કરૂં રે, વેગિ મ લાયઉ વાર,
મસ્તક મુંડિ તું આપણું રે, આભ્રણ સવિ ઊતારિ--જો૦ ૧૬
ખંડિત દંડિત અતિ જર્યાં રે, પહરી પુરાંણાં ચીર,
મસ્તક મુખ આંખિ મસિ ઘસીરે, સઘલું લેપિ શરીર--જો૦ ૧૭
જિમ કહ્યું તિમ ભામા કર્યઉં રે, અરથી ન દેખઇ દોષ,
દીસઇં રૂપ બીહામણું રે, જાણઇં ભૂત પ્રદોષ—જો૦ ૧૮
રૂંડ મુંડ સ્વાહા રૂડ બુડ સ્વાહારે, અઠોતરસઉ વાર,
મંત્ર ગુણે અણબોલતી રે, હોસ્યઉ રૂપ અપાર--જો૦ ૧૯
ભામા હું ભુખ્યો થયઉરે, ભોજન દ્યઇં ભરપૂર,
બઇસાર્યઉ વિપ્ર જમાડવારે, પ્રીસ્યા બહુ ધૃત પૂરરે –જો૦ ૨૦
પ્રીસ્યા લાડુ પાજલારે, વીવાહના પકવાન,
નિરષંતા સવિ નીઠવ્યાંરે, અચરિજ એ અસમાન--જો૦ ૨૧
રે રે વિપ્ર તું કૂણ છઇ રે, ત્રિપતિ ન પામઇં કિમ,
ઊઠિ ઊઠિ તુ ઇહાં થકીરે, પભણુઇ દાસી એમ--જો૦ ૨૨
--સં૦ ૧૬૫૯ માં રચેલ સાંબપ્રદ્યુમ્ન રાસ લખ્યા સં૦ ૧૬૫૯.

આમાં બ્રાહ્મણ જોશીનું કેવું તદ્રૂપ ચિત્ર આપ્યું છે! તે હાલના

જોશી સાથે સરખાવવા જેવું છે. તેવી રીતે ચીતારાનું આબેહુબ સ્વરૂપ કવિએ પોતાના એક અન્ય રાસ–બે હજાર વર્ષ પર થયેલી મૃગાવતી પરની ચોપાઇમાં આળેખ્યું છે તે અત્ર નીચે આપવામાં આવે છે. તેમાં કવિ પોતાના સમયની સ્થિતિ ભૂલી શકતો નથી. જે ચિત્ર ચિતારાએ દોર્યા છે તેમાં રાતાં મોં અને ચુંચી આંખવાળા ને માથે મોટા પાઘડા વાળા તિરંદાજ મુગલ અને કાબલી, કાળા હબસી પાંડુવર્ણ પઠાણ, કુરાન કિતાબ વાંચતા બુઢા કાજીનાં ચિત્રો મૂકયાં છે, એટલું જ નહિ પણ માથે મોટા ટોપા ઘાલનાર ને કોથળા જેવાં ઢીલાં સુંથણાં (પાટલુન) પહેરનારા છેડતા કરતાં કોપાયમાન થનાર ફિરંગીઓને પણ બાકી રાખ્યા નથી. આ અકબર--જહાંગીરના સમયમાં વેપાર અર્થે જૂદે જૂદે સ્થળે કોઠીઓ નાંખનાર અંગ્રેજો–પોર્ટુગીઝો છે. આમ કરી કવિએ સમય વિરોધનો દોષ વ્હોરી લીધો છે. અને એવો કાલ વિરોધ ઘણે સ્થળે દેખા દે છે, તેનાં દૃષ્ટાંતો ત્રણેક અગાઉ અપાઇ ગયાં છે.

ચતુર ચિતારો

ખંડ ૨ જે ૫ મી ઢાળ રાતડીયાં રમીનઇં કિહાંથી આવીયારે–
એ દેશી–રાગ પરજીઓ.

સકલ ચીતારામાંહિં સુંદર રે, નિપુણ છઇ જેહનું નામ રે,
રાજમહલ દીધો તેહનઇં રે, વારૂ કરવા ચિત્રામરે
--ચતુર ચીતારો રૂપ ચીતરઇ રે.
ચતુર ચીતારો રૂપ ચીતરઇ રે, રાજમહલ તણી ભીંતિરે,
ન્યાન વિન્યાન નવાં કેલવઇ રે; રંજવા રાજાનૂં ચીતરે– ચતુર૦
ચઉદ સુપન પહિલાં ચીતર્યા રે, ચીતર્યા આઠ મંગલીક રે,
રામ સીતા રૂપ ચીતર્યા રે, લષમણ રામ નજીક રે– ચતુર૦
વળીરે વાનર હનુમંત ચીતર્યા રે, જેહનું લાંબું પુંછરે,
રૂપ વિસિષ્ટ તણું ચીતર્યું રે, મોટી ડાઢી મોટી મુંછ રે– ચતુર૦

રૂપ લષ્યું રાવણ તણું રે, દસ માથાં ભુજ વીસરે,
ષડગ ચંદ્રહાસ તે હાથમઈ રે, શ્રવણ નયણ જસ વીસરે- ચતુર૦
ઇશ્વરનું રૂપ ચીતર્યું રે, અહિ આભરણ રૂંડમાલરે,
ચંદ્રકલા ગંગા સિરઈ રે, વૃષભ વાહન કંઠ કાલ રે-- ચતુર૦
રૂપ બ્રહ્માતણું ચીતર્યું રે, ચતુર્મુખ બુઢો જટાલરે,
હાથ કમંડલ જલ ભર્યું રે, જનોઇ જપમાલ રે- ચતુર૦
રૂપ લિષ્યું શ્રી કૃષ્ણનું રે, મુરલી મનોહર શામ રે.
શંખ ગદા ચક્ર હાથમઈ રે. ચતુર્ભુજ અતિ અભિરામ રે- ચતુર૦
ચંદ સૂરજ નવગ્રહ ચીતર્યા રે, ચીતર્યું ગણેસનું રૂપ રે.
પેટ મોટું સુંડિ ગજ તણી રે, ઉંદિર વાહન અનૂપ રે- ચતુર૦
ભલા બઈ ભારંડ પંષી ચીતર્યા રે, એક ઉદર ગાબડિ દોય રે,
જુગતિં ભષઇ ફલ જુજુઆં રે, જીવ જુદા બેઊ હોઇ રે- ચતુર૦
ગરૂડ મયુર સુક સારિકા રે, પંખી રૂપ અનેક રે,
નિપુણ ચીતારઇ સઘલાં ચીતર્યા રે, વારૂ જાંણ વિવેક રે- ચતુર૦
મુગલ કાબલી ચીતર્યાં રે, મુખ રાતા ચુંચી આંષિરે,
માથઈ મોટા પાઘડ દૂમણા રે, તે જાંણઇ તીર નાંષિ રે- ચતુર૦
રૂપ ફરંગી ચીતર્યા રે. માથઇ મોટા ટોપ રે,
ઢીલા પહિરઇ સૂથણ કોથલા રે, છેડયા કરઇ બહુ કોપ રે- ચતુર૦
પંચવરણ આભાં ચીતર્યાં રે, ચીતર્યા પોલિ પાગાર રે,
ચતુર ચીતારો જાણપણઇ ઘણું રે, ચીતર્યા સકલ પ્રાકાર રે- ચતુર૦
હબસી કાલા અતિ ઘણું રે, પાંડુર વરણ પઠાણ રે,
ગરઢા બૂઢા કાજી ચીતર્યા રે, વાંચતા કતેબ કુરાણ રે- ચતુર૦
નિપુણ ચીતારઇ દીઠો એકદા રે, મૃગાવતી તણો અંગૂઠ રે,
વસ્ત્ર અંતરિ પણિ પ્રગટીઓ રે, કાંતિ કરી અતિ સુદ્ધ રે- ચતુર૦
તેહનઇ અનુસારઇં સઘલી ચીતરી રે, મૃગાવતી રાણીનું રૂપ રે,
સકલ કલા આપણી કેલવી રે, કીધો તેહનૂં સરૂપ રે- ચતુર૦

રૂપ ચીતરતાં રાંણી તણો રે, સાથલિ પડયો મસિ બિંદ રે,
ચતુર ચીતારો વિલષો થયો રે, એહ જણાવઇ દુષ દંદ રે- ચતુર૦
બીજી વાર બિંદુ ભૂંસીઉ રે, વલિ પડયો તેંણિ જ ઠામ રે,
વલી રે ચીતારઇ દૂરઇં કીઉ રે, એહનો ઇહાં નહીં કામ રે- ચતુર૦
ઇમ વાર વાર તિહાં પડઇ રે, મસિનો બિંદ તે એક રે,
ચતુર ચીતારઇ દૂરઇં કીઉરે, મન ધરી પરમ વિવેક રે- ચતુર૦

—મૃગાવતી ચોપઇ. લ. સં૦ ૧૭૧૫.

વીણાધારી ગાયક.

ઢાલ પનરમી-ખંભાયતી રાગ-જેસલમેરૂ જીરાઉલઇ રે-એ દેશી.

સંબ પ્રજૂન્ન કુમર ચલ્યા રે, વિદ્યાબલિ આવાસો રે,
રૂપ કીધું ચંડાલનું રે, કાંતિ કલા સુપ્રકાશો રે-૧
તોરે કોડડે વેદરભી, પરણિ કુયરીરે, મોરી માતજી,
મન આસા પૂરૂં તાહરી રે- તોરે૦ ૧
ભોજક કટક નગરમહિં ભમઇ રે, ગાયઇં ગીત રસાલોરે,
વિચિ વિચિ વાયઇ વાસલી રે, એક વીણા એક તાલો રે- તોરે૦ ૨
હા હા હૂ હૂ અવતર્યા રે, દેવ ગાયક દિવ્ય રૂપો રે,
સગીત ભેદ સમુચ્ચરઇ રે, સુંદર સકલ સરૂપો રે- તોરે૦ ૩
સપ્ત સ્વર ત્રિણ ગ્રામસું રે, મૂર્ચ્છના એકવીસ માનો રે,
સર મંડલ પૂરઉ જઇ રે, ચ્યાલીસ ને નવ તાંતો રે- તોરે૦ ૪
ટોલઇ ટોલઇં મિલઇં તિહાં રે, નરનારીના વૃંદ રે,
દેવ વિમાન થંભી રહઇં રે, પામઇં પરમાણંદો રે- તોરે૦ ૫
પામઇં સુખ સંયોગિની રે, વિરહણી રાહુ આરાધઇ રે,
ચંદ્ર વાહન મૃગ નવિ ચલઇં રે, નાદિ બંધ્યો નિસિ વાધઇ રે- તોરે૦ ૬
કાચિત હાર પરોવતી રે, અર્ધવિચ નાંખી આવઇ રે,
કાચિત પ્રીયુ અણપ્રીસતી રે, ઘી અણપ્રીસ્યાં ધાવઇ રે- તોરે૦ ૭
કાચિત ગીત વિનોદિની રે, પ્રીયુ હટકી વિલખાણી રે,
કાચિત પગતે માંડણે રે, અણસુકી ઊજાણી રે- તોરે૦ ૮

કાચિત ધરિ ઘીનઉ ઘડઉં રે, નીસરિ મૂકી ઢલતોરે,
કાચિત ધાન ચૂલ્હઇ ચડયઉ રે, મુગધા મૂંકઈ બલતો રે- તોરે૦ ૯
કાચિત ન ગણુંઇ નાહલઉ રે, ગાલિ દેતઉ ઊછલતો રે,
કાચિત છાયલ છેહડઉ રે, ઉંચઉ લ્યઇ નહી રલતઉ રે-- તોરે૦ ૧૦
કાચિત વીણુ ગુંથાવતી રે, નીસરી છૂટઇ કેસો રે,
કાચિત ભોલી ભામિની રે, અરધઉ પહિરઇં વેસો રે- તોરે૦ ૧૧
નાદઇ મોહ્યા મિરગલા રે, આપઇં આપણું સીસો રે,
નાદઇ મોહ્યા વિષધરા રે, ડોલઇં મૂકી રીસો રે- તોરે૦ ૧૨
નાદઇ મોહ્યા કૃષ્ણજી રે, નાદઇ ઇશ્વર નાચ્યઉ રે,
નાદઇ બ્રહ્મા વસિ કીયઉ રે, સુરરમણીસું રાચ્યઉ રે- તોરે૦ ૧૩
નાદઇ ચિત્ત વિનોદસું રે. દુખિયા કાલ ગમાવઇ રે.
નાદઇ સુખિયાં સુખ લહઇ રે, જોગી ચિત્ત રમાવઇ રે- તોરે૦ ૧૪
ચ્યાર વેદ તિમ પાંચમઉ રે, એ ઉપવેદ સવાદો રે,
વલિ વિસેષ વખાણીયઉ રે. નારીમોહન નાદો રે- તોરે૦ ૧૫
નાદ વિના સોભઇ નહી રે પંડિતનઇં મુખિ વાણી રે.
માન વિના સોભઇ નહી રે, જિમ રાજા પટરાણી રે- તોરે૦ ૧૬
લવણ વિહુણી રસવતી રે, જિમતા સ્વાદ ન આપઇ રે,
લોક માહિં હાંસી લહઇં રે કંઠ વિના આલાપઇં રે- તોરે૦ ૧૭
દીપક રાગ દીવા બલઇ રે, અગનિ વિના તતકાલો રે,
પંચમ નવપલ્લવ તરૂ રે, ઇમ સગલી રાગમાલો રે- તોરે૦ ૧૮
ગમતું ગાયઇં ડુંબડા રે, હીયડઇં હરષિત હોઇ રે,
નરનારી મોહી રહા રે, સાંભલતાં સહુ કોઇ રે- તોરે૦ ૧૯
વૈદરભી વાત સાંભલી રે, તેડ્યા ડુંબ તુરંતોરે,
બાપ પુછઇ બઇસી કરી રે, ગવરાવ્ય ઓ ગુણવંતા રે- તોરે૦ ૨૦
પૂછ્યા કિહાંથી આવીઆરે, સ્વર્ગ થકી સુખવાસો રે.
દ્વારિકા નગરી માંહિ થઇ રે, અમ્હે આવ્યા તુમ્હ પાસો રે- તોરે૦ ૨૧

કુમરી કહઇ સુત કૃષ્ણનઉ રે, જાણઉ કુમર પ્રજુન્નો રે,
સંબ કહઇં કુણ નોલખઇ રે, એહવા પુરૂષરતન્ન રે- તોરે૦ ૨૨
કુમરી મન મોહઉ ગુણે રે, રાગ ધર્સ્યો પરછન્નો રે,
જઇ પરણું તઉ તેહનઇ રે, નહિ તરિ અગનિ સરન્ન રે- તોરે૦ ૨૩
એહવે ગજ આલાનથી રે, છૂટઉ કરઇ વિનાસોરે,
કુણ નર ઝાલઇં તેહનઇં રે, જઇ ન સકઇં કો પાસે રે- તોરે૦ ૨૪
રાજા પડઉ વગાડીયઉ રે, જે હાથીનઇં ઝાલઇં રે,
રાજા રંજ્યઉ તેહનઇં રે, જે માગઇ તે આલઇ રે- તોરે૦ ૨૫
હાહી ઢંઢેરો છબ્યઉ રે, લોક અચંબઉ આણુઇ રે,
ગાનઇં ગજ વસિ આણીયઉ રે, સહુ સાબાસી વષાંણુઇ રે- તોરે૦ ૨૬
માગઉ માગઉ માંગણઉ રે, પૂરૂં મુઝ પ્રતિન્યા રે,
રાંધણહારી કોઇ નહીં રે, દ્યઉ વૈદરભિ કન્યા રે- તોરે૦ ૨૭
રૂઠઉ રાજા ઇમ ભણઇ રે, ગામ સીમથી કાઢઉ રે,
નગર વિટાહ્યુ ડુંબડિરે, એ ભાંજો આષાઢઉ રે- તોરે૦ ૨૮
ગાયણુ ગામ બાહિર ગયા રે, રાજાસું નહિ જોરઉ રે,
સંબ કહઇં પ્રજૂન્નનઇ રે, વિદ્યાબલ કાંઇ ફોરઉ રે- તોરે૦ ૨૯
—સાંબ પ્રદ્યુમ્નરાસ, રચ્યા સં૰ ૧૬૫૯; લખ્યા સં૰ ૧૬૫૯.

મૃગાવતીનું રૂપવર્ણન.

બીજી ઢાળ નાયકાની, રાગ કેદારો.

તસ ઘરણી મૃગાવતી રે સુંદર રૂપ નિધાન રે, મૃગાવતી
ચેડાની સાતે સતી રે, એક એકથી પરધાન રે, મૃગાવતી
રૂપકલા ગુણ રૂયડી રે લાલ, રૂયડું સીલ આચાર રે, મૃગાવતી ૧
સ્યામ વેણી દંડ શોભતાં રે લાલ, ઉપરિ રાખડી ઊપરે, મૃ૰
અહિરૂપ દેષણ આવીઊ રે લાલ, મસ્તકિ મણિ આટોપરે, મૃ૰ રૂપ૦
બિહું ગમા ગૂંથી મીંઢલી રે લાલ, બાંધ્યો તિમિર મિથ્યાત રે, મૃ૰
વિચિ સઇંથો સીંદૂરીઉં રે લાલ, પ્રગટ્યો ધરમ પ્રભાતરે, મૃ૰ રૂપ૦

શશિ દલ ભાલ જીત્યો થકો રે લાલ, સેવઇ ઇસર દેવ રે, મૃ૦
ગંગાતટિ તપસ્યા કરઇ રે લાલ, ચિંતાતુર નિતમેવ રે. મૃ૦ ૩૫૦
નયન કમલ દલ પાંખડી રે લાલ, અણીઆલી અનૂપરે. મૃ૦
હવિ વધતી હટકી રહી રે લાલ, દેખિ શ્રવણ દોઇ કુપ રે. મૃ૦ ૩૫૦
નિરમલ તીખી નાશિકારે લાલ, જાણે દીવાની ધાર રે, મૃ૦
કાલિમા કા દીસઇ નહીં રે લાલ, ન બલઇ સ્નેહ લગાર રે, મૃ૦ ૩૫૦
અતિ રૂડી રદનાવલી રે લાલ, અધર પ્રવાલી વિચાર રે, મૃ૦
સરસતિ વદનકમલઇં વસઇરે લાલ, તસુ મોતિણકી માલરે, મૃ૦ ૩૫૦
મુખ પુનિમનો ચંદલો રે લાલ, વાણિ અમૃતરસ ભાવ રે, મૃ૦
કલંક દોષ દૂરઇં કીઉ રે લાલ, સીલ તણઇ પરભાવ રે, મૃ૦ ૩૫૦
કંઠ કોકિલથી રૂયડો રે લાલ, તે તો એક વસંત રે, મૃ૦
એ બારે માસ સારિખો રે લાલ, રૂપઇં ફેર અનંત રે, મૃ૦ ૩૫૦
કુંઅલી (કુમળી) બાંહ કલાચિકારે લાલ, કમલ સુકોમલ હાથરે, મૃ૦
રિદ્ધિ અનઇં સિદ્ધિ દેવતારે લાલ, નિત્ય વસઇ બઇ સાથિરે, મૃ૦ ૩૫૦
રિદય કમલ અતિ રૂયડો રે લાલ, ધરમ બુદ્ધિ આવાસ રે, મૃ૦
કટિ લંકિ જીત્યો કેસરી રે લાલ, સેવઇ નિત્ય વનવાસ રે, મૃ૦ ૩૫૦
ચરણ કનકના કાછિબા રે લાલ, ઉન્નત અતિ સુકુમાલ રે, મૃ૦
નખ રાતા અતિ દીપતા રે લાલ, દરપણ જિમ સુવિસાલ રે મૃ૦ ૩૫૦
દેવ ગુરૂ ધર્મ રાગિણી રે લાલ, અતિ દાતાર ઉદાર રે મૃ૦
ભગતિ ઘણી ભરતારની રે લાલ, સ્ત્રીનો એ આચાર રે. મૃ૦ ૩૫૦
એ બીજી ઢાલ જણાયો રે લાલ, નાયકા કેરી એહ રે, મૃ૦
સમયસુંદર કહઇ સાંભલો રે લાલ, રાગ કેદારઇ તેહ રે. મૃ૦ ૩૫૦
—સં૦ ૧૬૬૮ માં રચિત મૃગાવતી ચોપાઇ, લખ્યા સં૦ ૧૭૧૫.

દમયંતીનો ચંદ્રદ્વારા નલને સંદેશ.

ઢાળ ૫ મી ભાવનરી.

હો સાયરસુત સોહામણો, સોહામણો રે, હો સાંભલિ સુગુણ સંદેસ
હો ગગનમંડલ ગતિ તાહરી, તાહરી રે, હો દેખઇ તું સગલા દેશ,
—દેખઇ સગલા દેસ.

ચંદલિયા સંદેશો રે કહે માહરા કંતનઇ રે—
થાહરી અબલા કરઇ રે અંદેસ, અબલા કરઇ રે અંદેસ,
નાહલીઈ વિહુણી રે નારી હું કયું રહું રે—
હો વાલમ મઈ તોનઇ વારીઉ, વારીઉ રે, હો જૂવટઇ રમવા તું મ જાય,
હો રાજ હારી નલ નીસર્યો, નલ નીસર્યો રે, હો વનમાંહિ ગયો વિલપાય
વારીયો રહો વનમાંહિ—
ચંદલિયા સંદેસો હો કહે માહરા કંતનઇ રે—
હો નલ તુઝસું હું નીસરી, નીસરી રે હો આગમ લીધો દુખ આધ
હો મુઝનઇ તું છોડી ગયો, એવડો કિસ્યો અપરાધ.
ચંદલિયા સંદેસો હો કહે માહરા કંતનઇ રે—
હો સુતી મૂકી તઈ કાં સતી કાં સતી રે, હો પ્રમદા ન જાણી તઇ પીડ,
હો હાથિ જિને પરણી હુતી, પરણી હુતી રે, હો ચતુર કર્યણો કિમ ચીર—ચં૦
હો ઝબકિ જાગી ઝૂરવા, ઝૂરવા રે, હો પ્રિય તું ન દીઠો પાસ,
હો વનિ વનિ જોઉં તુનઇ વાલહા, હો વાલહા રે,
હો સાદ પણિ કીધા સો પચાસ— ચંદલિયા૦
હો નિરતિ ન પામી થાહરી નાહલા, નાહલા રે,
હો પગિ પગિ મૃગલી પણિ પૂછી,
હો રોઇ રોઇ મુઇ રાનમાં રાનમાં રે, હો મહીઅલ પડી હું મુર્છિ— ચં૦
હો કીધું તઈ ન કો કરઇ, કો કરઇ રે, હો પુરૂષાં ગમાડી પરતીતિ,
હો વિસ્વાસ ભાગો હવિ વાલહા, હો વાલહા રે, હો પુરૂષાં કેઇ પ્રીતિ - ચં૦
હો દષ્ટાંત થાહરો નલ ! દાખસ્યઇ, દાખસ્યઇ રે, હો કવિયણ કેરી રે કોડિ,
હો પુરૂષ કુડા મહા કપટીયા, કપટીયા રે, હો ખરી લગાડી ખોડિ— ચંદ૦
હો એહવા ચંદસું ઉલંભડા, ઉલંભડા રે હો દીધાં દવદંતી નારી,
હો ચઉથી ઢાલ પુરી કરી, પુરી કરી રે, હો સમયસુંદર સુવિચાર—
હો સમયસુંદર સુવિચાર
—ચંદલીયા સંદેશો રે હો કહે માહરા કંતનઇ રે.
—સં૦ ૧૬૭૩ માં રચિત નલ દવદંતી રાસ, લખ્યા પ્રત. સં૦ ૧૭૬૬

કવિએ પોતાના સં૦ ૧૬૭૨ માં રચેલા પ્રિયમેલક રાસમાં રાજ-કુમારને સાહસિક બનાવી સમુદ્રયાત્રા કરાવી તેનાં સાહસો વર્ણવ્યાં છે. તેની વાનગી રૂપે એક કાવ્ય લઈશું. જે પ્રતમાંથી આ ઉતારવામાં આવ્યું છે તે સં૦ ૧૬૮૦ માં લખાયેલી પ્રત છે એટલે કે રચ્યા સાલ પછી આઠ વર્ષે જ અને તે વળી કવિના જીવનમાં જ લખાયેલી પ્રત છે. તેથી તે વખતની ભાષાનો નમુનો પણ આ કાવ્ય પૂરો પાડશે.

ભાગ્યપરીક્ષા—

(ઢાલ ત્રીજી, વાલુંરે સવાયો વયર હું માહરૂજી—
મૃગાવતી ચઉપઇની એ ઢાલ.)

અમર્ષ કુમરનઇ આવીયોજી, કીયો મુઝશું પિતા કૂડી,
અવહીલ્યા જે આધા પડઇજી, ધિગ તે જનનઇં ધૂલિ. ૧
કરમપરીક્ષા કરણ કુમર ચલ્યોજી, ધનવતી ચલી ધણી સાથી,
કંત વિહૂંણી કિસિ કામિનીજી, અસ્ત્રીનઇં પ્રીયુ આથિ. ૨
—*કર્મપરીક્ષા કરણ કુમર ચલ્યોજી.
દેસ પ્રદેસે અચરિજ દેખસ્યુંજી, ભાગ્યનઉં લહસ્યું ભેદ,
સાજણ દૂજણ સમઝસ્યુંજી, ઇમ મનિ ધરીરે ઉમેદ. ૩ કરમ૦
યત: ''દીસઇં વિવિહચ્ચરિયં જાણિજ્જઇ સજ્જણ દુજ્જણ વિસેસો,
અપ્પાણં ચ કલિજ્જઇં હિંડિજ્જઇં તેણ પુહવીએ.''
આધિ રાતિ ઉઠિઉજી, સુંદરિ લીધી સાથિ,
સિંહલસુત મહા સાહસીજી, હથિયાર તરવારિ હાથિ. ૪ કરમ૦
તુરત ગયો દરિયાનઇં તટઇજી, સમુદ્ર ચડયો સાહસીક,
પ્રવહણ બઇઠઉ પરદ્વીપ ભણીજી, નારિનઇ લેઇરે નજીક ૫ કરમ૦
આગલિ જાતાં દરિયઉ ઊછલ્યોજી, તિમ વલી લાગઉ તોફાન,

* આ 'કર્મપરીક્ષા કરણ કુમર ચલ્યોજી' એ દેશી કવિના પછીના અનેક કવિએએ પોતાની કૃતિઓ માટે લીધી છે; સમયસુંદરની કૃતિની દેશીએ ઘણી પ્રસિદ્ધ થયેલી દેખાય છે.

પ્રવહણ ભાગો કોલાહલ પડયઉજી, અતિ દુખ પડયઉ આસમાન. ૬ કરમ૦
પુન્ય સંયોગયઇં પામ્યઉ પાટીયોજી, ધનવતી લીધઉં આધાર
નારિ સેંતી દુખ નીસરીજી, પામ્યઇ સમુદ્રનઉ પાર. ૭ કરમ૦
અબલા ચાલી તિહાંથી એકલીજી, વસતી જાઉં કિણ વેગિ,
કંત વિહૂંણી રૂપવંત કામિનીજી, ઉપજઇં કોડિ ઉદ્વેગ. ૮ કરમ૦
નગરિ નજીકિ નારી ગઇજી, પેખ્યો એક પ્રાસાદ,
દંડ કલસ ધ્વજ દીપતાજી, નવલા સંખનઇ નાદ. ૯ કરમ૦
ધનવતી પુછે કાંઇ ધરમિણીજી, કહિ બાઇ કુણ ઇ ગામ,
કુણ તીરથ એહ કેહનઉજી, એ મહિમા અભિરામ. ૧૦ કરમ૦
ગામ કુસુમપુર ગુણતિલઉજી, ઇંદ્રપુરી અવતાર,
પ્રિયમેલક તીરથ પરગડઉજી, સહુ જાણઇં સંસાર. ૧૧ કરમ૦
વેગિ મિલઇ પ્રિય વિછડયજી, નિત તપ કરઇ જે નારિ
ઇહાં બઇઠી અણબોલતીજી, પરતા પૂરઇં અપાર. ૧૨ કરમ૦
ધનવતી મૌન વરત ધરીજી, જાઇ બઇઠી જોગધ્યાન,
નાહ મિલ્યા વિણ બોલું નહીજી, એહ બલીયો અસમાન. ૧૩ કરમ૦
મનગમતી ઢાલ મારૂણીજી, દુખિયાં જગાવઇં દુખ,
સમયસુંદર કહઇ સુણતાં થકાંજી, સુખિયાં સંપજઇ સુખ. ૧૪ કરમ૦

દૂહા સોરઠી.

કુમરઇં પણ એક કોય, લાધઉં લાંબઉં લાકડઉં,
તરતઉ તરતઉ તોય, પારિઇં પહુંતઉ પાધરઉ. ૧
જેહવઇં આગઇં જાય, નગર રત્નપુર નિરખીયો,
રત્નપ્રભ તિહાં રાય, રાણી રતનાસુંદરી. ૨
રતનવતી બહુરૂપ, રાજા નઇ બેટી રતન,
સુંદર સકલ સરૂપ. ભરજોવન આવી ભલી. ૩

રાગ આસાઉરી-ઢાલ ચઉથી.

(સહુજિઇ છેહડઉં દરજણિ, સહુજિઇં તેહડો વાલી રે,
ભરજોબન માતી. એહની ઢાલ ૪)

તિણુ અવસર વાજઈ તિહાંરે, ઢંઢેરાનો ઢોલ,
ચઉરાસી ચઉહુંટે ભમઈ, બોલઇ વલિ એહવા બોલ રે,
રાજાની કુમરી મરિ રે, સાપ ખાધી કુમરી કો જીવાડઈરે,
કુમરી કો જીવાડઈ રે—૨ આંકણી.

ગાંરૂડી નાગ મંતા ગુણ્યા રે, મરધા મોરી ગદ્દ,
મણિ પણિ ડંક ઉપરિ મુકી હો, ગુણ ન થયઉ ગયા તે રદ્દરે. ૩ રાજા૦
હિવ વૈદ્ય હાથ ઝાટકયારે, ઉપજે નહિ કોય ઉપાય,
મુરછાંગતા કુમરી મરઇ. જીવિત હાથમાંહિ જાઇ. ૪ રાજા૦
કુમર મહા અતિ કોતગી રે, આણી ઉપગાર બુદ્ધિ,
પડહ છબ્યઉ નિજ પાંણિસુ, સા પુરૂસા સાચી સિદ્ધિ. ૫ રાજા૦
કુમર આંણ્યઉ કુમરી કન્હઇ રે, નિરમલ આણ્યઉ નીર,
ઉહલી મુંદડી આપણી રે, સહું છાંટયો કુમરી શરીર— ૬ રાજા૦
પાણી પાયઉં પ્રેમસું રે, ઉઠિ બઇઠી થઇ આપ,
કુમર ઉપગાર એ કીયઉ, બહુ હરખ્યાં માઇ નઇ બાપ રે- ૭ રાજા૦
રૂપઈ દીઠઉ રૂયડઉ રે ગુણ દીઠઉ ઉપગાર,
ઉત્તમ કુલ તિણી અટકલ્યઉ રે પ્રગટિઉ પુણ્ય પ્રકાર- ૮ રાજા૦
રત્નપ્રભ ગુણ રંજ્યઉ રે કીધઉં કુમરી વીવાહ,
દીધઉં કુમરનઇ દાયજઉ, અધિકઉ કુમરી ઉચ્છાહ રે- ૯ રાજા૦
રાતિ પડી રવિ આથમ્યઉ રે, જાગ્યઉ મદન જુવાન,
રંગમહલ પહુંતા રલી વારૂ જાંણે ઇંદ્ર વિમાન રે- ૧૦ રાજા૦
વર પલ્લંક બિછાઇયઉ રે, પાથર્યા બહુ પટકૂલ,
અગર ઉખેવ્યા અતિ ઘણા રે મહકઇ પરિમલ અનુકૂલ, રે-૧૧ રાજા૦
દીવા કીધા ચિહું દિસેઇ રે રત્નવતી બહુ રંગ.
કુમર પલંગ છોડી ધરતી સુયઇ, સુતઉ ધરતી તજિ સંગ રે- ૧૨ રાજા૦
ચતુર નારી મનિ ચિંતવઇ રે કરમ ફુટઉં મુઝ કોય,
સેજ છોડી ધરતી સુયેઇ, રમણી જીવતઇ નઇ રોય રે- ૧૩ રાજા૦

યતઃ "ઘરિ ઘોડઉ નઇ પાલો જાઇ, ઘરિ ઘેણુ નઇ લૂખઉં ખાઇ,
ઘરિ પલંગ નઇ ધરતી સોયેઇ, તિણરી બઇરિ જીવતા નઇ રોયઇ"
પુછ્યો કુમરી પ્રેમસું રે ભેદ કહિઉ ભરતાર.
એ વઇરાગ તુમ્હે આદરિઉં, કિમ રાગ તણઇ અધિકાર રે- ૧૪ રાજા૦
કુમરઇ મનમાંહિ અટકલઉં રે, સ્ત્રીનઇ ન કહિયઇ સાચ
વલી વિસેષ વાત સઉકિની, વદઇ પંડિત એહવા વાચા રે- ૧૫ રાજા૦
કુમરે કહિઈ વાત કેલવિ રે, સુણિ સુંદરી મુઝ સંચ,
માબાપથી મઈ વીછડેઇ, રાખ્યઉ અભિગ્રહ રંચ રે- ૧૬ રાજા૦
સોસ્યું ધરતી સર્વદા રે, પાલિસિ સીલ પ્રતાપ,
સુંસ લીયઉં મઇં સુંદરી, મિલસેઈ નહિ જાં માઇ બાપરે- ૧૭ રાજા૦
કહઇ કુમરી સુણ કંતજી રે, ધન્ય તુમ્હે ધર્યો નેહ,
ભગતિ માબાપ તણી ભલી, ઉત્તમ પુત્ર લક્ષણ એહ રે- ૧૮ રાજા૦
ભેદ જાણ્યઉ સહુ ભૂપતી રે, ચિંતાતુર થયઉ ચિત્ત,
કુમરનઇ પૂછ્યું કિહાં વસઉ, કુલવંસ કહઉ સવિત્ત રે- ૧૯ રાજા૦
કુમર કહે કુલ આપણઉ રે, વંસ અનઇ વલી વાસ,
સમયસુંદર સહુ સુખી રે, રહી રત્નવતી નિરાસ- ૨૦ રાજા૦

—પ્રિયમેલક તીર્થ રાસ રચ્યા સં૦ ૧૬૭૨—લખ્યા સં ૧૬૮૦.

ઉપદેશમય રાસ કવિએ રચ્યા છે. વ્યવહારશુદ્ધિ રાખવા માટે કવિએ ધનદત્તનો રાસ રચી તે ધનદત્ત વાણિયો સાધુ પાસે વ્યવહાર શુદ્ધિ પાળવાનો નિયમ લઇ વેપાર કરતાં નુકશાન સહી આખર સ્વદેશ તજી પરદેશ જાય છે અને જીવન પર્યંત વ્યવહાર શુદ્ધિ રાખે છે તે તેના ચરિત્રથી બતાવી—પાત્રદ્વારા લોકને ઉપદેશ કવિએ આપ્યો છે તે કાવ્યમાંથી નીચેનો એક ખંડ લઇ મૂકવામાં આવે છેઃ—

વ્યવહારશુદ્ધિનું વ્રતગ્રહણ.

તું ધન તું કૃતપુણ્ય તું સાધ કહે ધનદત્ત,
પણિ રૂડી પરિ પાલજે, નિશ્ચલ કરિ નિજ ચિત્ત- ૧
વ્યવહાર શુદ્ધપણું ગ્રહી, આયો આપણ ગેહ,
ભલો કિયો કહઇ ભારિજા, પણ દુકર છઇ એહ-

વ્યાપાર માંડિઉ વાણિઇં, સગલો બોલેં સાચ,
પાડ કહઇ તંત પાડિનઇં, ન વદઇં બીજી વાચ– ૩
સાચાં તોલાં તાકડી, સાચા ગજ શ્રીકાર,
ઉછો દ્યઇં નહીં આપણો, અધિકો ન લિઇં લિગ ર– ૪
સાચ ઊપરિ રાચઇં નહી, લોક હટી કહેં એહ,
વિણજ વ્યાપાર મા(ઠો) પડ્યો, દ્રવ્યસો આવ્યો લેહ– ૫
મુહલતિ પૂગી વાણિયા, આવી માગઇં દામ,
ઘરમાહીં દેવા નહીં, ચિંતાતુર થયો જામ– ૬
તેહવઇં બોલી ભારજા. સાંભલિ સામી વાત,
ધન તૂટાં લાગઇ ખરચ, કિમ ગમસ્યાં દિનરાતિ– ૭
ઘર ધંધા દુખ પાલણા, સાયર દ્રૂખ સમાન,
એકાણિ રાતિં વીસર્યાં, ગાહા પંચ સયાણ– ૮
રૂડું કરતાં પાડુઉં, આઇં કલિજુગ તેહ
પણિ ધરમિં જય નેઠિ છઇં, હિયૈ રાપઇ નર જેહ– ૯
સાચ કહ્યો તઇં સુંદરી, પણિ હિવ કરસ્યાં કેમ,
સોંસજ ભાજું સર્વથા, માંગણુરો મુઝ નેમ– ૧૦
પરદેસ ચલિ સહું પાધરો, દરિયાં ચલિ સહું દેખી,
લખમી તિહાં લહિઇં ઘણી, વારૂ ભાગ્ય વિશેષ– ૧૧
બઇયર બોલી ચાલતાં, સાંભલયો ભરતાર,
હું બઇઠી વ્રત પાલેસ્યું, તું પાલે વ્યવહાર– ૧૨

આમાં વાણિયાણી કેવી બહાદુર રહી પોતાના પતિને શિખામણ આપે છે તે જોઇ શકાશે. 'ગામસ્યાં' 'કરસ્યાં' 'માંગણુરો' એ મારવાડી રૂપો આમાં જણાય છે. કવિ મેવાડ મારવાડમાં જ બહુ ફર્યા છે–રહ્યા છે.

હવે કવિના સર્વ કાવ્યના કલશ રૂપ મહાકાવ્ય નામે સીતારામ પ્રબંધમાંથી પોતાની હસ્તલિખિત પ્રતમાંથી કાવ્યનો એક નમુનો

લઇએ તે પરથી કવિના સમયની તેમ જ પોતે વાપરેલી ભાષાનું સ્વરૂપ સમજાશે.

સીતાપર લોકાપવાદ.

આઠમો ખંડ. ઢાલ ૧ લી. રાગ મારૂણી.

(અમાં મ્હાંકી ચિત્રા લિંગી જોઇ, અમાં અમામ્હાંકી,
મારૂડે મેવાસી કા સાદ સોહામણો રે લો. એ ગીતની ઢાલ)

સહિયાં મોરી સુણિ સીતાની વાત, સહિયાં મોરી,
આપણે ધરિ રાખી, રાવણ રાજીયે રે લો૦ સહિયાં૦
તે કામા કહિવાઇ સહિયાં, સહિયાં મોરી,
તે પાસે બેઠાં પણિ લોકમેં લાજીયે રે લો૦ સહિયાં૦ ૧
સીતા સતીય કહાઇ, સ૦ સ૦
પણિ રાવણ ભોગવ્યાં વિણ સહી મુંકે નહી રે લો૦ સહિયાં૦
[1]ભૂખ્યો ભોજન ખીર સ૦ સ૦
વિણ જમ્યા છોડે નહી, ઇમ જાણો સહી રે લો૦ સહિયાં૦ ૨
[2]તરસ્યો ન છોડે નીર, સ૦ સ૦
પંડિત તો સુભાષિત તરસિયો કિમ તજે રે લો૦ સહિયાં૦
[3]દલિદ્રી લાધું નિધાન, સ૦ સ૦
કિમ છોડે જાણે ઇમ, વલિ નહિ સંપજે રે લો૦ સહિયાં૦ ૩

× સરખાવો આ કવિના સમય પછી થયેલ શામલભટ્ટની નંદબત્રીશીમાં

૧ અમૃત પીરસ્યું થાળમાં, આપે કરવા આહાર,
દીઠું પણ ચાખ્યું નહીં, પડ પાસા પોબાર.
૨ હંસ ગયો સરોવર વિષે, દીઠું અમૃતવાર,
પિધા વિના પાછો વળ્યો, પડ પાસા પોબાર.
૩ રત્ન અમૂલ્ય સુહામણું, લોભે ગયો તે ઠાર,
દીઠું પણ લીધું નહીં, પડ પાસા પોબાર.

તિણ તું નિશ્ચય જાણિ, સ૦ સ૦
 ભોગવિને મુકી પરી, સીતા રાવણે રે લો૦ સહિયાં૦
રામે કીધો અન્યાય સ૦ સ૦
 સીતાને અપણે ઘરમાંહે આણુણે રે લો૦ સહિયાં૦ ૪
લોકાંમેં અપવાદ સ૦ સ૦
 સગલે હી સીતા શ્રી રામનો વિસ્તર્યો રે લો૦ સહિયાં૦
અંતેઉર પરિવાર સ૦ સ૦
 ભીરતલે લોકે કહ્યો તે મનમે ધર્યો રે લો૦ સહિયાં૦ ૫
એક દિવસ એક ઠામિ સ૦ સ૦
 નગરીમેં મહિલાના ટોલ મિલ્યા ઘણા રે લો૦ સહિયાં૦
તિહાં એક બોલી નારિ સ૦ સ૦
 અસ્ત્રીમે સઘલા પુણ્ય આજ સીતા તણા રે લો૦ સહિયાં૦ ૬
દેવીને દુરલંભ સ૦ સ૦
 તે રાવણ રાજાસું સીતા સુખ લહ્યો રે લો૦ સહિયાં૦
સીતા સતીય કહાઈ સ૦ સ૦
 એ ન ઘટે એવડી વાત ઇમ બીજી કહ્યો રે લો૦ સહિયાં૦ ૭
એક કહે ચાલીએ સ૦ સ૦
 અસ્ત્રીનું સીલ તાં લગિ કહિયે સાબતો રે લો૦ સહિયાં૦
જાં લગિ કામી કોઇ સ૦ સ૦
 પ્રારથના ન કરે બહુ પરિ સમઝાવતો રે લો૦ સહિયાં૦ ૮
એહને રાવણરાય સ૦ સ૦
 વીનતિને વચને કરિ વશિ લીધી ઘણું રે લો૦ સહિયાં૦
રાચી અસ્ત્રી રંગે સ૦ સ૦
 તન મન ધન સગલું હી આપે આપણું રે લો૦ સહિયાં૦ ૯
એક કહે વલી એમ સ૦ સ૦
 સીતાને જાણે તુમ્હે જગિ સોભાગિણી રે લો૦ સહિયાં૦

નારી સહસ અઢાર સ૦ સ૦
 મંદોદરિ સારિખી સહુને અવગણી રે લો૦ સહિયાં૦ ૧૦
લંકા ગઢનો રાય સ૦ સ૦
 સીતાસું લપટાણો રાતિ દિવસ રહ્યો રે લો૦ સહિયાં૦
મનવંછિત સુખ માણિ સ૦ સ૦
 સીતા પણિ કીધો સહુ જિમ રાવણ કહ્યો રે લો૦ સહિયાં૦ ૧૧
સાચો તે સોભાગ સ૦ સ૦
 સીલ રતન સાચે મનિ પૂરો પાલીયે રે લો૦ સહિયાં૦
કરે એક વચન વિલાસ સ૦ સ૦
 પર પુરૂષાં સંઘાતિં પરિચો ટાલિયે રે લો૦ સહિયાં૦ ૧૨
જુગતિ કહે વલિ એક સ૦ સ૦
 કુસતિ જો સીતા તો કિમ આણી ઘણી રે લો૦ સહિયાં૦
કહે અપરા વલિ એમ સ૦ સ૦
 અભિમાને આંણીએ રમણી આપણી રે લો૦ સહિયાં૦ ૧૩
કહે કામિણિ વલિ કોઇ સ૦ સ૦
 તે આણી તો માની કાં ! રામ સીતા ભણી રે લો૦ સહિયાં૦
કહે વલિ બીજી કોઇ સ૦ સ૦
 સીતાસું પૂરવે પ્રીતિ હુંતી ઘણી રે લો૦ સહિયાં૦ ૧૪
જો હુયે જીવન પ્રાણ સ૦ સ૦
 તે માણસ મુંકતાં જીવ વહે નહી રે લો૦ સહિયાં૦
અપજસ સહે અનેક સ૦ સ૦
 પ્રેમ તણી જાગે કિમ વાત કિણે કહી રે લો૦ સહિયાં૦ ૧૫
એક કહે હિત વાત સ૦ સ૦
 લોકાં મે ન્યાઇ નૃપ રામ કહીજ્યે રે લો૦ સહિયાં૦
કુલને હોઇ કલંક સ૦ સ૦
 તે રમણી રૂડી પણિ કિમ રાખીયે રે લો૦ સહિયાં૦ ૧૬

ઊખાણો કહે લોક સ૦ સ૦
'પેટે કો ઘાલે નહિ અતિ વાલ્હી છુરી' રે લો૦ સહિયાં૦
રામને જુગતો એમ સ૦ સ૦
ઘરમેંથી સીતાને કાઢે બાહિરી રે લો૦ સહિયાં૦ ૧૭
સેવકે એહવી વાત સ૦ સ૦
નગરીમે સાંભલિને રામ આગે કહી રે લો૦ સહિયાં૦
રામ થયા દિલગીર સ૦ સ૦
એહવી કિમ અપજસની વાત જાયે ગહી રે લો૦ સહિયાં૦ ૧૮
અન્ય દિવસ શ્રીરામ સ૦ સ૦
નષ્ટ ચરિત નગરીમેં રાતિં નિસર્યા રે લો૦ સહિયાં૦
કિણહી કારબારિ સ૦ સ૦
છાના સા ઉભા રહી કાન ઉંચા ધર્યા રે લો૦ સહિયાં૦ ૧૯
તેહવે તેહની નારિ સ૦ સ૦
બાહિરથી અસૂરી આવી તે ઘરે રે લો૦ સહિયાં૦
રીસ કરી ભરતાર સ૦ સ૦
અસ્ત્રીને ગાલી દેઉ દ્યો બહુ પરે રે લો૦ સહિયાં ૨૦
રે રે નિરલજ નારિ સ૦ સ૦
તું ઇતરી વેલા લગિ બાહિર કિમ રહી રે લો૦ સહિયાં૦
પેસિવા નહિ દ્યું માહિ સ૦ સ૦
હું નહિ છું સરિખો રામ તું જાણે સહી રે લો૦ સહિયાં૦ ૨૧
સુણિ કુવચન શ્રી રામ સ૦ સ૦
ચિંતવિવા લાગા મુઝ દેખો મેહણો રે લો૦ સહિયાં૦
ક્ષત ઉપરિ જિમ ખાર સ૦ સ૦
દૂખ માહે દુખ લાગો રામને અતિ ઘણો રે લો૦ સહિયાં૦ ૨૨
રામ વિચાર્યો એમ સ૦ સ૦
અપજસ કિમ લોકાંમાહિ એહવો ઊછલ્યો રે લો૦ સહિયાં૦

સીતા એહવી હોઇ સ૦ સ૦
સહુ કોઇ બોલે લોક કુજસ ટાલે મિલ્યો રે લો૦ સહિયાં૦ ૨૩
પરઘરભંજા લોક સ૦ સ૦
ગુણ છોડી અવગુણ એક બોલે પારકા રે લો૦ સહિયાં૦
ચાલણિ મેંદો મુંકિ સ૦ સ૦
ભોતી ને થુલા દેખાડે અસારકા રે લો૦ સહિયાં૦ ૨૪
તે કો નહિય ઉપાય સ૦ સ૦
દુશમણનો કિણહિ પરિ ચિત્ત રંજીયે રે લો૦ સહિયાં૦
સૂરિજ પણિ ન સુહાઇ સ૦ સ૦
ઘૂયડને રાતિ કેહી પરિ કીજીએ રે લોલ સહિયાં૦ ૨૫
શીતનો પાલણ આગ સ૦ સ૦
તાવડનો પણિ પાલણ ટાઢી છાંહડી રે લો૦ સહિયાં૦
તરસનો પાલણ નીર સ૦ સ૦
માણસના અએસાસ પાલણ બાંહડી રે લો૦ સહિયાં૦ ૨૬
સહુના પાલણ એમ સ૦ સ૦
પણિ દુરજણના મુખનો પાલણ કો નહી રે લો૦ સહિયાં૦
સાચો ભાવે જૂઠ સ૦ સ૦
મેં મેલો માહરો કુલવંશ કીયો સહી રે લો૦ સહિયાં૦ ૨૭
કુજસ કલંકયો આપ સ૦ સ૦
અજી તાંઇ સીતાને છોડું તો ભલી રે લો૦ સહિયાં૦
એમ ચિંતવતા ચિત્ત સ૦ સ૦
તેણ અવસરિ આવ્યા તિહાં લખમણ મન રલી રે. સહિયાં૦ ૨૮

રામલક્ષ્મણ સંવાદ

ચિંતાતુર શ્રી રામ, દેખીને દુખ કારણ લખમણ પૂછીયો રે લો૦
તુમ્હ સરિખે પણિ સુર, સોચ ને ચિંતા કરિ મુખ વિલખો કીયો રે લો૦ ૨૯
કહિવા સરિખો હોય, તો મુઝનેં પરમારથ બાંધવ દાખીયે રે લો૦
રામ કહે સુણ વિર, તે સ્યું છે જે તુમ્હથી છાનું રાંખીયે રે લો૦ ૩૦

લોક તણો અપવાદ, સીતાની સગલી વાત તે રામે કહી રે લો૦
રાવણ લંપટ રાય, સીતા તિહાં સીલવંતી કહે તે કિમ રહી રે લો૦ ૩૧
એહવી સાંભલી વાત, કોપાતુર લખમણ કહે લોકો સાંભલો રે લો૦
સીતાનો અપવાદ, જે કહિસ્યે તેહનો હું મારિ ત્રોડી સિતલો રે લો૦ ૩૨
રામ કહે સુણ વછ, લોકાનાં મુહડા તો ઓક સમા કહ્યા રે લો૦
કિમ છુંદીજે તેહ, કુવચન પણિ લોકોનાં કિમ જાયે સહ્યા રે લો૦ ૩૩
સુણો લખમણ કહે સામિ, અખ મારે નગરીના લોક અભાગીયા રે લો૦
સાચો સીતા સીલ, એ વાતનો પરમેસર થાસ્યે સાખીયો રે લો૦ ૩૪
જો પણિ વાત છે એમ, તો પણિ વિણ છોડયાં મુઝ અપજસ નુતરે રે લો૦
ઇણ પરિ ચિત્ત વિચારિ' વાત સહુ ન્યાઇ રામ સુણિજ્યો જે કરે રે લો૦ ૩૫
પહિલી ઢાલ રસાલ સ૦સ૦સાંભલતાં સુત્રડાંનો હીયડો ગહગહે રે લો૦સ૦
કીધાં કરમ કઠોર સ૦સ૦વિણુ વેદ્યાં છૂટે કુણ સમયસુંદર કહેરે લો૦સ૦ ૩૬

—સીતારામપ્રબંધ ચોપાઇ રચ્યા સં૦ ૧૬૮૩ ને
લખ્યા સં૦ ૧૬૮૭ (કવિહસ્તલિખિત).

આમાં કેવી સાદી વાણી-અલંકાર કે ટાપટીપ વગરની રચના—કવિત્વમાં પરિણમે છે. ગામમાં સીતા માટે બોલાતો અપવાદ, તેનું રામ પાસે નિવેદન, રામ નગર ચર્ચા જોવા જતાં એક જણે સીતાને રાવણે રાખી છતાં રામે પોતાને ઘેર રાખી એવું મારેલું મેણું, તે પર રામના વિચાર અને લક્ષ્મણ સાથેનો વાર્તાલાપ એ સર્વ બતાવી રામના મનના ભાવોનો પ્રવાહ અનેક ક્ષણો સુધી સતત ચાલુ રાખ્યો છે.

'ભાવ સરળ, સ્પષ્ટ અને ભવ્ય હોય-તે ઘણી વખત પ્રબળ હોય તો તેમાંથી નિપજતું કાવ્ય-અમૂર્ત ભાવોને મૂર્ત શબ્દોમાં છંદોબદ્ધ રચનામાં મૂકવાથી પરિણમતું કાવ્ય—ખરૂં કાવ્ય બને છે. ઉત્તમ કાવ્યમાં વાચ્યાર્થ તરતજ સમજાવો જોઇએ. પ્રસાદ અને મધુરતા સાથે નવી નવી ખુબી જેમ વાંચીએ તેમ જણાતી જાય તે ઉત્તમ કાવ્ય છે. વાચ્યાર્થ તુરત ન સમજાય એ લોકને માટે તો નિરર્થક જ

થઇ પડે છે; આમાં અર્થબોધ સરલતાથી એકદમ થાય છે, અને આ સ્પષ્ટ કરવા કવિના અપ્રકટ અને અતિ મ્હોટા કાવ્ય-જૈન રામાયણ તે અવતારતા આ સીતારામપ્રબંધમાંથી એક આખું કાવ્ય વિસ્તારનો સંકોચ રાખ્યા વગર અત્ર આપ્યું છે.

કવિનાં અખંડ કાવ્યો-મહાકાવ્યોમાંથી નમુના લઇ તેમની કાવ્યશક્તિ પર વિચાર કરવાનાં સાધન જોયાં, હવે તેનાં ખંડ કાવ્યો-ટુંકાં કાવ્યો પર જઇએ.

આલોયણ (આલોચના) સ્તવન.

આમાં શત્રુંજ્ય ગિરિની યાત્રા કરતાં ત્યાં ઋષભદેવ પાસે પોતાના હૃદયની વાત કરી જે કંઇ પોતે પાપો કર્યાં હોય તે ગણાવી તેની આલોચના કરી માફી ચાહે છે:-

એ કરજોડી વીનવું જી, સુણિ સ્વામી સુવિદીત,
કૂડ કપટ મૂકી કરી જી, વાત કહું આપવીત.
કૃપાનાથ મુઝ વીનતી અવધાર-
તૂં સમરથ ત્રિભુવન ધણીજી, મુઝને દુત્તર તાર- કૃપા૦
ભવસાયર ભમતાં થકાંજી, દીઠાં દુખ અનંત,
ભાગ સંયોગે ભેટિયોજી, ભય ભંજણ ભગવંત- કૃપા૦
જે દુઃખ ભાંજે આપણાજી, તેહનેં કહિયે દુઃખ,
પરદુખભંજન તૂં સુણ્યોજી, સેવકને દ્યો સુખ- કૃપા૦

હવે પોતાના સમયની સ્થિતિ જણાવે છે:—

દૂષમ કાલે દોહિલોજી, સૂધો ગુરૂ સંયોગ,
પરમારથ પ્રીછે નહીજી, ગડર પ્રવાહી લોક- કૃપા૦
[તિણ તુઝ આગલ આપણાજી, પાપ આલોઉં આજ,
માંય બાપ આગલ બોલતાંજી, બાલક કેહી લાજ-] કૃપા૦
જિન ધર્મ જિન ધર્મ સહુ કહેજી, થાપૈ અપણી જી વાત,
સામાચારી જુઇ જુઇ જી, સંશય પડયાં મિથ્યાત- કૃપા૦

જાણુ અજાણપણે કરી જી, બોલ્યા ઉત્સૂત્ર બોલ,
રતને કાગ ઉડાવતાજી, હાર્યો જનમ નિટોલ- કૃપા૦

આ પછી પોતાની આપવીતી-નિર્બળતા ઉત્કટ હૃદય-નિર્મળતાથી જણાવે છે.

ભગવંત-ભાખ્યો તે કિહાંજી, કિહાં મુઝ કરણી એહ.
ગજ પાખર ખર કિમ સહેજી, સબલ વિમાસણ તેહ- કૃપા૦
આપ પ્રરૂપ્યું આકરૂંજી, જાણે લોક મહંત,
પિણ ન કરૂં પરમાદિયોજી, માસાતુસ દૃષ્ટાંત- કૃપા૦
કાલ અનંતે મેં લહ્યાંજી; તીન રતન શ્રીકાર,
પિણ પરમાદે પાડિયાંજી, કિહાં જઈ કરૂં પુકાર- કૃપા૦
જાણું ઉત્કૃષ્ટી કરૂંજી, ઉદ્યત કરૂંઅ વિહાર,
ધીરજ જીવ ધરે નહીંજી, પોતે બહુ સંસાર- કૃપા૦

મહાવીર સ્તવન.

વીર સુણો મોરી વીનતી, કરજોડી હો કહું મનની વાત,
બાલકની પરે વીનવું, મોરા સ્વામી હો ! તૂં ત્રિભુવન તાત—
વીર સુણો મોરી વીનતી ૧.
તુમ દરશણ વિણ હૂં ભમ્યો, ભવ માંહે હો સ્વામી ! સમુદ્ર મઝાર,
દુઃખ અનંતા મેં સહ્યાં, તે કહિતાં હો કિમ આવે પાર, વીર. ૨
પર ઉપગારી તૂં પ્રભુ, દુખ ભંજે હો જગ દીનદયાલ,
તિણ તોરે ચરણે હું આવિયો, સામી! મુઝને હો નિજ નયણ નિહાલ. વીર.૩
અપરાધી પિણ ઊધર્યા, તેં કીધી હો કરૂણા મોરા સ્વામ,
હું તો પરમ ભકત તાહરો, તિણ તારો હો નહિ ઢીલનો કામ વીર.૪

× × × ×

[આ પછી શૂલપાણિ, ચંડકોશિક નાગ, ગોશાલો, ગૌતમ, જમાલિ, અયમન્તાઋષિ, મેઘકુમાર, નંદિષેણ, આર્દ્રકુમાર, ચેલ્લણા, શ્રેણિક એ સર્વને ઉદ્ધર્યા જણાવી]

ઇમ અનેક તેં ઊધર્યા, કહું તારા હો કેતા અવદાત,
સાર કરો હિવ માહરી, મન માંહિ હો આણો મોરડી વાત. વીર.૧૫
સૂધો સંજમ નહિ પલે, નહિ તેહવો હો મુઝ દરશણ જ્ઞાન,
પિણ આધાર છે એતલો, ઇક તોરો હો ધરૂં નિશ્ચલ ધ્યાન. વીર. ૧૬
મેહ મહિતલ વરસતો, નવિ જોવે હો સમ વિષમાં ઠામ,
ગિરૂવા સહેજે ગુણ કરે, સ્વામી! સારો હો મોરા વંછિત કામ. વીર. ૧૭
તુમ નામેં સુખ સંપદા, તુમ નામે હો દુખ જાયે દૂર,
તુમ નામે વંછિત ફલે, તુમ નામે હો મુઝ આનંદ પૂર. વીર. ૧૮

કલશ (હરિગીતના લયમાં કલશ મૂકાય છે.)

ઇમ નગર જેસલમેરૂ મંડન, તીર્થંકર ચોવીસમો,
શાસનાધીશ સિંહલંછન, સેવતાં સુરતરૂસમો.
જિનચંદ ત્રિશલામાતનંદન સકલચંદ કલા નિલો,
વાચનાચારજ સમયસુંદર સંથુણ્યો ત્રિભુવનતિલો.

ચાર ચરણમાં છેલ્લું ચરણ સાધારણ-સામાન્ય એક જ આવે એવું-ભુજંગી કે એવી જાતના છંદ વાળું કાવ્ય તેને સામાન્ય રીતે 'છંદ' એ નામ જૈનોમાં અપાયું છે. આવો 'છંદ' પાર્શ્વનાથનો ૭ કડીનો કવિએ કરેલો નોંધવામાં આવ્યો છે, તેની પ્રથમની બે કડીઓ આ છે:—

આપણ ઘર બેઠાં લીલ કરો, નિજ પુત્ર કલત્રશું પ્રેમ ધરો,
તમેં દેશ દેશાંતર કાંઈ દોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૧
મનો વંછિત સઘલાં કાજ સરે, શિર ઉપર ચામર છત્ર ધરે,
કલમલ ચાલે આગલ ઘોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૨

સીમંધર જિન સ્તવન.

*ચાંદલિયા સંદેશડોજી, કહેજો સીમંધર સ્વામ,
ભરતક્ષેત્રનાં માનવીજી, નિત ઊઠી કરે રે પ્રણામ.

× × ×

રાયને વહાલાં ઘોડલાજી, વેપારીને વહાલા છે દામ,
અમને વહાલાં સીમંધર સ્વામી, જિમ સીતાને રામ.
નહિ માગું પ્રભુ ! રાજ ઋદ્ધિજી, નહિ માગું ગરથ ભંડાર,
હું માગું પ્રભુ ! એટલું જી, તુમ પાસે અવતાર.
×દૈવ ન દીધી પાંખડીજી, કેમ કરી આવું રે હજૂર,
મુજરો માહરો માનજોજી, પ્રહ ઉગમતે સૂર.

એક રૂપક allegory રૂપે મનની શુદ્ધિ અર્થે કવિએ સુન્દર કવિતા કરી છે, અને તે અતિ રસથી જૈનોમાં ગવાય છે:—

મનશુદ્ધિ.

ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે, રખે રાખતો મેલ લગાર રે,
એણે રે મેલે જગ મેલો કર્યો રે, વિણુ ધોયું ન રાખે લગારરે. ધો૦
જિનશાસન સરોવર સોહામણું રે, સમકિત તણી રૂડી પાલી રે,
દાનાદિક ચાર બારણાં રે, માંહી નવ તત્વ કમલ વિશાળ રે ધો૦
તિહાં ઝીલે મુનિવર હંસલા રે, પીયે છે તપ જપ નીર રે,
શમ દમ આદે જે શીલ રે, તિહાં પખાલે આતમ ચીર રે. ધો૦
તપવજે તપ તડકે કરીરે, જાળવજે નવ બ્રહ્મ વાડરે,
છાંટા ઉડાડે પાપ અઢારના રે, એમ ઉજળું હોશે તતકાલ રે. ધો૦
આલોયણ સાબુડો સૂધો કરે રે, રખે આવે માયા શેવાળ રે,
નિશ્ચે પવિત્રપણું રાખજે રે પછે આપણા નિયમ સંભાળ રે. ધો૦
રખે મૂકતો મન મોકળું રે, પડ મેલીને સંકેલ રે,
સમયસુંદરની શીખડી રે, સુખડી અમૃતવેલ રે ધો૦

---

* કવિ પદ્મવિજયે આ સીમંધર સ્વામી પાસે ચંદ્રદૂતની કલ્પના પોતાના એક ખંડ કાવ્યમાં મૂકી છે, (સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જજો.)

×દેવચંદ્રજીએ એક સ્તવનમાં આવું ચરણ લીધું છે કે:—
"હોવત જો તનુ પાંખડી, આવત નાથ હજૂર;
જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત્ય પ્રભુ નૂર."

પ્રથમ તીર્થંકર ઋષભદેવના પુત્રો-ભરત ચક્રવર્ત્તિ અને તેના ભાઇ બાહુબલી બંને રાજ્ય માટે લડ્યા, પછી બાહુબલીએ પિતા પાસે દીક્ષા લઇ વનમાં ઉભા રહી કાર્યોત્સર્ગ કરી ધ્યાનસ્થ રહ્યા થકાં પણ મનમાંથી અહંકાર ઉતરતો નથી તેથી ઋષભદેવે તેની મોટી બહેનો સાધ્વી બ્રાહ્મી અને સુંદરીને મોકલી પોતાના લઘુ બંધુ ગર્વ-માન-અહંકારના ગજ પર આરૂઢ બની આત્માનું હિત બગાડે છે એ બતાવતાં તે બહેનો કહે છે કે:

વીરા મારા ગજ થકી ઉતરો, ગજ ચઢે કેવળ ન હોય રે—
વીરા મારા ગજ થકી ઉતરો.

ઋષભદેવ તિહાં મોકલે બાહુબળજીની પાસે રે,
બંધવ ગજ થકી ઉતરો, બ્રાહ્મ સુંદરી એમ ભાખે રે— વીરા૦
લોચ કરીને ચારિત્ર લિયો, વળી આવ્યું અભિમાન રે,
લઘુ બંધવ ! વાંદુ નહીં, કાઉસ્સગ્ગે રહ્યા શુભ ધ્યાન રે— વીરા૦
વરસ દિવસ કાઉસ્સગ્ગ રહ્યા, શીત તાપથી સૂકાણા રે,
પંખીડે માળા ઘાલીઆ, વેલડીએં વીંટાણા રે— વીરા૦
સાધ્વીનાં વચન સુણી કરી, ચમકયો ચિત્ત મોઝાર રે,
હય ગય રથ સહુ પરિહર્યા, વળી આવ્યો અહંકાર રે— વીરા૦
વૈરાગ્યે મન વાળીયું, મૂકયું નિજ અભિમાનરે,
પગ રે ઊપાડયો વાંદવા, ઊપજ્યું તે કેવળ જ્ઞાન રે— વીરા૦
પોહોતા તે કેવળી પરષદા, બાહુબળ મુનિરાય રે,
અજરામર પદવી લઇ, સમયસુંદર વંદે પાય રે—
વીરા મારા ગજ થકી ઉતરો.

નિંદા પર 'સ્વાધ્યાય' લખી છે તે કેવી ઉપદેશકારક છે તે આખી વાંચ્યા પછી સમજાશે. નિંદા કરવી તો આત્મનિંદા કરવી કે જેથી 'છુટકબારો'—સંસારથી મુક્તિ થાય.

નિંદા મ કરજો કોઈની પારકી રે, નિંદાનાં બોલ્યાં મહા પાપરે.
વૈર વિરોધ વધે ઘણો રે, નિંદા કરતાં ન ગણે માય બાપ રે– નિંદા૦

દૂર બલંતી કાં દેખો તુમ્હેં રે, પગમાં બલતી દેખો સહુ કોય રે.
પરના મલમાં ધોયાં લૂગડાં રે, કહો કેમ ઊજલાં હોય રે– નિંદા૦

આપ સંભાલો સહુ કો આપણો રે, નિંદાની મૂકો પડી ટેવ રે,
થોડે ઘણે અવગુણે સહુ ભર્યા રે, કેહનાં નલીઆં ચુએ કેહનાં નેવરે– નિંદા૦

નિંદા કરે તે જાયે નારકી રે, તપ જપ કીધું સહુ જાય રે,
નિંદા કરો તો કરજો આપણી રે, જેમ છુટકબારો થાય રે– નિંદા૦

ગુણ ગ્રહજો સહુ કો તણો રે, જેહમાં દેખો એક વિચાર રે,
કૃષ્ણ પરેં સુખ પામશો રે, સમયસુંદર સુખકાર રે– નિંદા૦

શાલિભદ્રની સઝાય ૩૬ કડીની રચી છે; શ્રી મહાવીર સમયમાં રાજગૃહે શાલિભદ્ર મહા સમૃદ્ધિવાન્ શ્રેષ્ઠી હતો–તેને બત્રીશ સ્ત્રીઓ હતી. તેની બહેન ધન્ય (ધના) નામના શ્રેષ્ઠીની સાથે તેજ શહેરમાં પરણાવી હતી કે જેને તે મળીને આઠ પત્નિઓ હતી. શ્રી મહાવીરના ઉપદેશથી વૈરાગ્ય આવતાં શાલિભદ્રે એક દિવસ એક, બીજે દિવસે બીજી એમ સ્ત્રીનો ત્યાગ કરતો ગયો; આથી તેની બહેન પોતાના પતિને સ્નાન કરાવતી વખતે રડી પડતાં આંસું પતિના શરીરે પડ્યાં. તે ધન્યે રડવાનું કારણ જાણી જણાવ્યું કે આવો ત્યાગ હોય! વૈરાગ્ય થતો હોય તો એકદમ સર્વનો ત્યાગ એકી સાથે ઘટે. સ્ત્રીએ કહ્યું કે કહેવું સહેલું છે, પણ કરવું દોહેલું છે. એટલે ધન્ય શેઠે સર્વ સ્ત્રીનો તુરત જ પરિત્યાગ કરી સંયમ લીધો. શાલિભદ્રે પણ પછી દીક્ષા લીધી. બંને મહાવીરના શિષ્ય–સાધુ બની સંયમ પાળી દેવલોકે ગયા. ઉપરના શાલિભદ્રના ત્યાગથી તેના બેન અને બનેવી ધના વચ્ચેની–સ્ત્રી પતિની વાત ટુંકમાં પણ સુંદર શબ્દોમાં કવિએ આલેખી છે તે જરા ઉદાહરણાર્થે અત્ર મૂકવામાં આવે છે:—

૧

વીર તણી વાણી સુણી જીરે, વૂઠો મેહ અકાલ,
એકેકી દિન પરિહરેજી રે, જિમ જલ છંડે પાલ.
માતા દેખી ટલવલે જીરે, માછલડી વિણ નીર,
નારી સઘલી પાયેં પડે જીરે, મત છંડે સાહસ ધીર.
વહુઅર સઘલી વીનવે જીરે. સાંભલ સાસુ વિચાર.
સર છાંડી પાલેં ચડયો જીરે, હંસલો ઊડણહાર.

૨

ઇણ અવસર તિહાં ન્હાવતાં જીરે ધના શિર આંસુ પડંત,
કવણ દુઃખ તુજ સાંભર્યું જીરે, ઊંચુ જોઈ કહંત.
ચંદ્રમુખી મૃગલોચની જીરે, બોલાવી ભરતાર,
બંધવ વાત મેં સાંભલી જીરે, નારીનો પરિહાર.
ધનો ભણે સુણ ઘેલડી જીરે, શાલિભદ્ર પૂરો ગમાર,
જો મન આણ્યું છંડવા જીરે, વિલંબ ન કીજે લગાર.
કરજોડી કહે કામિની જીરે, બંધવ સમો નહી કોય,
કહેતાં વાત જ સોહલી જીરે, મૂકતાં દોહલી હોય.
'જારે જા' તેં ઇમ કહ્યો જીરે, તો મેં છંડી રે આઠ,
પિઉડા ! મેં હસતાં કહ્યું જીરે, કુણશું કરશું વાત.

૩

ઇણે વચને ધનો નીસર્યો જીરે, જાણે પંચાયણ સિંહ,
જઈ સાલાને સાદ કર્યો જીરે, ઘેલા ! ઉઠ અબીહ.
કાલ આહેડી નિત ભમે જીરે, પૂઠે મ જોઈશ વાટ,
નારી બંધન દોરડી જીરે, ધવ ધવ છંડે નિરાશ.
જિમ ધીવર તિમ માછલો જીરે, ધીવરે નાખ્યો રે જાલ,
પુરૂષ પડી જિમ માછલો જીરે, તિમહિં અચિંત્યો કાલ.

જોબનભર બિહું નીસર્યા જીરે, પોહોતા **વીર**જીની પાસ,
દીક્ષા લીધી રૂઅડીજી રે, પાલે મન ઉલ્લાસ.

\+ \+ \+

ક્ષમાછત્રીશી—એ છત્રીશ કડીનું સમતા વિષયે કાવ્ય છે તેમાં પહેલાં એટલું જણાવે છે કે

આદર જીવ ક્ષમા ગુણ આદર, મ કરિશ રાગ ને દ્વેષજી,
સમતાયેં શિવ સુખ પામીજે, ક્રોધેં કુગતિ વિશેષ જી— આદર૦
સમતા સંજમ સાર સુણીજેં, કલ્પસૂત્રની સાખજી,
ક્રોધ પૂર્વ કોડિ ચારિત્ર બાલે, ભગવંત ઇણી પરેં ભાખજી— આદર૦
કુણ કુણ જીવ તર્યા ઉપશમથી, સાંભલ તું દૃષ્ટાંતજી,
કુણ કુણ જીવ ભમ્યા ભવમાંહિ, ક્રોધ તણે વિરતંતજી— આદર૦

આ પછી જૈન કથાઓમાંથી ક્રોધ અને સમતાપર દૃષ્ટાંત આપી છેવટે જણાવે છે કેઃ-

ઇમ અનેક તર્યા ત્રિભુવનમેં, ક્ષમા ગુણેં ભવિ જીવજી,
ક્રોધ કરી કુગતેં છે પહોતા, પાડતાં મુખ રીવજી.
વિષ હલાહલ કહીયેં વિરૂઓ, તે મારે એક વારજી,
પણ કષાય અનંતી વેલા, આપેં મરણ અપારજી
ક્રોધ કરંતા તપ જપ કીધાં ન પડે કાંઇ ઠામજી,
આપ તપે પરને સંતાપે, ક્રોધશું કેહો કામ જી.
ક્ષમા કરતાં ખરચ ન લાગે, ભાંગે ક્રોડ કલેશજી,
અરિહંત દેવ અરાધક થાયે, આપે સુજસ પ્રદેશજી.

કેટલાંક છુટક પદો.

પ્રભુ-રૂપ

પ્રભુ તેરો રૂપ બન્યો આજો નિકો-પ્રભુ૦
પાંચ બરનકે પાટ પટંબર, પેચ બણ્યો કસ્બીકો—પ્રભુ૦

મસ્તક મુકુટ કાને હોય કુંડલ, હાર હિયે સિર ટીકો;
સમકિત નિર્મલ હોત સકલજન, દેખ દર્શ જિનજીકો-પ્રભુ.
સમવસરણ વિચ સ્વામી વિરાજિત, સાહિબ તીન દુનીકો;
સમયસુંદર કહે એ પ્રભુ ભેટે, સફલ જન્મ તાહિકો-પ્રભુ.

ઋષભ સ્તવન-રાગ મારૂ.

દેવ મેરા હો રિષભ દેવ મેરા હો;
પુણ્ય સંજોગે હું પામીઓ, પ્રભુ દરિસન તેરાં હો— રિષભ૦
ચોરાશી લખ હું ભમ્યો, પ્રભુ ભવના ફેરા હો,
દુખ અનંતા મેં સહ્યાં, પ્રભુ ત્યાંહા ઓતેરાં હો.
ચરણ તુમારાં મેં ગ્રહ્યાં, સ્વામી અબકી વેળા હો,
સમયસુંદર કહે તુમહથી સ્વામી કોણ ભલેરા હો.

ઋષભ ભક્તિ

હેરી માઇ ઋષભકી મેરે મન ભગતિ બસીરી- માઇ૦
પ્રથમ ભવનપતિ પ્રથમ નરેશર, પ્રથમ યોગીસર પ્રથમ જતિ રી-માઇ૦
પ્રથમ ભિક્ષાચર પ્રથમ તીર્થંકર, પ્રથમ કેવલજ્ઞાની ભુજંગપતિ રી-માઇ૦
શ્રી વિમલાચલ સાહેબ મંડણ, પ્રણમત સમયસુંદર ઉલ્લસી રી-માઇ૦

શાંતિનાથ સ્તવન-રાગ બિભાસ.

આંગન કલ્પ ફલ્યોરી, હમારે માઇ, આંગન૦
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપતિદાયક, શ્રી શાંતિનાથ મિલ્યો રી—હમારે૦
ચૂવા ચંદન મૃગ મદ ભેલી, માંહે બરાસ ભલ્યો રી—
પૂજત શ્રી શાંતિનાથકી પ્રતિમા, અલગ ઉદ્વેગ ટલ્યો રી—હમારે૦
શરણેં રાખ્યો કૃપા કરી સાહિબ, જ્યું પારેવો પલ્યો રી,
સમયસુંદર કહે તુમારી કૃપા તેં, શિવસુંદરીશું મિલ્યો રી—હમારે૦

અનંતગુણી પ્રભુ.

ગુણ અનંત અપાર, પ્રભુ તેરે, ગુણ૦
સાહસ રસના કરત સુર નર, તોહી ન પાવે પાર- પ્રભુ૦

કોન અંબર ગિને તારા, મેરૂ ગિરિકા ભાર,
ચરમ સાગર લહિર માલા કરત કોન વિચાર- પ્રભુ૦
ભક્તિ ગુણ લવલેશ ભાખ્યો, સુવિધિ જિન સુખકાર.
સમયસુંદર કહત હમકું, સ્વામી તુમારો આધાર. પ્રભુ૦

પ્રભુ સેવાનો ઉલ્લાસ-રાગ મલાર.

ક્યૂં ન ભયે હમ મોર, વિમલગિરિ ક્યું ન ભયે હમ મોર.
ઋષભજી દેખત આનંદ ઉપજત, જૈસે ચંદ ચકોર- વિમલ૦ ક્યૂં૦
ક્યૂં ન ભયે હમ શીતલ પાની, સિંચિત તરૂઅર છોડ,
અહનિશ જિનજીકો અંગ પખાલત, તોરત કર્મ કઠોર- વિમલ૦
ક્યૂં ન ભયે હમ બાવના ચંદન, ઓર કેશર કોરી છોર
ક્યૂં ન ભયે હમ મોગર માલતી, રહેત જિનજીકે ઉર- વિમલ૦
ક્યૂં ન ભયે હમ મૃદંગ ઝલરીયાં, કરત મધુર ધ્વની ઘોર,
જિનજીકે આગે નૃત્ય સોહાવત, પાવત શિવપુર ઠોર- વિમલ૦
જગમંડલ સાચો એ જિનજી, ઓર દેખા ન રાચત મોર,
સમયસુંદર કહે એ પ્રભુ સેવો, જનમ જરા નહી ઓર. વિમલ૦

મનને ઉપદેશ.

મેરા જીવ આરતિ કાહા ધરે,
જૈસા વે ખાતમેં લખિત વિધાતા, તિનમેં ઘટે ન બઢે— મેરા૦ ૧
ચક્રવર્ત્તિ શિર છત્ર ધરાવત, કે કે ન મંગલ કરે,
એક સુખીયા એક દુખી દીસે, એ સબ કરમ કરે— મેરા૦ ૨
આરતિ અબ છોર દે જીઉડા, રોતે ન રાજ ચડે,
સમયસુંદર કહે જો સુખ વાંછે, કર ધરમ ચિત્ત અરે— મેરા૦ ૩

સમયના પલટા પર વૈરાગ્ય સૂચક પદ-રાગ આશાવરી.

કિસિકું સબ દિન સરખે ન હોય.
પ્રહ ઉગત અસ્તંગત દિનકર, દિનમેં અવસ્થા દોય— કિસિકું.

હરિ બલભદ્ર પાંડવ નળ રાજા, રહે ષટ્ખંડ સિદ્ધિ ખોય;
ચંડાળ કે ઘર પાણી આણ્યું, રાજા હરિચંદ જોય- કિસિકું.
ગર્વ મકર તું મૂઢ ગમારા, ચડત પડત સબ કોય;
સમયસુંદર કહે ઈતર પરત સુખ, સાચો જિન ધર્મ સોય. કિસિકું.

રાગ પટ.

સ્વારથકી સબ હે રે સગાઇ કુણ માતા કુણ બેનડ ભાઇ—સ્વારથકી૦
સ્વારથ ભોજન ભુક્તિ સગાઈ, સ્વારથ બિન કોઈ પાણી ન પાઇ-
સ્વારથ માબાપ શેઠ બડાઇ, સ્વારથ બિન નહુ હોત સહાઈ-
સ્વારથ નારી દાસી કહાઇ, સ્વારથ બિન લાઠી લે ધાઇ-
સ્વારથ ચેલા ગુરૂ ગુરૂભાઇ, સ્વારથ બિન નય હોત લરાઇ-
સમયસુંદર કહે સુણોરે લોકાઈ, સ્વારથ હે ભલિ પરમ સગાઈ-
(પાઠાંતર) સ્વારથ હે ભલા ધર્મ સખાઇ-

વેરણ નિદ્રા-રાગ પટ.

સોઇ સોઇ સારી રેન ગુમાઇ, બેરન નિદ્રા કહાંસેં રે આઇ—સોઇ૦
નિદ્રા કહે મેં તો બાલી રે ભોલી, બડે બડે મુનિજનકું નાખું રે ઢોલી-
નિદ્રા કહે મેં તો જમકી દાસી, એક હાથે મૂકી બીજે હાથેં ફાંસી-
સમયસુંદર કહે સુનો ભાઇ બનીયા, આપ મૂએ સારી ડુબગઇ દુનીયાં-

[આમાં પોતાના શ્રોતાઓ ‘ વાણીઆ ’ ને ઉદ્દેશેલ છે ને કબીરનું ચરણ: ‘ કહેત કબીરા સુનો મેરે ભૈયા, આપ મુએ પિછે ડુબ ગઇ દુનિયાં ’ એનું અનુકરણ કર્યું જણાય છે.]

સમયસુંદરજી એક વખત હાલના અજમેર પાસેના કિસનગઢ શહેરમાં પધાર્યા હતા, ત્યાં શ્રાવકોને આપસ આપસમાં કલેશ અને એક બીજાની નિંદા કરતા જોઇ તેઓશ્રીએ નીચે પ્રમાણે હૃદયની ઉર્મિઓ પ્રકટ કરી છે તે આત્માર્થી જનોએ મનન કરવા જેવી છે.

કયારે મલશે શ્રાવક એહવા. સુણસ્યે આવી વખાણોજી,
ધર્મગોષ્ઠી ચર્ચા કરીશું અમે, વીતરાગ વચન પ્રમાણોજી. કયારે૦
ધુરથી સમકિત જે સુધો ધરે, માને નહિ મિથ્યાતોજી,
સ્વામીશું ધરણે બેસે નહિ, નહિ રાગદ્વેષની વાતોજી. કયારે૦

[વખાણ-વ્યાખ્યાન, ધુરથી-મૂળથી, સમકિત-સમ્યગ્દર્શન-શ્રદ્ધા; સુધો-શુદ્ધ, મિથ્યાત્વ-અશ્રધ્ધા-મિથ્યા શ્રદ્ધા: સ્વામી-સહધર્મી-સ્વધર્મી; ધરણો-ગ્રહણ-આડું.]

હવે છેલ્લે સ્થૂલભદ્ર અને કોશાનો પ્રસંગ લઇ એક ગીત કવિએ રચ્યું છે તે અપ્રકટ હોવાથી અત્ર આપું છું:—

રાગ સારંગ.

પ્રીતડિયા ન કીજઇ હો નારિ! પરદેસીયા રે, ક્ષણે ક્ષણે દાઝે દેહ
વીછડિયા વહાલેસર મલવો દોહિલોજી, સાલે સાલે અધિક સનેહ-પ્રીતડિયા૦
કાલ આવ્યા નેં આજ ઉઠિ ચાલસોરે, ભમર ભમતા જોઇ,
સાજણિઆ વળાવીને પાછા વળતાંજી, ધરતિ ભાર ન હોઇ-પ્રીતડિયા૦
મનના મનોરથ સવિ મનમાં રહ્યાજી, કહીએ કેહનિ સાથિ.
કાગલીઓ લખતાં ભીનો આંસુએજી, ચડિયો હો દુર્જન હાથ.-પ્રીતડિઆ૦
થૂલભદ્ર કોસા બુઝવીજી, પાલ્યો હો પૂરવ પ્રેમ,
સીલ સુરંગિ પેહરો ચુનડિજી, સમયસુંદર કહે એમ-પ્રીતડિયા૦
[સીલસુરંગી ચુનડી ઉપર પછીના કેટલાક કવિઓએ નવાં કાવ્ય કર્યાં છે.]

આ કવિની કૃતિઓમાં, કવિ રજપુતાના-મારવાડ મેવાડમાં બહુ રહેલા તેથી તે ભાષાનાં છાંટણાં જોવામાં આવે છે એટલુંજ નહિ, પણ ઉર્દુ-ફારસી શબ્દો પણ ઘણા વપરાયા જણાય છે કારણ કે કવિને દિલ્હી અને મુગલ દરબારમાં-શહેનશાહ અને તેના રાજદ્વારીઓના પ્રસંગમાં બહુ આવવું પડયું હતું તેથી અને તેમ જ ગૂજરાતમાં પણ મુસલમાની રાજ્યનો અમલ કરચૂકેલાના પછીના સમયથી થઇ

ચૂકયો હતો તે કારણે દફતરો, અદાલત વગેરેમાં મુસલમાની ભાષાનો પ્રવેશ થઇ ચુકયો હતો. ગૂજરાતવાસી લોકોની મૂળ ભાષા ગૂજરાતી હોવા છતાં પણ રાજ્યના વ્યવહાર માટે ઉર્દુ ભાષા ભણવી કે બોલવી પડતી; આથી ઉર્દુ-ફારસી અરબી શબ્દો કાળે કરીને આ સત્તરમાં સૈકામાં ઘર કરી ગયા-રૂઢ થયા. વિશેષમાં વિક્રમ ચૌદમા શતકમાં ઇરાનથી ભાગી આવી પારસીઓ ગૂજરાતમાં વસ્યા હતા, મુસલમાનો ઉપરાંત પોર્ટુગીઝો અને તેમના હરીફ તુર્કો સોળમા શતકમાં આવી પહોંચ્યા હતા. આ કવિના સમયમાં એટલે સત્તરમા સૈકામાં અંગ્રેજોએ પણ આવી પોતાની કોઠીઓ સુરત વગેરે સ્થળે નાંખવાના પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. આ વિદેશીઓની સાથેના સંબંધ વ્યવહારથી ભાષાપર નવી અસર થઈ. આ કાળ અને સંજોગ વશાત્ ઘુસેલા શબ્દોનું ભાષામાં ભરણું થયું તેથી તે ભંડોળને ભાષાની વૃદ્ધિ સમજી આદર આપવો ઘટે. આથી ભાષાનું સૌંદર્ય ખંડિત થયેલું માનવું યોગ્ય નથી. કોમળ અને કઠિન બંને જાતના શબ્દો આવશ્યક છે. મરદાનગી બતાવવામાં લલિત કોમલતાનો પ્રયોગ ન ઘટે.

કવિના નલદમયંતી રાસમાંથી એ ચાર કડી જોઇએ:—ખંડ ૬ ઢાલ ૨.

નલરાય **તખત** બઇસારી કરી રે, વરતાવઇ આપણી આણ દાણ રે,
ખલક લોકાઇ આગઇ **ખડી** રે, આગઇ જુડયો સબલ **દીવાણ** રે.
દેસ વસ સગલો કીઉ રે, કાંઇ સાધ્યા ભરતનિ ખંડ રે,
ભૂપતિ **સલામે** લઇ ભેટણાં રે, નલનો તપ તેજ પ્રચંડ રે.

આ કવિને જૂની શાસ્ત્રીયકથાઓનાં આખ્યાનોનો ઉપયોગ કરી પોતાની ભાષામાં ગૂર્જર ભાષામાં આખ્યાનોનો બાગ ખીલાવ્યો છે. તેમાં પોતે પ્રાચીન આખ્યાનોમાં તદ્રુપ બની તેને પોતાના હૃદયની અંદર પ્રવેશ કરાવી તેમાંથી તેઓનાં પાત્રોને પોતાના સમયનાં પાત્રો જેવાં કલ્પી જે કવચિત્ કવચિત્ મૂકયાં છે તે એનું દૂષણ નથી પણ ભૂષણ છે. આ રીતે પ્રાચીનમાંનું ગ્રહણ કરી તેનું રૂપાન્તર કરી પોતાના

ભાષા સાહિત્યને ઉજ્જ્વળ બનાવ્યું છે. છૂટાં છૂટાં પદો-નાનાં નાનાં કાવ્યો રચી પોતાના હૃદયનો ઉલ્લાસ પ્રકટ કર્યો છે. કવિ પ્રેમાનંદના પુરોગામી આ કવિએ આખ્યાન કવિ તરીકે પ્રસિદ્ધતા સિદ્ધ કરી છે; અને દેશી સાહિત્યની વૃધ્ધિ કરી છે.

આવા પ્રાચીન દેશી સાહિત્યનું જ્ઞાન ઘણું વધારવાની જરૂર છે. તે જ્ઞાન વધતાં અને પ્રાચિન સાહિત્ય પરત્વેની આપણી મમત્વ બુદ્ધિ તીવ્ર થતાં તે જ્ઞાન ફલદ્રુપ નીવડશે, તેમાંથી કવિઓને નવીન ઉર્મિઓનાં સાધન, ભાવો, અને રસમય વાણી મળશે; ભાષાશાસ્ત્રીઓને ભાષા-વિકાસ-રૂપાન્તર વગેરેપર અવનવો પ્રકાશ પ્રાપ્ત થશે અને સમગ્ર ભાષાનો ઇતિહાસ રચવામાં તે ઉપયોગી થશે. આ દેશી પ્રાચીન સાહિત્ય એ આપણા સાહિત્યનું પ્રબલ પોષકબળ છે, પછી તે જૈન હો વા જૈનેતર. બંને એકજ-ભારતમાતાનાં-ગૂર્જરી માતાનાં સંતાન છે, બંને સરસ્વતી દેવીના એકસરખા ઉપાસક છે, બંને સાહિત્ય શરીરનાં અંગો છે. બંનેની લાજ એક બીજાના હાથમાં છે, બંને એક બીજા સાથે એકત્રિત રહીનેજ શોભશે, અને પોતાની માતાને-ભુમિને શોભાવશે.

પરમ પ્રભુભકત નાગર વૈષ્ણવ શ્રી નરસિંહ મહેતા કહી ગયા છે કે: ' પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન '-તે સર્વેએ સ્વીકારી સાહિત્યને પક્ષાપક્ષી વગરનું રાખવાનું છે; તો જ ગૂર્જરી વાણીનો જય થશે-ઉત્કર્ષ થશે. તથાસ્તુ !

પૂરવણી

આ નિબંધ લખાઇને જૈન સાહિત્ય સંશોધકના ખંડ ૨ અને અંક ૩ માં છપાઇ ગયા પછી સમયસુંદરજીની કેટલીક નવી કૃતિઓ જાણવામાં આવેલી હોવાથી તેનાં નામ વિગેરે આ પૂરવણીમાં આપી દેવાનું ઉચિત લાગ્યું અને તે પણ તે સ્થળે છપાઇ ગયું છે.

સંસ્કૃત પ્રાકૃત-ગદ્ય પદ્ય ગ્રંથ.

(૧) ચતુર્માસ પર્વ વ્યાખ્યાન પદ્ધતિ. સં. ૧૬૬૫ ચૈત્ર શુ. ૧૦ અમરસર નગરમાં.

(૨) કલ્પલતા મધ્યે ભોજન વિચ્છિતિ. ગદ્યમાં સાધર્મિક ભાઇઓની ભકિત સંબંધી વિવેચન.

ભાષા કૃતિઓ-ચોપાઇ વિગેરે

વ્યવહાર શુદ્ધિ ચોપાઇ	સંવત ૧૬૯૩
દ્રુપદી સતી સંબંધ	સંવત ૧૭૦૦
આલોયણા છત્રીસી	અહમદપુર (અમદાવાદ)માં સં. ૧૬૯૮

સમય વગરની કવિતાઓ

૧	જંબૂ રાસ.	૨	નેમિરાજીમતી રાસ.
૩	પ્રશ્નોત્તર ચોપાઇ	૪	શ્રીપાલ રાસ.
૫	હંસરાજ વચ્છરાજ ચોપાઇ	૬	પ્રશ્નોત્તર સાર સંગ્રહ.
૭	પદ્માવતી સઝાય.	૮	ચાર પ્રત્યેક બુદ્ધપર સ૦
૯	પાર્શ્વનાથ પંચકલ્યાણક સ્તવન	૧૦	પ્રતિમા સ્તવન.
૧૧	મુનિસુવ્રત સ્તવન.		

નાનાં નાનાં કાવ્યો-ગીતો વિગેરે

૧ નલદવદંતી, ૨ જિનકુશલસૂરિ, ૩ ઋષભનાથ, ૪ સનતકુમાર ૫ અર્હન્નક, ૬ સ્થૂલભદ્રજી, ૭ ગૌતમસ્વામી, ૮ ક્રોધનિવારણ, ૯ માનનિવારણ, ૧૦ મોહનિવારણ, ૧૧ માયાનિવારણ, ૧૨ લોભનિવારણ ૧૩ યતિ લોભનિવારણ, ૧૪ મનઃશુદ્ધિ, ૧૫-૧૬ જીવપ્રતિબોધ, ૧૭ આર્ત્તિનિવારણ, ૧૮ નિંદ્રાનિવારણ, ૧૯ હુંકારનિવારણ, ૨૦ કામિની વિશ્વાસ, ૨૧ જીવનટ, ૨૨ સ્વાર્થ, ૨૩ પારકી હોડનિવારણ ૨૪ જીવ વ્યાપાર, ૨૫ ઘડી લાખીણી, ૨૬ ગડિયાલા, ૨૭ ઉદ્યમ-ભાગ્ય, ૨૮ મુકિતગમન, ૨૯ કર્મ, ૩૦ નાવ. ૩૧ જીવદયા, ૩૨ વીતરાગ સત્યવચન, ૩૩ મરણભય, ૩૪ સંદેહ, ૩૫ સુતા જગાવણ ૩૬ પરમેશ્વર પૃચ્છા, ૩૭ ભણન પ્રેરણ, ૩૮ ક્રિયા પ્રેરણ, ૩૯ પરમેશ્વર સ્વરૂપ દુર્લભતા, ૪૦ જીવ કર્મ સંબંધ, ૪૧ પરમેશ્વર લય, ૪૨ નિરંજન ધ્યાન, ૪૩ દુઃષમ કાલે સંયમ પાલન.

અનુલેખ.

સમયસુંદરના બીજા ગ્રંથો નામે ગાથાલક્ષણ અને અલ્પબહુત્વ ગર્ભિત મહાવીરસ્તવન હમણાં મારી નજરે પડ્યા—તે પૈકી ગાથા લક્ષણનો પાંચ પાનાનો ગ્રંથ વડોદરામાં મુનિ શ્રી હંસવિજયજીના ભંડારમાં નં. ૩૨૭ મોજૂદ છે તેની પ્રશસ્તિપરથી જણાય છે કે તે તેમણે સં. ૧૬૭૩ ના કાર્તિક સુદ પાંચમે મેડતામાં સ્વશિષ્ય હર્ષનંદનગણિ પ્રમુખ સાધુની સહાયથી રચ્યો છે, તે પ્રશસ્તિ આ પ્રમાણે છે:—

सं १६७३ वर्षे कार्त्तिक शुदि पंचम्यां श्री मेडता नगरे श्री बृहत् खरतर गच्छे भट्टारकशाखायां युगप्रधान श्री ५ जिनचंद्रसूरि विजयिराज्ये युगप्रधान श्री ५ जिनचंद्रसूरि प्रथम शिष्य पं० सकलचंद्र गणि शिष्य श्री समयसुन्दरोपाध्यायैः वा० हर्षनन्दन गणि प्रमुख साधुसहायैः नंदियद्-च्छंदो भांडागारे ज्ञानवृद्ध्यर्थं......................

અલ્પ બહુત્વગર્ભિત મહાવીર સ્તવન ૧૩ ગાથાનું પ્રાકૃતમાં છે અને તેપર સર્વોપરી સંસ્કૃત ટીકા રચી છે તે પ્રજ્ઞાપના સૂત્રના તૃતીયપદના પ્રથમ દ્વાર ઉપરથી રચ્યું છે. છેવટે તે લખે છે કે અણહિલ્લપત્તન વાસ્તવ્ય સિદ્ધાન્તસૂક્ષ્મવિચાર રસિક ચોપડા ગોત્રીય પરીક્ષક (પરીખ) દેવજીની સમભ્યર્થનાથી આ કૃતિ રચાઈ. (મુદ્રિત આત્માનંદ ગ્રંથ રત્નમાળાનું ૨૧ મું રત્ન-આત્માનંદ જૈનસભા ભાવનગર)

વિચારશતકની ૫૩ પત્રની એક પ્રત ઉકત હંસવિજયજી મહારાજના ભંડારમાં નં. ૪૮૪માં વિદ્યમાન છે. (પંડિત લાલચંદભાઈના જણાવવા પ્રમાણે તે સુરતમાં પ્રકટ થઇ ગયેલ છે.)

કાલિકાચાર્ય કથાની એક પ્રત તેજ ભંડારમાં નં. ૧૭૮૯ ની જોવામાં આવી. તેમાં છેવટે એ પ્રમાણે છે કે:—

स श्री विधिचैत्यालय पूज्यमान श्री शांतिनाथ शासनाधीश्वर श्री वर्द्धमान तत्पट्टानुक्रमेण श्री सुधर्म्मास्वामि, तावत् युगप्रधान श्री जिनचंद्रसूरि श्री जिनसिंहसूरि श्री जिनराजसूरीणांप्रभावस्तेषां आज्ञया श्री संघ प्रवर्त्ततां ।

मद् विक्रम संवति रसर्त्तु शृंगार संख्यके सहसि ।
श्री विरमपुरे राउल नृप तेजसी राज्ये ॥१॥

આથી જણાય છે કે સં. ૧૬૬૬ માં વીરમપુર-વીરમગામમાં રાઉલ રાજા તેજસી રાજ્ય કરતો હતો ત્યારે આ બાલાવબોધિકા કથા રચી.

વૃત્તરત્નાકરવૃત્તિની પ્રત પણ તેજ ભંડારમાં નં. ૧૬૩૫ ની વિદ્યમાન છે તેની પ્રશસ્તિ એ પ્રમાણે છે કે:—

वृत्तरत्नाकरे वृत्तिं गणिः समयसुंदरः ।
षष्ठाध्यायस्य संबंधः पूर्णीचक्रे प्रयत्नतः ॥१॥
संवत् विधिमुखनिधि रस शशि संख्ये दीपपर्वदिवसे च ।
जालोर नाम्न नगरे लूणेया फसलार्पितस्थाने ॥२॥
श्रीमत् खरतर गच्छे श्री जिनचंद्र सूरयः ।
तेषां सकलचंद्राख्यो विनेयः प्रथमोऽभवत् ॥३॥
तच्छिष्य समयसुन्दरः एतां वृत्तिं चकार सुगमतरां
श्री जिनसागर सूरिं प्रवरे गच्छाधिराजेति ॥४॥

આમાં ગ્રથાગ્ર ૧૧૦૦ છે ને તેના લેખકની પ્રશસ્તિ એ પ્રમાણે છે કે સં. ૧૮૫૬ મિતે વર્ષે માઘ શુક્લપક્ષે તિથૌ ચતુર્દશ્યાં ક્ષિતિ-

જદિને લિખિતો પંન્યાસ શ્રી ૧૦૮ ઉત્તમવિજયજી તદ્ ગુરૂ ભ્રાતા શ્રી હરિવિજયજી તત્ શિષ્ય ચયનવિજયેન સ્વાત્માર્થમિતિ ઉજ્જયિન્યાં પુર્યાં શ્રી દોલત એવ સિંધ્યા રાજ્યે તપાગચ્છાધિરાજ શ્રી ભટ્ટારક વિજયજિનેંદ્ર સૂરિ રાજ્યે.

આથી જણાય છે કે જાલોરમાં લુણુયા ફસલાએ (વાપરવા) દીધેલા સ્થાનમાં રહી સં. ૧૬૯૪માં દીવાલીને દિને આ છ અધ્યાયવાળા ગ્રંથની વૃત્તિ પૂરી કરી. તે વખતે ખરતરગચ્છના અધિપતિ જિનસાગર સૂરિ * હતા.

* **જિનસાગર સૂરિ**—બોહિત્થરા ગોત્રના વીકાનેરવાસી શાહ વચ્છરાજ પિતા અને મિરગાદે માતા. સં. ૧૬૫૨ કાર્તિક સુદિ ૧૪ રવિ અશ્વિનિ નક્ષત્રમાં જન્મ, મૂળ નામ ચોલા. સં. ૧૬૬૧ માહ સુદિ ૭ દિને અમરસરમાં જિનસિંહ સૂરિએ દીક્ષા આપી. નામ સિદ્ધસેન આપ્યું. શ્રીમાલ ચુહરા અચુકા શ્રાવકોએ નંદી મહોત્સવ કર્યો. વાદી શ્રી હર્ષનંદન ગણિએ (સમયસુંદરના શિષ્ય) બાલપણથી સર્વ શાસ્ત્રો ભણાવ્યાં. સં. ૧૬૭૪ માં ફાગણ સુદિ ૭ દિને મેડતા નગરમાં ચોપડા ગોત્રના સાહ આસકરણે કરેલ મહોત્સવપૂર્વક સૂરિ પદ લઇ જિનસાગરસૂરિ નામ રાખ્યું, અને બીજા શિષ્ય બોહિત્થરા ગોત્રના રાજસમુદ્ર ગણિ–તેમને આચાર્યપદ આપી જિનરાજસૂરિ નામ રાખ્યું. ત્યારપછી બાર વર્ષ સુધી જિનસાગરસૂરિ શ્રીપૂજ્યની આજ્ઞામાં રહ્યા; પછી આચાર્ય જિનરાજસૂરિમાંથી ત્રણથી ગચ્છ વિભિન્ન થયો તે આ પ્રમાણે–સં. ૧૬૯૯ માં બૃહત્ ભટ્ટારક શ્રી રંગવિજય ગણિથી રંગવિજય ખરતર શાખા જૂદી પડી આ નવમો ગચ્છભેદ; પછી તેમાંથી શ્રીસાર ઉપાધ્યાયથી શ્રી સારીય ખરતર શાખા જૂદી પડી ને તે દશમો ગચ્છભેદ; ત્યારપછી સં. ૧૭૧૨ માં આચાર્ય જિનરાજસૂરિના બીજા શિષ્ય રૂપચંદ્રે લઘુભટ્ટારક ખરતર શાખા કાઢી તે અગિયારમો ગચ્છભેદ થયો. ભટ્ટારક શ્રી જિનસાગરસૂરિએ સં. ૧૬૭૪ વૈશાખ સુદિ ૧૩ શુક્રે રાજનગર વાસી પ્રાગ્વાટ જ્ઞાતિના સંઘપતિ સોમજી પુત્ર રૂપજીએ બનાવેલા શ્રી શત્રુંજય ઉપરના ચતુર્દ્વાર વિહારમાંના શ્રી ઋષભાદિ જિનની ૫૦૧ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ રીતે જિનમતોન્નતિકારક, અંબિકા પ્રદત્ત વરધારક સમસ્તતર્કવ્યાકરણચ્છંદોલંકારકોષ કાવ્યાદિ વિવિધ શાસ્ત્રમાં પારંગત જિનસાગરસૂરિ અમદાવાદમાં સં. ૧૭૨૦ ના જ્યેષ્ઠ વદ ૩ ને દિને અગિયાર

સમયસુન્દરે પ્રશ્નોત્તર સાર સંગ્રહ નામનો ગદ્યમાં એક મોટો ગ્રંથ રચ્યો છે તેની પ્રત પણ ઉકત ભંડારમાં નં. ૧૫૬૭ જોઇ. અંગાદિમાંથી પ્રશ્નો કાઢી તેના ઉત્તરો કર્તાએ આપ્યા છે. તેમાં રચ્યા સાલ કંઇ નથી, તેમજ કોઇ જાતનો પોતાનો પરિચય નથી. ઉત્તરો આપવામાં ગૂજરાતી ભાષા પણ વપરાઇ છે.

તેના મુખ્ય શિષ્ય હર્ષનન્દને* (કે જેનો ઉલ્લેખ અગાઉ થઇ ગયો છે.) મધ્યાહ્ન વ્યાખ્યાન પદ્ધતિ નામનું પુસ્તક સં. ૧૬૭૩માં પાટણમાં રચી પૂર્ણ કર્યું છે તેમાં તેણે પોતાના ગુરૂ સમયસુન્દર માટે જે જણાવ્યું છે તે જાણવા જેવું છે. તે પુસ્તક તેજ ભંડારમાં ૧૬૧૦ મા નંબરનું છે.

जिनचंद्रसूरि युगवर राजानां शिष्य मुख्य गणनायां
गणि सकलचन्द्र विबुधाः सद्गुरुभक्ताः सदा आसन् ॥११॥
तेषां शिष्या मुख्याः वचनकलाकविकलासुनिष्णाताः ।
तर्कव्याकृतिसाहित्यज्योतिःसमयतत्त्वविदः ॥१२॥

દિન સુધી અનશન કરી સ્વપટ્ટે જિનધર્મસૂરિને સ્થાપી સ્વર્ગે ગયા, આ આઠમો બૃહત્ખરતર નામનો મૂલગચ્છ. (શ્રી જિનવિજયજીની સંપાદિત ખ૦ પટ્ટાવલીમાંથી.)

જિનરાજસૂરિ માટે પટ્ટાવલીમાં જે છે તેમાં એમ લખ્યું છે કે સમયસુંદર ઉપાધ્યાયના શિષ્ય હર્ષનંદનના કદાગ્રહથી સં. ૧૬૮૬ માં આચાર્ય જિનસાગરસૂરિથી લઘુ આચાર્યીય ખરતર શાખા અલગ થઈ તે આઠમો ગચ્છભેદ થયો. મેડતામાં સં. ૧૬૭૪ માં પોષ વદિ ૧૩ દિને જિનસિંહસૂરિ સ્વર્ગસ્થ થયા પછી જિનરાજસૂરિ અને જિનસાગરસૂરિ એ બંનેને સૂરિ પદ તેજ વર્ષમાં ફાગણ સુદ ૭ ને દિને મેડતામાં મળ્યાં. ૧૬૮૬ સુધી જિનસાગરસૂરિ જિનરાજસૂરિની આજ્ઞામાં રહ્યા ને પછી પોતાની શાખા કાઢી. સમયસુંદરે ત્યારથી જિનસાગરસૂરિને જ માનેલ છે એમ ગણાય છે.

* (આ હર્ષનંદને તથા સુમતિકલ્લોલે સં. ૧૭૦૫ માં સ્થાનાંગ સૂત્રની વૃત્તિગત ગાથા પર વૃત્તિ રચી છે. તેની સં. ૧૭૨૪માં અમદાવાદમાં મુરાદશાહના રાજ્યમાં લખેલી પ્રત પત્ર ૩૬૭ ગ્રંથમાન ૧૩૬૦૪ દાબડો ૧૧ લીંબડીના ભંડારમાં વિદ્યમાન છે.)

प्रज्ञाप्रकर्षः प्राग्वाटे इति सत्यं व्यधायि यः
येषां हस्तात् सिद्धिः संताने शिष्यशिष्यादौ ॥१३॥
अष्टलक्षानर्थानेकपदे प्राप्य ये तु निर्ग्रन्थाः
संसार सकल सुभगाः विशेषतः सर्वराजानां ॥१४॥
तेषां शिष्यो मुख्यो वादी इह हर्षनंदनो नाम्ना ।....

આ પરથી જણાય છે કે સમયસુન્દર મૂળ પ્રાગ્વાટ—પોરવાડ વણિક હતા, અને તેને આપેલાં વિશેષણો—વચનકલા નિષ્ણાત (વક્તા—વ્યાખ્યાતા) કવિ કલાનિષ્ણાત (કવિ), તર્ક, વ્યાકૃતિ—વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ-શાસ્ત્રોના જ્ઞાતા તથા સમયતત્વવિદ્—ફિલસુફ તેના સર્વ ગ્રથો પરથી કહી શકાય કે સાર્થકજ છે.

સ. ૧૬૭૭ના જ્યેષ્ઠ વદિ ૫ ગુરો—જિનરાજસૂરિએ મેડતામાં પ્રતિષ્ઠા કરી તે વખતે સમયરાજઉ૦, વા૦ હંસપ્રમોદ, વા૦ સમયસુન્દર, વા૦ પુણ્યપ્રધાનાદિ સાધુઓ હાજર હતા. જુઓ તેનો શિલાલેખ-લેખાંક ૪૪૩. પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જો. મુનિજિનવિજય-જી સંપાદિત.

સમયસુંદર કવિનો જન્મ સાચોરમાં થયો હતો એ વાત તેમણે પોતેજ સીતારામ ચોપાઇના છઠા ખંડની ઢાલ ત્રીજીમાં જણાવી છેઃ—

"મુજ જનમશ્રી સાચોરમાંહિ, તિહાં ચ્યાર માસ રહ્યા ઉચ્છાંહિ,
તિહાં ઢાલ એ કીધી એકેજ, કહે સમયસુંદર ધરી હેજ."

આ પરથી જણાય છે કે તે ચોપાઇનો અમુક ભાગ સાચોરમાં ચાતુર્માસ રહી કર્યો છે ને તેનો છેવટનો ભાગ મેડતામાં રહી કર્યો છે.

સોનોરથી મુનિશ્રી ચતુરવિજયજીએ પોતાના સં. ૧૯૮૧ ના ભા૦ સુ૦ ૮ ના પત્રથી ઉપરની કડીપર મારૂં ધ્યાન ખેંચી એક અગત્યની હકીકત પૂરી પાડી છે તે માટે તેમનો હું ઉપકાર માનું છું.

તા. ૩૦—૮—૧૯૨૫. મો. દ. દેશાઇ.

પંડિત જયવિજય.

૧

વિક્રમની સત્તરમી સદીના પૂર્વાર્ધમાં જૈનોમાં તપગચ્છના આચાર્ય હીરવિજયસૂરિ એક પ્રભાવક પુરૂષ થઇ ગયા, અને તેમનાં અનેક સુકૃત્યો—શાસનપ્રભાવનાં કાર્યો, તેમના અતિ સંખ્યક વિદ્વાન્ શિષ્યોનું મંડળ અને મોગલ સમ્રાટ્ અકબર બાદશાહ પર પાડેલી ઉત્તમ છાપ વગેરે હકીકત અનેક ગ્રંથોમાંથી (જુઓ મુખ્યપણે સંસ્કૃતમાં સટીક હીરસૌભાગ્ય મહાકાવ્ય, ઋષભદાસકૃત હીરવિજયસૂરિ રાસ, અને મુનિશ્રી વિદ્યાવિજયકૃત સૂરિશ્વર અને સમ્રાટ્) મળી આવે છે તે પરથી યથા-યોગ્યપણે જૈન પ્રભાવની દૃષ્ટિએ આ સદીનો પૂર્વાર્ધ 'હૈરક યુગ' કહી શકાય તેમ છે. વિક્રમની સત્તરમી સદી સંબંધે કેટલુંક 'કવિવર સમયસુંદર' એ નિબંધમાં લખાઇ ગયું છે.

શકુનશાસ્ત્ર ચોપઇ—શુકન ચોપઇ સં. ૧૬૬૦ માં જયવિજયે રચી અને તેમાં તે કર્તાએ અંતપ્રશસ્તિમાં પોતે 'વિબુધમુખ્યદક્ષ' પંડિત દેવવિજયના શિષ્ય હતા એટલો જ પોતાનો પરિચય આપ્યો છે. પહેલી નજરે જોતાં આટલા ઉપરથી એટલુંજ અનુમાન થઇ શકે કે પોતાના અને સ્વગુરૂના નામને અંતે 'વિજય' એ હોવાથી, તેમજ રચનાકાલ તપગચ્છના ઉપરોક્ત પ્રભાવક ધુરંધર આચાર્ય હીરવિજય સૂરિના—હૈરકયુગ—ની આસપાસ હોવાથી—તે 'વિજય' પદ તપગચ્છના સાધુઓને જ તે કાલથી પ્રાયઃ લગાડાતું હોવાથી કર્ત્તા તપગચ્છના હોવા ઘટે.

વિશેષ શોધખોળ કરતાં જયવિજય અને તેમના ગુરૂ દેવવિજય સંબંધે ઘણું મળી આવે છે. દેવવિજય શિષ્ય જયવિજયે આ કૃતિ ઉપરાંત સંસ્કૃતમાં શોભન સ્તુતિ પર શ્લોક ૨૩૫૦ માં સં. ૧૬૬૪ માં વિજયસેન સૂરિના યુગપ્રધાન સમયે ને વિજયદેવ સૂરિના યૌવરાજ્યે

વૃત્તિ રચી છે (કે જે સ્તુતિપર સિદ્ધિચંદ્રગણિએ પણ ૨૨૦૦ શ્લોકમાં તે સમયમાં જ-યુગમાંજ વૃત્તિ રચી છે અને જે સ્તુતિ તે વૃતિ તથા બીજી અવચુરિ સહિત કાવ્યમાલાના સાતમગુચ્છકમાં મુદ્રિત થયેલી છે). એક પંડિત જયવિજયે સંવત્ ૧૬૭૭ માં ૩૫૩૨ શ્લોકમાં કલ્પસૂત્રપર કલ્પદીપિકા નામની ટીકા રચી છે કે જે ટીકા [1]ભાવવિજયજીએ શોધી છે. આ બંને તેમજ એક ત્રીજા જયવિજય એક છે કે ભિન્ન તે હવે પછી ચર્ચીશું.

૨.

ગુરૂ પરંપરા.

જયવિજયના ગુરૂ દેવવિજય કોણ હતા અને તેમની ગુરૂ પરંપરા શું હતી તેમાં ઉતરતાં નીચલો ઇતિહાસ મળી આવે છેઃ-

---

૧ **ભાવવિજયજી**—તે વિમલહર્ષ ઉપાધ્યાયના શિષ્ય મુનિવિમલના શિષ્ય હતા. તેમણે સં. ૧૬૮૯ માં ઉત્તરાધ્યયન સૂત્ર પર વૃત્તિ રોહિણી નામના નગરમાં રચી પૂર્ણ કરી. (કે જેમાં તેના સતીર્થ્ય વિજયહર્ષે સહાય કરી હતી. આ શ્રી વલ્લભવિજય સૂરિના પ્રયાસથી પ્રકાશિત થઇ ગઇ છે.) ભાષામાં તેમણે સં. ૧૬૯૬ માં ધ્યાનનિરૂપણ ચોપઇ રચી છે ને બીજાં સ્તવનાદિ કર્યાં છે. જુઓ જૈન ગૂર્જર કવિઓ નં. ૫૫૩. તેઓ સમર્થ વિદ્વાન્ હોવાથી બીજા વિદ્વાનો પોતાની કૃતિઓ તેમની પાસે શોધાવતા. તેમણે જયવિજયની કલ્પદીપિકાનું સંશોધન કરવા ઉપરાંત વિનયવિજય ઉપાધ્યાયે સં. ૧૬૯૬ માં રચેલી કલ્પસૂત્ર પરનીજ ટીકા નામે સુબોધિકા શોધી હતી અને તેજ વિનયવિજયનો સં. ૧૭૦૮ માં જૂનાગઢમાં પુરો કરેલો મહાગ્રંથ નામે લોકપ્રકાશ પણ શોધી આપ્યો હતો કે જેમાં છેવટે તે વાત આ રીતે આપી છે કેઃ—

‘ઉત્તરાધ્યયન વૃત્તિકારકૈઃ સુષ્ઠુ ભાવવિજયાખ્યવાચકૈઃ
સર્વશાસ્ત્ર નિપુણૈ ર્યથાગમં, ગ્રંથ એષ સમશોધિ સોદ્યમૈઃ ॥૩૭॥

આ ભાવવિજયે વિજયાણંદ સૂરિનેજ ગચ્છપતિ સ્વીકારેલ છે. જુઓ તેની ઉ૦વૃત્તિની પ્રશસ્તિ.

તેમણે સં. ૧૭૦૮ માં વિજયાદશમીને દિને વિદ્યાપુર–વીજાપુરમાં રહી ચંપકમાલા કથા સંસ્કૃતમાં રચી છે (પ્ર૦ આત્માનંદ સભા.)

દક્ષિણમાં આવેલા દેવગિરિમાં ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરવા અર્થે હીરવિજયસૂરિ (તે વખતના હીરહર્ષ), ધર્મસાગરજી અને રાજવિમલજી એ ત્રણ સાથેજ ગયા હતા, અને સાથેજ ભણીને ગુરૂવર્ય–ગચ્છાધિરાજ વિજયદાનસૂરિ પાસે આવ્યા હતા. વિજયસૂરિએ આ ત્રણ પૈકી હીરહર્ષને આચાર્ય પદવી આપીને હીરવિજયસૂરિ નામ આપ્યું કે જેમાં ધર્મસાગરજીએ પોતાની અનુમતિ આપી હતી. આ ધર્મસાગરજીને સં. ૧૬૧૭ માં જિનશાસનમાંથી બહિષ્કૃત કર્યા.

ધર્મસાગરજી સંબંધમાં થોડું ઘણું ‘કવિવર સમયસુંદર’ પરના નિબંધમાં કહેવાઇ ગયું છે; થોડુંક અહીં પ્રસ્તુત લઇએ તો “ધર્મસાગર ઉપાધ્યાયે કુમતિકુદ્દાલ નામનો એક નવો ગ્રંથ બનાવી નવો પંથ માંડવા પ્રયત્ન કર્યો. તેઓ પોતાનાં વખાણ અને બીજા પક્ષની નિન્દા કરવા લાગ્યા. તેમના ગ્રંથમાં ધર્મથી ઘણું વિપરિતપણું જોવામાં આવ્યું અને તેવી પરૂપણા પણ કરવા લાગ્યા. આ વાતની જ્યારે વિજયદાનસૂરિને ખબર પડી, ત્યારે તેમણે વીસલનગર આવીને, નગરના ઘણા લોકોની સાક્ષીએ તે ગ્રંથને પાણીમાં બોળાવી દીધો. ગુરૂ આજ્ઞાથી આ ગ્રંથ સૂરચંદ પંન્યાસે પાણીમાં બોળ્યો હતો.” આમ સામા પક્ષના દર્શનવિજય પોતાના વિજયતિલકસૂરિ રાસમાં જણાવે છે. જ્યારે સાક્ષરશ્રી મુનિ જિનવિજયજીએ એક સ્થળે જણાવ્યું છે કેઃ-

‘મહાન્ મુગલ સમ્રાટ્ અકબર બાદશાહના દરબારમાં ઉત્તમ આદર પ્રાપ્ત કરનાર જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિના શાસનકાલમાં તપા ગચ્છમાં જે અનેકાનેક પ્રૌઢ પંડિતો થઈ ગયા છે તેમાં ધર્મસાગર ઉપાધ્યાય સૌથી પ્રથમ નામ લેવા યોગ્ય છે. તેઓ પોતાના સમયના ઉત્તમ વિદ્વાન્ અને લેખક, અપ્રતિમ લાગણી અને જુસ્સાવાલા, સ્વસંપ્રદાયના અસાધારણ અભિમાની અને અન્યમતાસહિષ્ણુ હતા. તેમનો શિષ્યસમુદાય પણ મોટી સંખ્યાનો હતો અને પ્રમાણમાં વિદ્વત્તા પણ તેમાં યથેષ્ટ હતી. ઉપાધ્યાયજીનો સ્વભાવ ઉગ્ર અતએવ નીડર અને તેથીજ

બીજા મતો-સંપ્રદાયો સાથે વાદ વિવાદ કરવામાં અત્યંત રસવાળો હતો. તેમના આવા સ્વભાવને લીધે તેઓ જેમ પોતાના અનેક પ્રશંસકોની પ્રીતિ મેળવી શકયા હતા તેમ અનેકોની અપ્રીતિના પણ ભાજન થયા હતા. બીજા મતો અને સંપ્રદાયો તો તેમના પ્રતિ વિરોધભાવવાળા હોય તેમાં શું આશ્ચર્ય; પણ સ્વસંપ્રદાયનો પણ કેટલોક વિશિષ્ટ ભાગ તેમનો સખ્ત વિરોધી હતો. ખુદ ગચ્છાધિપતિ પણ કેટલીકવાર તેમની પ્રકૃતિ અને કૃતિથી ખેદ પામતા હતા. અનેકવાર તેમને ઉપાલંભો અપાણા અને ફરીવાર તેમ ન બને તેટલા માટે હિતવચનો કહેવાણા. જેમ તેમના રચેલા કેટલાક ગ્રંથોની સ્વયં ગચ્છાધિપતિએ બહુ પ્રશંસા કરી છે તેમ કેટલાક ગ્રંથોને જલશરણ પણ કરવા પડયાં છે ! [તેમની સાથે સંબંધ ધરાવનારો ઇતિહાસ ઘણા વિસ્તૃત પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. તેમની અનુકૂલ અને પ્રતિકૂલ બંને બાજુએ લખાયલા ઘણાક ઉલ્લેખો ગ્રંથો અને છુટક નિબંધો-પ્રબંધોમાં મળી આવે છે. તેમના જેવા, એકંદર રીતે સમર્થ સાધુપુરૂષના જીવનની સમગ્ર સામગ્રી એકત્ર કરી જનસમાજની સન્મુખ મૂકવાની ખાસ આવશ્યકતા છે]"

પણ આટલું તો જણાય છે કે ધર્મસાગર કે જેઓ ઘણા વિદ્વાન પણ ઉગ્ર સ્વભાવી હતા તેમણે તપગચ્છ સિવાય અન્ય ગચ્છોના ઉપર અનેક હુમલાવાળા ગ્રંથો ને વિરોધી પ્રરૂપણાઓ કર્યાંજ કરી, તેથી આખા શ્વેતામ્બર તપગચ્છીય સંપ્રદાયમાં બહુ ઝગડા થયા-કુસંપને અંગે તડ પડયાં. તપગચ્છાચાર્ય હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિએ બીજા ગચ્છો સાથેના મહા વિગ્રહ ઉત્પન્ન થવાના સંપૂર્ણ સંભવનો વિચાર કરી ધર્મસાગર સામે વિરોધ દાખવ્યો. ત્યારપછીના વિજયદેવસૂરિ અમુક વખતે ધર્મસાગરમાં ભળ્યા એટલે તપગચ્છની અંદરના ઝગડાએ તીવ્ર સ્વરૂપ પકડયું. આ સર્વ વાત ઝીણવટથી મુનિશ્રી વિદ્યાવિજયજીએ ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ ૪ થામાં આપેલા

વિજયતિલકસૂરિ રાસની પ્રસ્તાવનામાં ચર્ચી છે તે જોઇ લેવા વાચકને ભલામણ છે.[૨]

---

૨ મુનિશ્રી જિનવિજયજી પ્રાસંગિક હૃદયોદ્ગાર કાઢે છે કે—'આજના સભ્યંમન્ય જમાનામાં ઘણાખરા વિદ્વાનોનો ધર્મની બાબતમાં આવી ઉગ્ર પ્રકૃતિવાલા પુરૂષોપ્રતિ આદરભાવ અલ્પ દેખાય છે તેમજ મત--મતાંતરો તરફ ખંડન-મંડનની દ્દષ્ટિએ લખાયલા વિચારોની કીંમત પણ ઓછી અંકાય છે. સ્વયં આ પંક્તિઓ લખનાર પણ કેટલેક અંશે આવીજ કોટિમાં ગણાય તેવો છે. પરન્તુ તાત્વિક દ્દષ્ટિએ વિચારતાં તેમજ દેશકાલની પરિસ્થિતિનું અવલોકન કરતાં જણાય છે કે કેટલીક વખતે તેવી પ્રકૃતિવાલા મનુષ્યો અને તેવા વિચારો પણ પોતપોતાના જનસમુદાયો અને ધર્મવિચારોને ઘણા અનુકુલ થઇ પડે છે પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગ અને શિક્ષણના પ્રતાપે આજે ભારતીય જનતામાંથી આત્માભિમાન અને ધર્માભિમાન ઘણાજ શિથિલ થઇ ગયાં છે અને તેના લીધે સ્વાભાવિક રીતેજ અમારામાંથી લાગણીઓનો અભાવ થઇ ગયો છે; પરન્તુ જ્યાં સુધી અમારી ઉક્ત સ્થિતિ ન હતી ત્યાંસુધી અમારામાં તેવી લાગણીઓ પણ સતત જાગ્રત હતી. એ લાગણીઓના પ્રતાપેજ અમે અમારૂં વ્યક્તિત્વ (આર્યત્વ) અત્યાર સુધી ટકાવી રાખ્યું છે. જેમ રાષ્ટ્રની બાબતમાં એ પરિસ્થિતિ છે તેમ ધર્મની બાબતમાં પણ એ નિયમ લાગુ પડે છે. આગળના જમાનામાં એટલે પશ્ચિમીય ભાવ અને ભાષાના સમાગમમાં આવ્યા પહેલાના વખતમાં આર્યપ્રજામાં ધર્માભિમાન ઘણી સારી રીતે પ્રજ્જ્વલિત હતું. એક ધર્મવાલા બીજા ધર્મ પ્રતિ પોતાની શ્રેષ્ટતા અને મહત્તા દેખાડવા હમેશાં પ્રયત્ન કરતા; જેમાં રાજા મહારાજાઓ પણ ઘણી વખતે અગ્રભાગ લેતા. સ્વયં નૃપતિઓ પોતાના દરબારમાં અનેક દાર્શનિક અને વાચાલ વિદ્વાનોને ઉત્તમ આશ્રય આપતા અને વિદેશી દાર્શનિકો અને વિદ્વાનો આવતા ત્યારે તેમની સાથે રસપૂર્વક વાદવિવાદ કરાવતા અને તેમાં જયપામનારનો અધિક સત્કાર કરી તેને પોતાની પ્રવૃત્તિમાં ઉતેજિત કરતા. મતલબ કે પૂર્વકાળમાં ધાર્મિક ખંડનમંડન અને દાર્શનિક વાદવિવાદ એ એક મહત્વનું કાર્ય ગણાતું હતું. આજ પદ્ધતિના બળે અનેક ધર્મો ઉત્કર્ષ અને અપકર્ષ પામી ચૂક્યા છે. આવી પરિસ્થિતિના લીધે આજે અમારી બુદ્ધિમાં જો એ પદ્ધતિ ઉપયોગી નહિ જણાય અને તેમ

આ ધર્મસાગરના ખંડનાત્મક-આક્ષેપાત્મક ગ્રંથોને લીધે થયેલા ઝઘડાનો સ્પર્શ આખા તપગચ્છના તે વખતના સમુદાયને થયો. અમુક તેના અને અમુક સામેના એમ બે પક્ષો પડ્યા. બંને પક્ષથી તટસ્થ કોઇ વિરલજ હશે.

ઉપરોક્ત રાજવિમલ ધર્મસાગરના એક વખતના સહાધ્યાયી હોવા છતાં તે તેમની સાથે ભળ્યા નહિ અને પોતે ગચ્છપતિ વિજયદાન સૂરિના કહેવા-આજ્ઞા પ્રમાણે પોતાની માન્યતા રાખી. આ રાજવિમલ ઉપાધ્યાયના મુનિવિજય નામે એક વિદ્વાન્ શિષ્ય હતા. તે મૂળ વીસનગરના રહીશ વણિક કેશવશા ને તેની ભાર્યા સોમાઇના પુત્ર સંસાર પક્ષે થતા હતા. તેઓ કવિ હતા. હીરવિજય સૂરિએ શત્રુંજયની પ્રસિદ્ધ યાત્રા અનેક સંઘો-લાખો માણસના સમુદાય સાથે સં. ૧૬૪૯ માં કર્યા પછી ત્યાંથી ઉના જઇ ચોમાસું કર્યું અને ત્યાં સાહ લખરાજે ઘણા દ્રવ્યનો વ્યય કરી સૂરિજીના હાથે મંદિરમાં પ્રતિષ્ઠાઓ કરાવી અને એ મુહૂર્ત ઉપર કવિ મુનિવિજયને ગુણવાન્ જાણી પોતાની પાસે બોલાવી સૂરિએ વાચક-ઉપાધ્યાય પદ આપ્યું હતું. આ મહોપાધ્યાય મુનિવિજયે વિજયસેનસૂરિને પ્રશ્નો પૂછ્યા હતા તે તેના તે સૂરિએ આપેલા ઉત્તર સહિત 'સેન પ્રશ્ન'માં મૂકેલા છે (જુઓ પ્રશ્નો ૭ થી ૧૨ પૃ. ૧-૨)

આ મુનિવિજય ઉપાધ્યાયને બે શિષ્યો નામે દેવવિજય અને દર્શનવિજય હતા. આ પૈકી દર્શનવિજયે ગૂજરાતી ભાષામાં બે કૃતિઓ નામે પ્રેમલાલચ્છી રાસ અથવા ચંદ ચરિત સં. ૧૬૮૯ કાર્તિક શુ. ૧૦ બુર્હાનપુરમાં (પ્રકાશિત આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક

થવામાં કદાચ આધુનિક પરિસ્થિતિજ મુખ્ય નિમિત્ત હોય-તોપણ તેથી એની પ્રતિષ્ઠા તો ન્યૂન થતી જ નથી. માટે તેવી વ્યક્તિઓ અને તેવો ઇતિહાસ જો ઉપલબ્ધ થાય તો તેમનો પરિચય કરવા કરાવવાની ખાસ આવશ્યકતા છે.-આત્માનંદ પ્રકાશ વીરાત્ ૨૪૪૪ કાર્તિકનો અંક પુ. ૧૫.

૧ લું અને જેનું સુંદર અવલોકન રા. હરગોવિનદાસ કાંટાવાળાએ સાહિત્યના સને ૧૯૧૪ ના મેના અંકમાં કર્યું છે) અને વિજયતિલક સૂરિરાસ સં. ૧૬૯૭ પોસ સુદિ રવિવારે બુર્હાનપુરમાં (ઐતિહાસિક રાસ સંગ્રહ ભા. ૪ માં મુદ્રિત અને જેની કવિની પોતાની હસ્તલિખિત પ્રતિ લીંબડીના ભંડારમાં મોજૂદ છે) રચી પૂર્ણ કર્યો છે. અને દેવવિજય તે આપણા જયવિજયના ગુરૂ-દીક્ષા ગુરૂ.

૩.

ગુરૂપરિચય.

દેવવિજય એક સારા કવિ અને સંસ્કૃતજ્ઞ વિદ્વાન્ સાધુ હતા. તેમણે સં. ૧૬૫૨ માં સંસ્કૃતમાં રામચરિત્ર-રામાયણ ગદ્ય શ્લોક ૫૦૦૦ માં, પદ્મ ચરિત્ર શ્લો. ૨૨૦૦ માં, સં. ૧૬૬૦ માં ગદ્ય પાંડવ ચરિત્ર શ્લોક ૯૫૦૦ (મુદ્રિત), સં. ૧૬૬૬ માં દાનતપાદિ કુલક પર ધર્મરત્નમંજૂષા નામની વૃત્તિ શ્લોક ૧૨૦૧૬ માં, સં. ૧૬૭૦ માં મહા સુદ ૩ તરણિવાસરે સપ્તતિ શતસ્થાનક વૃત્તિ, અને અર્હન્જિન સહસ્રનામ રચ્યાં છે. આ દેવવિજય ગણીએ પોતાની વિજયસેનસૂરિ રાજ્યે અને વિજયદેવસૂરિ યૌવરાજ્યે રચેલી ઉક્ત સપ્તતિશત સ્થાનક વૃત્તિના કાર્યમાં શિષ્ય જયવિજયજીની સંશોધક તરીકે સાહાય્ય લીધી હતી. આ વૃત્તિ આત્માનંદ સભા- ભાવનગરે છપાવી છે. આત્માનંદ ગ્રંથમાલા રત્ન ૬૮. આ રીતે ગુરૂ અને શિષ્ય બંને નિપુણ સંસ્કૃત ભાષાજ્ઞ હતા. દેવવિજય નામના સાધુએ કેટલાક પ્રશ્નો હીરવિજયસૂરિને અને વિજયસેનસૂરિને પૂછ્યા હતા તે તેના ઉત્તર સહિત હીરપ્રશ્નોત્તર અને સેન પ્રશ્નમાં વિદ્યમાન છે. આ બંને દેવવિજય એક યા વિભિન્ન હોય.

સં. ૧૬૭૬ માં આચાર્ય વિજયતિલકસૂરિ જ્યારે શિરોહી આવ્યા ત્યારે ત્યાં આ દેવવિજય બાવન મુનિઓ સાથે આવ્યા હતા અને

તેમનામાં ભળ્યા હતા. આ પ્રમાણે તે સૂરિને અનેક ગીતાર્થ મુનિઓ ધર્મસાગરના–સાગરમતનો ત્યાગ કરી આવી મળ્યા–વિજયતિલકસૂરિ રાસ જુઓ. (આ પરથી અનુમાન થાય છે કે દેવવિજય પહેલાં સાગરમતમાં હશે.) પછી શુભ મુહૂર્તે વિજયતિલકસૂરિએ ઘણાઓને જુદી જુદી પદવી આપી તેમાં આ દેવવિજયને વાચક પદ આપ્યું. તેજ વર્ષમાં વિજયતિલકસૂરિએ સોમવિજય વાચકના શિષ્ય કમલવિજયજીને આચાર્યપદ આપી તેનું વિજયાનંદસૂરિ એ નામ રાખી તેમને ગચ્છનો ભાર સોંપી બીજે દિવસે સ્વર્ગવાસ કર્યો. (સં. ૧૬૭૬ પોશ શુદિ ૧૪). વિજયાનંદસૂરિ અને વિજયદેવસૂરિને મેળ થયો સં. ૧૬૮૧ ના પ્રથમ ચૈત્ર શુદ ૯; ત્યારપછી પાછો બંને વચ્ચે સં. ૧૬૮૫ માં વિભેદ પડયો. વિજયદેવસૂરિ ગચ્છભેદ કરી ધર્મસાગરને ગચ્છમાં લઈ દેવસૂરિ જુદા થયા. એક બાજુ વિજયદેવસૂરિ અને બીજી બાજુ વિજયાનંદસૂરિ—એમ બે પક્ષો પડયા. એક 'દેવસૂર' પક્ષ અને બીજો 'આણંદસૂર' પક્ષ ગણાયો.

દેવવિજયવાચક વિજયાનંદસૂરિની આજ્ઞામાં રહેવા લાગ્યા એટલે તેમણે વિજયદેવસૂરિએ સાગરનો પક્ષ લીધો તેથી તેમની સાથેનો સંબંધ છોડી વિજયાનંદસૂરિને ગચ્છપતિ માન્યા. (આ પરથી ચોકસ જણાય છે કે દેવવિજય વાચક પહેલાં વિજયદેવસૂરિની આજ્ઞા નીચે ને પછી સં. ૧૬૭૬ માં વિજયાનંદસૂરિની નીચે આવ્યા. આચાર્ય સંબંધી સાગરના મંતવ્યોને લીધે ખળભળાટ હતો તેથી જયવિજયે પોતાની આ ચોપઈમાં પોતે દેવવિજયના શિષ્ય છે એટલુંજ કહી દેવવિજયની ગુરૂ પરંપરા આપ્યા વગરજ સંતોષ માન્યો હોય એ બનવા જોગ છે.)

૪.

ઉપર જણાવેલી સાધુ વ્યકિતઓ તથા હવે પછી આવતા ભાનુચંદ્રાદિ માટેનું નીચેનું વંશવૃક્ષ ઉપયોગી થઈ પડશે.

વિજયદાનસૂરિ.

હીરવિજયસૂરિ　રાજવિમલ ઉ.　વિમલહર્ષ ઉ.　સકલચંદ્ર ઉ.

વિજયસેનસૂરિ　કલ્યાણવિજય　મુનિવિજય　મુનિવિમલ.　સુરચંદ પંન્યાસ.

ધર્મવિજય　ભાવવિજય.　ભાનુચંદ્ર

દેવવિજય　દર્શનવિજય.

સિદ્ધિચંદ્ર.

જયવિજય.　ધર્મવિજય (સં. ૧૭૦૪૦ માં પ્રતિષ્ઠાકલ્પ લખ્યો.)

શુભવિજય　હર્ષવિજય

સુમતિવિજય　મેરૂવિજય

રામવિજય.
(સં. ૧૭૮૫ માં

૫.

જયવિજયે પ્રસિદ્ધ વાચક કલ્યાણવિજય[૩] ના શિષ્ય ધર્મવિજય

---

૩ કલ્યાણવિજય—લાલપુરમાં સંઘપતિ હરખાશાનો તેની ભાર્યા પૂંજીનો પુત્ર નામ ઠાકરશી જન્મ સં. ૧૬૦૧ આસો વદ ૫ સોમ. દીક્ષા હીરવિજય સૂરિ પાસે મહેસાણામાં સં. ૧૬૧૬ વૈશાખ વદ બીજ–નામ કલ્યાણવિજય; પાટણમાં ઉપાધ્યાય પદ સં. ૧૬૨૪ ના ફાગણ વદિ ૭-ખંભાત, અમદાવાદ જઇ પછી પાટણમાં બિંબ પ્રતિષ્ઠા કીધી. પછી વાગડ માલવમાં ફર્યા, વાગડમાં અંતરીના પાર્શ્વ (આંતરીઆ પ્રભુ) ને વંદી કીકાભટ પાસે બિંબ પ્રતિષ્ઠા. ત્યાંથી ઉજ્જેણી–મક્ષીજીપાર્શ્વ. પછી મંડપાચલ (માંડવગઢ), વડવાણ તીર્થ, બરહાનપુર, દેવગિરિ ચોમાસું, પેઠણ, ત્યાંથી હીરવિજયસૂરિને સાદડી મળ્યા. હીરવિજયસૂરિ

વાચક પાસે અભ્યાસ કર્યો હતો. (જુઓ પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીનો અપ્રસિદ્ધ ગ્રંથકારોનો પરિચય-જેસલમેર ભંડાર સૂચિ પૃ. ૬૭) આ વાત પોતે પોતાની શોભનસ્તુતિ વૃત્તિમાં જણાવે છે. જુઓ તે વૃત્તિનો ઉલ્લેખ સ્વ. ડૉ. રામકૃષ્ણ ભાંડારકરના ૧૮૮૩-૮૪ નો રિપોર્ટ પૃ. ૧૫૬ નં. ૨૮૪ કે જેની પ્રત સં. ૧૬૯૯ ની લખેલી ભાંડારકર ઇન્સ્ટીટયુટમાં છે. આ હકીકત જયવિજયનાજ શિષ્ય શુભવિજયના શિષ્ય સુમતિવિજયના શિષ્ય [4]રામવિજયે પોતાના અમદાવાદમાં સં. ૧૭૮૫ વૈશાખ શુદ ૭ ગુરૂને દિને રચેલા ગૂજરાતી ભાષામાંના મહારાસ નામે શાંતિજિનરાસમાં પોતાની અંત પ્રશસ્તિ આપી છે તે પરથી જણાય છે કેઃ-

શ્રી ગુરૂ **હીરસૂરિ**સર શિષ્ય કલ્યાણ વિજય ઉવજ્ઝાય પુરંદર
દિન દિન ચઢતિ જગીસા-
શા **રૂ**ખાનંદન સોભાગી, સાચો વડ વૈરાગી
સંમતિ અરથ વિચાર સદગુરૂ, સાચો શુભમતિ રાગી-
માત પૂંજીબાઇ કુખે જાયો, નામે નવનિધિ થાએ,
વાચક **ધર્મ**વિજય વર તેહના, દીપે અધિક સવાઇ-
તસ અંતેવાસી ગુણ એ ભરિયા, બોલ ન બોલે વિરૂઆ,
શ્રી **જયવિજય** વિબુધ શ્રુત દરિયા, પાલે સુધી કિરિયા-

અકબ્બર પાસે ગયા. કલ્યાણવિજયે વૈરાટમાં મોટી પ્રતિષ્ઠા કરી. પછી ગૂજરાતમાં વિહાર કર્યો. અહીંસુધી વાત સં. ૧૬૫૫ ના આસો માસ ૫ ને દિને તેના શિષ્ય જયવિજયે રચેલા કલ્યાણવિજય રાસમાં આવી છે. જુઓ મારી જૈન ઐતિહાસિક રાસમાળા ભા. ૧ લો.

૪ રામવિજય—તેમણે શાંતિજિનરાસ ઉપરાંત સં. ૧૭૯૮ ના સ્વર્ગસ્થ થયેલા સાગરપક્ષના આચાર્ય લક્ષ્મીસાગરસૂરિનો રાસ રચ્યો છે (જુઓ મારી જૈન ઐ. રા. ભાગ ૧ લો) ને તે ઉપરાંત ચોવીશી રચી છે. સંસ્કૃતમાં ઉપદેશમાળા પર વિસ્તૃત ટીકા લખી છે કે જેનું ભાષાંતર જૈ. ધ. પ્રસારક સભા ભાવનગરે છપાવેલ છે.

તસ પદ **પંકજ ભમર સરિસા**, શ્રી **શુભવિજય** કવીશા,
ગુણ ગંભીરમ મેરૂ ગિરીશા, શ્રુત જલસિંધુ મુનીશા-
તસ ચરણાંબુજ સેવક સુંદર, શુભ કિરિયા ગુણશૂરા,
સાધે યોગ અભ્યાસ અખંડિત, નહિ ગુણરયણે અધૂરા-
મહિમાવંત મહંત મુનીસર, ચરણ નમે અવનીશા,
શ્રી ગુરૂ **સુમતિવિજય** ઉપગારી, વ્રતપો કોડિ વરીશા-
તે શ્રી ગુરૂ મહિમાનિધિ સાંનિધિ, રાસ રસિક મેં નિપાયા,
શાંતિ પ્રભુ ગુણરાશિ ભણતાં, નવનિધિ આણંદ પાયા.

આ રીતે ધર્મવિજયના અંતેવાસી જયવિજય અને જયવિજયના વિદ્યાગુરૂ ધર્મવિજય. એ વાત પૂરવાર થાય છે.

સંવત્ ૧૬૩૯ ના જ્યેષ્ઠ વદિ ૧૨ ને દિને અકબ્બર બાદશાહના આમંત્રણથી હીરવિજય સૂરિએ બાદશાહને મળવા માટે ફત્તેહપુર સીક્રીમાં પ્રવેશ કર્યો તે સંસ્મરણીય દિવસે સૂરિ સાથે ૬૭ સાધુઓનો સમુદાય હતો તે પૈકી જયવિજય (કલ્પદીપિકાના કર્તા) અને મુનિવિજય (આપણા ચરિત્રનાયકના પ્રગુરૂ) પણ સાથે હતા. જુઓ ઋષભદાસકૃત હીરવિજયસૂરિ રાસ પૃ. ૧૦૮ પરની નીચેની કડીઓઃ—

" જસવિજય **જયવિજય** પંન્યાસ, કલ્પદીપિકા કીધી ખાસ,
લાભવિજય ગણી ને **મુનિવિજે**, ધનવિજય ચેલો અતિ ભજે."

આમાંના જયવિજયને પંન્યાસ અને કલ્પદીપિકાના કર્તા તરીકે ઓળખાવેલ છે તે ઓળખાવવા અર્થેજ, કારણ કે પંન્યાસ પદવી સં. ૧૬૪૭ માં (નીચે જુઓ) મળી હતી અને કલ્પદીપિકાની રચના સં. ૧૬૭૭ માં કરી હતી એટલે સીક્રી પ્રવેશની પછી જ. આ સંબંધમાં પંડિત લાલચંદ જણાવે છે કે કલ્પદીપિકા (કર્તાના હાથની લખેલી પ્રત વડોદરાની સેંટ્રલ લાયબ્રેરીના સંગ્રહમાં છે) ના રચનાર જયવિજય વાચક વિમલહર્ષ (વિજયસેનસૂરિ-વિજયતિલકસૂરિ-વિજ્યાનંદસૂરિના શિષ્ય) ના શિષ્ય હતા એટલે આપણા ચરિત્રનાયક

ઉપરના જયવિજયથી તે જૂદા જણાય છે. " આમાં વિમલહર્ષને વિજયાનંદસૂરિના શિષ્ય જણાવેલ છે તે તેમાં કદાચ ભૂલ હોય. તે સૂરિના રાજ્યમાં દીપિકા રચાઇ વધારે યોગ્ય લાગે છે ને વિમલહર્ષે તે ઉપર આપેલ વંશવૃક્ષમાં જણાવેલ ભાવવિજયજીના ગુરૂ મુનિવિમલના ગુરૂ હોવાનો વિશેષ સંભવ મને લાગે છે.

સં. ૧૬૪૭ માં હીરવિજયસૂરિ ખંભાતમાં હતા ત્યારે ત્યાંના શ્રીમંત શ્રાવક રાજશાહ શ્રીમલ્લના કરેલા ઉત્સવપૂર્વક તે આચાર્યશ્રીએ અનેક સાધુઓને પંન્યાસ (પંડિત) પદવી આપી હતી. તે પૈકી જયવિજયને પણ આપી હતી.

" હીર આવ્યા સાહા શ્રીમલ્લ ઘેર, તિહાં ધન ખરચીયાં બહુ પેર,
સાધતણી પોહોચાડે આસ, જયવિજય કીધા પંન્યાસ. ?
ધનવિજય એ પદવી હોય, ફરમાન તણો તે મહિમા જોય,
રામ ભાણ કીધા પંન્યાસ, કીર્ત્તિ લબ્ધિવિજય પં. ખાસ.
સબલ લાભ ઇહિંકણિ થયા, લખ્યા સોય ન જાયે કહ્યા,
સડતાલે સંવચ્છરિ રહી, હીરવિજય પછે ચાલ્યા સહી.

—હીરવિજયસૂરિ રાસ પૃ.-૧૭૦.

સં. ૧૬૫૦ ના પ્રથમ ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે અકબરે શત્રુંજયની યાત્રાએ જનાર પર મસ્તક કર (માથાવેરો-મુંડકો) લેવાનો બંધ કર્યો-તેજ દિવસે વિમલહર્ષ ઉપાધ્યાયે શત્રુંજયની યાત્રા કરીને તે વખતે પંડિત જયવિજય ગણિ બીજા ૨૦૦ મુનિઓના પરિવારમાં સાથે હતા.[૫] આ જયવિજય ગણિ કલ્પદીપિકાના કર્ત્તા હોવાનો સંપૂર્ણ સંભવ છે.

૫ આ સંબંધનો ખાસ શિલાલેખ શત્રુંજય પરની મોટી ટુંકમાં આદીશ્વર ભગવાનના મુખ્ય મંદિરની દક્ષિણ તરફની દિવાલ ઉપર નાની નાની ૨૨ લીટીઓમાં કોતરેલો છે. તે લેખમાં જણાવેલું છે કેઃ—

સં. ૧૬૫૦ ના પ્રથમ ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે, ચારિત્રપાત્ર અને

આપણે ઉપર જણાવી ગયા કે આપણા ચરિત્રનાયક જયવિજયે કલ્યાણવિજય ઉપાધ્યાયના શિષ્ય ધર્મવિજય પાસે અભ્યાસ કર્યો હતો-તેજ કલ્યાણવિજય ઉપાધ્યાયના શિષ્ય તરીકે પોતાને જણાવી એક જયવિજયે તેજ કલ્યાણવિજયગણિનો રાસ સં. ૧૬૫૫ ના આસો સુદ ૫ ને દિને ગૂજરાતીમાં રચ્યો છે. (જુઓ મારી જૈન ઐતિહાસિક રાસ માળા ભા. ૧) ને તે ઉપરાંત સમેતશિખરતીર્થમાલા સ્તવન-રાસ સં. ૧૬૬૪ માં (વિજયસેનસૂરિના પટ્ટધર વિજયદેવસૂરિના રાજ્યમાં) અને તે ઉપરાંત હીરવિજયસૂરિ પુણ્યખાણિ સઝાય સં. ૧૬૫૨ પછી બનાવી છે. આ ત્રણે કૃતિમાં પં. દેવવિજયનું ગુરૂ તરીકે નામ આવતું નથી પણ કલ્યાણવિજયને ગુરૂ તરીકે સૂચવેલું છે તેથી આ જયવિજય પણ જૂદા છે એમ સંભાવના થાય છે. આમાંનું સમેતશિખરસ્તવન પ્રાચીન તીર્થમાલાસંગ્રહમાં પ્રકટ થયેલ છે. આ જયવિજય માટે જૂઓ મારો સંગ્રહ નામે જૈન ગૂર્જર કવિઓ નં. ૧૯૨ પૃ-૩૧૭ થી ૩૨૦.

પંડિત લાલચંદ ભ. ગાંધી જણાવે છે કેઃ-" પ્રાચીન તીર્થમાળા સંગ્રહના સંક્ષિપ્ત સારની પૃ. ૪ ની નોટમાં સમકાલીનતા અને નામ

સન્માર્ગગામી એવા સાધુ રૂપ સમુદ્રને ઉલ્લસિત કરવા માટે જેઓ ચંદ્ર જેવા છે, જેમનાં વચનોથી રંજિત થઇ અકબર બાદશાહે શત્રુંજય પર્વત જૈનના સ્વાધીન કર્યો છે અને ભટ્ટારક વિજયસેનસૂરિ પ્રમુખ સુવિહિતજનો જેમની ભક્તિપૂર્વક ચરણસેવા કરે છે એવા આચાર્યશ્રી હીરવિજયસૂરિના મહિમાથી આનંદિત થઇ બાદશાહે શત્રુંજયની યાત્રાએ જનાર બધા મનુષ્યો પાસેથી જે દિવસે મસ્તક કર (માથાવેરો-મુંડકો) લેવાનો નિષેધ કર્યો છે તેજ દિવસે, ઉક્ત આચાર્યવર્યના શિષ્ય સકલ વાચક શિરોમણિ શ્રી વિમલહર્ષ ઉપાધ્યાયે પં. દેવહર્ષ, પં. ધનવિજય, પં. જયવિજય, પં. જસવિજય, પં. હંસવિજય અને મુનિ વેસલ આદિ ૨૦૦ મુનિઓના પરિવાર સાથે નિર્વિઘ્ન રીતે શત્રુંજયની યાત્રા કરી છે.

—લેખાંક ૩૩. મુનિશ્રી જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈનલેખ સંગ્રહ ભાગ ૨.

સામ્યને લીધે ઉપર્યુક્ત ત્રણે જયવિજયને એક માનવાની ભૂલ થયેલી જણાય છે. ત્યાં શોભન સ્તુતિ ટીકા સં. ૧૬૪૧ માં રચ્યા જણાવી છે, પરંતુ તે યુક્ત લાગતું નથી. ''

મારૂં અનુમાન એ છે કે ઉપરના ત્રણે જયવિજય અમુક અમુક કૃતિમાં પોતાના ગુરૂ તરીકે જુદા જુદા ગુરૂ જણાવે છે છતાં એ બધા સમકાલીન છે, બધાનો પોતાના પર ઉપકાર છે તેથી કદાચ ત્રણે જયવિજય એક પણ હોય, યા તે પૈકી બે એકજ હોય. આ સંબંધી સંપૂર્ણ ગવેષણા તે તેના દરેક ગ્રંથ જોઇ કરવાની રહે છે.

સં. ૧૬૬૪ માં શોભન સ્તુતિ વૃત્તિના રચનાર આ જયવિજય ગણીએ તો તે વખતે તેમની ઉંમર ૩૦ ની ગણીએ, અને સં. ૧૬૭૦ માં તેમણે સપ્તતિ સ્થાનક વૃત્તિ શોધી છે એટલે તેમનો સમય સં. ૧૬૩૪ થી તે સં. ૧૬૭૦ સુધીનો નિઃશંક ગણી શકાય એટલે તેઓએ ઓછામાં ઓછું ચાળીશેક વર્ષનું આયુષ્ય ગાળ્યું હોવું જોઇએ.

૬.

શિષ્ય પરંપરા.

ઉપર જણાવ્યું તેમ તેમને એક શુભવિજય શિષ્ય હતા કે જેના શિષ્ય સુમતિવિજયના શિષ્ય રામવિજયે સં. ૧૭૮૫ માં શાંતિજિન રાસ ૭ ખંડમાં ગાથા ૬૯૫૧ પૂરનો રચ્યો છે. તે સિવાય એક હર્ષવિજય કરીને બીજા પણ શિષ્ય હતા કે જેને મેરૂવિજય નામે શિષ્ય હતા એમ જણાય છે કે જે મેરૂવિજયે નાની નાની કૃતિઓ જેવી કે નંદિષેણ મુનિ સઝાય, મુહપતિ સ૦+પૃથ્વી સચિત અચિત સ૦+નવવાડ સ૦+પ્રશ્ન સ૦+ઇરિયાવહી સ૦+વિજયદેવસૂરિ સ૦ વગેરે રચી છે. નંદિષેણ મુનિ સઝાયને અંતે એમ છે કેઃ—

જયવિજય ગુરૂ સીસ, તસ હરપ નમે નિસદીસ,
મેરૂવિજય ઇમ બોલે, એહવા ગુરૂને કુણ તોલે.

મુહપત્તિ સઝાયને અંતે એમ પણ છે કેઃ—

શ્રી જયવિજય પંડિતનો સીસ, મેરૂવિજય તસ નામે સીસ.

નવવાડ સ,૦ તેણે 'સંવત સત્તર કર શ્રાવણ માસે'-અકબ્બરપુરમાં રચી છે. + આ ચિન્હ મુદ્રિત થયેલ છે એમ સૂચવે છે.

૭.

રચનાસ્થલ.

આ ચોપઇનું રચનાસ્થલ વાગડ દેશમાં આવેલા ગિરપુર પ્રશસ્તિમાં જણાવ્યું છે-કે જ્યાં તે વખતે (સં. ૧૬૬૦ માં) રાજા સહસ્રમલ રાવલ કરીને રાજા હતો ને જે રાજાને કર્મસિંહ નામનો વિદ્યાસંપન્ન પુત્ર હતો. કચ્છમાં વાગડ દેશ કરીને છે તે આ વાગડ દેશ નથી. ગિરપુર-પર્વતપુર-નગપુર એ અભિધાનને લાગુ પડે તે ડુંગરપુર છે. આ વાગડ દેશ-ગિરપુર-ત્યાંનો રાજા અને પાટવી કુંવરનું વર્ણન કવિ આ પ્રમાણે આપે છે.

વાગડ દેશ વયરાગર નામ, રાજધાનીનું રૂડું ઠામ,
જીહાં ષટ દર્શનના વિશ્રામ, દેશમધ્ય ગિરિપુર વલી ગામ. ૩૩૭
ગઢ મઢ મંદિર પોલિ સુચંગ, જૈન શિવ પ્રાસાદ ઉત્તંગ,
રાજ કરઇ રાજા ગુણનિલુ, દાંની માની ભોગી ભલઉ. ૩૩૮
કવિતા શ્રોતા વિગતા (વક્તા) જાણ, સૂરવીર ધીર ગુણ ખાણિ,
સહસમલ્લ રાઉલ ભૂપાલ, પ્રથવી પ્રજા તણઉ પ્રતિપાલ. ૩૩૯
તસુ સુત કુંયર કર્મસિંહ જેહ, ચઉદ વિદ્યા ગુણ જાણઇ તેહ,
કીરતિ તેજ અનઇ પરિવાર, શતશાખા વાધઈ વિસ્તાર. ૩૪૦
—મુંબઇની જૈ. એ. ઇંડિયા પાસેની એક સારી પ્રતમાંથી)

વાગડ દેશની રાજધાની ગિરિપુર-ડુંગરપુરમાં રાજા સહસમલ્લ રાવલ અને યુવરાજ કર્મસિંહ હતા.

વિશેષમાં આ કવિ જણાવે છે કે ઉપરોક્ત રાજાના દરબારમાં

ગાંધીનું કાર્ય કરનાર સંઘમાં મુખ્ય-અગ્રણી એવા એક સંઘરત્નના પુત્ર જોગીદાસના ભણવા માટે-અભ્યાસ માટે આ કૃતિ રચી છે.

આમાંનું ગિરિપુર તે હાલનું ને તે વખતનું પણ ડુંગરપુર; કે જેને ચિતોડના રાવલ વંશના રાવલ વીરસિંહે પોતાના પૌત્ર ડુંગરસિંહના નામ પરથી વસાવ્યું હતું. ડુંગરસિંહજી પછી કર્મસિંહ, કાન્હડદેવ, પત્તાજી, ગેવાજી, સોમદાસજી, ગંગાસિંહજી થયા; ત્યારપછી ઉદયસિંહ પહેલા થયા કે જે સં. ૧૫૮૪ માં મહારાણા સંગ્રામસિંહજી સાથે બાબરનું બયાના પાસ યુદ્ધ થયું તેમાં લડતાં સ્વર્ગસ્થ થયા. પછી તેનો પુત્ર પૃથ્વીરાજ બેઠો કે જેની સાથે નાના ભાઈ જગમાલને અણબનાવ થતાં ગૂજરાતના બાદશાહે ચડાઈ કરી મોટાને દબાવી નાના ભાઇને અર્ધું રાજ્ય અપાવ્યું કે જે અર્ધું રાજ્ય વાંસવાડાનું ત્યારથી જૂદું થયું. પૃથ્વીરાજ પછી આસકરણજી, અને તેના પછી સહસમલ્લજી થયા તેજ ઉપરોકત પ્રશસ્તિમાં વર્ણવેલ સહસ્ત્રમલ્લજી, અને ત્યારપછી કર્ણસિંહજી થયા તે ઉપર વર્ણવેલા યુવરાજ; ત્યારપછી પુંજાજી, ગિરિધરજી, અને જસવંતસિંહજી થયા. આ જશવંતસિંહજીના રાજ્યમાં ભીમાશાએ ધૂળેવ-કેશરીઆજીનો સંઘ કાઢયો હતો. (જુઓ ભીમ ચોપઈ રચ્યા સં. ૧૭૪૨ ઐ. રાસ સંગ્રહ ભાગ ૧ કે જેમાં વાગડદેશ-ગિરિપુર-ડુંગરપુર ને રાજાનું સારૂં વર્ણન કર્યું છે.)

વિશેષમાં ઉપરોકત વાગડ દેશ અને તેના ગિરિપુર નગર સંબંધે કહેવાનું કે સં. ૧૫૧૫ માં ગચ્છનાયક પદ પામેલા તપગચ્છના ૫૩મા પટ્ટધર લક્ષ્મીસાગરસૂરિના માટે પટ્ટાવલિમાં જણાવવામાં આવ્યું છે કે તે "સૂરીના ઉપદેશ થકી વાગડદેશિ ગિરિપુર નગરે સા. સાલ્હે શ્રી ગંભીરાપાસનો પ્રાસાદ નિપજાવ્યો." આ પરથી તે નગરમાં ગંભીરા પાર્શ્વનાથનું મંદિર પણ હોવું જોઇએ. આ વાગડ દેશમાં વટીઆર નામનું પણ નગર આવેલું છે કે જ્યાં તપગચ્છના આચાર્ય શ્રી સોમદેવસૂરિ (ઉકત લક્ષ્મીસાગરસૂરિના સમકાલીન) નો સ્વર્ગવાસ

થયો હતો. જુઓ જૈન સાહિત્ય સંશોધક ખંડ ૧ અંક ૩ માં આપેલ વીરવંશાવલિ પૃ. ૪૯ અને ૫૦. ઉક્ત લક્ષ્મીસાગરસૂરિના વર્ણન રૂપેનું ગુરૂગુણરત્નાકર કાવ્ય છે તેમાં પણ ત્રીજા સર્ગના ૩-૪ શ્લોકમાં ઉક્ત ગિરિપુર અને આ સાલ્હના સંબંધમાં આ પ્રમાણે ઉલ્લેખ છે:—

अत्र प्रथममुकेशज्ञातीय साह. साल्हविहितविस्तरः प्रोच्यते ।

प्रासादसौधर्द्धिं विधूततताविष—
च्छायाभरे श्री गिरिपूर्वके पुरे ।
श्री सोमदासावनिजा निमंत्रिणा
धार्मिष्ठधुर्येण च साल्हु साधुना ॥३॥
खाक्षिक्षमा(१२०)मानमणोरूपिच्चला
निर्मापिता या जिनमूर्त्तिरुज्ज्वला ।
तस्याः परस्या अपि बिम्बसन्तते—
श्चक्रे प्रतिष्ठा प्रथमं महेन यैः ॥४॥

—મંદિરો અને મહેલોથી હરાવેલ છે સ્વર્ગ જેણે એવા ગિરિપુર (ડુંગરપુર) માં સોમદાસ રાજા (ઉપર જણાવેલા છે તે) ના મંત્રી સાલ્હ સાધુએ પિત્તલની ૧૨૦ આંગુલ પ્રમાણની મૂર્ત્તિ બનાવી અને તેની તથા બીજી પ્રતિમાની શ્રી લક્ષ્મીસાગરસૂરિએ પ્રતિષ્ઠા કરી.

ઉપર જણાવેલ કલ્યાણવિજય ઉપાધ્યાયે પણ વાગડ દેશમાં જઇ આંતરીઆ પાર્શ્વનાથને પ્રણમી ત્યાંના દાણી કીકાભટ પાસે બિંબ પ્રતિષ્ઠા કરાવી હતી ને ત્યાંથી તેઓ ઉજેણી પહોંચ્યા હતા.

'વાગડ દેશે સંચરીઆ, પ્રણમ્યા દેવ **આંતરીઆ**
કીકાભટ દેસ દાણી, શ્રવણે સુણી ગુરૂ વાણી

શ્રી જિનપ્રાસાદ રચાવે, બિંબ પ્રતિષ્ઠા એ કરાવે
દેસ જિમાડી રંગરોલ, ઉપરી દીધાં ફરી તંબોલ
અનુક્રમે ઉજેણી પહુતા, ભાગા સવે કુમતિ અધૂતા.

(કલ્યાણવિજયજી રાસ)

આમાં આંતરીઆ પાર્શ્વનાથ જણાવેલ છે તે અંતરાક્ષ પાર્શ્વનાથ નહિ, પણ આંતરી ગામ કે જે ડુંગરપુરથી લગભગ ત્રણ ગાઉ ઉપર આવેલું છે ત્યાંના પાર્શ્વનાથ. ડુંગરપુરમાં પાર્શ્વનાથની સ્થાપના ઉક્ત જૈન મંત્રી સાહ્લે કરાવી હતી એવું આંતરીના શાંતિનાથ મંદિરમાંનો ૪૯ શ્લોકોનો એક લેખ કે જે સં. ૧૫૨૫ ના વૈશાખ વદ ૧૦ ગુરૂવારનો લખાયેલો છે તે રાયબહાદુર પં૦ ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ ઉતારેલો તેમાં જણાવ્યું છે કેઃ—

श्री साह्लाभिधसाधुरेष सचिवोत्तंसश्चतुर्बुध्धिमान् ।
चैत्योध्धारकमकारयद् गिरिपुरे श्री पार्श्वनाथप्रभोः ॥

—ચાર બુધ્ધિવાળા સચિવોત્તમ સાહ સાહ્લે ગિરિપુર (ડુંગરપુર) માં શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંદિરનો ઉધ્ધાર કરાવ્યો.

હાલના ડુંગરપુર રાજ્યની સીમા ઉત્તરે ઉદયપુર, પૂર્વે ઉદયપુર અને વાંસવાડા, દક્ષિણે પ્રતાપગઢ અને મહિકાંઠા, અને પશ્ચિમે મહિકાંઠા અને ઉદયપુર છે. રાજધાની ડુંગરપુર એક પહાડની જડમાં વસેલું છે તે પહાડની ઉંચાઇ ૭૦૦ ફુટ છે અને તેના ઉપર ગઢ બાંધેલો છે. [આ પ્રમાણે ડુંગરપુરનું વર્ણન થયું.]

તસ ઘરિ ગાંધી સંઘ પ્રધાન, પર ઉપગારી ન ધરઇ માન,
પુત્ર પૌત્ર કરઇ નિતુ કેલિ, મંગલીકની વધતી વેલિ. ૩૪૧
સંઘરત્નપુત્ર જોગીદાસ, શુકન શાસ્ત્રનું કરઇ અભ્યાસ,
તેહનઇં ભણવા કાજિ ફરી, પ્રાકૃતબંધ ચઉપઇ એ ખરી. ૩૪૨.

૮

ગ્રંથોનો ઉપયોગ.

આ કૃતિ રચવા માટે જે જે પ્રાચીન ગ્રંથોનો કવિએ ઉપયોગ કર્યો છે તેનાં નામ પણ તેણે જણાવી પોતાની લઘુતા દાખવી છેઃ- (૧) શુકનાર્ણવ (૨) વસંતરાજ (૩) શુકનોદ્ધાર અને ભાષાનો ગ્રંથ (૪) શુકનદીપિકા ચોપઇ (આ ભાષાના ગ્રંથ લગતી શકુન ચોપાઇ વિ. પનરમા શતકના અંતે થયેલા નાગેંદ્રગચ્છના ગુણસમુદ્રસૂરિના શિષ્યે ૫૭૨ શ્લોકમા રચી છે [૬])

'શુકનદીપિકા ચઉપઇ નાંમ, શુકનાર્ણવ માંહિ એ ઠાંમ,
અથવા વસંતરાજની સાખિ, શુકનોધ્ધાર ભાષી એ ભાખ. ૩૪૩
એટલા ગ્રંથ જોઇનઇ કહી, અલપબુધ્ધિ કરી જે મઇં લહી,
ઝમક ન જોડિઉ અક્ષર બંધ, વર્ણ માત્ર નવિ જાંણઉ સંધિ. ૩૪૪
સાચઉં કરયો જાંણ સુજાંણ, પંડિત આગલિઅ છઉં અજાણ,
શુકન સમુદ્ર ન લાભઇં પાર, ચંચ ભરી કીધઉ ઉધ્ધાર. ૩૪૫

આમાંનો શકુનસારોધ્ધાર ગ્રંથ સારંગરીય શકુનાર્ણવમાંથી અજિતસિંહસૂરિના શિષ્ય માણિક્યસૂરિએ ઉધ્ધાર કરી સં. ૧૩૩૮ આશ્વિન સુદ પૂર્ણિમાએ રચ્યો છે. [૭]

૬ તેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છેઃ--
દેવહ ગુરૂ સંખહ સાંનિધિ, શકુનશાસ્ત્રની વિરચી બુધિ
નાગિલ ગછિ ગિરૂઆ ગુણવંત, શ્રી ગુણસમુદ્રસૂરિ ગુરૂ જયવંત.
તાસ સીસ લહઇ બુધ્ધિ વિવરા
ભણઇ ગુણિનિ સુણઇ જે એઉ, આગમિ નિર્ગમિ બૂઝઇ તેઉ.
—૨૨ પત્રની પ્રતિ વડોદરા સેંટ્રલ લાયબ્રેરીમાં છે.

૭ આની પ્રશસ્તિ સાક્ષર શ્રી જિનવિજયજીની પ્રશસ્તિઓની નોંધમાંથી નીચે લઉં છું:—

सारंगरीयः शकुनार्णवेभ्यः पीयूषमेतद्रचयांचकार ।
माणिक्यसूरिः सुगुरुप्रसादाद् यत्पानतः स्याद् विबुधप्रमोदः॥२॥४

આ પૈકી વસંતરાજ શાકુન ગ્રંથ તેના પરની ભાનુચંદ્રગણિની ટીકા, તથા તેના હિંદી ભાષાંતર સહિત સં. ૧૯૪૦ માં મુંબઇ જગદીશ્વર શિલાયંત્રાલયમાં પ્રસિદ્ધ થયો છે. તેમાં જણાવ્યું છે કે વિજયરાજના બે પુત્ર નામે શિવરાજ અને વસંતરાજ થયા તે પૈકી વસંતરાજ પૃથ્વીમાં વિખ્યાત થયા. તેને મિથિલા પુરીના રાજા ચંદ્રદેવે પ્રાર્થના કરી તેથી ભટ્ટ વસંતરાજે માહેશ્વરસાર અને સહદેવકૃત શાસ્ત્રમાંથી અને બૃહસ્પતિ ગર્ગ શુક્ર ભૃગુ આદિના શાસ્ત્રમાંથી સાર ગ્રહણ કરી આ ગ્રંથ કર્યો. આમાં ૨૦ વર્ગ છે. ૧ શકુનનાં વખાણ ૨ શાસ્ત્રસંગ્રહ-વર્ગોનો અનુક્રમ ૩ અભ્યર્ચન-પૂજન ૪ મિશ્રિત-શકુનના અનેક ભેદ ૫ શુભાશુભ ૬ મનુષ્યનાં શકુન ૭ પોદકીનાં શકુન ૮ પક્ષીઓનો વિચાર ૯ ચાખ એટલે નીલકંઠનાં ૧૦ ખંજનનાં ૧૧ મલ્લારીનાં ૧૨ કાકનાં ૧૩ પિંગલિકાનાં ૧૪ ચતુષ્પદોનાં ૧૫ ભ્રમરાદિકનાં ૧૬ લાલ કાળી કીડીનાં ૧૭ પલ્લી-છાપકલીનાં ૧૮ શ્વાનનાં ૧૯ શિવા નામની શૃગાલીનાં શકુન ૨૦ શાસ્ત્ર પ્રભાવ.

આ વસંતરાજ શાકુનપર સંસ્કૃત ટીકા લખનાર ભાનુચંદ્રગણિ એક સમર્થ જૈન ઉપાધ્યાય થઇ ગયાછે. તે ટીકાને અંતે જણાવે છે કેઃ-

---

वसु वह्नि वह्नि चंद्रेष्वा श्वयुजी पूर्णिमा तिथौ रचितः ।
शकुनानामुध्धारोऽभ्यासवशादस्तु चिद्रूपः ॥४३॥
श्री अजितसिंहसूरीणामन्तेवासिना कृतः ।
माणिक्यसूरिणोध्धारः शकुनानां परिस्फुटः ॥४४॥

—संवत् १५४४ वर्ष फाल्गुन सुदि १२ रविवासरे
मांगल्यपुरवरे मु० सोममूर्त्ति लिखितं (સાગર ભંડાર પાટણ.)

આ ગ્રંથ મૂલમાં 'શ્રી શાકુનસારોધ્ધારઃ' એ નામથી વિ. સં. ૧૯૭૪ માં જામનગરવાળા પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજે પ્રકટ કરેલ છે. પૃષ્ટ ૪૭ ને મૂલ્ય રૂપીઓ એક છે.

इति श्री पातशाह श्री अकबर जल्लालदीन सूर्यसहस्र-नामाध्यापकः श्री शत्रुंजयतीर्थ करमोचनाद्यनेक सुकृतविधापक महोपाध्याय श्री भानुचंद्रगणि विरचितायां तच्छिष्याष्टोत्तर शतावधान साधक प्रमुदित पादशाह श्री अकब्बर जल्लालदीन प्रदत्त षुस्फुहमापराभिधान महोपाध्याय श्री सिध्धिचंद्र गणिना विचार्य शोधितायां वसंतराज टीकायां त्रिंशतिमो वर्गः ।

૯.

ભાનુચંદ્ર-સિદ્ધિચંદ્ર.

શકુનશાસ્ત્ર નામે વસંતરાજ શકુન પર જૈન ઉપાધ્યાય ભાનુચંદ્ર એક બાજુ સંસ્કૃત ટીકા રચે છે જ્યારે બીજી બાજુ તેજ સમયમાં આપણા કર્ત્તા જયવિજય ભાષામાં તેજ ગ્રંથ પરથી યા ટીકા પરથી ગૂર્જર ભાષામાં ચોપઈ રચે છે.

ભાનુચંદ્ર ઉપાધ્યાયનું ચરિત્ર જાણવા જેવું છે. વિક્રમ સત્તરમી સદીના આધારભૂત જૈન પંડિતો-વિદ્વાનો પૈકી તે સમર્થ વિદ્વાન્ હતા. તેમનું ચરિત્ર ઐ૦ સઝાયમાળા ભા. ૧ ની પ્રસ્તાવનામાં એ પ્રમાણે છે કેઃ-તે મૂળ ગૂજરાતના સિદ્ધપુરના રહીશ વણિક હતા ને તેમનું નામ ભાણજી હતું ને પિતાનું નામ રામજી ને માતાનું નામ રમાદે હતાં. વડીલભાઇનું નામ રંગજી હતું. આ રંગજી અને ભાણજી બંને ભાઇઓએ સૂરચંદ્રજી પન્યાસ (પંડિત) પાસે દીક્ષા લીધી. ભાણજીનું નામ ભાનુચંદ્ર પાડયું અને તેમણે ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી તેમને પંન્યાસ (પંડિત) પદવી મળી હતી. તેમનામાં સારી યોગ્યતા જાણી શાંતિચંદ્ર ઉપાધ્યાયે બાદશાહની ઇજાજત લીધી ત્યારે શ્રી હીરવિજય સૂરિએ તેમને અકબર બાદશાહ પાસે મોકલ્યા હતા. તેમણે બાદશાહ અને પ્રધાન મંત્રી અબુલફજલ વગેરે ઉપર ઘણો સારો પ્રભાવ પાડયો

હતો. ભાનુચંદ્રજીએ બાદશાહની સભામાં કેટલાક બ્રાહ્મણ પંડિતો સાથે વાદ કર્યો હતો અને તેમાં વિજય મેળવ્યો હતો. જ્યારે બાદશાહ કાશ્મીરની મુસાફરીએ ગયો હતો ત્યારે તે ભાનુચંદ્રજીને પણ સાથે લઇ ગયો હતો. બાદશાહ ભાનુચંદ્રજીના મુખથી દરેક રવિવારે સૂર્યનાં સહસ્ત્રનામો શ્રવણ કરતો. (આ ઉપરથીજ પોતાને તે 'અકબર જલાલદીન સૂર્યસહસ્ત્રનામાધ્યાપક:' જણાવે છે. જુઓ ઉપરનો વસંતરાજપરની પોતાની ટીકાનો અંતભાગ). કાશ્મીરના એક ૪૦ કોસના તળાવને કિનારે બાદશાહે પડાવ નાંખ્યો હતો–ને તે વખતે એક પ્રસંગ આવતાં ભાનુચંદ્રજીએ શ્રી શત્રુંજય તીર્થની માગણી કરી હતી ને બાદશાહે પ્રસન્નતાપૂર્વક તે તીર્થ અર્પણ કર્યું હતું. (કર માફ કર્યો હતો) અને તે સંબંધી ફરમાન પત્રો લખી આપ્યાં હતાં. કાશ્મીરથી પાછા ફરતાં બાદશાહની સાથે જ્યારે ભાનુચંદ્રજી લાહોર આવ્યા હતા, ત્યારે તેમના ઉપદેશથી લાહોરના શ્રાવકોએ વીસ હજાર રૂપીઆ ખર્ચી એક મોટો ઉપાશ્રય કરાવ્યો હતો.

એક વખત અકબર બાદશાહને એમ જણાયું કે, ભાનુચંદ્રજી આવા વિદ્વાન્ અને પ્રભાવક હોવા છતાં તેમને કોઇ મોટી પદવી નથી તો મળવી ઘટે, તેથી હીરવિજયસૂરિની પાટ ઉપર તેમને સ્થાપન કરવાની બાદશાહે પોતાની ઇચ્છા જણાવી, ત્યારે ભાનુચંદ્રજીએ ચોખ્ખી ના પાડી ત્યાર પછી બાદશાહે હીરવિજયસૂરિ પાસેથી વાસક્ષેપ મંગાવીને મોટા સમારોહપૂર્વક તેમને ઉપાધ્યાય પદવી આપી. આ વખતે શેખ અબ્બુલફજલે પચીસ ઘોડા અને દશહજાર રૂપીઆનું દાન કર્યું હતું. સંઘે પણ ઘણો ખર્ચ કર્યો હતો.

અકબર બાદશાહના દેહાન્ત પછી ભાનુચંદ્ર ફરી આગ્રા જઇ અકબર બાદશાહે જે જે ફરમાનો કરી આપ્યાં હતાં, તે બધાં કાયમ રાખવાને જહાંગીર બાદશાહનો હુકમ મેળવ્યો હતો.

આ ભાનુચંદ્ર પાસે અકબરના શાહજાદા જહાંગીર અને દાનીયારે

ખાસ અભ્યાસ કર્યો હતો. તે ઉપરાંત જ્યારે જહાંગીર બાદશાહ માંડવગઢમાં હતો ત્યારે ભાનુચંદ્રજીને ગૂજરાતમાં ખાસ માણસો મોકલી પોતાની પાસે બોલાવી પોતાના શાહજાદા સહરીઆરને તેમની પાસે ભણવા મૂક્યો હતો. તેણે કહ્યું કે:–

મિલ્યા ભૂપનઇ ભૂપ આનંદ પાયા,
"ભલઇ તુમે ભલઇ અહી ભાણચંદ આયા,
તુમ પાસિથિઇં મોહિ સુખ બહુત હોવઇ,
સહરિઆર ભણવા તુમ વાટ જોવઇ. ૧૩૦૯

પઢાઓ અહ્મ પૂતકું ધર્મવાત,
જિઉં અવલ સુણતા તુહ્મ પાસિ તાત,
ભાણચંદ ! કદીમ તુમે હો હમારે,
સબહી થકી તુહ્મહો હમ્મહિ પ્યારે. ૧૩૧૦

—વિજયતિલકસૂરિ રાસ પૃ. ૧૦૯

આ પરથી સહજ જોઇ શકાય છે કે બાદશાહ અકબર ઉપરાંત બાદશાહ જહાંગીર પણ ભાનુચંદ્રજીને બહુ માનતો હતો—પૂજ્ય ગણતો હતો. પોતાના સ્વલિખિત આત્મજીવનમાં તપગચ્છના ઉપરી તરીકે ભાનુચંદ્રજીને જહાંગીરે ઓળખાવેલ છે. આનું કારણ એ હતું કે, તે વખતે હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિ બન્ને સ્વર્ગવાસી થયા હતા. (અનુક્રમે સં. ૧૬૫૨ અને ૧૬૭૨)

ભાનુચંદ્રજીએ એક વખત માલપુરમાં વીજામતિઓની સાથે શાસ્ત્રાર્થ કરી તેમનો પરાજય કર્યો હતો અને ત્યાં તેમના ઉપદેશથી એક વિશાલ પ્રાસાદ પણ થયો હતો, કે જેમાં પોતે તે મંદિર પર સુવર્ણમય કળશ ચઢાવરાવી પ્રતિષ્ઠા કરી હતી. ત્યાંથી મારવાડમાં આવી જાલોરમાં ચોમાસું કર્યું હતું ને ત્યાં ૨૧ જણને દીક્ષા એકી સાથે આપી હતી. એકંદર તેમને સારા વિદ્વાન ૮૦ શિષ્યો હતા. ભાનુચંદ્રે

કાદમ્બરીના પ્રથમ ખંડપર ટીકા, વિવેકવિલાસપર વૃત્તિ સં. ૧૬૬૫, સારસ્વત વ્યાકરણપર વૃત્તિ, શોભનસ્તુતિ ટીકા આદિ ગ્રંથો રચ્યા છે.

કુલ તેમના શિષ્યપરિવારમાં સિદ્ધિચંદ્ર સર્વથી અગ્રણી, અને સમર્થ વિદ્વાન હતા. આ સિદ્ધિચંદ્રે ભાનુચંદ્રના ગ્રંથોમાં ઘણી સહાય સંશોધનાદિમાં આપી છે. ઉક્ત વસંતરાજપરની ટીકા પણ તેમણે શોધી હતી. તેઓ શતાવધાની હતા તેથી તેમને અકબરબાદશાહે ખુષ્ફહેમ (એટલે કે જેની બુદ્ધિ ખુષ્ફ એટલે સારો છે એવું 'સુમતિ') નામ આપ્યું હતું. ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર–બંને ગુરૂ શિષ્યે બાણભટ્ટની વિશ્વવિખ્યાત કાદંબરીની પ્રસિદ્ધ ટીકા (એકે પૂર્વભાગની અને બીજાએ ઉત્તર ભાગની) સંસ્કૃતમાં રચી છે. સિદ્ધિચંદ્રે માનતુંગસૂરિના ભકતામર સ્તોત્રપર સંસ્કૃતમાં વૃત્તિ[૮] પણ રચી છે અને વિશેષમાં રચેલા અન્ય ગ્રંથો–ધાતુમંજરી, વાસવદત્તાપર વૃત્તિ, અનેકાથનામમાલા વૃત્તિ, શોભનસ્તુતિ વૃત્તિ શ્લો. ૨૨૦૦ રચેલ છે (જુઓ જૈનગ્રંથાવલી)– તે ઉપરાંત પોતાની ભકતામરવૃત્તિમાં પોતાનાજ રચેલા ગ્રંથોમાંથી કાવ્યોના ઉતારા લીધા છે તે પરથી જણાય છે કે વૃધ્ધ પ્રસ્તાવોકિત–રત્નાકર, અને પોતાના ગુરૂ મહોપાધ્યાય શ્રી ભાનુચંદ્રગણિનું ચરિત્ર પણ રચેલ છે. સિદ્ધિચંદ્ર ફારસી ભાષાના પણ એક સારા વિદ્વાન

---

૮. આ વૃત્તિના મંગલાચરણમાં પોતાની પ્રશંસા રૂપે સિદ્ધિચંદ્રે આ રીતે પરિચય આપ્યો છે:—

कर्त्ता शतावधानानां विजेतोन्मत्तवादिनां ।
वेत्ता षडपिशास्त्राणामध्येता फारसीमपि ॥
अकब्बरसुरत्राण हृदयांबुजषट्पदः ।
दधानः पुष्फहामिति बिरुद शाहिनार्पितं ॥
तेन वाचकचन्द्रेण सिद्धिचंद्रेण तन्यते ।
भक्तामरस्य वालानां वृत्तिर्व्युत्पत्तिहेतवे ॥

હતા તેથી તેમની અકબરબાદશાહના ઘણા દરબારીઓ સાથે પ્રીતિ થઇ હતી.

૧૦

રચનાસમય.

સં. ૧૬૬૦ ની શરદ ઋતુમાં આસો માસમાં જ્યારે ચંદ્ર રાકા એટલે પૂર્ણિમાને દિને સંપૂર્ણ કળાએ હતો તે વખતે આ શુકન ચોપઇ કવિએ રચી:—

વ્યોમ રસ રતિ ચંદ્ર વખાંણિ, સંવત્સર હઇડઇ એ આણિ,
સારદ રતિ નઇ આસો માસ, રાકા પૂર્ણચંદ્ર કલા વાસ.

૧૧

વિજયસેનસૂરિ સઝાય.

આ સમયે શ્રી હીરવિજયસૂરિ કે જેનો સ્વર્ગવાસ સં. ૧૬૫૨ માં થયો તેમની પાટપર વિજયસેનસૂરિ હતા કે જેઓ સં. ૧૬૭૨ માં સ્વર્ગસ્થ થયા. તે વિજયસેનસૂરિ પર 'જય' નામના કવિએ રચેલી સજ્ઝાય (સ્વાધ્યાય) પ્રસિદ્ધ થઈ છે (ઐ. સઝાયમાલા ભા. ૧ પૃ. ૧૨ થી ૧૪) તે 'જય' કવિ ને આ જયવિજય એકજ હોય એવો સંપૂર્ણ સંભવ છે. તે સજ્ઝાયમાં તેણે પોતાનું કવિત્વ બતાવ્યું છે:–તેમાં તે સમયના ખંભાતનું વર્ણન કર્યું છે કે:—

પરમ પટોધર હીરનાજી, વીનતડી અવધાર,
નયરી ત્રંબાવતી ઇહાં આછઇજી, અમરાપુરી અનુકાર.
જેસિંગજી આવો આણઇ દેશ.
પગિપગિ નવર નિવેશ, વલભ તુમ્હ ઉપદેશ
સુગુરૂજી હોસઇ, લાભ અસેસ–જે.
પોઢાં મંદિર માલિઆંજી, ઉંચા પોલિ પગાર
વણિજ કરઇં વ્યાપારિઆજી, જિહાં નહીં ચોર ચખાર. ૩

જિનપ્રાસાદ સોહામણાજી, ઉત્તંગ અતિ અભિરામ,
ધર્મશાલા ચિતહારિણીંજી, ભવિઅણ જનવિશ્રામ. ૪
ધનદ સમા ધનવંત વસઇંજી, સસનેહા બહુ લોક
ઘરિ ઘરિ નારિ પદમિનીજી, મુની મુદિત સદા ગતશોક ૫
જિન વચને રાતડાજી, શ્રાવક સમકિતધાર,
દાન માંન ગુણે આગલાજી, સુભિષ જિહાં સુવિચાર. ૬
રયણાયર રયણે ભર્યોજી, ગાજઈ ગુહિર ગંભીર,
વિવિધ ક્રિયાણાં ઉતરઇંજી, પ્રવહણ વહઈ જસ તીર. ૭
વાડિ વણ ફલિઆંમણાંજી, પગિ પગિ નીરમલ નીર,
દ્રાખહ મંડપ છાંહિયાજી, મધુર લવઇ પીક કીર. ૮
કદલિ નાગરવેલનાજી, મંડપ સોહઈ જિહાંય,
ચંદન ચંપક કેતકીજી, મારગિ શીત છાંહ
—જેસિંગજી આવો આણઈ દેશ. ૯

આવા ખંભાતમાં વિજયસેનસૂરિને આવવા વિનતિ કરી પછી **'જય'** કવિ કહે છે કેઃ—

દૂધઈ પાઈ પખાલસુંજી, અરચું સોવન ફુલ,
ચંદન છટાં દેવરાવસુંજી, પધરાવું પટકૂલ. ૧૦
કમલા સમરઇ કાંન્હનઇંજી, સીતા સમરઇજી રામ,
દવદંતી નલરાયનઇંજી, તિમ ભવિઅણ તુમ્હ નામ. ૧૧
નાદઈ સૂરનર મોહિઆજી, માંનસરોવર હંસ,
જેસિંગજી જગ મોહિઉજી, જિમ ગોપિ હરીવંસ ૧૨
મેહજ સઘલઈ વરસણાંજી, ન જોઈ ઠામ કુઠામ,
સેલડી સિંચઈ સર ભરઇંજી, સાંચઈ અરક આરામ. ૧૩
આક ધંતુરા કિમ ગમઇંજી, જે અંબારસ લીણ,
કુણ કર ઘાલઈ કઇરિડઇંજી, ચંદણ દીઠા જેણ. ૧૪
જે અલજો મલવા તણોજી, તે કિમ ટલઇં સંદેહ,
જલ પીજઇ સુપનાંતરઇજી, ત્રિસ ન છિપઈ તેણ. ૧૫

તુમ્હ ગુણ સંખ્યા ન પામિઇંજી, મુજ મુખિ રસના એક,
કાગલ મસિ નહીં તેતલીંજી, કિમ લિખઇં તુમ્હ લેખ. ૧૬
'જય' જંપઇં મયા કરીજી, પધારો ગણધાર. ૧૭

આ નાની કૃતિમાં કેવો સુકોમળ હૃદયભાવ સ્ફુરે છે ! આચાર્યશ્રીનાં આદરાતીથ્ય કરવા કેવું મન તલસે છે ! અને તે તૃષ્ણામાં પોતાની તૈયારી કરી પોતાનો સેવકભાવ કેવો સુંદર વ્યકત કરે છે ! એ સહજ જણાય તેવું છે. આ એક ઉર્મિ-કાવ્ય છે.

વિજયસેનસૂરિને આ જયવિજયે પૂછેલા પ્રશ્નોના તે સૂરિએ આપેલ ઉત્તરો સેનપ્રશ્નમાં (પ્રશ્ન ૧૫૫ થી ૧૬૨—પૃ. ૩૫-૩૬) માં અપાયેલ છે.

૧૨

આ શુકન ચોપાઇના પદ્યમાં કાવ્યત્વ જેવું કેમ આવી શકે ? શુકન વિચાર બતાવવા માટે—અમુક શુકન થાય તો તેનું આવું ફળ થાય એ અગાઉના શુકનશાસ્ત્રીઓએ નિર્ધારી રાખેલું કહેવું હોય તેમાં—ખાલી વિગતો રજુઆત કરવામાં હૃદયોર્મિ કે કલ્પનાના ઉચ્ચ વિહારને શું અવકાશ હોઈ શકે ? એતો હમણાં સાંભળ્યું હતું કે એક કાયદાના અભ્યાસીને 'પીનલકોડ'—પોલીસ—ગુન્હા કાયદાની કલમો યાદ નહોતી રહેતી તેથી તેણે આખી 'પીનલકોડ' ગૂજરાતી કવિતામાં રચી નાંખી અને તેમાં જો કાવ્યત્વની આશા રખાય તો આવી કૃતિમાં જોઈ શકાય.

૧૩

શકુન વિષયે ઘણા વાર્તા ગ્રંથોમાં ગ્રંથકારોએ તેવો પ્રસંગ આવતાં ટુંકમાં જણાવી દીધું છે. દાખલા તરીકે આ કવિના ગુરૂ દેવવિજયે સં. ૧૬૬૦ માં રચેલા પાંડવ ચરિત્રના પૃ. ૫૧-૫૨ પર યાદવેશ્વર અમુક સારા શકુન જોઈ આગળ ચાલી વિન્ધ્યાટવીમાં અનુ-

ક્રમે આવ્યા એવું જણાવી, જનાર માટે–પ્રયાણ કરનાર માટે સારા શકુનો સંબંધે નીચેનો શ્લોક આપ્યો છેઃ—

कन्यागोपूर्णकुंभो दधिमधुकुसुमं पावको दीप्यमानो
यानं वा गोप्रयुक्तं वररथतुरगं छत्रभद्रातिभद्रं ।
उत्खाता चैत्र भूमी जलचरमिथुनं सिद्धमन्नं मुनिर्वा
वेस्या स्त्री मद्यमांसं हितमपि वचनं मंगलं प्रस्थितानां ॥

વિશેષ ઉદાહરણ માટે જુઓ શીલવતીનો રાસ પૃ. ૧૨૨, હરિબળ મચ્છીનો રાસ પૃ. ૩૨, જૈન કાવ્યદોહન પૃ. ૬૫૮–૬૬૦.

૧૪

શુકનઆદિના વહેમો ગમે તેવી સુધરેલી ગણાતી પ્રજા લ્યો તેમાં અવશ્ય જોવામાં આવશે. શુકનાદિ ઘણા કાળથી ચાલ્યા આવ્યા છે. ગ્રહાદિ સૂર્યમંડળની ગતિ આદિને લઇને આ પૃથ્વીવાસી પર સારી માઠી અસર થાય છે એ માન્યતા ઉપર જ્યોતિષ્શાસ્ત્ર પૂર્વાચાર્યોએ રચ્યું તેમ અમુક કાર્ય થશે કે નહિ, શું સંયોગો ભવિષ્યમાં ઉપસ્થિત થશે તે માટે અનેક જાતનાં આસપાસ દેખાતાં ચિન્હો–શકુનો મળે–જોવામાં આવે તે પરથી આવેલાં પરિણામો ધ્યાનમાં રાખી ઘણાઓના તે સંબંધીના અનુભવો વિચારમાં લઇ આવા શકુનોનું પણ એક શાસ્ત્ર પૂર્વના વિદ્વાનોએ–દ્દષ્ટાઓએ ઘડ્યું છે.

૧૫

જૈનેતર–બ્રાહ્મણોએ પણ સોળમા સત્તરમા સૈકામાં શકુનાદિ સંબંધે મૂળના ભાષાંતર તરીકે પણ લખવા માંડ્યું હતું તેની સાક્ષી તરીકે રા. છગનલાલ વિદ્યારામ રાવળ 'જૂની ગુજરાતી ભાષા' એ મથાળા નીચે સાહિત્યના ડીસેંબર ૧૯૧૪ ના અંકમાં પૃ. ૫૩૭ થી ૫૪૦ આપેલ નમુનો જ્ઞાન ભાસ્કર નામના સંસ્કૃત પુસ્તકના ભાષાંતરનો છે તેમાં બાર રાશિનું ફળ આપ્યું છે તે પછી ઉલુક વિચાર ને તે પછી અંગ ફરકવાનો વિચાર આપવામાં આવ્યો છે; તે પૈકી ઉલુક વિચાર ને અંગ ફરકયાનો વિચાર આ શકુન દીપિકાનો લગતો

જ છે તેથી તેમજ તેની ભાષા કવિ પ્રેમાનંદના પહેલાંની–આશરે સોળમો સૈકો (ઇ. સ.) ઉતરતાં ને સતરમો સૈકો શરૂ થયા પછીની હોવાનો સંભવ છે એટલે કે લગભગ આ ચોપઇના કાળનો છે તેથી અત્ર આપીએ છીએઃ—

"અથ ઉલૂક વિચાર–પ્રથમ પોહર પૂરવ દિશાએ બોલે તો સમતા | બીજે પ્રહર પૂરવ દીશાએ બોલે તુ પુત્ર પીડા | ધન નાશ | ત્રીજે પ્રહર પૂરવ દીશાએ બોલે તુ પુત્ર ધન અસ્ત્રી કષ્ટી | ચોથે પ્રહર પૂરવ દીશાએ બોલિ તો ધણીને મધ્યમ.

પ્રથમ ઉત્તર દીશાએ લાભ પુત્રોદય | બીજે પ્રહર ઉત્તર દીશાએ કલેશ કરિ | બંધુ હાની, ધન નાશ | ત્રીજે પ્રહર ઉત્તર દીશાએ બોલે તુ વીગ્રહ પશુ નાશિ | ચઉથે પ્રહર ઉત્તર દીશાએ બોલિ તુ ધન પશુ ધણીને મધ્યમ.

પ્રથમ પ્રહરે પશ્ચમ દીશાએ બોલિ તુ ચોર ભય | રોગ કરિ | બીજે પ્રહર પશ્ચીમ દીશાએ બોલી તુ પશુ નાશ, ધન હાની | ત્રીજે પ્રહર પશ્ચમ દીશા મુખે બોલિ તુ સ્ત્રી પુત્ર પશુ નાશ | ચોથે પ્રહર પશ્ચમ દીશા મુખે બોલે તુ અગની ભય.

પ્રથમ પ્રહર દક્ષણ દીશા મુખે બોલિ તુ મરણ કરે | બીજે પ્રહર દક્ષણ દીશા મુખે બોલે તુ ધન નાશ પશુ સ્ત્રી પીડા | ત્રીજે પ્રહર દક્ષણ દીશા મુખે બોલે તુ બંધુ નાશ | વીદેશ કષ્ટ | ચોથે પ્રહર દક્ષણ દીશા મુખે બોલિ તુ જેષ્ટ પુત્ર હાની વાહન નાશ સ્ત્રી પશુ નાશ.

શીઆલ ફાલુ | રિછ નગર માંહિ આવીને આદિત્યવારે ભોમવારે શનિવારે પ્રથમ પ્રહરે બીજે પ્રહરે બોલે તથા ઘરમાંહિ બિસે તુ ધણી મરે ઉજડ થાએ | પ્રહર ૩–૪ મધ્યમ કરિ બીજી વાર તે પાડુઆ જાંણવા.

"અંગ ફરકયાનો લિચાર–

૧ નેલાડ ફરકિ તુ રાજ પ્રસાદ પાંમીઇ

૨ દોઇ આંખોકી ભમર ફરકિ તુ સુખ સોઉભાગ્ય આપિ.

૩ ભૂંઇર વિચિ ફરકિ તુ મીત્ર મલી.
૪ દોએ આંખો ફરકિ તુ મીત્ર મલી. સ્ત્રી સમાગમ હુઇ.
૫ કાન ફરકિ તુ શુભ વારતા.
૬ નાક હોઠ ફરકિ તુ ચુંબન કરાવી,
૭ હેઠનો હોઠ ફરકિ તુ કલેશ કરિ.
૮ મુખ ફરકિ તુ ભોજન પ્રાપ્તી.
૯ કટી ફરકિ તુ વસ્ત્ર પહિરાવિ.
૧૦ કંઠ ફરકિ તુ મરણ કરિ
૧૧ પુઠ ફરકિ તુ કલેશ ઉપજાવી
૧૨ રદય ફરકિ તુ વાહલાં મલી
૧૩ બાંહ ફરકિ તુ સ્ત્રી સમાગમ હુંઇ
૧૪ દોએ જાંગાં ફરકિ તુ વસ્ત્ર પહિરાવિ
૧૫ પગ ફરકિ તુ ગાંમ ચલાવિ

ઇતિ અંગ ફરક વિચાર. પૂરૂષનિ જમણુ અંગ ભલૂ | સ્ત્રી નઇ ડાબૂ અંગ ભલૂ એણી રીતે વીચારીએ, ''

આમાં ઉલૂક વિચાર અને શકુન દીપિકા ચોપઇમાંના ધુઅડ શુકન પૃ, ૧૯ ના વિચાર જૂદાજ છે. ભાષાની દૃષ્ટિએ આ ચોપઇ કેટલેક દરજ્જે ઉપયોગી નિવડશે. તેમાં રહેલ શકુનાદિથી આપણા લોકો કે જે ધર્મને નામે અનેક વહેમો-ઢોંગોને વશ થઇ ભૂત પ્રેત મંત્ર જંત્ર તંત્ર જોશી જતી ભુવા વગેરે પાછળ અજ્ઞાનને લીધે ખર્ચ કરે છે ને મોહદશામાં રહે છે તે વિશેષ વહેમવાળા ન થાય, પણ તેનો સજ્ઞાન શાસ્ત્ર દૃષ્ટિએ (academically) ચર્ચા કરી સારભૂત તત્વ જણાય તો તે લે એ ઇષ્ટ છે. (શુભમસ્તુ—ભદ્રમસ્તુ.)

મુંબઇ તા. ૩૧-૮-૧૯૨૫.
૧૯૮૧ ના ભાદ્રપદ શુકલદ્વાદશી } મોહનલાલ દલીચંદ દેશાઇ.

કુશળલાભ ઉપાધ્યાય.

૧

કવિ પરિચય.

આ કવિ ખરતર ગચ્છમાં થયા છે, તેમણે પોતાના ગુરૂનો પરિચય કે ગુરૂ પરંપરા અન્ય કવિએ આપે છે તેમ લાંબી આપી નથી, પણ તેમની મળતી પાંચ છ કૃતિમાંથી ફક્ત એકજ કૃતિ નામે તેજસાર રાસમાં પોતાના ગુરૂનું નામ અભયધર્મ ઉપાધ્યાય એટલુંજ આપેલું છે. આ કરતાં વિશેષ પરિચય પોતે કરાવ્યો નથી. આ અભયધર્મ સંબંધી કંઇક વિશેષ માહિતી મળે તો જોઇએ.

ખરતરગચ્છના અભયધર્મ નામના ઉપાધ્યાયે સં. ૧૬૮૬ અને સં. ૧૬૮૮ માં પ્રતિષ્ઠા કરાવેલી પાષાણપર ચરણો-પાદુકાઓ મળી આવે છે તે નીચે પ્રમાણે છે:—

—सं. १६८६ वर्षे वैशाख सुदि १५ दिने मंत्रिदल वंशे चोपरा गोत्रे ठा० विमलदास तत्पुत्र ठा० तुलसीदास तत्पुत्र ठा० संग्राम गोवर्द्धनदास तस्य माता ठ० नीहालो तत्पुत्र भार्या ठकुरेटी देहुरा गोतम स्वामीका चरण गुव्वरग्राम—कारापिता बृहत्खरतरगच्छे पूज्यश्री जिनराजसूरि विद्यमाने उ० अभयधर्मेन प्रतिष्ठा कृता । —કુંડનપુરમાં.

—संवत १६८८ वर्षे वैशाख शुदि १५ तिथौ मंत्रिदल वंसे चोपरा गोत्रे ठा० विमलदास तत्पुत्र श्री ठा० तुलसीदास तत्पुत्र श्री ठा० शंग्राम गोवर्द्धनदास तस्य माता ठकुरी श्री निहालो तत्पु० भार्या ठकुरेटी यु० भ० श्री जिन कुशलसूरिका

कारापिता पूज्य श्री श्री ५ श्री श्री राजसूरि विद्यमाने उपाध्याय अभयधर्म्मेन प्रतिष्ठा कृता स्थिर लग्ने खरतर गच्छे।

–શ્રી ગુનાયાજીમાં.

–જુઓ લેખાંક ૨૭૧ અને ૧૭૬ પુરનચંદ નાહર કૃત જૈન લેખ સંગ્રહ–પ્રથમ ખંડ.

આમાં જે સંવત્ આપેલ છે તે સં. ૧૬૮૬ અને ૧૬૮૮ અને આ કવિની જે રચનાઓ મળી છે તેનો કાલ (સં. ૧૬૧૬ થી સં. ૧૬૨૪)–એ બંન્નેમાં ઘણું અંતર રહે છે. તેથી આ શિલાલેખના અભયધર્મ અને કવિના ગુરૂ અભયધર્મ બંને એકજ છે એમ બહુ ભાર દઇને કહી ન શકાય, છતાં કવિ અને તેમના ગુરૂ અગર તે પૈકી તેમના ગુરૂ સં. ૧૬૮૮ સુધી જીવતા રહ્યા હોય એવો સંભવ પણ છે.

૨

કૃતિ પરિચય.

આ કવિની કૃતિઓ તરફ જોઇશું તો આ મૌક્તિકમાં પ્રકટ થયેલી એ નામે (૧) માધવાનળ કથા–પ્રબંધ–ચરિત (અથવા માધવાનલ કામકુંડલા ચોપઈ–રાસ) રચ્યા સં. ૧૬૧૬ ફાગણ શુદ ૧૩ રવિવાર જેસલમેરમાં અને (૨) મારૂ ઢોલાની ચોપઇ રચ્યા સં. ૧૬૧૭ વૈશાખ શુદ ૩ ગુરૂવાર જેસલમેર, ઉપરાંત (૩) તેજસાર રાસ રચ્યા સં. ૧૬૨૪ વીરમપુર–વીરમગામ અને (૪) અગડદત્ત રાસ (લખ્યા પ્રત સં. ૧૬૫૩) મળી આવે છે. આ ઉપરાંતની–ટૂંકી કૃતિઓમાં સ્તંભન પાર્શ્વનાથ સ્તવન (ખંભાતમાં), ગોડી પાર્શ્વનાથ સ્તવન, અને નવકાર છંદ પ્રાપ્ત થાય છે. આ સિવાય અન્ય હોઇ શકે પણ તે આ લેખકના જાણવામાં આવી નથી. આ પરથી જણાય છે કે સં. ૧૬૧૬ અને ૧૬૧૭ માં જેસલમેર હતા, સં, ૧૬૨૪ માં વીરમગામમાં હતા અને તેમણે ખંભાતના સ્થંભનક પાર્શ્વનાથની, પારકરના ગોડી પાર્શ્વનાથની જાત્રા કરી હતી તેમનો નવકાર પરનો 'વંચ્છિત પુરે વિવિધ

પરે, શ્રી જિન શાસનસાર' એ ચરણથી શરૂ થતો છંદ પ્રસિદ્ધ છે. આમાંની મોટી કૃતિઓ સંબંધી હવે પછી એક એક લઇ કહીશું જ્યારે નાની કૃતિઓનો કંઇક પરિચય તેમનાં આદિ અને અંત આપી કરાવીશું.

*** સ્તંભન પાર્શ્વનાથ સ્ત૦**

આદિ– પ્રભુ પ્રણમું રે પાસ જિણેસર થંભણો,
ગુણ ગાવા રે મુઝ મન ઉલટ અતિ ઘણો;
જ્ઞાની વિણ રે એહનો આદ ન કો લહે,
તોહેં પણિ રે ગીતારથ ગૂરૂ ઇમ કહે.

× × × × × ×

અંતે– ઇમિ સ્તવ્યો સ્થંભણ પાસ સ્વામી નયર શ્રી ષંભાયતેં
જયમ સહગુરૂ શ્રીમુખ સુણિઅ વાંણિ સાસ્ત્ર આગલ સંમતે,
એ આદ મૂરતિ સકલ સૂરતિ, સેવતાં સુખ પાંમીએ,
મન ભાવ આંણિ લાભ જાંણિ કુસલલાભ પજંપયે.

–પત્ર ૫ પંક્તિ ૯ આણંદજી કલ્યાણજીનો ભંડાર–પાલીતાણા.
(આ મૌક્તિકમાં પ્રકટ પૃ. ૧૮૭ થી ૧૯૨)

ગોડી પાર્શ્વનાથ સ્ત૦

આદિ–

[1]સરસતિ સુમતિં આપિ સુરરાંણી, વચન વિલાસ વિમલ બ્રહ્માણી,
સકલ યોનિ સંસાર સમાણી, પય પ્રણમું જોડિ યુગ પાણિ. ૧

અંતે **કલસ (છપ્પય–કવિતમાં)**

તેણિ ધરા જસ તુઝ ઉદધિ તિહાં દ્વિપ અસંખિત,
ઓમ ધરણિ પાયાલ આણ સુર વહે અખંડિત;

---

૧ અન્ય પ્રતમાં એમ છે કે સરસતિ સામણી આપ સુરાણી. પછી સકલ યોનિને બદલે સકલ જોતિ છે અને ચોથું ચરણ પાદ પરણમું જોડિ જુગ પાણિ એમ છે.

અસુર ઇંદ્રિ નર અમર વિવિધ વ્યંતર વિદ્યાધર,
સેવે તુઝ પાય સય ન માજ સુજંપે નિરંતર;
જગનાથ પાસ જિનવર જયો મનકામિત ચિંતામણિ,
કવિ કુશલલાભ સંપતિકરણ, ધવલ ધીંગ ગોડી ધણી. ૨૩

—પ્રવર્તક કાન્તિવિજયજીના તથા વિજયધર્મ સૂરિના ભંડારમાં.

***નવકાર છંદ.**

અંતે-

નિત્ય જપીઇ નવકાર સંસાર સંપતિ સુખદાયક,
સિદ્ધ મંત્ર શાશ્વતો ઇમ જંપે શ્રી જગનાયક;
શ્રી અરિહંત સુસિદ્ધ શુદ્ધ આચાર્ય ભણિજે,
શ્રી ઉવઝાય સુસાધુ, પંચ પરમેષ્ઠી થુણીજે;
નવકાર સાર સંસાર છે, કુશલલાભ વાચક કહે,
એક ચિતે આરાધીઇ વિવિધઋદ્ધિ વંછિત લહે. ૧૭

૩.

માધવાનલ કામકુંડલા ચોપઇ અને મારૂ ઢોલા ચોપઇ બંને, કવિએ જેસલમેરના મહારાજા યાદવ રાઉલ શ્રી માલદેવના પાટવી કુમાર અને પછી થયેલ રાજા હરિરાજના કુતુહલ અર્થે ઇચ્છાથી-આજ્ઞાથી રચી હતી.

રાઉલ માલ સુપાદ ધર (માન પટોધરૂ) કૂંયર શ્રી હરિરાજ
વિરચ્યા એહ સિણગાર રસ્સ, તાસ કુતૂહલ કાજ. ૫૪૯

—માધવાનલ ચો.

યાદવ રાઉલ શ્રી હરિરાજ, જોડી તાસ કુતૂહલ કાજ. ૭૦૦

—મારૂ ઢોલા ચો૦

માલદેવજીએ સં. ૧૬૦૭ થી ૧૬૧૮ સુધી રાજ્ય કર્યું અને તેમના જ્યેષ્ટ પુત્ર-ઉક્ત શ્રી હરરાજજીએ વિ. સં. ૧૬૧૮ થી સં.

* આ ચિન્હ મુદ્રિત કૃતિ સૂચવે છે.

૧૬૩૪ સુધી જેસલમેરનું રાજ્ય કર્યું. એમણે સં. ૧૬૨૭ માં અકબર શાહનું સ્વામિત્વ સ્વીકારી દિલ્હી દરબારમાં જવા આવવા માંડ્યું હતું. આ હરરાજજીની રાજસભામાં પ્રસિદ્ધ ધર્મસાગર ઉપાધ્યાયે જયવાદ મેળવ્યો હતો. ૨

મારૂ ઢોલાની વાર્તા માટે એમ કહેવાય છે (કે વાક્ સૌન્દર્યના સં. ૧૯૭૩ ના અંકોમાં મારૂ ઢોલાની વાર્તા એ નામનો બારોટ કવિ ગોવીંદ ગિલાભાઇનો લેખપરથી) અકબર બાદશાહ અનેક ગુણવાનોને પોતાના દરબારમાં સંઘરતો-પોતાની પાસે રાખતો અને તેમની પાસેથી કાવ્ય

૨ સાક્ષર મુનિશ્રી જિનવિજયજીની પાસેના પ્રશસ્તિ સંગ્રહમાં ચતુઃશરણ પ્રકીર્ણક પર અવચૂરિ સં. ૧૬૮૩ માં ધર્મસાગર ઉપાધ્યાય શિષ્ય શ્રુતસાગરે લખેલી છે. તે સંબંધીની પ્રશસ્તિ ખાસ જાણવા જેવી છે તે અત્ર નોંધવામાં આવે છેઃ—

श्रीमत्तपागच्छ गच्छ गगन गगनदिनमणि सकलवाचक चक्रवर्ति सकलवादि द्विरद मद सिंहशार्दूल । सकल सिद्धान्त तत्त्वार्थ सहासमुद्रावगाहक । श्रीमज्जंबूद्विपप्रज्ञप्तिसूत्रवृत्तिकारक श्रीमत्प्रवचनपरीक्षा ग्रंथसूत्र वृत्तिकारक श्री कल्पकिरणावली वृत्ति विधापक श्री सर्वज्ञ शतक सूत्रवृत्ति करणतः श्री हेमाचार्यसमान श्री श्रुतकेवलि बिरुद्धारक सकलवादि निराकरण प्रवीण श्री जेसलमेरुदुर्ग राजाधिराज राउल श्री हरराजराजसभा लब्धजयवाद सकल कुमत निराकरण श्री तपागच्छ दीप्तिकारक सुविहित सभा शृंगार महावैराग्यरंजित जन मनोरंजक महोपाध्याय श्री धर्मसागरगणि चरण चंचरीकायमान पंडित श्री श्रुतसागरगणि चरण सरसिरुह भृंग गणि श्री प्रेमसागर वाचनकृते लिखितेयं प्रतिः ।

गुणवसुरसशशि संवत्कार्त्तिकमासे शुभे तिथौ समहः
प्राज्ञश्री श्रुतसागर गणिभिर्लिलेख प्रतिं प्रवरां ॥१॥

સંગીત વિનોદ રસ લેતો. આવા અનેક ગુણવાનો ત્યાં આવી વસ્યા હતા. બીકાનેરના મહારાજા કલ્યાણસિંહના પાટવી કુમાર રાયસિંહજી બીકાનેરની ગાદીએ બેઠા, અને તેમના નાનાભાઇ પૃથ્વીરાજ કરીને હતા તે મહા ગુણજ્ઞ અને કવિ હતા. તેમને અકબરશાહે બોલાવી પોતાની પાસે રાખ્યા હતા. આજ પૃથ્વીરાજે ઉદયપુરના મહારાણા પ્રતાપસિંહજીને બાદશાહને શરણ નહીં થવા માટે ૧૪ દોહા લખી મોકલ્યા હતા, એ વાત જગ જાહેર છે. તેમણે અકબર બાદશાહને રીઝવવા માટે એક મારવાડી-ડીંગલ ભાષામાં અતિ શૃંગારમય 'કૃષ્ણ રૂખમણિ વેલિ' નામનો રૂકિમણી અને શ્રી કૃષ્ણના વિવાહનો અતિ ઉત્તમ ગ્રંથ બનાવ્યો હતો અને તે હમેશાં રાત્રે કાવ્યચર્ચાસમયે બાદશાહ પાસે તેના ખાનગી મંડળમાં વંચાતો હતો. તે સમયે જેસલમેર અને બીકાનેરવાળાને પરસ્પર વિરોધ હતો. તે વખત જેસલમેરના હરરાજજીએ બાદશાહ પાસે જતાં પૃથ્વીરાજની કરેલી 'વેલિ' ના વખાણ સાંભળી તેમણે જ્યારે પોતે યુવરાજ હતા (એટલે સં. ૧૬૧૮ પહેલાં) અને પટ્ટાભિષેક થયો ત્યાર પછી પણ જેસલમેરના સર્વે કવિ અને વિદ્વાનોને એકઠા કરી 'મારૂ ઢોલાની વાર્ત્તા' ના પ્રાચીન દોહા એકઠા કરી તેને વાર્ત્તાના આકારમાં યથાક્રમે ગોઠવી જે ઉત્તમ ગ્રંથ બનાવશે તેને હું ઇનામ આપીશ એમ કહી કેટલાક ગ્રંથો તે વાર્ત્તાના બનાવેલા તે પોતાની પાસે તૈયાર હતા, તેમાંથી સર્વોત્તમ જે ગ્રંથ બન્યો હતો તે બાદશાહને ભેટ ધર્યો હતો. આપણા આ કવિની મારૂઢોલાની વાર્ત્તા કવિએ જેસલમેરમાં પૂરી કરીને શ્રી હરરાજજીને સંભળાવી હતી અને તેમની તે વાર્ત્તાજ ઉત્તમ નક્કી કરી બાદશાહને રજુ કરી હતી. બાદશાહને તે પસંદ પડવાથી વખતો વખત ખાનગી મંડળમાં તે વાર્ત્તાના દોહા બોલાવા લાગ્યા. એક વખત બાદશાહે પૃથ્વીરાજને હસતાં હસતાં કહ્યું કે-'પૃથ્વીરાજ! તમારી 'વેલિ' (રૂકિમણિ વેલિ નામનો ઉપરોક્ત ગ્રંથ અથવા લતા)

ઢોલાનો કરેલો (ઉંટ) ચરી ગયો-એટલે ખાઇ ગયો, તેથી તે હવે ફલફુલ વિનાની નિરસ લાગે છે'. આ સાંભળી પૃથ્વીરાજે ઉત્તરમાં જણાવ્યું કે:-'વેલિ' નિરસ થઇ હશે તો આ આલમરૂપી વાડીમાંથી બીજાં મકરંદ (પુષ્પરસ) ભરેલાં પુષ્પોવાળાં વૃક્ષો લાવી હજૂરને ભેટ કરતાં વાર લાગશે નહિ:''-આ પછી પૃથ્વીરાજ મારૂ ઢોલાની કરતાં પણ વિશેષ રસિક એક વાર્ત્તા બનાવવા અથવા મેળવવાના પ્રયત્નમાં લાગ્યો અને છેવટે પોતે બનાવી હોય કે પછી બીજા પાસે રચાવી હોય કે તૈયાર મેળવી હોય પણ 'સદેવંત સાંવલીંગાની વાર્ત્તા' ઉત્પન્ન કરી બાદશાહને સંભળાવી તેથી બાદશાહનો ભાવ મારૂઢોલાની વાર્ત્તા પરથી ઉતરી આ નવી વાર્ત્તા પર લાગ્યો, કારણ કે તેમાં શૃંગારરસ વધારે ભરચક હતો. તે મારવાડી ભાષામાં હોવી ઘટે, અને ગુજરાતીમાં જે હમણાં જોવામાં આવે છે તે તેનું અનુકરણ હશે એમ જણાય છે. ભરતપુરના મહારાજાના પુસ્તકાલયમાં "સુદબુદ સવલંગ્યારી સાત જન્મરી વાર્ત્તા'' એ નામની લખેલી પ્રત તેમજ જોધપુર મહારાજાના પુસ્તકાલયમાં પણ છે. અને ગદ્યપદ્યમાં એવી એક પ્રત નાનચંદજી યતિના ભંડારમાં તેમના સંતાનીય મોહનલાલજી પાસે છે.

મારૂઢોલામાં જે શૃંગારરસ છે તે અમર્યાદિત અને અતિશય પર લઇ જવામાં આવેલો નથી પણ વિશેષ સમર્યાદ અને રોચક છે, જ્યારે સદેવંત સાવલીંગાની વાત ગુજરાતીમાં હાલ છપાઇ છે તે વાંચતાં તો તે અધમ વાર્ત્તા અને ગુજરાતમાં સજ્જન પુરૂષોને ઘૃણા ઉપજાવે તેવી લાગે તેમ છે, આમ છતાં અકબરબાદશાહ શૃંગારરસની કવિતાને ચાહતા હતા અને તે પરથી તેમણે પોતે તેવી કવિતાં કરી હતી તેમજ ગંગાદિ કવિઓ શૃંગારરસવાળી કવિતા કરી તેને પ્રસન્ન કરતા હતા તે તો ઠીક, પણ સદેવંત સાવલીંગા જેવી હદથી ઉપરવટ જઇને વર્ણવેલા શૃંગારવાળી અધમ વાર્ત્તાપર તે બાદશાહ મુગ્ધ થાય એ કદાચ કોઇને નવાઇ જેવું લાગશે તો તેના ઉત્તરમાં એ સ્મરણપર લાવવા જેવું છે કે અકબર બાદશાહે ખાનગીમાં સ્ત્રીઓની બજાર

ભરી તેમાં દરેક રાજા તથા હીંદુ મુસલમાન અમીર ઉમરાવોની અને વેપારી વર્ગના તમામ ગૃહસ્થોની સ્ત્રીઓને તે બજારમાં આવવાની ફરજ પાડી હતી અને તે બજારને મીનાબજાર કહેવામાં આવતી. આટલાપરથી અકબર કેટલો ઇશ્કી હતો તે સમજાય તેવું છે અને તેથી ઉપરની વાત પણ સુઘટિત થઇ શકે તેમ છે.

મારૂઢોલાની ચોપાઇમાં મારૂઢોલાની વાર્ત્તા નવીન રચવામાં આવી નથી પણ તેની વાર્ત્તા આ ચોપાઇ રચાઇ તે પહેલાં લોકકથારૂપે હતીજ-તેના દુહા પણ વિદ્યમાન હતા અને તે વાત અને પ્રાચીન દુહા પરથીજ રાવલશ્રી હરરાજજીએ પદ્યકૃતિઓ જુદા જુદા પાસે સળંગ આકારમાં વાર્ત્તાનો રસ જળવાઇ રહે તે પ્રમાણે રચાવરાવી હતી એ પ્રમાણથી સિદ્ધ થાય છે. કારણ કે જોધપુરના પ્રથમ વર્ગના ન્યાયાધીશ અને પ્રખ્યાત ઇતિહાસવેત્તા મુન્શીજી દેવીપ્રસાદજીને પૂછાવતાં તેમણે તપાસ કરી ૭ સાત ગ્રંથોનાં નામ બારોટકવિ ગોવિંદ ગિલ્લાભાઇને જણાવ્યાં હતાં. તે ગ્રંથોના સંવતોમાં ફેર જણાય છે તેથી એમ અનુમાન થાય છે કે તે કર્ત્તા-કવિઓએ જુદે જુદે વખતે આગળ પાછળ તે ગ્રંથો કર્યા હશે અથવા લેખક દોષથી તેમ બન્યું હોય તો તે પણ સંભવિત છે કેમકે સર્વે ગ્રંથોમાં અખાત્રીજ લખેલ છે. આ સર્વ ગ્રંથોની વિગત આ પ્રમાણે છે:-

પહેલી પ્રત—જોધપુરના મહામંદિરના આપસજીને ત્યાંછે તેમાં રચ્યા સાલ

સંવત સોલહ સતરે બરખે, આખત્રીજ દિવસ મન હરખે

એ પ્રમાણે છે ને લખ્યા સાલ સં. ૧૬૬૭ ના કાર્ત્તક શુદ ૪ બુધવાર છે.

બીજી પ્રત—જોધપુર દરબારના રાજપુરોહિતના ઘરમાં છે તેનો રચ્યાસંવત

સંવત સોલહ સતરોતરે અખાત્રીજ સોમવાર

વાંચ્યાં સુખ સંવત સદા, જેસલમેર મઝાર-૪૩૨.

ત્રીજી પ્રત—અપૂર્ણ લખેલી છે અને તે સંવત ૧૫ (?)૦૩ વૈશાખ

શુદિ ૩ ને ગુરૂવારે જેસલમેરના ચંદ કવિની બનાવેલી છે

અને તેમાં હરરાજજીની આજ્ઞાથી રચી એમ લખ્યું છે.

ચોથી પ્રત—આમાં રચ્યા સંવત એ પ્રમાણે આપ્યો છે કે

સંવત સોલહ તીરોતરે, અખાતીજ ગુરૂ ખરે.

પાંચમી પ્રત—મારવાડમાં ઝાલ્લગઢ ગામના જતી જ્ઞાનમલ્લના ઉપાશ્રયમાં છે. તેમાં સંવત્ નથી પણ કવિતા લખી છે કેઃ—

જિમ-મધુકર શિર કેતકી, જિમ કોયલ સહકાર

મારવણી મન હરખિયો, ઢોલાસો ભરતાર. ૧

આનંદ અધિક ઉછાહ અતિ, નરવર બાજ્યા ઢોલ,

સસ્નેહી સેંણા તણા, કલિમેં રહિયા બોલ. ૨

છઠી પ્રત—જોધપુર રાજ્યના પુસ્તકાલયમાં છે તેમાં સંવત્ નથી.

તેમાં જણાવેલું છે કે—

સાલ્હ કુંવર વિલસે સદા, કામણ સગુણ સુગાત

માલવણીને એક નિધિ, મારૂવણી દૈ રાત.

ઉપરની છએ પ્રતિ ઉપરાંત આ કુશલલાભની આ વાર્તા પરની કૃતિ મળી આવે છે. તેનો રચ્યા સંવત્ ઘણી પ્રતો જોતાં સં. ૧૬૧૭ (ના વૈશાખ શુદ ૩ ને ગુરૂવાર) જણાય છે જ્યારે બારોટ કવિ ગોવિંદ ગિલ્લાભાઇની પાસેની શુદ્ધ અને સંપૂર્ણ પ્રતમાં સંવત્માં ફેર એટલે સં. ૧૬૧૫ અને સ્વ. દલાલે જોયેલી પ્રતમાં સં. ૧૬૧૬ (મિતિ તેજ) જણાવેલી છે.

આ કવિ આ વાર્તા મૂળ હતી-તે સંબંધીના દુહા લોકોમાં કંઠસ્થ હતા અને તે હકીકત તેણે પોતેજ પોતાની કૃતિના અંત ભાગમાં સ્પષ્ટ કહી છે:—

ગાહા સાતસિ એહ પ્રમાણ, દુહાનીઇ ચઉપઈ વખાણ,

યાદવ રાવળ શ્રી હરિરાજ, જોડી તાસ કુતૂહલ કાજિ.

જે પેર શ્રીમુખ સાંભલી, તે પેર જોડી મેં મન રલી
(જિણુપરિ મઇ પરમારથ સુણી, તિણિ પરિ મઇ કીધી મનરલી-પાઠાંતર)
દોહા ઘણા પુરાણા છે, ચોપઇ બંધ કીધી મેં પછે,
સંવત **સોલહ પનોતરે** પાઠાંતર- { સોલહ સોલોતરઈ—
સોલસય સતરોતરઇ)
અખાત્રીજિ વાર સુર ગુરૂઈ }
આખાત્રીજ દિવસ મનિ પરઇ }
જોડી જેસલમેર મઝારિ, સુણતાં સુખ પામેઇ સંસારિ
ખરતર ગચ્છ સુગુરૂ ગહગહઇ, વાચક કુસલલાભ ઇમ કહઇ
સંભલિ સુગુણ ચતુર ગહગહઇ (પા.)
મારવણીની એ ચઉપઈ, એ સુણીજ્યો એકમના થઇ
સાંભલતાં પામે સંપદા, રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપતિ સદા.

જેસલમેરમાં ભટ્ટી જાતના રજપુતો રાજ્ય કરતા હતા અને તે જાદવવંશી હતા અને ખુદ રાજાઓ 'રાવલ' પદ ધારણ કરતા હતા અને તે પૈકી જેસલમેરના મહારાજા હરરાજજી થઇ ગયા છે ને તેમણે સં. ૧૬૧૮ થી ૧૬૩૪ સુધી જેસલમેરની ગાદીપર રાજ્ય કરેલ છે એ ઇતિહાસથી સત્ય જણાય છે.

મારૂઢોલાની ચોપાઇ કુશલલાભે જે ભાષામાં લખી છે તે [૩]રાજસ્થાની ભાષા તરફ વિશેષ ઝોક ખાય છે તેનું કારણ એ કે તેની વાર્તાજ મૂળ રાજસ્થાનમાં જન્મ પામેલી લોકકથા તેથી તેના પ્રાચીન દુહા પણ રાજસ્થાની ભાષામાં, વળી કવિએ તેના ઉપરથી કવિતા કરી તે પણ રાજસ્થાનના જેસલમેરના યુવરાજને માટે અને જેસલમેરમાં રહીનેજ, એટલે મારવાડી ભાષાનું પ્રાધાન્ય તેમાં હોય તે સ્વાભાવિક છે.

૩-રાજસ્થાની એટલે રાજપુતોના દેશ નામે રાજપુતાનાની ભાષા. આ ભાષાની અંદર મારવાડી, જયપુરી, માલવી અને બીજી અનેક ભાષા (dialects) નો સમાવેશ થાય છે. હિંદની ભાષા પ્રમાણે વિભાગ કરતાં (linguistic Survey) તે ભાષા એક કરોડ કે દશલાખ આશરે મનુષ્યો બોલે છે (જોકે આ સંખ્યા ખાત્રીભરી ન ગણાય કારણ કે રાજસ્થાની ભાષા અને આસપાસના મુલકોની ભાષાઓ વચ્ચે સ્પષ્ટ ભેદ રખાયો નથી) રાજસ્થાની ભાષા બોલનારાઓનું ક્ષેત્રફળ આશરે એકલાખ એંસીહજાર ચોરસ માઇલ છે. તે ભાષા સાથે પશ્ચિમ હદની ગુજરાતી ભાષા સાથે અને પશ્ચિમ હિંદી સાથે ગાઢ સંબંધ છે અને પહેલાં રાજસ્થાની ભાષાનો સમાવેશ પશ્ચિમ હિંદીમાં કરવામાં આવતો. આ ભાષાઓનો અભ્યાસ ઘણો ઓછો થયેલો છે અને આ ભિન્ન ભિન્ન ભાષાઓની વિલક્ષણતાઓ તારવી કાઢવા માટે હજુ વિશેષ શોધ અને અભ્યાસની બહુ અગત્ય છે. આ રાજસ્થાની ભાષાનો જબરો અભ્યાસ ઇટાલીના ડા. ટસીટોરીએ કર્યો હતો અને તેના પરિણામે પોતાના નિર્ણયો વિગતવાર બહાર પાડે તે પહેલાં રાજપૂતાનામાં હમણાં એકાદ બે વર્ષ પહેલાં તેમનો સ્વર્ગવાસ થયો. હમણાં જર્મનીમાં ચાર્લોટ ક્લોસ નામના વિદ્વાને સંપાદિત કરેલ રાજસ્થાની ભાષામાં સને ૧૭૨૯ માં રચાયેલી શિવવર્દ્ધનકૃત 'નસકેતાંરી કથા' લીપ્ઝીગની વેર્લંગ ડર એસિયા મેજર એ નામની પ્રકાશિની સંસ્થાએ પ્રસિદ્ધ કરેલ છે તેમાં ઘણી ટિપ્પણીઓ, વ્યાકરણ, શબ્દકોષ આપેલ છે અને ભાષાની દ્રષ્ટિએ અનેક બાબતોની સંપૂર્ણ ચર્ચા કરવામાં આવી છે કે જે ઉપરથી વર્ત્તમાન હિંદની એક ભાષાનો ઘણા આગળના વખતના વિકાસક્રમ અને પ્રાચીન સ્વરૂપ મળી આવે તેમ છે.

૪

સ્વ. સાક્ષરશ્રી ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ બી. એ. સને ૧૯૧૪ ના આગસ્ટ માસના સાહિત્યમાં પૃષ્ઠ ૩૫૩ પર 'માધવાનળ કામકંદલાની લોકકથા' એ શીર્ષક લેખમાં આ કવિકૃત મારૂઢોલા ચોપાઇ સંબંધે પણ ટુંકમાં રસભરી ભાષામાં લખી તેનો અતિસંક્ષિપ્ત સાર પણ આપી દીધો છે કેઃ—

"મારૂઢોલા ચુપઇ એ પણ એક શૃંગારરસ પૂરિત લોક કથાનો ગ્રંથ છે. આ કથા ભાટ લોકોથી કહેવાય છે. નલવરગઢના રાજા નલને પુત્ર થતો નથી તેથી પુકર (પુષ્કર) તીર્થ (કચ્છમાં)ની

બાધા રાખ્યે પુત્ર થાય છે. તેનું નામ સાલ્હકુમાર પાડે છે, પરંતુ તેની માતા મૃતવત્સા હોવાથી તેને ઢોલા કહીને બોલાવે છે. પુષ્કર તીર્થની યાત્રાએ જતાં ત્યાંના રાજા પિંગલની પુત્રી મારૂવણી સાથે સાલ્હનું લગ્ન કરે છે. મારૂવણી નાની હોવાથી તેની માતા ઉમાદેવડી તથા પિંગલ સાસરે મોકલતા નથી. સાલ્હકુમાર બીજી કન્યા માલવણી નામની પરણે છે. માલવણીના પ્રેમમાં મારૂવણીને ભૂલી જાય છે. મારૂવણી યૌવનસંપન્ન થતાં વિરહથી પીડિત થાય છે અને કુંઝડીયાં (ઉમાદેવડી નાટકની કુંજડીયાં) મિષે તથા ભાઉભટની સંઘાતે સંદેશા મોકલે છે. આ સંદેશા બહુ હૃદયંગમ છે. તે થોડાક સાંભળો.

સઉદાગર સંદેસડા સાંભલીયા શ્રવણેહિં
મારૂવણી મનમથં હુઈ મૂકયા જલ નયણેહિં. ૧૧
ઊનમીયો ઉત્તર દિસિઈ, ગાજિ ગુહીર ગભાર,
મારૂવણી પ્રિય સંભર્યઉ, નયણે મૂકયઉ નીર. ૧૬
માલવણી મનિ રંગિ, વાટિઈ તેણિ આઘી વહઇ,
કુંઝી એકેણિ ન સંગિ, તાલ ચરંતિ દીઠીયાં. ૧૭
કુરઝાં દ્યઉનઈ પંષડી, થાંકઉ વિનઉ હવેસ,
સાયર લંઘુ પ્રિય મિલું, પ્રિય મિલિ પાછી દેસ. ૧૮
ઉત્તર દિસિ ઉપરાઠીયાં, દક્ષણ સમુહીયા,
કુંઝા એક સંદેસડઉ, ઢોલાનઈ કહીયા. ૧૯
મારૂ મ્હે માણુસ નહી, મ્હે તઉ કુરઝડીયા,
પ્રિય સંદેસઉ પાઠવઉ, તઉ લિખિ દ્યઉ પંખંડીયા. ૨૦
કુંઝડીયા કુર લાઇયા, ગુંજિ રહે સબ તાલ,
જાકી જોડી વિછૂડઇ, ત્યાકું કુણ હવાલ. ૨૧
તાલ ચરંતી કુરઝડી, સર સંધીયો ગમાર,
કોઇ આપર મન કીયો, ઉડી પંખ સમાર. ૨૨

પંથી એક સંદેસડઉ, લગિ ઢોલા લે જાઇ,
જોવન કલિયાં મઉરીયાં તુ, ભમર ન બઇઠઉ આઇ.
પંથિ એક સંદેસડઉ, લગિ ઢોલા પહચાઈ,
જોવન હસ્તી મદ ચડઉ, અંકુસ દ્યઉ નઈ આઈ.
પંથિ એક સંદેસડઉ, દિસ સજણાં સલામ,
જે દિનિ હમ તુમ વિછુડે, નયણે નીંદ હરામ.
ઢોલા મિલિસિ ન વીસરિસિ, ન આવિસિ ન મિલેસિ,
મારૂ તણુઈ કરંકડઈ, વાયસ ઉડાવેસિ.

—વગેરે વગેરે.

કમલ કમોદન જલ વસઇ, [૪]ચંદા વસઇ આગાસિ,
જે જયાંહાં કિમ નિસઇ, તે ત્યાંહી કેઇ પાસિ.
તંતી નાદ તંબોલ રસ, સુરહ સુગંધઉ જાંહ,
અસણિ તુરી પગમોજડા, કિસ દિઉ આવર ત્યાંહ.

અનેક પ્રાચીન દુહાઓ પણ છે. માલવણીની અનેક યુક્તિથી મારૂવણી તરફથી આવતા માણસોને અટકાવેછે, પરંતુ ભાઉભાટ ઢોલાને મળેછે અને મારૂવણીની સમસ્યા કહેછે. માલવણીને જાણ થાયછે તેથી ઢોલાને પુષ્કર તીર્થ જતાં અટકાવેછે. માલવણી કહેછે :—

ઢોલા મ જાએસિ કચ્છદેસિ, તાં પરહેરઇ દ્રંગિ,
ભિભલ નઇણ સુચંગ ધણ ભૂલઉ જાઈસિ સંગિ.
ગયગમણી ગુજર ધરા, આણૂં દક્ષણ ચીર,
મનહંસ કોડી માલવણી, સોઝઇ તુઝ શરીર.

પરંતુ ઢોલો વાર્યો રહેતો નથી અને પુષ્કર નગર જાયછે. મારૂવણી સુડા મારફતે તે અગ્નિપાત કરેછે તેવો સંદેશો કહેવાડેછે, પરંતુ ઢોલો મારૂ દેશ જાયછે અને મારૂવણીને મળેછે. આનંદ વ્યાપેછે. પાછાં ફરતાં રસ્તામાં મારૂવણીને સર્પ કરડેછે તેથી મૃત્યુ પામેછે. ઢોલો

૪. ચંદા એ શબ્દ પહેલાં વપરાતો હતો. ‘અહા ખીલી પુરી ચંદા’ એમાં ચંદા શબ્દ પર અનેક ટીકાઓ થતી જોઇ છે, પણ પ્રાચીન કાળમાં એ શબ્દ વપરાતો હતો—એટલે તે નવીન નથી.

કાષ્ઠભક્ષણ કરવા તૈયાર થાયછે, તેવામાં યોગી આવીને સજીવન કરેછે. આથી મારૂવણીનો તેના પર પ્રેમ વધેછે. છેવટે મારૂવણી અને માલવણી સંઘાતે ઢોલો સુખ ભોગવેછે, માલવણી પોતાનો દેશ વખાણેછે તથા મારવાડ જળ વિનાનો દેશ ગણીને વખોડેછે. ઢોલો મારૂ દેશ વખાણેછે બંનેથી ઢોલાને પુત્ર થયા અને આનંદ વર્ત્યો.'' આ સાર પોતાને મળેલી 'સંવત્ ૧૬૭૬ વર્ષે વૈશાષ માસે શુક્લપક્ષે ૧૫ દિવસે ગુણરત્નેન લિખિતમિદં' —પ્રતની પરથી લખેલો છે કે જેમાં રચ્યા સાલ સંબંધી એ જણાવ્યું છે કે:—

'સંવત સોલહ સોલોતરઇ, અષાત્રીજ દિવસ મનિ પરઇ
જોડી જેસલમેરિ મઝારિ, વાચ્યા પામઇ સુષ સંસારિ.
સંભલિ સુગુણ ચતુર ગહગહઇ, વાચક કુસલલાભ ઇમ કહઇ
સિદ્ધિ વૃદ્ધિ સુખ સંપત્તિ, સદા સાંભલાં પામઇ સંપદા.''

આ મારૂઢોલાની ચોપાઇનો વિસ્તારથી કાવ્યવિવેચન દૃષ્ટિએ સાર આપવાની ઇચ્છા છે તે મૂલ ગ્રંથ સમસ્તઆકારે કોઇ બીજા મૌક્તિકમાં છપાશે ત્યારે બર આવશે.

૫

માધવાનલ કામકંદલા સંબંધમાં સ્વ. સાક્ષરશ્રી ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલે જે શોધખોળ ભર્યો લેખ સાહિત્યના અગસ્ટ ૧૯૧૪ ના અંકમાં પ્રકટ કર્યો હતો તે તથા આ કવિની તે સંબંધીની ચોપાઇનો સાર રા. બ. હરગોવિન્દદાસ દ્વારકાદાસે સાહિત્યના જુન ૧૯૧૪માં પ્રકટ કર્યોછે તે બંને આની પછી આ પ્રસ્તાવનાના ભાગમાંજ જૂદાજ આપવામાં આવેલછે તેથી અત્રે વિશેષ લખવાનું પ્રયોજન રહેતું નથી

બીજી મોટી કૃતિએ પૈકી અગડદત્ત રાસની પ્રત મને હાથ લાગી નથી (તેનો ઉલ્લેખ માત્ર સ્વ. ચીમનલાલ ડા. દલાલે પ્રત સં. ૧૬-૫૩નો કર્યો છે) તેથી તે સંબંધી કંઇ કહેવાનું સાધન નથી. બીજી કૃતિ નામે તેજસારાસ દીપપૂજાનું ફલ માહાત્મ્ય બતાવવા માટે આ કવિએ સં. ૧૬૨૪માં વીરમગામમાં રચ્યોછે અને તેજ રાસમાં પોતાના ગુરૂનું નામ અભયધર્મ ઉવઝાય આપ્યું છે. તેના આદિ ને અંતના ભાગ નીચે પ્રમાણેછે:—

શ્રી સિદ્ધારથ કુલતિલુ, ચરમ જિણેસર વીર,
પાજુગિ પ્રણુમી તસ તણા, સોવિન્નવન્ન શરીર ૧
જિનવરૂ શ્રીમુખિં ઊપદિસઉં, ભવિક લોક સુષકાજિ,
જિનપ્રતિમા જિન સારષી, ભાષિ શ્રી જિનરાજિ. ૨
પ્રતિમા જિનની જિનપરિં, આરાહિ એકંતિ
અહિભવિ પરિભવિ સુષ લહઇ, ઇમ ભાષઇ અરિહંત. ૩
જિણહર જિનવર આંગલિઈ, પૂરઇ જિકો પઇવ,
તેજસાર નૃપતણી પરિં, સુષ ભોગઇ સદૈવ ૪
ચ્યાર રાજ તિણિઇ પામીયા, પૂજાતણઇ પ્રમાણિ,
સર્વારથ સિધિઅછઇં, લહિસિ શિવ નિર્માણ. ૫

× × ×

અંતે—શ્રીષરતર ગચ્છિ સહિ ગુરૂરાય, ગુરૂ શ્રી અભયધર્મ ઉવઝાય,
સોલહુસઇ ચઉવીસિ સાર, શ્રી વીરમપુર નયર મઝાર. ૪૧૫
અધિકારઇં જિનપૂજા તણઇ, વાચક કુશલલાભ ઇમ ભણઇ,
જે વાંચઇ નઇ જે સાંભલઇ, તેહના સહૂ મનોરથ ફલઇ. ૪૧૬

આ રાસની સં. ૧૬૪૪ની પ્રત સ્વ. ગુલાબવિજયના ભંડારમાં ૧૬૯૯ની ઇડરના બાઇઓના ભંડારમાં, સં. ૧૭૪૨ની પ્રત પાલણપુરના ભંડારમાં અને સં. ૧૭૮૯ની પ્રત જૈન એસોસીએશન ઓફ ઇંડિયા મુંબઇ પાસેના ભંડારમાં છે. (જુઓ મારો સંગ્રહ નામે જૈન ગૂર્જર કવિઓ નં ૧૪૩ કુશલલાભ પૃ. ૨૧૧થી ૨૧૬.) આ રાસનો સાર વિસ્તારભયને લીધે અત્ર આપ્યો નથી. આ કવિની આ સર્વ કૃતિઓ પ્રકટ થયે તેનાં ખરાં અને વિશેષ મૂલ્ય અંકાશે. અત્યારે તો તેના સંબંધમાં ઉપલબ્ધ થયેલી હકીકતોજ અત્ર મૂકવામાં આવી છે.

તા. ૧૪-૯-૨૫.
રે ડિઆ બ રસ-ગાંધીજી મહાત્માની. } મોહનલાલ દલીચંદ દેશાઇ.

અનુલેખ—વિક્રમ સત્તરમી સદીમાં પહેલાં શ્વેતામ્બર અને પછી દિગંબર જૈન બનારસીદાસ એક સારા શ્રાવક-કવિ ઉત્તર હિંદમાં થઇ ગયા-તેમના સમયસાર બનારસી વિલાસ વગેરે ગ્રંથો પ્રસિદ્ધ છે. તેમણે પોતાની અધુરી આત્મ જીવનીમાં-'અર્ધકથાનક'માં અભયધર્મ ઉપાધ્યાયનો સં. ૧૬૫૭ ના અરસાનો ઉલ્લેખ આવ્યો છે ને તે કુશલલાભના ગુરૂ સંપૂર્ણ રીતે સંભવે છે. તે ઉલ્લેખ નીચે પ્રમાણે છે:—

વિદ્યા પઢિ વિદ્યામેં રમે, સોલહસે સત્તાવને સમે,

* * *

ખરતર અભયધરમ ઉવજ્ઝાય, દોય શિષ્ય જુત પ્રગટે આય,
ભાનુચંદ્ર મુનિ ચતુર વિશેષ, રામચંદ્ર બાલક ગૃહ ભેષ. ૧૭૩-૭૪.

આ પરથી અભયધર્મના બે શિષ્ય ઉકત ભાનુચંદ્ર ને રામચંદ્ર હતા. તે ઉપરાંત કુશલલાભ હોવા ઘટે. આ પૈકી ભાનુચંદ્ર પાસે બનારસીદાસ કર્મગ્રંથ-પ્રતિક્રમણાદિ ભણ્યા હતા.

આ હકીકત પૂરી પાડવા માટે પૂજ્ય મુનિ મહારાજ શ્રી અમરવિજય-ચતુરવિજયાદિનો ઉપકાર માનું છું.

તા. ૬-૧૦-૧૯૨૫. મો. દ. દેશાઇ.

———○———

માધવાનળ કામકંદલાની લોકકથા.

હિંદુ લોકકથાના સાહિત્યમાં માધવાનળની કથા અગત્યનું સ્થાન ભોગવે છે. તેની લોકપ્રિયતા તથા અગત્યતા ઘણે અંશે વિક્રમ રાજાના તે ભાગને આભારી છે. આ ગ્રંથનાં અનેક હસ્તલિખિત પુસ્તકો ઠેકઠેકાણે મળી આવે છે. Dr. Ausrecht ના Catalogus Catalogorum માં (ત્રણ ભાગોમાં) ઘણીક હસ્તલિખિત પ્રતો નોંધી છે. આમાં આનંદધરનું કામકંદલા નાટક તથા કનકસુંદરની માધવાનળ કથા ધ્યાન ખેંચે છે. કામકંદલા નાટકના રૂપે સંસ્કૃત સાહિત્યમાં નથી, પરંતુ કથાનેજ નાટકનું નામ આપ્યું છે. હિંદુસ્તાનની મુખ્ય ભાષાઓમાં પણ તે કથા ઉતારેલી છે તેજ તેની લોકપ્રિયતા સાબીત કરે છે. લોકકથાના સાગરરૂપ કથાસરિત્સાગર, સિંહાસન દ્વાત્રિંશિકા તથા વેતાલપંચવિંશતિમાં આ વાત મળતી નથી. કથાસરિત્સાગર (૩-૧૫ અને ૧૦-૫૮) ના ઇલ્લિક નામના વણિક્નું સ્ત્રીના વિરહથી મૃત્યુ, વિક્રમસિંહ, કુમુદિકા વેશ્યા, અને શ્રીધર બ્રાહ્મણની વાતમાં કુમુદિકાનો શ્રીધર ઉપરનો પ્રેમ તથા ક્ષેમંકરની સિંહાસન દ્વાત્રિંશિકાની ૭ મી વાતમાં ધનદ શ્રેષ્ઠિએ બતાવેલા દ્વીપમાં દેવાલયમાં લેખ વાંચીને સ્ત્રી પુરૂષને સજીવન કરવાને વિક્રમ ખડ્ગ લઇને પોતાનું મસ્તક છેદવા તૈયાર થાય છે તે દૃષ્ટાંતમાં થોડે અંશે આ કથાનું સામ્ય જોઇ શકાય. શામળભટે તો સિંહાસન બત્રિસીમાં આ વાત ૨૬ મી વાત તરીકે આપી છે. સંસ્કૃત કથાની અગત્યતા બે કારણોને લીધે છે: તેમાં મળી આવતાં (૧) સંસ્કૃત સુભાષિતો તથા (૨) પ્રાકૃત ગાહાઓને લીધે; આ સુભાષિતો તથા ગાહાઓ ઘણાં ખરાં બીજા ગ્રંથોમાં મળી આવતાં નથી. જાણીતા ફ્લોરેન્ટાઇન વિદ્વાન ડૉ. ફ્લોવેન્ટીએ ૬ હસ્તલિખિત પુસ્તકો ભેગાં કરીને આ વાર્તા રોમન અક્ષરોમાં છપાવેલી છે અને સાથે ગાહાઓનો ઇંગ્રેજી તરજુમો આપેલો છે. તેમાં તો ફક્ત એકજ દુહો છે.

"ભમરા જાણઇ રસવિરસૌ જે ચુંબઇ વણરાઇ
ઘુણ્યા કયા જાણઈ બાપડા જે સુક્ક લક્કડ ખાઇ"

પરંતુ સેન્ટ્રલ લાઇબ્રેરીમાં આની ગણુ પ્રતો (આમાં એક પુસ્તકનું નામ માધવાનળ નાટક આપેલું છે પણ તે ખોટું છે. બીજી કથાઓ જેવાજ રૂપમાં આ કથા છે) છે તેમાંથી નીચેના દુહા નારવી કાઢેલા છે:—

સમસ્યા.

[1]પિયુ પવાસા ચાલિઉ બાલા વિરહ જલાઈ
વિસહર તિણિ ભીતઈ લિખ્યઉ તિણિ દીવડ ઉહ્લાહી
[2]ત્રિપુર ન દીધઈ સંકરઈ રામાયણ હણુએણ
[3]ભારહ ભીમ ન દીધઈ સા મો [4]દિદ્ધિ પ્રિયેણ

કામકંદલાવિરહવિલાપ.

[5]હિયડા ફૂટિ પસાઉ કરિ કેતા દુઃખ સહેસિ
પિય માણસ વિયુછા હિયયા જીવિયં કાહુ કરેસિ
[6]કરવતડી કરતાર જઉ સિરિ દીજઈ તાહરઈ
તહિ તું જાણી સાર વેદન વિછોહાતણઈ
[7]પાણી તણઈ (વિણઇ) કદ્દાવા જિમ ફૂટઈ હિયઉ
તિઉજ માણસ હોઈ સાચઉ નેહ તિ જાણવઉ

સંસ્કૃત કથાઓમાં માધવની પૂર્વ જન્મના શાપની વાત આવતી નથી અને તે ગુજરાતી કથાઓ કરતાં ઘણીજ ટુંકી છે. સંસ્કૃત

---

૧. પ્રિય પ્રવાસે ચાલ્યો, બાલા વિરહથી બળે છે. તેથી વિસહર (સર્પ) ભીંતે લખ્યો છે અને તેથી દીવો ઓલાય છે. ૨. હનુમાને. ૩. ભારત. ૪. દીધી. ૫. હે હૃદય પ્રસાદ કરીને ફૂટ કેટલાં દુઃખ સહેસ ! પ્રિય માણસથી વિયુક્ત હૃદય જીવીને શું કરીશ ?

૬. હે વિધિ, જો તારા માથા ઉપર કરવત મૂકાય તો વિયોગની વેદના તું જાણે. ૭ પાણી વિના કાદવની પેઠે જે માણસનું હૃદય વિયોગથી ફાટે તે માણસ છે અને સાચો નેહ પણ તે જાણવો.

કથાનું જુનામાં જુનું હસ્તલિખિત પુસ્તક ઈ. સ. ૧૫૩૦ મળી આવેલું છે (Brit. Museum Catal p. 118.) આ કથા ૧૪ મા શતકમાં રચાયેલી મનાય છે (Keith Catalogue of Sanskrit Mss in the Bodleian. Appendix p. 44) પુષ્પાવતીના રાજા ગોવિંદચંદ્રને માધવ નામનો બ્રાહ્મણ (પુષ્પ બટુક) છે, તેના રૂપથી નગર નારીઓ વિહ્વલ બની જાય છે અને તેથી પૌરજનો રાજા પાસે ફરીયાદ કરે છે. રાજા તેની પરીક્ષા કરવાને વાસ્તે પોતાની રાણીઓને સૂક્ષ્મ વસ્ત્ર પહેરાવીને તિલના ઢગલા ઉપર બેસાડે છે. માધવને જોઇને રાણીઓ વિહ્વલ બને છે તથા તેમનું વીર્ય સ્ખલિત થાય છે. આથી તેઓને વસ્ત્રે તિલ ચોટે છે. રાજા તે જોઇને પૌરજનોની ફરીઆદ ખરી માને છે; માધવને શહેરમાંથી નીકળી જવાની આજ્ઞા કરે છે. માધવ ફરતો ફરતો અમરાવતી નગરીમાં આવે છે અને રાજસભાના દ્વારે આવી ઉભો રહે છે. સભામાં ગીત નૃત્ય વગેરે થતાં હતાં તે સાંભળીને માધવે કીધું કે સભામાં બધા મૂર્ખા છે. રાજદ્વારપાળે રાજાને કીધું. રાજાએ પૂછ્યું કે શાથી? માધવે કીધું કે પૂર્વ દિશામાં તંત્રી વગાડનારનો અંગુઠો નથી; તપાસ કરતાં તેમ માલુમ પડવાથી રાજાએ પોતાની પાસે બેસાડયો અને સન્માન આપ્યું. કામકંદલા વેશ્યા નાચ કરી રહી છે અને તેની ચંદનની કંચુકી ઉપર ભમરો આવીને બેઠેલો છે. તે તેણે નાચમાં સ્ખલન કર્યા વગર શ્વાસથી ઉડાડ્યો. સભામાંથી કોઇએ તે ચાતુરી પીછાની નહીં તેથી માધવને ખેદ થયો. પોતે તેથી તેણીને પાનનું બીડું આપ્યું. કેટલીક પ્રતોમાં રાજાએ તેને જે સિરપાવ આપ્યો હતો તે બક્ષીસ કર્યો એમ છે. આથી રાજા ગુસ્સે થયો અને તેને શહેર છોડી જતા રહેવાનો હુકમ કર્યો. રસ્તામાં કામકંદલા તેને મળી અને તેને ત્યાં એક રાત્રી રહેવાનો આગ્રહ કર્યો રાત્રિ સમસ્યા વિનોદ તથા આનંદથી પસાર કરી (સંસ્કૃત ગ્રંથોમાં

સમસ્યાઓ થોડીજ છે પણ ગુજરાતી ગ્રંથોમાં ઘણી છે). સવાર થતાં માધવ ચાલ્યો પણ બન્નેનું હૃદય એક હોવાથી વિરહ અસહ્ય લાગ્યો. માધવ ઉજ્જયિની ગયો અને ત્યાંના મહાકાલેશ્વરના મંદિરમાં લેખ લખ્યા. રાજા વિક્રમે તે વાંચ્યા અને ગોગ ગણિકાને તે વિરહી માણસની શોધ કરવા મોકલી. ગોગે તેને કામકંદલાના નામથી રાત્રે નિશ્વાસ મુકતો હોવાથી ઓળખી કાઢ્યો. રાજા વિક્રમે તેને બોલાવ્યો અને સમજાવ્યો પરંતુ તેણીના ઉપર અપાર પ્રેમ હોવાથી માન્યું નહીં. રાજા વિક્રમે તેની પરીક્ષા કરી તો પ્રેમ સત્યજ જણાયો. આથી વિક્રમે કામસેન ઉપર દૂત મોકલ્યો. કામસેને ગણિકા આપવાનું કબુલ ન કર્યું. વિક્રમ સેના લઈને ચાલ્યો. પ્રથમ તે વ્યવહારીઆનો વેશ કરીને કામકંદલાની પરીક્ષાને માટે રથમાં બેસીને ગયો અને રાત્રે ત્યાં રહી તેણીને સમજાવી અને રાત્રીએ તેણીની છાતી ઉપર પગ મુકયો. કામકંદલાએ કીધું કે તેં બ્રાહ્મણ ઉપર પગ મુકયો કારણ કે મારા હૃદયમાં માધવ બ્રાહ્મણ વસેલો છે. રાજાએ કહ્યું કે ઉજ્જયિનીમાં એક માધવ બ્રાહ્મણ તો મરી ગયો અને બીજો ભાંગ ગાંજો પીતો હતો તથા વેશ્યામાં ફરતો હતો તેને ક્રોધએ મારી નાખ્યો. આથી કામકંદલા માધવ જપતી મૂર્છા ખાઇને મૃત્યુ વશ થઈ. રાજા સખેદ થઇને પોતાના સૈન્યમાં આવ્યો. માધવને કહ્યું. માધવ મૂર્છા ખાઇને મરણ પામ્યો. રાજા આ બ્રાહ્મણની હત્યાને લીધે તરવાર કાઢીને મરવાને તૈયાર થાય છે. વીરવેતાલ હાજર થાય છે. રાજાને વારે છે અને અમૃત કૂપિકા લાવીને બન્નેને સજીવન કરે છે. કામસેન રાજા કામકંદલાની પાલખી ઉપાડીને સૈન્યમાં આવીને માધવને કામકંદલા સમર્પે છે. વિક્રમ તેઓને ઉજ્જયિનીમાં લઈ જાય છે અને તેઓને પરણાવે છે. કેટલીક પ્રતોમાં કામસેનની સાથે યુદ્ધ થાય છે તથા તે હારે છે ને પછી કામકંદલા આપે છે તેવું કહેલું છે; અને માધવ અને કામકંદલાના સજીવનના

સમયની વચમાં કેટલોક વૃત્તાંત આપેલો છે, અને જો કે જુદી જુદી પ્રતોમાં થોડી ઘણી વાતમાં તથા ભાષામાં ફેર હોય છે તો પણ મુખ્ય મુદ્દાઓ તો એકજ છે. આ વાર્તા ઉપર કહ્યા પ્રમાણે હિંદુસ્તાનમાં મુખ્ય ભાષાઓમાં ઉતારેલી છે. હિંદીમાં શાલિગ્રામવિજયનું બનાવેલું માધવાનળ કામકંદલા નાટક છે. મરાઠીમાં પણ મી. ભાંડારેનું કામકંદલાનું નાટક છે. ગુજરાતીમાં માધવાનલ કામકંદલા દોગ્ધક (દુહા પ્રબંધ) તથા માધવાનલ કામકંદલા રાસ મળી આવેલા છે. ગુજરાતીમાં સંસ્કૃત કથાનો અનુવાદ મૂળ સાથે આત્મારામ પ્રેમજીએ ૧૮૮૯ માં છપાવેલો છે. પ્રથમ પ્રબંધ આમ્રપદ્ર (આમોદના) કાયસ્થ કવિ નરસાસુત ગણપતિએ સં. ૧૫૭૪ માં બનાવેલો છે. એ ગ્રંથના આઠ અંગ છે અને તેમાં ૨૫૦૦ દુહા છે. ૧૮ મા શતકમાં થયેલા શામળભટ્ટની વાર્તાઓ પ્રસિદ્ધ છે. પરંતુ ૧૬ મા શતકમાં હિંદુ લેખકની આ લોકકથા વિશેષ આહ્લાદજનક છે. કવિની વર્ણન કરવાની ચાતુરી સારી છે, ૧૬ મા શતકના ઘણા ખરા મળેલા ગ્રંથો ધાર્મિક છે. પરંતુ આ લોકકથાના ગ્રંથમાંથી લૌકિક બાબત ઘણી જાણવાની મળી આવે તેમ છે. માધવને પુષ્પાવતીમાં કાઢી મુકવાને મહાજન રાજા પાસે જાય છે તેનું કવિએ સારૂં વર્ણન કર્યું છે, અને તેથી તે વખતના ધંધા વગેરેનું સારૂં ભાન થાય છે. માધવ અમરાવતી છોડીને ઉજ્જયિની જાય છે ત્યાં રસ્તામાં આવતી વનસ્પતિ ફલ ફૂલનું પણ વર્ણન કવિએ આબેહુબ કર્યું છે. આમાં ઘણાં અપભ્રંશ શબ્દો વપરાયેલા છે, તથા મુગ્ધાવબોધની ભાષાનાં કેટલાંક રૂપો ટકી રહેલાં છે તેથી ભાષાશાસ્ત્રીને આમાંથી સારો ખોરાક મળશે. વિશેષ તો એ છે કે પ્રતીક સંવત ૧૬૯૩ માં લખાયેલ છે તથા પ્રાયઃ શુદ્ધ છે.

આદિ.

કુંયર કમલા રતિરમણ મયણ મહાભટ નામ
પંકજિ પૂજી પયકમલ પ્રથમજી કરૂં પ્રણામ ૧

બ્રહ્મસુતાથી વેગલું વંદુ તે સરસત્તિ
માધવનલ વર્ણનવ્યષઈ મનસિદ્ધિ દેજે મત્તિ ૫
હંસ ચડી હીંડઈ સદા વીણાપુસ્તકપાણિ
નિગમ નિરંતર આલવઇ ધોરતારમધિ વાણિ ૬
ભગિની ત્રણ ભૂયણહતણી સુણી ન બીજી સાન
તુ ઉગી હ પાડવા અંધાકાર અજ્ઞાન ૭
મકરધ્વજ મુનિવર સુતા પુરસીધર પૂજેસિ
માધવનલ વર્ણનવિષઈ મતિ માગીનિ લેસિ ૮
નલ માધવનલ નિર્મિ કરી કામકુંદલા નારિ
કુંડલાં બે કમલભૂ તુહિનકિ રર્ણ મુરારિ ૧૪
મહોદધિ મથણ પુરાણથી ચંચ ભરીનઈ મત્તિ
કવિ કાયસ્થ કંથાકવિ નરસા સુત ગણપતિ ૧૫
ઢાઢારકાંઠઈ હુંકડું આબુદરિં અધવાસ
મધ્ય પંથિ નહિ નર્મદ્ધ જલકૂણિં જલશાસ ૧૬
થોક કરિસુ થોડી મતિં એ અષ્ટાંગ પ્રબંધ
કલિ મજસલિ કવિંજિકે સવિ કહઇ નામી કંધ ૧૭
કરસિ કથા જિમ કુમુદિની રમવા ભોગી ભૃંગ
મતિ મુત્તાહલ વીપરસી ચિણવા ચતુર વિહંગ ૧૮
ગુણ હીણઉ રહિ ગામડઇ ગણપતિની મતિ અલ્પ
પ્રગટ દૂહા પંચવીસસિં કરવાનુ સંકલ્પ ૧૯
પોહઉ એ પદબંધ ગણિ હુડતણઈ મનિ હીક
રલીઆત થઈ રંજસિ રાજકુમર રંજીક ૨૦
અંત એહ કથા જે સંભલઈ વંચઈ વલી વિશેષ
પાતક પરીયાવટ તણાં તિહાં રહઈ નહી પૂપ ૮—૧૩
અહનિશિ આનંદિ સરઈ અંગિ ન આવઈ રોગ
સજસ તણી સંખ્યા નહી ભવિ ભવિ પામઇ ભોગ ૧૪

કેવલ કમળા શારદા સંગતિ જાય ન છોડિ
સહ સાથે સંસતિ સરઈ કથતાં કોડા કોડિ ૧૫
નરસા સુત ગણપતિ કહિ અંગ થયા એ આઠ
સૂધઈ સ્વામિનિ શારદા પોતઈ દીધુ પાઠ ૧૬
દીસઈ દસ ગાઉ મહીં દશ ગાઉં શરસ્થાન
દસ ગાઉ પણિ નર્મદા આશ્રપદ્રસ્વસ્થાન ૧૭
બંભણ ભાટ ભલા વસઈ વ્યવહારીયા વિશેષ
રાજકુલી રૂડી તિહાં સ્થલ સ્થલ શ્રીસેરેષ ૧૮
ઉગ્રસેન કુલિ ઉગ્રબલ રાણુઉ નાગનરેશ
જાં સાયર નિર્મદ મહી તાં ચાંપુલુ દેશ ૧૯
ચતુર સભા ચંદન તણુઉ મુઝ કાંઈ લાગું વાસ
ગણપતિ જંપઈ મ કરિઉ પદ કેતલે પ્રકાશ ૨૦
કવિ ન્યાતિં કાયસ્થ ચતુવાલિંભિ વિખ્યાત
પૂરૂ એ પદ બંધતાં દીહ થયા દહ સાત ૧
વેદ ભુજંગમ બાણ શશી વિક્રમ વરસ વિચાર
શ્રાવણની સુદિ સાતમી સ્વામી મંગલવાર ૨
સાધ્ય યોગ સૂધઉ હવઉ વાણિજ્ય કર્ણ વિશેષ
ઋતુ એ પંચાંગની રચી ચુપડીઆ ૩

... ...

ઇતિશ્રી માધવાનલ પ્રબંધે કવિશ્રીગણપતિવિરચિતે દોગ્ધકપ્રબંધેન માધવાનલકામકંદલા કામક્રીડાસંભોગે અષ્ટમાંગં સંપૂર્ણમ્ શ્રી સંવત ૧૬૯૩ વર્ષે મહા શુદિ ૯ દિને રાજનગરે બાહ બિદપુરે ભ. રવિજી લિખિતમ્

ઉપર કહ્યું તેમ આ કાવ્ય રસપૂરિત છે તેનો ફક્ત એકજ નમુનો આપીશું. માધવ બારે માસ કેવા સુખથી રહે છે તે સાંભળો.

રતિ રતિના રસ માણીઈ રતિ રતિના ફલ આહાર
રતિ રતિ વેષ વિશેષીઈ રતિ રતિના શિણગાર ૮-૧૫
ફાગુણ કેરાં ફણગટાં ફિરિફિરિ ગાઈ ફાગ
ચંગા વજાવઈ ચંગપરિ આલતિ પંચમ રાગ ૧૬
કેલિ કુસુંભા કેરડાં કેસર સુરતરૂ સોય
માધવ કીજઈ છાંટણાં અમર અચર્યા જોઈ ૧૭
પીલી પીલી પાઘડી ઝુલડીએ રંગ રોલ
અન્યોઅન્નિ છાંટણાં ચટકુ લાગુ ચોલ ૧૮
હરષિ રમઇ હુતાશની નિરષી નિર્મલ ચંદ
સાધઇ સુરત તણાં સુવચ વાધઇ અતિ આનંદ ૧૯
ઊડઇ રેણુ અબીરની સુરતરૂ નઈં સીંદુર
ગયણિ ગુલાલ વંતોલીયા છલર વિછાહિઉ સૂર ૨૦
ગંધરાજ અતિ ગહગહઇ ચૂએ વાલી નાંક
મોગરેલમાં માદણાં બૂડઇ જિહાં બગ ઢાંક ૨૧
તંતિ શિષર ઘન શબ્દિઈં પવન તણા પલ્લોલ
માધવ મહિલાસિઉ કરઇ ક્રીડારસિ કલ્લોલ ૨૨
આજ હું આડિં દેવનઈં પાલષિ બંધસિ પાલિ
પ્રતિષ્ઠી પૂજા કરસિ અગર સુચંદન બાલિ ૨૩
કરિ કરિ સોવન ગેડિકા રત્ન દડલુ આણિ
રામાસિઉ રંગિ રમઈ પ્રેમિ પ્રાણ પ્રમાણ ૨૪
ચંદનિ ચરચ્યુ ચૈત્રનઈં મૈત્રિ સરસુ માસ
અંબુધિની પરિ ઉલટઇ આજ અહ્મારી આસ ૨૫
કોડામણિ કહુ કહૂ કરઈ કોકિલ અંબાડાલિ
તરૂઅર નવપલ્લવ ધરઇ મધુકરિ મણકિઇ માલિ ૨૬
હેલિ બંધાવઇ હીંચકા સુરતરૂકેરિ સાપ
માધવ સાથઈ હિંચસિઉં લીલા લટકઇ લાપ ૨૭

કટિતટકેરા કટકડા મરડસિ માથા વેણી
અંદોલિસિ આકાશિશૂં ગ્રહિઉ રહિ નહી કેણિ ૨૮
સિઊલ લેઇ ઉદયગિરિ અસ્તાચલ આવેસિ
રમતિ રમતો રંગ ભરિ હૃદયાભીતરિ લેશિ ૨૯
ગાયન સુસર મુષિ ગાય કરિ વાયસિ પંચઇ વાદ્ય
તિહૂણ તૃણવત લેષવઉં આજ્જનઇ ઉન્માદિ ૩૦
પીત પટંબર પહિરણઇ ઉઢણિ નીલાં નેત્ર
ચોલી ચટકય ચોલની મુગટ કુસુમ સિરિ સેત્ર ૩૧
કરિ વર કણયર કંભડી ચંદન ઘોલકચોલ
કસ્તુરી કર્પૂરયુત માનનિ મુષતંબોલ ૩૨
નિરષી નિર્મલ ચંદલુ ઊગિઉ અંબરરેસિ
મરૂઉ ચારસિ મરઘલી મમ આઘું ચાલેસિ
ચંદનિ ચરચ્યું ચંદલા સંતોષુ શિર નામિ
જાં જીવત તાં જુ રહઈ અહ્મ ધરિ એણઇ ઠામિ

આવા ઘણાક પ્રસંગો છે. કવિ કહે છે કે તેણે મયણપુરાણમાંથી ચંચુપ્રવેશ કરીને ૧૭ દિવસમાં આ ગ્રંથ રચેલો છે. તેથી એમ જણાય છે કે મયણપુરાણ નામનો મોટો શૃંગારરસની વાર્તાઓનો ગ્રંથ અપભ્રંશ અથવા પ્રાચીન ગુજરાતીમાં હશે. પોતાના ગ્રંથના ભાગનું નામ પાડતાં કવિ અંગ કહે છે કવિઓમાં કાવ્યના ભાગોને કંધ કહે છે. હેમાચાર્યના કાવ્યાનુશાસનમાં મહાકાવ્યની વ્યાખ્યા આપતાં અપભ્રંશના બે ભેદ પાડે છે **तत्र प्रायः संस्कृतप्राकृतापभ्रंश ग्राम्यभाषानिबद्धं महाकाव्यम्** અને તે ભાષાઓના દાખલા આપતા કહે છે (**अपभ्रंशभाषानिबद्धसन्धिबन्धमाब्धिमन्थनादि ग्राम्यापभ्रंशभाषानिबद्धावस्कन्धकबन्धं भीमकाव्यादि,**) કે અવસ્કન્ધકબન્ધવાળા ગ્રામ્યાપભ્રંશ ભાષાના કાવ્યો હોય છે અને તેવું કાવ્ય

ભીમકાવ્ય છે. સાહિત્યદર્પણમાં અપભ્રંશ ભાષાના કાવ્યોના સર્ગનું નામ કડવક આપેલું છે.

अपभ्रंशनिबंधेस्मिन् सर्गाः कडविकाभिधाः ।

तथापभ्रंशयोग्यानि छंदासि विविधान्यपि ॥ यथा कर्णपराक्रमः

કડવકો (કડવાં) નો સમૂહ તે સંધિ એમ હેમાચાર્ય પોતાના છંદોનુશાસનના છઠ્ઠા[1] અધ્યાયમાં કહે છે (**सन्ध्यादौ कडवकान्ते च ध्रुवं स्यादिति ध्रुवा ध्रुवकं घत्ता वा—कडवक समूहात्मकः सन्धिस्तस्यादौ चतुर्भिः पद्धडिकाद्यैछंन्दोभिः कडवकम्**) અપભ્રંશ ગ્રામ્યાપભ્રંશ અને જુની ગુજરાતીનો સંબંધ એ પ્રશ્ન અહીં ઉપસ્થિત થાય છે પરંતુ તે વિષયાંતર હોવાથી અહીં પડતો મૂકીએ છીએ.

માધવાનળ કામકંદલા દોગ્ધક પ્રબંધમાં આપેલી વાત.

સરસ્વતીને તટે શુકદેવ તપ કરે છે તેને સંસારમાં પાડવાને વ્યાસ કામને બોલાવે છે. કામ રતિ અને પોતાના બીજા સહાયોની સાથે મુનિને જીતવા જાય છે, પણ તેનો પ્રયત્ન નિષ્ફળ જાય છે. છેવટે રતિ એક યુક્તિ બતાવે છે, એક મોટો મહેલ બનાવીને તેમાં બ્રાહ્મણ વેશ્યાની સેવા કરે છે એવું બતાવે છે. બ્રાહ્મણ શુકદેવને સ્ત્રીની

---

૧ હેમાચાર્યના છંદોનુશાસનના પાંચમા અધ્યાયમાં અપભ્રંશના છંદોનાં લક્ષણો આપેલાં છે. પ્રાકૃત છંદઃશાસ્ત્રના ઘણા ગ્રંથો છે. તેમાં પ્રાકૃત પિંગળ મુખ્ય છે. આ પુસ્તક ચાર ટીકાઓ સાથે રોયલ એસીયાટીક સોસાઇટિ તરફથી તથા લક્ષ્મીવલ્લભની ટીકા સાથે નિર્ણયસાગર પ્રેસ તરફથી પ્રસિદ્ધ થયું છે. હેમાચાર્યના છંદોનુશાસન (વૃત્તિ) ની પ્રાચીન શુદ્ધ પ્રત સેન્ટ્રલ લાયબ્રેરીમાં છે. છંદોનુશાસનના પર્યાયોની પણ એક નવીન પ્રત છે. આ ગ્રંથ પન્યાસ આનંદસાગર પાસે શુદ્ધ કરાવીને શેઠ દેવકરણ મૂળજીએ નિર્ણયસાગર પ્રેસમાં ૧૯૧૨ માં છપાવેલો છે. અપભ્રંશના અભ્યાસીએ આ ગ્રંથ અવશ્ય વાંચવો જોઇએ.

મહત્તા બતાવે છે. શુક પોતાના ધ્યાનથી આ કપટ જાણે છે અને શાપ દે છે. કામ અમરાવતીમાં કુબેરદત્ત બ્રાહ્મણને ત્યાં જન્મે છે. પાંચ વરસનો થતાં તેનો બાપ પરદેશ જવાથી માતા ફુલ લાવવા મોકલે છે. વાડીમાં શાકિની ગૃધ્રિણીનું રૂપ લેઇને તેને હરી જાય છે. આકાશમાં ચાલતાં ગૃધ્રિણી પુષ્પાવતીના રાજા ગોવિંદચંદ્રના બાણથી હણાય છે, માધવ નીચે પડે છે. રાજા તેને દેવદત્ત દેહરાસરીને ત્યાં મૂકે છે અને તેને રાજપુત્રની માફક પાળવાનું કહે છે અને પાંચ ગામ આપે છે. દેવદત્તે તેને ખોળે લીધો અને સર્વ કળાઓમાં પ્રવીણ કર્યો (૧ અંગ)

કાંતિનગરમાં શ્રીપતિશાહ વ્યવહારીઓ છે અને તેની સ્ત્રીનું નામ સોહાસણી છે તેને એક પુત્રી થઇ. વીઝુ નામની વેશ્યા જેને શ્રીપતિની સાથે સંબંધ હતો તેણે પુત્રી કામકંદલાને છળથી લીધી અને અનેક શાસ્ત્રો ભણાવી સર્વકળા સંપન્ન કરી; કવિ કામકંદલાનું વર્ણન બહુ લંબાણથી કરે છે.

નિલવટિ કસ્તૂરીતિલક મ કરિસિ સુધી અયણ
સહિજિ શીહર લેષવી કરિસિ રાહુ વિનાણ

આ આપણને ભામિનીવિલાસમાંનો **कस्तूरीकातिलकमालि** તથા ઋતુસંહારનો **झटिति प्रविश गेहं** એ શ્લોકો યાદ દેવડાવે છે.

વેશ્યાએ કામાવતીના રાજા કામસેનને કામકંદલા અર્પણ કરી; પણ કોઇ પણ પુરૂષ તેને તૃપ્ત કરી શકતો ન હોવાથી તે કોઇને પણ ચાહતી નથી. (૨) માધવનું રૂપ જોઇને રાણીએ તેને પ્રાર્થ્યો. માધવે શીલ સાચવ્યું, રાણીએ તેને રાજ્યમાંથી કઢાવ્યો. (૩) માધવ અમરાવતીમાં આવ્યો રાજ સભામાં પોતાની વાત કહી. માબાપે ઓળખ્યો. રાજાએ ગુણથી આકર્ષાઇને પોતાનો સહચર બનાવ્યો. માધવનું રૂપ જોઇને પુરનારીઓનું વીર્ય સ્ખલિત થતું હોવાથી કોઇને ગર્ભ રહેતો

નથી. આથી નગરજનો રાજા પાસે ગયા. અને કીધું કે અમે નગર તજીએ છીએ નહીતો માધવને કાઢો. અહીંઆ નગરજનોનું વર્ણન કવિએ સારૂ કર્યું છે. રાજાએ માધવની પરીક્ષા કરી. રાણીઓને તિલના ઢગલા ઉપર બેસાડી રાજાની ખાત્રી થઈ માધવને રજા આપી. (૫) સંસ્કૃત કથાની માફક માધવ કામસેન રાજાના નગરમાં આવે છે. ગીતમાં ખોડ કાઢે છે અને રાજા તુષ્ટમાન થઇને પોતાની પાસે બેસાડે છે. માધવ કામકંદલાને બીડું આપે છે, રાજા કોપિત થાય છે. (૬) કામકંદલાને ત્યાં રાત રહે છે. આ પ્રસંગે સમસ્યાઓ વગેરે ચાતુરી ભરેલી વાતો થાય છે. આ સમસ્યાઓ ગૂજરાતી સાહિત્યની જૂની સમસ્યાઓ તરીકે અગત્યની છે. છઠું અંગ બહુ લાંબુ છે.

માધવ ઉજ્જેની જાય છે રસ્તામાં આવતાં ફુલ ફલ લતાઓનું કવિ વર્ણન કરે છે. મહાકાલેશ્વરના દેહરામાં લેખ લખે છે. ગોગ-ગણિકા શોધી કાઢે છે અને તેની પરીક્ષા કરે છે. રાજા વિક્રમ પણ ભવૈયાઓના ટોળાને મોકલે છે વ્યવહારીઆનો વેષ કરીને તેઓ માધવ પાસે આવે છે અને રાતે સ્વપ્નામાં કામકંદલા ધૂતારી છે તેમ બોલીને ધાંધલ કરે છે. માધવ સાંભળે છે પણ માનતો નથી, રાજાની માધવના કામકંદલા તરફના પ્રેમની સંપૂર્ણ ખાત્રી થાય છે તેથી કામસેન તરફ દૂત મોકલે છે. કામસેન ના પાડે છે. રાજા વિક્રમ સૈન્ય લઇ ચઢે છે. કામકંદલાને ઘેર રથમાં બેસી પરીક્ષા કરવા જાય છે. માધવ મરી ગયો તે સાંભળીને કામકંદલા મૃત્યુ પામે છે. માધવ પણ કામકંદલાનું મૃત્યુ સાંભળીને મરણ પામે છે. રાજ ખડ્ગ લઇને શિર છેદવા તૈયાર થાય છે. અગ્ગીઉ (આગીઓ વેતાળ) અમૃત કૂંપિકા લાવીને સજીવન કરે છે. કામસેન રાજા પાલખી ઉપાડીને કામકંદલા વિક્રમને આપે છે. વિક્રમ માધવને સોંપે છે. (૭) વિક્રમ માધવ અને કામકંદલાને ઉજ્જયિની લઈ જાય છે અને ત્યાં તેઓ સુખવિલાસ ભોગવે છે. આ આઠમા અંગમાં માધવ તથા કામકંદલા બાર માસ કેવી રીતે સુખથી નિર્ગમે છે તેનું સરસ વર્ણન છે. (૮)

માધવાનલ કામકંદલા રાસ કુશલલાભ વાચકે બનાવેલો છે. આ અભયધર્મના શિષ્ય કુશળલાભ વાચક ખરતરગચ્છના સાધુ હતા તેમણે અગડદત્તરાસ, તેજસારરાસ, નવકારરાસ, મારૂઢોલા ચુપઇ વગેરે ગ્રંથો રચેલા છે.

બત્રીસપુતળીની વાર્તામાં શામળભટે ૨૬ મી વાર્તા માધવા-નળની આપી છે તે વાર્તા ઉપરની ત્રણ વાર્તાઓથી કેટલીક બાબતમાં જુદી છે. મહાદેવ કાશીમાં ઘણો વખત રહ્યાથી પાર્વતીએ તેમને રંભાનું રૂપ કરીને છળ્યા. તેમનું વીર્ય નાળામાં પડ્યું. તેનાથી માધ-વની ઉત્પત્તિ થઇ. તેને શિવદત્ત નામનો બ્રાહ્મણ ઘેર લાવ્યો. ઇંદ્રની સભામાં અપ્સરાને મદ ચડવાથી ઇંદ્રે શાપ દીધો, તે પાષાણ થઇને પડી. આ પાષાણની સાથે માધવે રમતમાં પરણતાં તે સજીવન થઇ. માધવનું ભ્રમરનું રૂપ કરીને અપસરા ઇંદ્રની સભામાં તેને લઈ જાય છે અને પોતાની કંચુકીમાં રાખે છે આથી ઇંદ્ર ફરીથી શાપ દે છે અને તેથી તે ગણિકા થઇને અવતરે છે. માધવના રૂપથી પોરસ્ત્રીઓનું વીર્ય સ્ખલિત થતું હોવાથી તેઓને ગર્ભ રહેતો નથી પરંતુ માધવ રાજાને પ્રિય હોવાથી તે બાબત કહેવાની કોઇની હીંમત ચાલતી નથી. પરંતુ એક કોટિધ્વજ શ્રેષ્ઠિની તરૂણ સ્ત્રીનો ગર્ભપાત થતાં તે રાજાને ફરીયાદ કરે છે રાજા તિલપ્રયોગથી તપાસ કરે છે. ફરીયાદ સત્ય માલુમ પડતાં માધવને કાઢે છે. ઉદયસિંહની ઉદયપુરીમાં પણ પુંડરીક પ્રધાનને ત્યાં તેવોજ પ્રસંગ થતાં ત્યાં પણ તેવોજ સત્કાર મળે છે. કામાવતીમાં આવતાં રાજસભામાં જાય છે. ત્યાં કામકંદલા વેશ્યા નૃત્ય કરતી હતી ત્યાં તાલ મૃદંગ બજાવવામાં દોષ કાઢે છે રાજા સન્માન આપે છે. કામકંદલાના સ્તન ઉપરના ભ્રમરને પુષ્પના દડાથી ઉડાડે છે. કામકંદલાને જાતિસ્મરણ થતાં માધવનેજ વરૂં એવું પણ લે છે. રાજા ગુસ્સે થઇને માધવને કાઢી મુકે છે. માધવ ઉજ્જયિનીમાં હરસિધ માતાના મંદિરમાં જાય છે અને દુહાઓ લખે

છે. વિક્રમ રાજા તેની ગુપ્ત રીતે પરીક્ષા કરે છે, અને તેનો પ્રેમ શુદ્ધ જણાતાં કામસેન રાજાને કામકંદલા મોકલવાનું લખે છે. રાજા માનતો નથી, યુદ્ધ થતાં હારે છે પરંતુ કામસેન માધવનું કૃત્રિમ મસ્તક કરીને કામકંદલાને બતાવે છે તેથી કામકંદલા મૃત્યુ વશ થાય છે, માધવ પણ આ સાંભળી પંચત્વ પામે છે. વિક્રમ રાજા બળી મરવાને તૈયાર થાય છે. હરસિધમાતા અમૃતનું અંજન કરીને બન્નેને સજીવન કરે છે. વિક્રમ તેઓને ઉજ્જયનીમાં લઇ જઈ પરણાવે છે અને મોટી સંપત્તિ આપે છે. શામળભટ્ટની કથા બહુ સંક્ષેપમાં છે અને ઝાઝા માલ વગરની છે.

યુરોપીયન વિદ્વાનો આ વાતને insipid love-tale નીરસ પ્રેમ-વાર્તા ગણી કાઢે છે. પરંતુ ગુજરાતી વાર્તાઓ રસ ભરેલી હોવા ઉપરાંત શીળનું મહાત્મ્ય તથા પ્રાધાન્ય પ્રતિપાદન કરનારી છે. સંસ્કૃત કથામાં, ખરૂં છે કે, આ વાત ભાર મૂકીને જણાવી નથી. પરંતુ માધવાનલ દોગ્ધક પ્રબંધમાં તથા તેથી વિશેષ કુશળલાભ વાચકના કામકંદલા રાસમાં આ વિષય સારી રીતે દર્શાવેલો છે. માધવનું રૂપ જો કે સ્ત્રીઓનું ભાન સાન ભુલાવી દઇને તેની પાછળજ ભમાવે છે તોપણ માધવ તો સર્વ સ્ત્રીઓને મા બેન સમાન ગણે છે. તેવીજ રીતે કામકંદલા જો કે વેશ્યા છે તોપણ માધવ શિવાય અવરને લગીર પણ ચહાતી નથી. આથી બન્નેનો પ્રેમ શીલમય તથા વિશુદ્ધ છે અને તેથીજ વિક્રમ રાજા તેઓનો સંયોગ જોડી આપે છે.

‘સાહિત્ય’. ૧૯૧૪—આગસ્ટ અંક.
પૃ. ૩૫૩ થી ૩૬૨.

—ચીમનલાલ ડા. દલાલ.

———:o:———

માધવાનળની કથા.

(માધવાનલ કામકંદલા ચોપાઇનો સાર).

× × જો કવિએ એ ચાર ઠેકાણે ઇસારો કર્યો છે તે કર્યો ન હોત, તો આ ગ્રંથ શ્રાવક જૈન સાધુનો લખેલો છે એમ માલુમ પણ ન પડત; કેમકે ઇતર જૈન ગ્રંથોમાં પ્રથમ શ્રી પાર્શ્વનાથ, મહાવીર સ્વામી કે તિર્થંકરની સ્તુતિ હોય છે, છેવટ પણ તેમની વંદના હોય છે અથવા લખનાર સાધુ હોય તો પોતાના ગચ્છની હકીકત આપે છે. માધવાનળમાં તેવું કાંઇ નથી, પરંતુ અમુક ઠેકાણે દેરાસર ને કેસરનું પૂજન, દેવને જુહારણ અને સમાધિ (મોક્ષ નિર્વાણ અર્થે) જોવામાં આવે છે. વાંચનારને વસ્તુ સમજાય માટે એ કથાનો સાર નીચે આપ્યો છે.

પૂર્વ દેશે ગંગાને કાંઠે પુષ્પાવતી નામે નગર હતું, ત્યાંના રાજાના પુરોહિત શંકરદાસના પુત્રનું નામ માધવાનળ હતું, અને તે પુત્રની શીલવતી ને પવિત્ર સ્ત્રી નામે કામકંદલા હતી.

સ્વર્ગલોકનું ને ઇંદ્રસભાનું ભવ્ય વર્ણન કરતાં કવિ કહે છે કે તે સભામાં ઘણી અપ્સરાઓ નાટકો કરતી, તેમાં સૌથી અનુપમ એવી જયંતી અપ્સરાના નાટકનાં સુરલોકે વખાણ કર્યાં, તેથી તેને ગર્વ થયો, અને તે ઇંદ્રના હુકમની પણ અવગણના કરવા લાગી; તેથી ઇંદ્ર એકવાર કોપાયમાન થઇ તેને હણવા જતો હતો, પણ બીજાઓએ વચમાં પડી સ્ત્રી હત્યા ન કરવા વિનવ્યું, તેથી ઇંદ્રે શ્રાપ દીધો કે જા રંડા તું પૃથ્વી ઉપર પાષાણ રૂપ થઇ પડ. જયંતીએ માફી માગી પણ દીધેલો શ્રાપ મિથ્યા ન થાય એમ હોવાથી મારો છૂટકો ક્યારે થશે તેની તેણીએ માગણી કરી. ઇંદ્રે કહ્યું કે પુષ્પાવતીનો માધવાનળ તને રમતમાં પરણશે, ત્યારે તું સ્ત્રી રૂપ ધારણ કરીશ.

એકવાર કૈલાસપતિ મહાદેવ ભારે યોગ સાધવા આસન વાળીને બેઠા. ઘણાં વર્ષ અડગપણે તપશ્ચર્યા કરી. એક રાતે ઉમયાની સંગત યાદ આવતાં મન ચળ્યું, અને તેમનું વીર્ય સ્ખલિત થયું. એમનું મહા જોરાવર વીર્ય જે પૃથ્વીને ફાડી નાંખે, આકાશને પ્રજાળે કે સમુદ્રને સોસી નાંખે, તેનું શું કરવું તે વિચારમાં તે ફરતા ફરતા ગંગા તીરે નડ વનસ્પતિની નળી કોરીને તેમાં તે ઘાલ્યું. પુરોહિતને ત્યાં અસંખ્ય દ્રવ્ય અને ભારે ઠાઠમાઠ હતો, પણ તેને પુત્ર ન હોવાથી તે હમેશાં શોકમાં રહેતો. એક રાતે હરિએ તેને સ્વપ્નુ આપ્યું કે હું તારાપર ત્રુઠયો છું. જા, તને નડની ઝાડીમાં એક પુત્ર છે તે પ્રાપ્ત થશે. શંકરદાસ ત્યાં ગયો, પુત્ર હર્ષભેર લાવ્યો ને તે પરમેશ્વરે આપ્યો એમ કહી તેની સ્ત્રીને હવાલે કર્યો. ઇશ્વરનું વીર્ય હોવાથી તે અતિ સ્વરૂપવાન ને બુદ્ધિમાન નીવડે એમાં નવાઇ નહોતી.

બાર વર્ષની વય થઇ ત્યારે તે કેટલાક સાથીઓ સાથે પાદરે રમવા ગયો. જ્યાં પેલી શિલા હતી તેનો આકાર કંઇક સ્ત્રી જેવો જોઇ છોકરા માધવને કહે કે અમે તને આ શિલા સાથે પરણાવીશું. રમતમાં તેને સ્નાન કરાવ્યું, શિલા સાથે તેના લુગડાની ગાંઠ પાડી, અગ્નિ સળગાવ્યો અને વેદમંત્ર ભણીને તેની સાથે હસ્ત મેલાપ કરાવ્યો, તે પુરો થતાંજ શિલા અપ્સરા રૂપ થઇ આકાશમાં ઉડી ગઇ. તેને જોઇ ઇંદ્રસભાના દેવો ખુશ થયા.

પરંતુ, જયંતીને લાગ્યું કે મારા ઉપર ખરો ઉપકાર કરનાર તો માધવાનળ છે, તે મને વર્યો છે એટલે તેનેજ હું મારો સ્વામી સમજી સુખ આપીશ. તે મધ્ય રાતે છાની રીતે માધવના ઓરડામાં આવે ને સંસારનાં સુખ ભોગવે. માધવનું શરીર જોઇ તેના માબાપને વહેમ આવ્યો, તેથી તેને માટે ઓખાના જેવો એક ડંડીઓ માળ બંધાવ્યો, તે એવા ઇરાદાથી કે ત્યાં કોઇ સ્ત્રી પ્રવેશ કરી ન શકે. પણ એથી તો માધવ અને જયંતીને વધારે અનુકુળતા થઇ.

એક સારા બ્રાહ્મણની કન્યાનું માગું આવ્યું. પણ માધવાનળે પરણવાની ના પાડી. જયંતી એકવાર સવારમાં આકાશગમન કરવા જતી હતી, તેને માધવે કહ્યું કે તારા વિરહે હું રહી શકતો નથી. અપ્સરાએ ઘણીએ તાણ કરી અને તેમાં જે ભય રહ્યું છે તે જણાવ્યું, તોપણ માધવે માન્યું નહિ, ત્યારે તે કેટલીકવાર દિવસે પણ આવવા લાગી. ઇંદ્રને જાણ છતાં તેને ઠપકારી તેથી તે આવતી બંધ થઇ; પણ જ્યાં ખરો પ્રેમ બંધાયો હોય, ત્યાં વિરહવેદના સહન થઇ ન શકે; તેથી તે માધવને સુરલોકમાં છાની રીતે લઇ ગઇ, ને ત્યાં સુખ માણવા લાગી.

એક વખત જયંતીને ઇંદ્રસભામાં નાટક કરવાનું હતું ત્યારે તે પોતાના પ્રિયતમને ભમરો બનાવી કંચુકીમાં છાનો રાખીને નૃત્ય કરવા લાગી. ભ્રમરને કંઇ વેદના ન થાય માટે તે નૃત્ય કરતાં સંકોડાતી હતી, તેથી વહેમ આવતાં જોયું તો તે નરને ભ્રમર બનાવી સાથે લઇ આવી છે એમ જણાયું. એથી ઇંદ્ર બીજીવાર કોપાયમાન થઇ તેને શાપ દીધો કે સુરલોકમાં જોઇએ એટલું સુખ છતાં તું મૃત્યુલોકના નરને મોહી તેનો સંગ કરે છે, માટે તું વેસ્યાને ત્યાં અવતરીશ.

ઇંદ્રના શાપથી તેણે કળાવતી નગરીમાં કામા ગુણકાને પેટે અવતાર લીધો. આઠ વર્ષની વયે તે નાટક પીંગળ સંગીત વગેરે કલાઓ શીખી. જુવાનીમાં આવી ત્યારે ચોસઠ કલાઓ શીખી અને અનુપમ રૂપ ધારણ કર્યું.

માધવ જયંતીના વિરહથી ઝુરે છે, ઘણા દિવસ તેની વાટ જુએ છે, અન્ન પાણી ને નિદ્રા તજે છે, પળમાં રૂએ ને પળમાં વલોપાત કરે છે. એથી માતપિતા દુ:ખી થઇ તેને પૂછે છે, પણ તે કંઇ વાત કરતો નથી. પછી પુરોહિત તેનો વિવાહ કરે છે. સ્ત્રી સાથે તે રહે છે; અને તેને કંઇ લેહ લગાડવા માટે રાજદરબારે પોતાની સાથે

પૂજાપાત્રી માટે લઇ જાય છે. માધવ નગરમાં જાય ત્યારે સ્ત્રીઓ તેનાથી ફિદા ફિદા થઇ તેની પાછળ કામકાજ મૂકી ફરે છે, તેથી મહાજન રાજાને ફરિયાદ કરવા આવે છે, ને કહે છે કે જો તમે માધવને ન કાઢો તો અમે ગામ તજીશું, કેમકે તેનાથી અમારાં ઘર ભાંગે છે. પછી રાજાએ માધવ બોલાવીને પૂછ્યું કે તારામાં એવી શી કળા છે? તે ઉપરથી માધવે વીણા લઇ એવું ગાયન કર્યું કે જેથી રાજાની સાતસેં નારીનાં હૃદય ભેદી નાખ્યાં. એથી રાજા કોપ્યો ને બોલ્યો કે તું મારો દેશ તજીદે. તેને દેશવટો દેવાથી સર્વ સભાનું મોં વીલાઇ ગયું.

માધવાનળ એક વણજારાની સોબતમાં ઝાડી જંગલનાં દુઃખ વેઠતો ચાલ્યો અને કામાવતી નગરીમાં આવ્યો. ત્યાં કામકંદલા વેસ્યા વસે છે તેને ત્યાં મોટા રાજા ને વણિક પુત્રો વિલાસ માટે ભમે છે અને ગરથના ભંડાર આપી દે છે. કામકંદલા કહે છે કે મારે નગરના રાજા કામસેન આગળ નૃત્ય કરવું છે. તે આટલી લાલચો છતાં શીલ છોડતી નથી. એકવાર રાજાએ વાત જાણી મોટા મહોત્સવ પ્રસંગે તેણીને નાટક માટે બોલાવી.

દરબારમાં હજારો લોક આવ્યા હતા. કામકંદલાએ ભારે નાટક મચાવ્યું, એવામાં માધવાનળ ત્યાં આવી પહોંચ્યો. બહાર રહીને ડોકું ધુણાવતો હતો, તેથી દ્વારપાળને અચરજ લાગ્યું. તેની હોંશીઆરી જોઇ દ્વારપાળે રાજાને વાત કરી. રાજાએ તેને પોતાની કને બોલાવ્યો, તે વેશ્યાનું નૃત્ય ને રૂપ નિહાળ્યાં કરે છે. (અહીં રૂપ ને શણગારનું વર્ણન આબેહુબ કવિએ કર્યું છે). એવામાં એક ભમરો આવી લાગ્યો તે વેશ્યાની કંચુકીમાં ભરાયો. આથી જયંતીએ તેને ભમરો કરી કાંચળીમાં રાખેલો તે વાત માધવને યાદ આવે છે અને એજ રીતે કામકંદલાને પૂર્વભવની સ્મૃતિ થાય છે, ભમરો તેના સ્તનને ડંખ મારે છે, તેથી તેને વેદના થાય છે. માધવને જે રાજાએ સરપાવ આપ્યો હતો, તે વેશ્યાની કળાથી ખુશી થઇ તેને આપી દે છે. રાજાની પહેલાં તેણે

સરપાવ આપ્યો તેથી રાજા કોપે છે ને તેને મારી નાખવા ઉભો થાય છે. બ્રહ્મહત્યાનો દોષ બતાવી લોક તેને વારે છે, તેથી માધવને તેનું રાજ તજી દેવા હુકમ થાય છે, તેથી તે પ્રમાણે તે તુરત ત્યાંથી ચાલ્યો જાયછે.

કામકંદલા ગોખે બેઠી છે, તે રસ્તે થઇ માધવ જતો જોતાંજ તે તેને ઘરમાં લઇ આવી. પૂર્વ વૃત્તાંત કહી ઇંદ્રના બીજા શાપથી તે વેશ્યા અવતરી એ વાત જણાવી. બન્નેને અતિ આનંદ થયો, અને સ્ત્રીપુરૂષ તરીકે રતિ સુખ ભોગવ્યું. પાછલી રાતે વિદ્યાવિનોદની વાર્તા થાય છે અને સમસ્યાઓ વડે એક બીજાની ચતુરાઇ બતાવાય છે. મળસ્કાં થતાં માધવ જવાની રજા માગે છે, તેથી કામકંદલા મુર્છાવશ થાય છે. ન જવાનો કે તેને સાથે લઇ જવાનો અતિ આગ્રહ કરે છે, તેને માધવ સમજાવે છે. રહેવામાં રાજનો ભય છે ને સાથે લઇ જવામાં અતિ સંકટો વેઠવાનાં છે. આખરે તે જાય છે, અને કામકંદલા સોળ સણગાર તજી વિધવા વેષે રહે છે. તેની મા પરપુરૂષનો સંગ કરવા ને સુખમાં રહેવા આગ્રહ કરે છે, પણ તેને પત ન કરતાં પુરૂષો આવે તેને નૃત્યાદિથી ખુશ કરવાની માત્ર તે હા પાડે છે.

માધવ રખડતો દુઃખ પામતો આખરે માળવે જઇ ચઢે છે. માળવાનું, ઉજ્જણનું ને પરદુઃખભંજન વિક્રમનું કવિ છટાદાર વર્ણન કરે છે. અજાણ્યો માધવ શેરીએ શેરીએ ફરી સુંદર નારીઓ નિહાળી ખુશ થાય છે, પણ તેનો કોઇ ભાવ પૂછતું નથી. રસ્તામાં એક ક્ષત્રિ આવ્યો, તેણે કહ્યું કે તે કામાવતી જાત્રાએ જાય છે, તેથી ખુશ થઇ કામકંદલા ઉપરનો પત્ર લખી તેને આપે છે. તે પત્ર અને તેનો કામકંદલાએ આપેલો ઉત્તર કવિએ લંબાણથી ચીતરી તેમાં વિરહ વેદનાની પીડા બંન્નેને કેવી સાલે છે તે બતાવ્યું છે.

માધવ કોઇ બ્રાહ્મણને ત્યાં ખાઇ દહાડે શહેરમાં ભટકે અને રાતે મહાકાલેશ્વરના દેવળમાં જઇ સુઇ રહે. વિરહ ન સહેવાયાથી એક

ગાથા તેણે ભીંતે લખી, તે વિક્રમ સવારે દર્શને આવ્યા તેમની નજરે પડી. મારા નગરમાં કોઈ દુઃખી નથી, છતાં આ કોઇ દુઃખી પુરૂપ જણાય છે, માટે તેનું દુઃખ મારે ભાગવું જોઇએ. પ્રધાનને તપાસ કરવા કહ્યું. બીજે દહાડે બીજી અને ત્રીજે દહાડે ત્રીજી ગાથા લખેલી વિક્રમે જોતાંજ એ માણસનો પત્તો જે કોઈ લગાડશે તેને લાખ દિનાર આપવામાં આવશે એવો પડો વજડાવ્યો; તે ઉપરથી નગરની એક વેશ્યા સોળશણગાર સજી મહાદેવના દેવળમાં છાની ભરાઈ રહી. ત્યાં ઘણાં માણસ સુતાં હતાં, તેમાંનો માધવ નિસાસા નાંખ્યા કરતો હતો, તેથી ગાથા લખનાર એજ હોવો જોઇએ એમ ધારી તે તેની પાસે ગઇ, અને તેની છાતીપર પગ મૂકયો, તેથી તે જાણે કામકંદલા હોય એવો નિદ્રામાં ભ્રમ થતાં તેણે કહ્યું, હે પ્યારી કામકંદલા ! હૈયાથી પગ પાછા કરો ને તમારા પુષ્ટ પયોધર આગળ ધરો. વેશ્યાએ બીજે દહાડે રાજાને કહ્યું કે માધવાનળ કામકંદલાના વિરહથી દુઃખી છે.

રાજાએ તેને બોલાવી દુઃખની હકીકત પૂછી. તેણે વિરહની વાત કરી, ત્યારે રાજાએ કહ્યું કે તું પસંદ કરે તેવી સ્ત્રી તને પરણાવું, ને તું મારા રાજ્યમાં રહી સુખ ભોગવ. તેણે કામકંદલાના પ્રેમની વાત કહી, ત્યારે રાજા કહે તું વેશ્યાના નાદમાં શું મોહ્યો છે (વેશ્યાના અવગુણનું કવિ અહિં વર્ણન કરે છે). માધવે બહુ કહ્યું ત્યારે રાજાએ તેને મેળવી આપવાનું અભયવચન આપ્યું.

રાજા ચતુરંગી કટક લઈ માધવાનળ સાથે કામાવતી આવ્યો. ગામને પાદર પડાવ નાખી કામકંદલાની પરીક્ષા માટે છાનો તે તેણીને ઘેર ગયો. વેશ્યાએ બહુ હાવભાવ ગાયન નૃત્ય કરી તેને રીજવવા માંડયો. તેણે રતિભોગની ઇચ્છા બતાવી, પણ સ્ત્રીએ તેની સ્પષ્ટ ના પાડી. તે વિધવા જેવી કેમ રહે છે તે પૂછતાં તેણે કહ્યું મારો કંથ પરદેશ છે, માટે વિક્રમ ત્યાં રાત રહ્યો. સ્ત્રી વિલાપ કર્યા કરે છે. પાછલી રાતે તે નિદ્રાવશ થઈ ત્યારે વિક્રમે તેની છાતી ઉપર

પગ મૂકયો, એટલે તે માધવ છે એમ જાણી કહેવા લાગી, સ્વામીજી ! પગ દૂર કરો. એથી રાજાની ખાતરી થઈ. માધવ કોણ તે વિષે સ્ત્રીએ કહ્યું ત્યારે રાજા હસ્યો. પછી રાજાએ કહ્યું કે અતિ વિરહને લીધે માધવ મરી ગયો, ને તેના શબનું દહન ક્ષિપ્રા નદીને તીરે થયું. એ સાંભળતાંજ સતી શિરોમણી કામકંદલાએ પ્રાણ તજ્યો. રાજા દુઃખી થયો ને બોલવા લાગ્યો કે, અરે મેં આ શું કર્યું ? રાજા છાનોમાનો પોતાની સેનામાં ગયો ને આંસુભરી આંખે તેણે કામકંદલાના મરણની વાત માધવને કહી, એટલે તેનો પણ પ્રાણ તુરતજ દેહ તજી ગયો. આથી રાજા કલ્પાંત કરવા લાગ્યો. સ્ત્રી હત્યા ને બ્રહ્મહત્યા મારે શીર ચોંટી. મારે પણ હવે મરવુંજ જોઇએ, એમ કહી જેવો તે પ્રાણઘાત કરવા જાય છે, તેવોજ આગીઆવેતાલે તેનો હાથ પકડયો. વૈતાળે કહ્યું, વિરહમુર્છા છ માસ રહે છે, તે દરમ્યાન જો અમૃતધાર સીંચવામાં આવે, તો માણસ જીવતું થાય. વૈતાળે પાતાળમાં જઈ અમૃત આણ્યું તેવડે બન્નેને જીવતાં કર્યાં. કામાવતીના રાજાએ વિક્રમ પાસે આવી વિનંતિ કરી કે આપ મારૂં નગર પાવન કરો. વિક્રમે આવવાનું પ્રયોજન બતાવી રાજાનું આમંત્રણ સ્વીકાર્યું. ગામમાં મોટો મહોત્સવ થયો. દરબારમાં આવી વિક્રમે કામકંદલાને બોલાવી, અને એ બન્ને પૂર્વ જન્મનાં સ્નેહી છે, માટે તેમને સુખ મળે એમ કરવા રાજાને કહ્યું. અને કામકંદલા માધવાનળને સુપરત કરી. રાજાએ કોટિ ધન માધવને આપ્યું. રાજા બન્નેને લઈ ઉજ્જણ આવ્યો. રાજા માધવને પોતાની પાસે રાખે ને રોજ એક લાખ ધન આપે. તેને પાંચસે મોટાં ગામ ને ઉંચાં મંદીર આપ્યાં. બન્ને સુખ-વિલાસમાં દિવસ નિર્ગમન કરે અને વિક્રમને આશીષ આપે. માધવને પોતાને દેશ જઇ માતપિતા સાથે રહેવાની ઇચ્છા થતાં રાજાની તેણે પરવાનગી માગી. રાજાએ તેને બારકોટિ સોનાના દીનાર હાથી ઘોડા વગેરે પુષ્કળ આપી કટક સાથે વિદાય કર્યો. કટક જોઇ પુષ્પાવતીના

રાજા ગભરાયો, કેમકે એવા-મોટા દળ સાથે લઢવાને તે સમર્થ નહોતો. તેણે પુરોહિતને બોલાવીને કહ્યું, તમે જઇને જે રાજા અહીં આવ્યો છે તેનું હરેક રીતે મન મનાવો. શંકરદાસને આવતો જોઇ માધવે તેને ઓળખ્યો ને સામો આવી પાયે પડયો. પુરોહિતે પુત્રને પિછાણ્યો, એટલે તેને છાતી સરસો ચાંપ્યો. આ વાતની ખબર પડતાં લોકો સાથે રાજા સામો આવ્યો. માત તાત પુત્ર ને પુત્રવધૂનો મેળાપ થયો. સ્ત્રી પુરૂષ સંસારનું ખરૂં સુખ ભોગવવા લાગ્યાં. કામકંદલાને પેટે ચાર પુત્ર અવતર્યા. ઘણું પુણ્યદાન કરીને શીળને પ્રતાપે અંતે બંને સમાધિ પામ્યાં.

'સાહિત્ય'. ૧૯૧૪–જુન અંક.
પૃ. ૨૮૯ થી ૨૯૪.

—હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળા.

અહીં અત્ર કહેવું યોગ્ય થઇ પડશે કે વાંકાનેરના પ્રસિદ્ધ રાજકવિ સ્વ. નથુરામ સુંદરજીએ માધવાનળ કામકુંડલાનું નાટક સુન્દર રીતે રચી રંગપીઠ પર મૂકાવ્યું હતું અને તે સૌરાષ્ટ્રમાં સારી લોકપ્રિયતા પામ્યું હતું. **-મો. દ. દેશાઇ.**

પ્રાસંગિક નિવેદન.

આ સંગ્રહમાં સંપાદકે શકુનશાસ્ત્ર ચોપાઇ દાખલ કરી છે તેનું કાવ્ય મહોદધિમાં કાવ્ય તરીકે શું સ્થાન છે અને તે એક મૌક્તિક તરીકે યા તેના એક ભાગ તરીકે ગણાય કે નહિ એ વાત એક બાજુએ રાખી સંપાદકે જે કૃતિઓ અને કવિઓ આમાં દાખલ કર્યા છે તે સંબંધી અત્ર ટુંકમાં જણાવીશું. સંપાદકથી એટલું તો જાણ્યે અજાણ્યે અવશ્ય થયું છે કે તેણે ચુંટેલી ચાર મુખ્ય કૃતિઓના ત્રણ કર્ત્તાઓ એકજ સદીનાજ છે અને તે વિક્રમની સત્તરમી સદી. એક કર્ત્તા કુશલલાભ વાચક તે સદીના પ્રારંભમાં થયેલા, બીજા જયવિજયજી તેના મધ્ય ભાગમાં અને ત્રીજા તો સમર્થ કવિ સમયસુંદર ગણિ ઠેઠ તેની અંત સુધી વિદ્યમાન રહેલા.

હવે ઉક્ત ચાર કૃતિઓ લઇએ તે પૈકી બે—મારૂ ઢોલા ચોપાઇ અને માધવાનળ કામકંદલા ચોપાઇ સમર્થ લોક કથાકાર કુશલલાભની છે. તેમાંની બીજી તો 'સાહિત્ય' નામના પ્રસિધ્ધ માસિકમાં સને ૧૯૧૪ ના જુનના અંકથી શરૂ થઇ સને ૧૯૧૫ ના એપ્રિલના અંકમાં પૂરી થઈ મુદ્રિત થઈ ગઇ છે–તેનું સંશોધન સાહિત્ય જીવન ગાળનારા વયોવૃધ્ધ આગેવાન અને પ્રાચીન કાવ્યમાળામાં જબરો ભાગ લેનારા રા. બ. હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ કરેલું છે અને તેનો સાર પણ તેમણે 'સાહિત્ય'ના સને ૧૯૧૪ ના જુનના અંકમાં આપ્યો છે, કે જે પ્રસ્તાવના પૃ. ૧૭૨ થી ૧૭૯ પર અત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ને તે ઉપરાંત જૈનસાક્ષર શિરોમણી સ્વ૦ ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલનો માધવાનળ કામકંદલાની લોકકથા એ નામનો ઉત્તમ લેખ પણ પૃ. ૧૫૯ થી ૧૭૧ માં અત્ર પ્રકટ કરવાની આવશ્યકતા જોઇ છે. આ મૌક્તિકમાં તે કૃતિ પુનઃ પ્રસિધ્ધ થતાં જે કંઇ લાભ થયો છે તે એક પુસ્તકાકારે પ્રકટ થવા રૂપે છે. 'સાહિત્ય'માં આપેલા

શબ્દાર્થ મૂકી દેવામાં આવ્યા છે તે લાભથી વાચકને વંચિત રાખવામાં આવ્યો છે.

મારૂઢોલાની ચોપાઇ સંશોધકે જે એકજ પ્રતિ ઘણાં વર્ષો ઉપર પોતાને મળી તેની પોતે નકલ કરી લીધી હતી અને તે ઉપરથી છપાવી છે; હવે તે પ્રત કયા ભંડારની કે કયા ગામની હતી તે અત્યારે કશું યાદ નથી તેથી તે પ્રત હવે મળી શકે તેમ નથી; પણ આમાં વિલક્ષણ જેવું એ બન્યું છે કે અમુક ભાગ પદ્યનો છે ને પછી ગદ્યભાગ આવે છે અને તે ગદ્યભાગ મૂળ લેખક કુશળલાભનો નથી. પદ્યભાગ જે છપાયો છે તેમાં ૨૩૮ કડી છે, જ્યારે મૂળ લેખક પદ્યના અંતે ચોખ્ખું જણાવે છે કે "ગાહા સાતસોનો પરમાણ, દુહા ચોપાઇ જાસ વખાણ" (જુઓ પૃ. ૬૫ કડી ૨૩૪) એ પરથી મૂળ સાતસો કડી હતી અને તેટલી કડીઓ તેની પ્રત ચાર પાંચ મારા હાથમાં આવી ગઇ તે દરેકમાં મેં જોઇ છે અને એકેકેયમાં ગદ્યભાગ મેં જોયોજ નથી. હમણાં મુંબઇની જૈન એસોસિયેશન ઓફ ઇંડિયા પાસેના ભંડારમાંથી મને એક સારી અને સંપૂર્ણ પ્રત મળેલી અને તે પરથી કાર્યકર્તા શ્રીયુત જીવણચંદ સાકરચંદ ઝવેરીનું ધ્યાન ખેંચી આને બદલે ફરી તે ૭૦૦ કડી પ્રકટ થવી ઘટે અને તેમ થશે તોજ મૂળ લેખકની આ કૃતિની સુંદરતા અને હૃદયંગમતાનો ખ્યાલ આવી શકશે અને તોજ તેનો સમગ્ર સાર અને તે કાવ્યનું વિવેચન લખીને મારાથી આપી શકાશે એમ નમ્રભાવે જણાવ્યું હતું. આથી તેમણે સંશોધક પાસે આ મુદ્રિતની મૂળ પ્રત મેળવવા પ્રયત્ન કરતાં મળી નહિ, એટલે મને લખી જણાવ્યું કે "માટે હવે અમારો વિચાર છે કે જે છપાઇ ગયું છે તેને તે પ્રમાણે રહેવા દેવું અને આપ પાસે જે પ્રતો છે તે (પરથી તે આખીનું પ્રકટીકરણ,) નવાં વોલ્યુમ છપાવતી વખતે થઇ રહેશે." આથી સમયસાર અને તે પર વિવેચન લખવાનું મુલતવી રાખ્યું છે.

ત્રીજી જયવિજયકૃત શકુન ચોપાઈ નવી છે અને હજુ ક્યાંય પ્રસિધ્ધ થઈ નથી. ચોથી સમયસુંદરજી કૃત, અનેક સુંદર અને રસમય કૃતિઓમાંથી અત્યાર સુધીમાં માત્ર એકજ પ્રસિધ્ધ થયેલી (પ્રકાશક—શ્રાવક ભીમશી માણેક સં. ૧૯૪૧) તેજ નામે ચાર પ્રત્યેક બુદ્ધિનો રાસ તેજ સંપાદકે ચુંટી કાઢી. આને બદલે તે કવિની બીજી કૃતિ પસંદ કરી હત તો સાહિત્યમાં એક ગણનાયોગ્ય વૃધ્ધિ કરી શકાત. વળી આ સર્વે ચાર કૃતિઓનું મન માન્યું અને પૂર્વનાં મૌક્તિકો જેવું get up (રૂપ રંગ) નથી બની શક્યું. સંશોધન કેવું થયું છે તે વિવેચક વાંચકો વિચારી શકશે.

છેવટે કવિઓ સંબંધી ઉલ્લેખ કરતાં વિક્રમ સત્તરમી સદીના એક આધારભૂત સમર્થ 'કવિવર સમયસુંદર' માટે મેં એક લાંબો વિસ્તૃત નિબંધ ભાવનગરની સાતમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્ માટે લખ્યો હતો અને ત્યાં જઇ તેની સમક્ષ તેના મુખ્ય ભાગો વાંચી સંભળાવ્યા હતા; તે નિબંધ જૈન સાહિત્ય સંશોધકના ખંડ ૨ અંક ૩ માં પ્રસિદ્ધ થઇ ગયો છે અને તે પરિષદ્ના હવે પછી બહાર પડવાના રીપોર્ટમાં અમુક ભાગમાં પ્રકટ થનાર છે. તે સમગ્ર નિબંધ આ મૌક્તિકના આરંભમાંજ મૂકવામાં આવ્યો છે, ને તેમાં અત્યાર સુધી મળેલી નવી હકીકત પણ પૂરવણી—અનુલેખ તરીકે ઉમેરવામાં આવી છે. બીજા કર્તા નામે જયવિજય અને કુશલલાભ માટે લખવાનું રા. જીવણચંદ સાકરચંદે મને કહ્યું તેથી હું શોધખોળ કરી મારાથી તેમને માટે જે કંઇ મેળવી શકાયું તે સર્વ આની પહેલાં નિવેદિત કરી દીધું છે અને વિશેષમાં સાક્ષર શ્રીમાન્ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ. એલ. એલ. બી. મુંબઇના સ્મોલ કોઝ કોર્ટના વડા જજ સાહેબે આ સંગ્રહ સંબંધી પોતાના સાહિત્યવિષયક વિચારો લખી આપવા કૃપાવચન આપ્યું છે તદનુસાર તેમનું વક્તવ્ય આ પછી મૂકવામાં આવશે. અનેક જૈન સાહિત્યની ઉત્તમ કૃતિઓ

અપ્રકટ પડી છે કે જે પ્રકટ થયે જૈનેતર ગૂજરાતી સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓની હારોહાર ઉચ્ચ સ્થાન લેશે તેવી કૃતિઓ અને તેના રચનાર સમર્થ કવિઓનો પરિચય મારા દ્વારા સાહિત્યરસિક આલમને પ્રાપ્ત થવાનો યોગ અખંડિતપણે સત્વર મળો એમ હૃદયથી પ્રાર્થતો હતો. આ મૌક્તિકની પ્રકાશક સંસ્થાના કાર્યકર્તાઓએ આ મૌક્તિકની યોજના દ્વારાજ એ યોગ્ય સુલભ કરવાનું નક્કી થનાર છે તેથી તેમનો આ પ્રસંગે હૃદયથી ઉપકાર માનું છું.

સં. ૧૯૮૧ આશ્વિન વદ ૫ બુધ.
લોહાર ચાલ, મુંબઈ.

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

વિશેષમાં.

'કવિવર સમયસુંદર'ના મારા નિબંધમાં પૃ. ૩૭ અને ૩૮ પર ઉલ્લેખ પાંચ છત્રીશીઓ સંબંધમાં થોડુંક જાણવાજેવું સંતોષ છત્રીશીના અંતભાગમાંથી મળે છે તે ઉપયોગી હોઇ અત્ર ઉતારૂં છું. આ પૂરૂં પાડનાર મુનિશ્રી અમરવિજય-ચતુરવિજયાદિનો આભાર માનું છું:—

જીમ નાગોર ક્ષમાછત્રીસી, કર્મ છત્રીસી મુલતાણીજી
પુણ્યછત્રીસી સિધપુર કીધી, શ્રાવકનઈ હિત જાણીજી. ૩૨
તિમ સંતોષછત્રીસી કીધી, લૂણકરણસર માંહિંજી
મેલ થયઉ સાહમી માંહોમાંહી, આણંદ અધિક ઉચ્છાહજી. ૩૩
પાપગયઉં પાંચાં વરસાંનું, પ્રગટયઉ પુણ્ય પડૂરજી,
પ્રીતિ સંતોષ વધ્યઉ માંહોમાંહી, વાગાં મંગલ તૂરજી. ૩૪
સંવત સોલ ચઉરાસી વરસે, સરમાંહિ રહ્યા ચઉમાસિજી,
જસ સોભાગ થયઉ જગમાંહે, સહુ દીધી સાબાસીજી. ૩૫
યુગપ્રધાન જિનચંદ સૂરીસર, સકલચંદ તસુ સીસજી,
સમયસુંદર સંતોષ છત્રીસી, કીધી સશ્વ જગીસજી. ૩૬.

આ પરથી ચાર છત્રીસીઓનો અનુક્રમ ને રચનાસ્થાનો, સંતોષછત્રીસીનો રચ્યા સં. ૧૬૮૪ વગેરે જણાયછે. તો તે પ્રમાણે સુધારો લેવું.

'કુશળલાભ ઉપાધ્યાય' પરના મારા લેખમાં પૃ. ૧૫૬ પર તેમના અગડદત્ત રાસ સબંધી વિશેષ માહિતીનો અભાવ બતાવ્યો હતો, પણ અમદાવાદમાં ડેહલાના અપાસરાના પુસ્તક ભંડાર તપાસતાં તેમાંથી તેની પ્રત મળી આવી છે તેમાં પ્રારંભમાં પોતાના ગુરૂ અભયધર્મને પ્રણામ કરેલ છે:—

પાસ જિણેસર પાય નમી, સરસતિ મનિ સમરેવિ,
શ્રી અભયધર્મ્મ ઉવઝાય ગુરૂ પયપંકજ પ્રણમેવિ. × ×

અંતમાં એમ છે કે:—

સંવત બાણુ રક્ષસિંણગાર, કાતી શુદિ પૂનિમ ગુરૂવાર,
શ્રી વીરમપુરિ નયર મઝારિ, કરી ચોપઇ મતિ અનુસારિ. ૨૧૭
શ્રી જિનચંદ્રસુરિ ગુરૂરાય, ગુરૂશ્રી અભયધર્મ ઉવઝાય,
વાચક કુશલલાભ ઇમ ભણે, સુખ સંપતિ થાઓ અમ્હતણે. ૨૧૮

અગડદત્ત રાસ સં. ૧૬૨૫ માં વીરમપુરમાં રચાયો; સ્વગુરૂ અભયધર્મ જિનચંદ્રસુરિના સંતાનીય હતા એટલું વિશેષ આથી જણાય છે; તો તે પ્રમાણે સુધારી લેવું.

મુંબઇ તા. ૬-૧-૧૯૨૬. મોહનલાલ દલીચંદ દેશાઇ

ઉપોદ્‌ઘાત

આનંદ કાવ્ય મહોદધિના સાતમા મૌક્તિક તરીકે વિક્રમના સત્તરમા સૈકામાં થઇ ગએલા ત્રણ જૈન કવિઓની કૃતિ શેઠ દેવચંદ લાલભાઇના જૈન પુસ્તકોદ્ધાર ફંડના ટ્રસ્ટીઓએ પસંદ કરી છે: (૧) વાચક કુશલલાભ વિરચિત ઢોલા મારવણીની કથા ચોપાઇ; (૨)એજ કવિ વિરચિત માધવાનલ કામકુંદલા ચોપાઇ; (૩) એજ કવિ વિરચિત શ્રી સ્તંભનક પાર્શ્વનાથ-સ્તવનમ્; (૪) પંડિત જયવિજય વિરચિત શુકનશાસ્ત્ર ચોપાઈ; (૫) પંડિત સમયસુંદર વિરચિત ચાર પ્રત્યેકબુદ્ધ ચોપાઇ. આમાંનાં પ્હેલાં બે કાવ્યો ઢોલા મારૂની કથા અને માધવાનલની કથા એ નામે સુવિખ્યાત છે, અને તેમાં જૈન ધર્મ યા જૈન શાસન સંબંધે કાંઇપણ ઉલ્લેખ ન હોવાથી જૈનેતર વાચકોમાં પણ ઘણાં પ્રિય થઇ પડેલાં. ઢોલા મારૂની કથા તો તંબુરો કે એકતારો લઇ ભિક્ષા માગનાર ભીખારી પણ ગાય છે. શુકનશાસ્ત્ર ચોપાઇ એ કાવ્યને પણ જૈન મત સાથે કશો સંબંધ નથી. બાકી રહેલાં બે કાવ્યો ખાસ જૈનોને ઉદ્દેશી રચાયલાં છે.

ગુજરાતી સાહિત્યના મધ્ય યુગ અને તેની પણ પૂર્વના યુગ માટે આજથી પચ્ચીસ વર્ષપર જે જે અભિપ્રાયો બંધાએલા તે, નવાં નવાં પુસ્તકો હાથ લાગવાથી કાલક્રમે બદલાતા ગયા છે. દાખલા તરીકે, નરસિંહ મહેતાને આદિ કવિનું સ્થાન આપવામાં આવતું, અને સાથે સાથે એવો પણ અભિપ્રાય આપવામાં આવતો કે નરસિંહ મહેતાના સમય પહેલાં ગુજરાતી સાહિત્ય હતુંજ નહિ, તેનો આરંભ નરસિંહ મહેતાનાં કાવ્યોથીજ થયો એ અભિપ્રાય ભૂલ ભરેલો માલમ પડ્યો છે. વળી વાર્તાના સાહિત્ય માટે સામળભટ્ટને મુખ્ય પદ આપવામાં આવતું તે પણ યોગ્ય ન હતું એમ સમજાય છે. ખુદ પ્રેમાનંદનાં

કાવ્યોનું વસ્તુ પણ એના પુરોગામી કવિઓની કૃતિઓમાંથી મળી આવે છે. ઘણાં પ્રાચીન કાવ્યો જે અપ્રસિદ્ધ પડી રહેલાં તે પ્રસિદ્ધિમાં આવવાથી જૂના અભિપ્રાય ફેરવી નવા બાંધવામાં આવ્યા છે, અને હાલ જે અભિપ્રાય બંધાયા છે તે પણ સ્થાયિ નથી, કારણ હજુ જૈન ભંડારોમાં અને જૈનેતર વ્યક્તિઓના કબજામાં એટલા બધા અપ્રસિદ્ધ લેખો પડી રહેલા છે કે તે જેમ જેમ પ્રસિદ્ધ થતા જશે તેમ તેમ હાલ બાંધેલા અભિપ્રાય પણ ફેરવવા પડશે. આપણા જૂના સાહિત્ય સંબંધે હાલનો જમાનો અનિશ્ચિતપણાનો-transitional period નો-છે. અંગ્રેજીમાં Chaucer અને Spenser નાં તેમજ તેમના વખતના બીજા નાના કવિઓનાં કાવ્યો સઘળાંજ પ્રસિદ્ધ થઇ ગએલાં હોવાથી જૂના અંગ્રેજી સાહિત્ય વિષે નિશ્ચયપૂર્વક અભિપ્રાય બાંધી શકાય; રૂદકી અને એવાજ બે ચાર બીજા કવિઓની કૃતિ સંપૂર્ણપણે બહાર આવેલી હોવાથી અસલી ફારસી સાહિત્યના ગુણદોષ વિશે નક્કીપણે વિચાર દર્શાવી શકાય; પરંતુ જૂના ગુજરાતી તેમજ મધ્ય-કાલીન ગુજરાતી સાહિત્ય વિશે તેમ કહેતાં હવે ખંચાવું પડેછે, તેનું કારણ દિવસે દિવસે અજવાળામાં આવતાં નવાં નવાં સાધન. નરસિંહ, સામળ, પ્રેમાનંદની બાબતમાં, આવાં સાધનને અભાવે બાંધેલો આપણો મત એટલો તો જડ ઘાલી બેઠેલો છે કે, તે ફેરવતાં આજે પણ ઘણાના અંતઃકરણને આઘાત થતો હશે. વિજ્ઞાનશાસ્ત્ર અને બીજા શાસ્ત્રીય વિષયોની બાબતમાં પણ એમજ થાય છે. નવી શોધને આધીન થઇ જૂના સિદ્ધાંતો ફેરવવા પડે છે. મધ્યયુગ તથા તેની પૂર્વની ગુજરાતી સાહિત્યની ખરેખરી સ્થિતિથી હજુ હાલ આપણે સંપૂર્ણ રીતે જ્ઞાત નથી, એવું હવે કહેવુંજ પડશે. એ સ્થિતિનું ખરૂં ચિત્ર આલેખવા માટે આપણે ધારીએ છીએ કે આપણી પાસે પૂરતાં સાધન છે, પરંતુ વસ્તુસ્થિતિ તેમ નથી, એમ લાગે છે, કારણ કોઈ અમુક વિષય માટે આપણે એવું ધારી બેસી-

(૧) * મિલિઉ + મિલીયો. (૨) * સંગતિઈ. + સંગતિએ. I સંગતે. (૩) * મણઇ I માંણે. (૪) * મિલા – * થિ. I થૈ. (૫) + મુદા. (૬) I વિલસઇ ભોગ સુખ. (૭) * રાઇ દીઇ. + દીયે I દીયૈ. (૮) વિલસૈ છે દેવ. – * રિ. – * રિ. – * નિ. – I લે. – I ત. (૯) + અચરજ કેહુ ચિત્તનુ. (૧૦) I જો હુવૈ. – I ત. – * લિ.

એક વેસ્યા કુલિ ઊપની, ભર જોવન[૧] ઘણુ લીણુ;

તોહી[૨] નિરતો[૩] પાલીયો, કામકંદલા સીલ; ૬૫૨

ગાથા[૧]

सुद्धमग्गम्मि जाया, सुहेण गम्मंति सुद्धमग्गम्मि ।

जे पुण उम्मग्गजाया, मग्गे गम्मंति तं चुज्जं ॥६५३॥

દૂહા.

ઈમિ જે ઉત્તમ નારિ નર, પાલઇ નિરમલ સીલ;

ઇહ લોકે[૪] સુખ સંપજઇ, પરભવિ સંપત[૫] સલીલ. ૬૫૪

---

૧ **शुद्धमार्गे जाताः, सुखेन गच्छन्ति शुद्धमार्गे ।**

ये पुनरुन्मार्गे जाताः, मार्गे गच्छन्ति तदाश्चर्यम् ॥६५३॥

અર્થ:—શુદ્ધ માર્ગમાં જન્મેલાઓ શુદ્ધ માર્ગમાં સુખ પૂર્વક જાય છે; પણ જેઓ ઉન્માર્ગ (ખરાબ માર્ગ) માં જન્મેલા હોવા છતાં માર્ગમાં જાય છે, તે જ આશ્ચર્ય છે. ૬૫૩

(૧) * યૌવનિ ધનિ લીલ. (૨) * તઉહી. + તુહી. I તોહી. (૩) * નિરમલ પાલિઉં – I કું. (૪) * લોકિઈ × ભાવિ સુખ જસ. I ઇણુ ભવિ સુખ સંપતિ હુવે. (૫) * સંપતિ લીલ. – * લિ. × સીલઈ સવિ સુખ સંપજઈ. + શીલેં.

સીલિઇ સુર નર રંજીયઇ, સીલઇ સવિ સુખ[૧] હોઇ;

કામકંદલા તણી પરઇ, વંછિત પાવઇ સોઇ. ૬૫૫

ઘણા દિવસ સુખ ભોગવી, અંતંઈ[૨] ધર્મ આધાર;

દાન પુણ્ય બહુલા કરી, પામી પરમ સમાધિ. ૬૫૬

ઇંદ્રસભાએ એકઠા, સ્વર્ગ લોક સુખ[૩] ઠામ;

ઉત્તમ એૈ[૪] બે ઉપના, કરી અપૂરવ કામિ. ૬૫૭

સ્વર્ગ લોકસૂ વિ દેવતા, મિલિયા મનનંઇ[૫] રંગિ;

દેવતણા સુખ ભોગવઇ, ઇંદ્રસભા ઉછરંગે. ૬૫૮

ચોપાઇ.

માધવાનલની એ ચોપાઇ[૬], સુણઇ જીકે[૭] એકે[૮] મન થઇ;

તેહના સદા મનોરથ ફલઈ[૯], મનવંછિત સુખ સંપત મિલઈ. ૬૫૯

---

(૧) × સિદ્ધિ. – * રિ. (૨) * અંતિ ધરમ આરાધિ. × અ-સલ ધર્ણું. I અણસણ ધર્મ આરાધ. – * ઇ. (૩) I સુ ઠામ. (૪) * એઉ. × એને. + એ તે. – * મ. (૫) I ધરી. – * ગિ. (૬) * ચઉપઇ. + ચઉપાઇ. I ચોપાઇ. (૭) * કો. (૮) * ક. I સુણિજ્યો સહુ એક મનો. (૯) + ફલે I ફલૈ. – * વાં – * તિ.

વિરહી સુણઇ[1] એ વિરતંત[2], અથવા પરદેસઇ[3] હુવૈ કંત;
ભાજઇ વિરહ મિલઇ સંયોગ, સુણતાં લાભઇ વંછિત ભોગ. ૬૪૦

દુહા.

સંવત સોલ સતોહતરઇ[4], જેસલમેરૂ મઝારિ;
ફાગુણ[5] વદિ તેરસિ દિવસ, વિરચી[6] આદિત વાર. ૬૬૧

ગાહા દૂહા ચોપાઇ[7], કવિત્ત કથા સંબંધ;
કામકંદલા કામિનિ, માધવાનલ સંબંધ[8]. ૬૬૨

કુશલલાભ વાચક કહઇ, સરસ ચરિત્ર સુપ્રસિદ્ધ;
જે વાંચિઇ જે સાંભલઇ, તિહાં મિલઇ નવનિદ્ધ; ૬૬૩

ગાથા સાઢી પાંચસઇ, એ ચોપાઇ[9] પ્રમાણ;
તિહાં[10] સુણતાં સુખ દીયઇ, જે[11] નર ચતુર સુજાણ. ૬૬૪

(૧) I સુણિસ્યૈ. (૨) * એહ વરતંત. (૩) * જસ પરદેસિઈ. – I જસુ. – × જો. (૪) * + I સોલોત્તરઈ. (૫) * + I ફાગણ સુદિ તેરસિ દિવસિ. – I દિનૈ. (૬) × ચરચિઉ – * તિ. * રિ. (૭) * ચુપઇ. + ચુપાઈ I ચોપઇ. (૮) * પ્રબંધ. – * ત. – I ચૈ. – I લે. + સંભલે. – * ધિ. – * ઢા I ગાહા દૂહ ચોપઇ પાંચસેં. (૯) * ચુપઈ. × ચોપઇ. (૧૦) * તાહ. + તે સુણતાં સંપતિ દીએ. I તિણ સુણતાં સુખ ઊપજૈ. (૧૧) * જિમ જિમ.

રાઉલ[1] માલ સુ પાટધર, **કુંમર શ્રી હરિરાજ;**
વિરચી એ સિણગાર રસ, તાસ કુતૂહલ[2] કાજ; ૬૬૫

સારદ સુપસાયઈ[3] કરી, સીલ તણો[4] અધિકાર;
ભણઇ સંભલૈ[5] જેહ નર, સુખ પામઇ[6] સંસાર. ૬૬૬

॥ इति[7] माधवानल चोपाइ संपूर्णा ॥

(सं. १७९० वर्षे मिति पोंस सुदि ९)

(૧) * રાજા ગમાલ સુ પાદધર. – * ય. – આએહ. (૨) * કુતુ. × કતો – * જિ. (૩) * સુપસાઈ + સુપસાયેં. (૪) * તણઇ. + તણે. I તણૈ. – * રિ. (૫) * સંભલઈ તેહ. × ગુણે જે સાંભલઇ. + ભણે સંભલે I ભણૈ સંભલૈ. (૬) – + મે I મૈ. – * રિ. (૭) × ઇતિ શ્રીમાધવાનલ ચઉપઇ સંપૂર્ણ. (ગણિ કનકસાગરલિખિત) સંવત ૧૭૪૯ વર્ષે ફાગુણ સુદિ તિજ ભોમવારે લિખિતં કોઠારીયા મધ્યે. I **संवत १७८७ वर्षे कारतकमासैक शुक्लपषे सप्तमीयां तथौ गुरुवासरे मुढामध्ये सद्गुरु वाचकोत्तमवाचक श्रीलब्धिराजजी तत्शिष्य वाचक श्रीमेघराजजी तच्छिष्य चरणसेवक मु० गुलालराज लिपीकृतम् ॥ (लिखितं रतनसोम सं १८६४ ना माहासुदि ७ सांमी देवपुरीमित्रवत् छे गाम कांमलपुर रहे छे.)**

વાચક કુશલલાભ વિરચિત–

શ્રીસ્તંભનકપાર્શ્વનાથ–સ્તવનમ્.

પ્રભુ પ્રણમુ રે પાસજિણેસર થંભણુઉ,
  ગુણ ગાવા રે મુજ મનિ ઊલટ અતિ ઘણુઉ;
ન્યાની વિણુ રે એહુની આદિ ન કો લહઇ,
  તોઊ પણ રે ગીતારથ ગુરૂ ઇમ કહઇ;

છંદ.

ઇમ કહઇ શાસ્ત્ર તણુઇ પ્રમાણુઈ, **રામ દશરથનંદનઇ,**
બંધિવા પાજઈ સીત કાજઇ, સમુદ્ર તટિ એકિણુ વનઇ;
તિહાં રહ્યા બંધવ **રામ લખમણુ**, સાથિં સેના અતિ ઘણી,
પ્રાસાદ એક ઉત્તંગ તોરણુ, વન થાપના જિનવર તણી. ૧
તિહાં મૂરતિ રે મૂલ ગંભારઇ પાસની,
  મન વંછિત રે આસ્યા પૂરઇ આસની;
તે રાજા રે દિનપ્રતિ પૂજા સાચવઇ,
  કર જોડી રે બે બંધવ ઇમ વીનવઇ;
વીનવઇ સ્વામી તુમ પ્રાસાદઇ, જલધિ જલ થંભઇ કિમઇ,
તુ પાજ બાંધુ લંક સાધુ, ઇમ કહી પ્રભુ પય નમઇ;
બહુ પૂજ કરતાં ધ્યાન ધરતાં, સાત માસ થયા જિસઇ,
નવ દિવસ અધિકા થયા ઊપરિ, જલધિ જલ થંભ્યું તિસઇ. ૨
એ અતિસય રે અચરિજ પેખી પ્રભુ તણુ,
  તિણિ કારણુ રે નામ દિયુ તસુ થંભણુ;
જલ ઊપરિ રે પાજ કરઇ પાથર તણી,
  ગઢ લંકા રે સાધેવા સીતા ભણી;

તિણુ લંક સાધી સીત આણી, તેણુ વનિ આવ્યા વલી,
દિન આઠ અઠાહી મહોચ્છવ, કિયા મનિ પૂગી રલી;
શ્રી રામરાજા શુદ્ધ શ્રાવક, **વિનીતા નગરી** વસઇ,
વીસમા જિણવર તણઇ વારઇ, ઇમ થયું ગુરૂ ઉપદિસઇ. ૩
ઇણિ અનુક્રમિ રે કિતલું કાલ ગયું વહી,
તે પ્રતિમા રે તિણઇ વન નિશ્ચલ રહી;
તિણિ અવસર રે ઇંદ્રિ તણઇ આઇસ કરી,
સાયર તટ રે સોવનમય **દ્વારાપુરી;**
દ્વારિકા નગરી કૃસ્નરાજા, અર્ધ ભરત તણો ધણી,
તિહાં વસઇ યાદવ કોડિ છપ્પન, વહઇ આન્યા જિનતણી;
તિણિ કાલ તિણિ વન તેહ તીરથ, તીહુની મહિમા સુણી,
સારંગપાણી ભાવ આણી, આવ્યુ તિહિ જાત્રા ભણી. ૪

ઢાલ.

આવ્યુ તિહાં નરહરિ, જિણહરિ અતિ ઉલ્લાસ;
મનનઇ આણંદઇ, વંદઇ થંભણ પાસ;
પેખઇ અતિ નવલી, પૂજા પ્રભુનઇ દેહ,
એ કેણિઇ કીધી, ઇમ મનિ થયુ સંદેહ;
સંદેહઇ ઇસઉ અટવી ચિહું, પાસઇ નહી માનવ સંચાર,
કિણઇ કરી વિદ્યાધર સુરવર, પૂજા સતર પ્રકાર;
ઇસિઉ વિમાસી મંડપિ અંતર, રહ્યા તિગુપતિ ઠામ,
મધ્યરાતિ પાતાલઇ આવ્યઉં, **વાસિગ વિસહર** સ્વામિ. ૬
તિહાં આવી પ્રણમઇ, ઘઇ નાટક આદેસ,
મિલિ નાગકુમારી, વિરચઇ અદભુત વેસ;
શક્રસ્તવે પભણ્યઉ, જાણ્યુ શ્રાવક એહ,
હરિ પ્રગટ્યા તતખિણ, સાહમિ તણઇ સનેહ;
સસનેહ વાસિગ કૃષ્ણ નરેસર, બઇઠા બિંબ વખાણઇ,
એ થંભણ પાસ જિણેસર, આદિ ન કોઇ જાણઇ;

અસીય સહસ વરસ મઇ પૂજ્યા, જઈ હતા પાયાલઇ,
વરૂણઇ એ પ્રાસાદ કરાવ્યુ, તવ થાપ્યા ઇણઇ જિણાલઇ. ૭
સહુ વાત કરીનઇ, વાસિગ ગયુ પાયાલિ,
શ્રીકૃષ્ન નરેસર, મનિ ચિંતઇ તિણ કાલિ;
જુ એહવઉ તીરથ, હુઇ **દ્વારિકા** મઝારિ,
તુ જાણું નરભવ, સફલ થયુ સંસાર;
સફલ જનમ કરિવાનઇ કાજઇ, તેહ બિંબ ઇહ આણઇ,
શ્રીદ્વારિકા હેમમય જિણહર થાપ્યા પ્રગટ પ્રમાણઇ;
ઘણુ કાલ પૂજા તિહાં પામી, કર્મ નિકાચિત જાણી,
શ્રાવકનઇ સુપનંતરિ આવી, દેવ વદઇ ઇમ વાણી. ૮
પ્રભુ પ્રતિમા વાહણ, લેઇ સમુદ્ર મઝારિ,
મૂકેજ્યો નગરી, થાસ્યઇ અવર પ્રકારિ;
તિણિ સાગર અંતરિ, કાલ ગયુ બહુ જામ,
દક્ષિણિ દિશિ ઉત્તમ, **કાંતીનગરી** ઠામ;
કાંતીનગરી જૈન વસઇ તિહાં, શ્રાવક **સાગરદત્ત**,
વાહણ સાત વહઇ વ્યાપારઇ, પોતઇ પરઘલ વિત્ત;
અન્ન દિવસ સાયર વિચિ વહતાં, જિહાં છઇ **થંભણપાસ**,
ઉપરિ આવ્યા થંભ્યા વાહણ, તે સહી થયા ઉદાસ. ૯

ઢાલ.

માસ દિવસ વાણી થઈ, અંબરિ સુરરાય,
પ્રતિમા થંભણ પાસની, સાયર જલમાંહિ;
સુર પ્રગટ્યઉ જિનશાસનઇ, સુર કહઇ વાણી,
એહ પ્રતિમા ભાવસું, પ્રગટી કરૂ જઇ;
જિન કાંતીનગરી જિણહરિ, મૂલનાયક એ ધરૂ;
તે બિંબ કાંતીનગરી થાપ્યુ, કહઇ બહુ શ્રાવક તિહાં,
એ સકલ તીરથનાથ સમરથ, પુણ્ય જોગિ મિલ્યઉ ઇહાં. ૧૦

ઇણ અવસરિ **દસઉર**, **પુરઇ પાલત્ત** સૂરિ.
વિદ્યાબલિ અંબર ભમઇ, અતિસય ભરપૂર;
તીરથ જઈ જિણવર નમઇ,
તે નમઈ શત્રુંજય પ્રમુખગિરિ, સદા પાખિ પારણઇ,
પાલિતાણઈ રહઇ થાણઇ, **નાગાર્જુન** જોગી તણઇ;
તે ધાત સોવન કાજી ધમતાં, માસિ છઠઇ રસિ કરઇ,
કરિ કોપ ભૈરવ વીર નાખઇ, રૂપ પંખિનું ધરઇ. ૧૧
તિણિ **પાલિત્તા** સૂરિનઇ, જાણ્યઉ એહ મહંત,
પૂછઈ સુર કો દાખવઉ, અતિસય ગુણવંત;
કૃપા કરી મુજ ભાખિવુ,
ગુરુ તેહ ભાષઉ જેહ થંભઇ, ઉપદ્રવ સુર નર તણા,
તિણ કહ્યઉ કાંતીનઇ પ્રાસાદઇ, પાસ છઇ પ્રભુ થંભણા;
કુણ જખ્ય વીર વેતાલ વ્યંતર, સહૂ તસુ સેવા કરઇ,
તેહની દૃષ્ટિ સાધિ વિદ્યા, જેમ તુજ વંછિત સરઇ. ૧૨
વિદ્યા એ આકર્ષણી, હતી જોગી પાસ,
તે પ્રતિમા આણી તિહાં, થાપી નિજ આવાસિ;
સોવન રસ સાધઇ જિહાં,
રસ તિહાં સીધુ સુજસ લીધુ, **નદી સેઢી**નઇ તટઇ,
ગુરુન[ઇ] જણાવ્યઉ તિણિ કહાવ્યુ, બિંબ ભંડાર્યઉ ઘટઇ;
ઇણિ કાલ ધર્મ સુઠામ થોડા, હુસ્યઇ મ્લેચ્છાઇન ઇહાં,
ખાખરા તલિ **સેઢિકા** તીરઇ, બિંબ ભંડાર્યું તિહાં. ૧૩

ઢાલ.

મેઘ આગમ સહી નદીય ઊવટિ વહી, વેલુકા બિંબ ઉપરિ વહઇ એ,
તેણ ભુઇ ધણુ ચરઇ ખીર સુરહી ઝરઇ, ચીકણી ભૂમિખા ખરતલઇ એ;
કેતલા દિન પછઈ સુગુરુ **ખરતરગછિ**, **શ્રીઅભયદેવસૂરી**સરૂ એ,
ષટવિગય પરિહરી ઉગ્રતપ આદરી, રૂગતિ પિત્તિ-થયા મુણિવરૂ એ;

તે રગતિપિત્તઇ ગલિત કાયા, નિત્ત ઈમ ચિંતા કરઈ,
અધરાતિ શાસણદેવિ આવી, કોકડા નવ કરિ ધરઈ;
એ સૂત્ર તું સમઝાવિ મુંનઇ, તામ ગુરૂ જંપઈ ઇસું,
જઉ થાઇ મુજ નિરોગ કાયા, તુ સહી ઊખેલિસું. ૧૪
તામ દેવી કહઇ નદીય સેઢી વહઈ, તિણ તટિ વૃક્ષ ખાખરતલઇ એ,
તિહાં તુમે જાઈવું સ્તવન કરિવું નવું, પ્રગટ થાસ્યઈ પ્રભુ થંભણઉ એ;
તેહનઈ સ્નાત્રજલિ રોગ સવિ જાઇ ટલિ, કહીય ઇમ ગહીય સાસણસૂરી એ,
સંઘ સગલુ મિલી, તિહાં જાઈ મનરલી, નામ ધરણેંદ્ર ધ્યાનઇ ધરીએ;
તિણ કરી જયતિહુયણ બત્રીસી, પાસ પ્રગટ્યા તતખિણઈ,
તસુ સ્નાત્રનીરઇ સુખ સરીરઇ, ધન્ય ધન્ય સહૂ ભણઇ;
તિણિ થાન થાપ્યુ સુજસ વ્યાપ્યુ, થયો પરતો અતિ ઘણઉ,
તેહનઇ નામઇ તેણ ઠામઇ, ગામ વાસ્યુ થંભણુ. ૧૫
થઈ ઇમ મહિમા ઘણી પાસ થંભણતણી, સગુરુકાયા નવપલ્લવી એ,
સંઘ આવઇ ઘણા કરઇ વદ્ધામણા, મહીયલિ કીરતિ નવનવી એ;
સુપન જે દેવતા કોકડા નવ હતા, સૂત્ર તે સૂત્ર સિદ્ધંત નામ,
વૃત્તિ નવઅંગિની ભેદનવ ભંગિની, રચીય આચારિજ તેણ ઠામિ;
તે તિણઇ ઠામઈ સહૂ પામઈ, આસ કરી જે આવએ,
કરિ ભાવ ભત્તિઈ એક ચિત્તઇ, સેવતાં સુખ પાવઇ;
એકદા ગુરૂ ધરણેંદ્ર ધ્યાનઇ, પ્રગટ થઈ પદ્માવતી,
શ્રીઅભયદેવસૂરિંદ આગઇ, તે કહઈ સંભલિ જતી. ૧૬
સ્તવન જે તુહ્મ કર્યઉ, મંત્રઅતિસય ભર્યઉ, અંતિસુ ગાહ જે બે કહી એ,
તેહ ગુણિયઇ જિહાં, ઇંદ્ર આવઇ તિહાં, કષ્ટવિણ તેહ ગુણવિ નહી એ;
તેહ ભંડારિવી કાજિ સંભારિવી, અવર ઇણિ તવન મહિમા ઘણી એ;
સમરતાં સંપદા રોગ નાવઇ કદા, સદા આવસ્યક ધુરિ ભણીએ;
નિતુ ભણ પડિકમણા તણઇ, ધુરિ એહ વિધિ ખરતર તણી;
ઇમ કહિય સાસણ દેવિ સામિણિ ગઇઇ; નિજ થાનક ભણી;

કેતલે વરિસે દેસ ગુજ્જર, સકલ મ્લેચ્છાયન થયુ,
ભલ ઠામ જાણિ બિંબ આણી, નયર ખંભાઇત ઠવ્યુ. ૧૭

ઢાલ.

થંભનયરિ સિરિપાસ જિણેસરૂ, દિન દિન દીપઇ અતિ અલવેસરૂ,
જાત્ર કરેવા મુજ હુંતી રલી, પ્રભુ તુહ્ય ભેટ્યા આસ સહુ ફલી;
મુજ આસ સફલી થઇ સઘલી, જામ ભેટ્યા જગપતિ,
સૌભાગ્ય સંપત્તિ કરઉ ઊન્નતિ, કહું એતી વીનતી;
અસસેણ વામાદેવિ નંદન, ધ્યાન મનિ તેરૂં ધરૂં,
કરૂ કૃપા સામી સીસ નામી, સદા તુઝ સેવા કરઉં. ૧૮
ઇમ તવ્યઉ થંભણ પાસ સામી, નયર શ્રીખંભાઇતઇ,
જિમ સગુરૂ શ્રીમુખિ સુણી વાણી, શાસ્ત્ર આગમ સંમતઇ;
એ આદિ મૂરતિ સકલ સૂરતિ, સેવતાં સુખ સંપવઇ,
મનિ લાભ આણી ભાવ જાણી, કુશલલાભ પયંપઇ. ૧૯

। इति श्रीस्तंभनकपार्श्वनाथस्तवनं ।

॥ संवत् । १६५१ वर्षे । चैत्र सुदि द्वितीय पडवादिने । बुधवारे । श्रीमहिमनगरे । श्रीकीर्तिरत्नसूरिशाषायां । शि० मुष्यश्रीलावण्यशीलोपाध्यायानां । शिष्यवा० श्रीपुण्यधीरगणि । शि० वा० श्रीज्ञानकीर्तिगणिशि० वा० श्रीगुणप्रमोदगणिशि० वा० श्रीसमयकीर्तिगणिशि० पं० विनयकल्लोलगणिशि० पं० धर्मकल्लोलगणिशि० पं० हर्षकल्लोलमुनिना लिलेखि । पंचमी उद्यापने । शुभं भवतु । श्री संखवालशाषायां । सा० सुरताण तत्पुत्र सा० खेतसी सा० चांपसी । सा० खेतसी तत्पुत्र सा० षिमलसी पठनार्थं । लिषितं । पुण्यार्थी शुभं भूयात् ॥ ॥ श्री ॥ छ ॥ श्री ॥ छ ॥ संवत् । १६५० वर्षे माह सुदि ५ गृहीता ॥ सा० विमलसी ॥ छ ॥

શકુન ચોપાઇ.

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારે.

પંડિત જયવિજય વિરચિત.

શુકન શાસ્ત્ર ચોપાઈ.

દૂહા.

શુકન શાસ્ત્રની ચોપાઈ, લિખસ્યું અતિઉદાર;
જે ભણતાં મન ઉપજે, શુભ વલી અશુભ વિચાર. ૧

ચોપાઈ.

સકલ બુદ્ધિ આપે સરસતી, અમીય સમ વાણી વરસતી;
અજ્ઞાન તિમિર આરતિ વારતિ, નમો નમો ભગવતી ભારતી. ૧
સહગુરૂ ચરણ નમીરે કહું, શુકન તણા જે ભેદજ લહું;
શુકન શુકન સુખ સહુકો કરે, શુકન ભાવજ વીરલા લહે. ૨
શુકન સબલ બિહુ ભેદે કહ્યા, ગામ માંહિ પુર બાહિર લહ્યા;
ગામમાંહિલા શુકન તે સાર, સાંભલજો તે કહું વિચાર. ૩
પ્રથમ પ્રયાણ દિન વરજવું, ક્ષોર વમન તેલ મરદવું;
મૈથુન કલહ રોવું મદ્યપાન, જુઓ નવિ રમીએ આંણી સાન. ૪
વલી ભોજન પરિહરવું એહ, કડુઓ ખાટો દુધ ગુલ તેહ;
આમીષ તેલ મધુ નવી ભુંજિએ, જો પ્રયાણે સુખ વાંછિએ. ૫
પથિક પ્રયાણે નર ચાલતાં, માઠા શુકન હુયા દેખતાં;
પાછા વલી ને પડખીયે, શ્વાસોશ્વાસ આઠ રાખીયે. ૬
એટલી વાર વિલંબન કરી, ચાલો હર્ષ હિયા સ્યું ધરી;
અપશુકન (જો) વલી લહી, શ્વાસોશ્વાસ સોલ (જો) રહી. ૭
પ્રાણાયામ પડખિયે એતલા. પછે પ્રયાણ કરીઇ ભલા;
ત્રીજી વાર શુકન નવિ હોય, તિણે દિવસ ન ચાલે કોય. ૮

એ શુભ શુકનિ પ્રયાણુ કરો, લાભ લોભ જય પામે ખરો;
માઠે શુકન મ ચાલો જાણુ, પુછયા વિણુ વલી પુરૂષ પ્રધાન. ૯
વેદ ધ્વની વલી વીણાવાદ, રાજા રથ શંખ ભેરી નાદ;
છત્ર સિંહાસન કુંજર સાર, ઉદ્દો ભણે યોગિણિ જયકાર. ૧૦
સબધેનુ મંગલ ભણે બાલ, શ્વેતપુષ્પની આપે માલ;
દધિ દુર્વા મદ્ય સામુ મિલે, અલીય વિઘન સવિ દૂરે ટલે. ૧૧
કેશ હાડ લોહ સાંકલ રાખ, ઇંધણુ કપાસ કિહાં જાઓ ભાખ;
કૂકસ પંગુ ઠાલા હાંડલા, રાટુયાં વિટલ વિણુ ચામડાં. ૧૨
છાશ વીષ ત્રણ ખપ્પાર ખોલ, સાપ બિલાડો મલી તેલ ગુલ;
વામન વૈરી વિરવો વેષ, છકયો કૃપણુ વલી વાગે ઠેસ. ૧૩
રાસભ મહિષ ચડયો પુરૂષ જેહ, ગર્ભવતી રજસ્વલા કહું નેહ;
ખોડો આંધલો અંગે હીન, પતિત પાવે રોગી દીન. ૧૪
સસો સેહલો કાકિડો વલી, પગ આખડે પાઘડી જાય ટલી;
અંચલ કાંટે વિલગે યદા, સુગુણ પિયાણું ન કરે તદા. ૧૫
નવુ સિંહાસન સર્વ સિદ્ધિ કહે, જુને કરી અર્ધ ફલ લહે;
ત્રવાઇયો માંચી ખાટલો, સાદરીઇ ભરીયો નહી એ ભલો. ૧૬
પેટ પિંડિ પગ પીડા કરે, હિંડયો વાટે યદા દુઃખ કરે;
સર્વ હથિયાર ભલા સજકીયા, વાલંદ શસ્ત્ર સદા વરજીયા. ૧૭
નીલો સાક મલ્યો સવિ ભલો, પણુ કાલિંગ ટાલ્યો એક ભલો;
મચ્છ યુગ્મ પૂરણુ ફલ કરે, સુકો મત્સ નિષ્ફલ ફલ હરે. ૧૮
સૂર્ય વિકાસિયા કમલ હુઇ જેહ, રાત્રિ નિષ્ફલ કહિયા તેહ;
સોમવંસી કમલ જાણુજો, દિવસે નિષ્ફલ સહી માનજો. ૧૯
ગોરી પાનિ સુખદાયક સહી, કાલી તુચ્છ ફલ આપે સહી;
રજ કાકર નિષ્ફલ માનજો, રાતાં ફુલ સનમુખ ટાલજો. ૨૦
આરિસો સાહમો જો મલે, વદન જોતાં સવિ આરતી ટલે;
જો નવિ જોઇએ તે માંહિમુખ, મરણભય ઉપજાવે દુઃખ. ૨૧

ધોવા વસ્ત્ર પલાલીયા જેહ, સાહમા મિલ્યાં સુખદાયક તેહ;
ધોયાં મિલ્યાં ચિત ચિંતા કરે, તલાઇ સર્વ આરતિ હરે. ૨૨
સોનું રૂપું ધાતુ એ સાર, અપર ધાતુથી હાની અપાર;
ગાય છાંણુ સુખ આપે સરે, મહિષિ છાંણુ નિતુ ચિંતા કરે. ૨૩
સાલિ ગોધુમ ત્વચા સહ સાર, ઈણુધાંને હુઇ જય જય કાર;
તિલ દ્રવ્ય હાણી કરે તે સહી, કુકસ ધાંને તુચ્છ ફલ લહી. ૨૪
દલ્યા ધાન સુખ ન આપે રતી, શેકયાથી રિદ્ધિ નાસે છતી;
રાંધે ધાને સર્વ સિદ્ધિ મલે, કોહ્યું અન્ન કષ્ટમાંહી ભલે. ૨૫
સાંભલિયો અથ દિઠોનરિંદ, સાહમુ મિલિઉ કરે આણુંદ;
અશ્વકાઢિયો નાઠો એકલો, એહવો નરપતિ નવિ કહીયે ભલો. ૨૬
ભારતમાંહિ વેદવ્યાસે કહ્યું, જૈનજતિ શુભ દર્શન લહ્યું;
આચારિજ તે વિદ્યાવંત, રાજ્યરિદ્ધિ આપે એકંત. ૨૭
વલી શુકનાર્ણવ માંહિં સાખ, રાજા મયૂર તુરંગમ ભાખ;
હસ્તિ વૃષભ શ્વેતાંબર મિલે, મન ચિંતવ્યા મનોરથ ફલે. ૨૮
ભિક્ષાચર ભિક્ષાયે કરી, સઘળું વિઘન જાએ તે હરી;
ઠાલો અનરથકારી કહ્યો, ભિક્ષિ બીજો ઇણિ પરી લહ્યો. ૨૯
સનમુખ વેશ્યા મંગલકરે, વિવાહ કાજે રૂડિ નહિ સરે;
સંતતિ ફલ નવિ પામે કદા, વૃદ્ધવેશ્યા નિષ્ફલ હોયે સદા. ૩૦
પૂર્ણ કુંભ પુરણ ફલ કહ્યો, અર્ધે અર્ધ વિદ્વાંસે લહ્યો;
યુગ્મ કુંભ પુણ્ય જોગે મિલે, ઠાલુ કુંભ અશુભમાંહિ ભલે. ૩૨
પથિકને કહે પુંઠે વલી, ચિંતા ન જાએ તેહનિ ટલી;
વર કન્યા પરણી આવતાં, ભાગ્ય યોગે મિલે ભાવતાં. ૩૨
કાલે નીલે વસ્ત્રે વલી, પુરૂષ સ્ત્રી સાહમિ જો મલી;
કાર્ય સિદ્ધ ન હુવે તેહ તણું, મેહકાજ મેહ વરસે ઘણું. ૩૩
પુરૂષે તાણ્યો સકટ પેખિયે, વધ બંધન મરણુ દેખિયે;
બળદ એક તાણ્યો ગાડલો સાહમો મિલ્યો નહિં તે ભલો. ૩૪

ઉંટ ચડ્યે મરફ્યેં ઘણું. દોડ્યો ઉંટ કષ્ટ દિઇ ઘણું;
ઘણા ઉંટ સાહમા ઉતરે, પથિ કુશલ દેખે દુર્ભિક્ષ કરે. ૩૫

વ્યાઇ ભેંસ પ્રવેશે શુભ, પાડિ સહિત વિવાહે અશુભ;
મહિષ સહિત મહિષિ ઘર મધ્ય, ચોર મરણ ભય આણે શુદ્ધ. ૩૬
પાડ સહિત મહિષિ ઘર વહા, આવે તો રિદ્ધિ આપે સહી;
રતિ આવી ભેંશ ત્રાસવી, પથિક પ્રયાણે નવિ લેયવી. ૩૭
પાણી ભરીયો મહિષ જય કરે, અવર મહિષ શુકન પરિહરે;
પુરૂષ વૃષભ નર ખંધે ચડયો, ઉત્તમ લાભ દે દ્દષ્ટી પડયો. ૩૮
વૃષભ ચઢી નારી આવતી, પથિક લાભ ઘણું લાવતી;
વિક્રય ક્રિયાણું કરવા યદા, સન્મુખ વૃશ્ચિક જો આવે તદા. ૩૯

ઘણો લાભ ક્રિયાણામાં કહ્યો, રાજકાજ વયરી ભય લહ્યો;
કરસણ કાજે તે જાણજો, પ્રવેશે વિંછિ ટાલજો. ૪૦
રૂદન રહિત મૃતક જો મલે, મન ચિંતવ્યા મનોરથ ફલે;
પ્રવેશે મૃતક પરિહાશે, રોગ મરણ ભય આણે ખરો. ૪૧
સંતાન કાજે દિવો જો મલે, પુત્ર હોય તસ આશા ફલે;
દીવી મલી બેટી નિપજે, થોડી વૃત્તિ રોગ નીપજે. ૪૨
અલ્પ તેલ અલ્પાયુ કહે, પ્રયાણા કાજે દીપક જો લહે;
બીજા શુકન જો નવી ભાવીયે, પાછા વલીને ઘરે આવીયે. ૪૩

રોગી કાજે શુકન જોવતાં, સાહમો અગ્નિ જો મલે આવતાં;
પૂર્વ રિષિયે અશુભ તે રહ્યો, વિવા કાજે શુભ તે લહ્યો. ૪૪
કરસણી તપોધન નપુંસક બાલ,
હાથે એહને અગ્નિ હોય તો કાલ;
ધુમ્ર સહિત પ્રવેશે મિલે, સુહગુ ધાંન તે તતખીણ હરે. ૪૫
સીતકાલે પ્રવેશે અગ્નિ સવિ ભલો, સર્વ ઉપદ્રવ વારે એકલો;
અંધ પુરૂષ પુરૂપે તાણતો, સાહમો સુખ સહી વારતો. ૪૬

નારી સહિત અંધ કરે હાણ, આપ બલે હીંડનો વખાણ;
ગામ સંબંધી શુકન સવિ કહ્યા, મંદ બુદ્ધિકરી જે મેં લહ્યા. ૪૭

इति गाम मांहिला शुकन संपुर्ण.

ગામ બાહિર શુકન હોય જેહ, સાંભળજો હવેક હું વલી તેહ;
પહિલિ દિશિ સકલ ભાખિયે, નીરતથી થાય હીયે રાખીયે. ૪૮
શાંત દીપ્ત પ્રશ્ન બે સાર, તેહનો કેતો વલી વિચાર;
સોલે દિસિ અરધ ઉંરધ વલી, અઢાર દિસિ શુકનની મલી. ૪૯

દિસિ કાલ સ્વર ચેષ્ટા જાણ, ગતિ સ્થાનક ભાવ વલી વખાણ;
શાંત દીપ્ત કાર્ય જે લહે, શુકન ભાવ તે શુદ્ધો લહે. ૫૦
હવે સુણજો દિસિના વલી ભેદ, શાંત દીપ્ત બે જાણું ભેદ;
ભસ્મિત દગ્ધ જવલીત વલી જાણ, આલિંગતા ધુમિતા વખાણ. ૫૩
એ પાંચે દિસિ ટાલી સહી, શેષ થાકતી શાંતજ કહી;
શાંતિ દિપ્તિ પાડાંતર લહી. સૂર્યવારથી કેતા કહી. ૫૨
રાત્રિ પાછલી અઘલી હુઇ યામ, ઘટીચ્યાર રવી ઉગે તામ;
પહોર એક પૂરવ દિસિ રહી, જવલીત દિસિ નિરતી તે કહી. ૫૩

ધૂમિત છાંયા જલિ બલિ જાણ, કદમ ધાત્રી ભસ્મ વખાણ;
અંગારીક અનુક્રમે જાણજો, શાંત દીપ્ત ઇાણ પરિ આણજો. ૫૪
અગ્નિ ઈશાન ઉત્તર ને પૂર્વ, તોરણીઉ ભરી હડીએ સર્વ;
માહરૂ મૂલ ધુ મૂલ એ જાણ, દિસ દિશિએ સહી વખાણ. ૫૫
શેષ થાનકની આઠે સોઇ, શાંતિ દિશિ નિરંતર હોઇ;
ઉત્તર દિશિનો રવી સંચરે, કુણ ઇશાન જવલીત તે કરે. ૫૬
જવલીત રહી ઘટી કાચી આઠ, ધુર ઈશાનથી ગણીયે પાઠ;
દક્ષિણાયન સૂરજ હોય યદા, અગ્નિ કુણ જવલીત હોય તદા ૫૭
જવલીત બંધ કરે રવી પાસ, ધુમ્ર બંધન છાયા સુખ તાસ;
જલ રાજ્ય કર્દમ હુઇ લાભ, સુખિત ખેમ ભસ્મ ભયરાજ. ૫૮

સોગ અંગાર કરે અતિ ઘણો, એહ મહિમા આઠે દિસિ તણો;
રવી કલંબી સોમ હુઇ રાત, રાજકુલિ મંગલ વિખ્યાત. ૫૯
બુધ વાણિક બ્રાહ્મણ ગુરૂ કહો, મુસલમાન તે શુક્રજ કહો;
ઋતુ સ્ત્રી રોગી નાહવો, પ્રસાદ સેવા કરસણ નવો. ૬૦
પદ પ્રતિષ્ટા કરવું જેહ, વાણિજ અરથ કહ્યાં સવિ તેહ;
કાલ નિયતીની કલા અભ્યાસ, રાજ્ય અરથ પ્રતિમાનું વાસ. ૬૧
સુખ કાજે તે બીજ કામ, શાંત પ્રશ્ન જોવા તે ઠામ;
બલહ કાજે બલ કરવે સહી, સર્પ વઢે અવિશ્વાસે કહી. ૬૨
આચાર શુભ વિણઠે હારતે, શોક કાજે મારી ભય છતે;
રોગી બંદી પડયા ભય કામ, ચિંતવતાં ઢુકડે સંગ્રામ. ૬૩
લાભ તણો ઉપનો સંદેહ, પાછો બલ ભાંગુ છે તેહ;
વૈરી મિલ્યાઇ મરણાંત કષ્ટ, દીપ્ત પ્રશ્ન એ સઘલા દુષ્ટ. ૬૪
રાજા ખર સસુ સીયાલ, ઘોડો ગાય સારસ સુકમાલ;
રૂડું કામ ગામાંતર વામ, પ્રવેશે જિમણો તે ઠામ. ૬૫
દેવી ભઇરવ ને છછુંદરી, ફયાઉ ગિરોલી ભુંડ શુકરી;
લાભ ભાગે બોલીએ ભલી, એ સ્ત્રી જાતી વિશેષેવલી. ૬૬
બીજી સ્ત્રી સ્વર જમણુ કરે, શેષ થાકતાં મુખ ઉચરે;
પુરૂષનામ તે ડાબો જોય, ગણેશ વાનર જમણો હોય. ૬૭
પૂરવ ઉત્તર દિશિ કહિયે જેહ, સપ્તરીષિ ભરહડિ તેહ;
વિષ્ણુ પદ અભિચજ નામ, કુણુ ઇશાન ઉદયનું ઠામ. ૬૮
માયહરૂ કૃતિકા અહિનાણ, વિશાખા ભરણી પુષ્ય જાણ;
અંધારે એક ઉગે સહી, પૂર્વમૂલ સ્વાતિ ઉદયે કહી. ૬૯
ઉ-ફા ઉ-ભા મઘા રેવતી, શતભિષા અશ્વિની જે છતો;
રોહિણિ ઉદય હસ્ત રિષિરાય, લઘુમૂલે બોલિયો એ ઠાય. ૭૦
જ્યેષ્ટા અનુરાધા આદરા, પૂ.ષા ઉ.ષા અગ્નિ સરા;
મૂલ અગસ્તિ તોરણુ ઉગમે, લંકા ટાઢા તારા ક્રમે. ૭૧

દક્ષિણ બીજું નામ નિવાસ, અગસ્ત લંબક યમ નાશ;
વૃશ્ચિક અસ્ત કરી પરમાણ, નૈરતિ નામ બીજું સોઇ ઠાણ. ૭૨
આદ્રા હસ્ત ચિત્રા મૃગ જાણ, પંચારાધિ તે અસ્ત વખાણ;
સ્વાતિ રોહિણિને પુફાવતી, કૃતિકા ભરણીને રેવતી. ૭૩
પશ્ચિમ અસ્ત કરી તે કહી, પંચત પુષ્પ વિશાખા સહી;
સ્વરક અભિચ વિષ્ણુ પદવાસ, પંચારક મરી તરીરખી લાવી. ૭૪

દુહા.

પહિલુ પઇયા ચ્યારે કરે, તેહનું કરીઇ માન,
પહિલે પઇયે ફલ કરે, બીજે બિમણું જાણ. ૭૫
ત્રીજે ફલ મોડેં રહુ, ચોથે નિષ્ફલ તેહ;
ગામાંતર ત્રીજે શુકન, તુહિ ન ચાલે તેહ. ૭૬

શુકન કોશ મોહિ બલ કરે, ગામાંતરિ તે જાણ;
કોસ ઉપરી હરૂ ને લવે, તે સવિ નિષ્ફળ જાણ. ૭૭
રૂડું ભુંડુ ચાલતાં, કિશુ શુકન નવિ હોય;
પથિ તે કહવું સહી, મૃત્યુ દેખાડે સોય. ૭૮

શુકન શુકન ને દેઇ કરી, દીપ્તીદિશિ તે જાય;
પંથિને કહેવું નહી, તુઝને કાંઇ નવિ થાય. ૭૯
ઘર વાસાને મૃત્યુ કહે, અગ્નિ ભય તે જાણ;
સમ કાલે સાથે લવે, એક જાતીય વખાણ. ૮૦

ડાબા જિમણા બોલતાં, તોરણી-યાત્રા તેહ;
ગામિ જાતાં આવતાં, સિદ્ધિ કરે સવિ તેહ; ૮૧
મધ્ય શુકને મધ્યફલ, ઘર ભીંતિ ગઢ વાવી;
એ અંતર બોલે સહી, અરધ વૃષ્ટિ ફલ લાવી. ૮૨


શુકન ન દિશે ફલ નહી, ભુખ્યુ રોગી હોય;
સંગમ કરતો બીહતો, માલા માંહિ જોય. ૮૩

સીમ પર્વતને અંતરે, બાલક બોલે જેહ;
તે નિષ્ફળ સવિ જાણવું, પ્રગટ કહુ હવે તેહ. ૮૪
શબ્દ ઘણેરે જે લવે, નર ભય વેશુ જાણુ;
આપ ઇચ્છાએ બોલતો, દેખીતુ સર્વ વખાણુ. ૮૫

ચોપાઇ.

રૂડો ભુંડો જે પાડુવો, સું ત્યાગી ફોક તેહવો;
જીવાર્ગાતે વસતિ દિસે, રૂડું ભુંડુ કહિવું તિસે. ૮૬
ચેડા ચેડિ જે સ્વર કરે, દૂર ઢુકડુ મુખ ઊચ્ચરે;
શુભ અશુભ અનુક્રમિ જાણવું, પહિલુ પછઇ ફળ આંણવું. ૮૭
ઇમ લેતાં ફલ પામે સહી, એહ વાત ગ્રંથાંતર કહી;
ગામમાંહિ વન સંબંધિ જેહ, ઘણું ભય ઉપજાવે તેહ; ૮૮
ગામમાંહીલા વન માંહ લવે, અનરથ કારણ કરવું સવે;
રાતિ ચારી દિશે ફૂલ નહિ, દિશ ચારી નિશ નિષ્ફલ કહી. ૮૯
આપાપણી વેલા સુખ કરે, જીવ માત્ર જે મુખ ઉચ્ચરે;
શુકન જોઇને કરીસે જેહ, નિશ્ચય સુખિયા થાસે તેહ. ૯૦
અઢાર દિશિના કહુ હવે ભેદ, ડાબા જિમણા તિહાં નહી વેદ;
જે દિશિ બોલે તેહ વિચાર, તે સાંભલજો શુભાશુભ સાર. ૯૧
અથિર કાજ તે થિર હોયે સહી, થિર કાજની સિદ્ધિ નવિ કહી;
સુપ્રભાત તે કાજ વિણાસ, દીપ્ત હોય તો પૂરે આશ. ૯૨
પૂરવ મૂલ લઘુ મૂલ ફલ એક, શુભ કામ વિણસાડે છેક;
વિણસાડે સઘલા ફલ કાજ, વઢાવઢી જય પામે રાજ. ૯૩
રાજાદિક લાભ દૂરે ઘણું, અગ્નિ કુણનું મહિમા સુણું;
તોરણીયો ફલ દક્ષણ જાણુ, બીજું (નામ તે) ચીર વખાણુ. ૯૪
શાંત કામ તે થાયે વાત, સઘલી વેલા દીપ્ત ઉત્પાત;
ભય સંગ્રામ વાદ મધ્યાન, દીપ્ત કામ વલા પરધાન. ૯૫

અઢાર દિશિનો યંત્ર.



દક્ષણુ બીજું નામ નિવાસ, દિવસ ઘણેરે પુરે આસ;
લંબક શરણુ શાંતિનું કામ, દીપ્તે પામે વંછિત ઠામ. ૯૬
નૈરૂત બીજું નામ પ્રમાણુ, અથિર કામ તે સિઝે જાણુ;
જેહ કામનો હુઇ સંદેહ, મેહકાજે વરસે મેહ. ૯૭
પંચરાધિ તે ઘોડો લાહ, દીપ્ત કાજ તે ધરે ઉચ્છાહ;
પશ્ચિમ શાંતિ કર્યા દિસ સહી, સંધ્યા વેલા શુભ દિન નહી. ૯૮
પશ્ચિમ દિશિ વિલંબે કાજ, સર્વ સિદ્ધિ તે પામે આજ;
વરસાત સવિ વરસે ઘણો, એ માહેમા પશ્ચિમ દિશ તણો. ૯૯
પુરવ પશ્ચિમ પ્રહર ઘુરિ હોય, સોલ ઘડી ટાલી જે સોય;
તીવાર પછી જે બોલે જાણુ, તેહ શુભ કરવું પરમાણુ. ૧૦૦
પંચત મરણુ માણુ કલેશજ કરે, દીપ્ત હુઇ તો ચિંતા કરે;
વાવકુણિ વાયપલ કરે, સીઝે તો વલી ચિંતા કરે. ૧૦૧
દુઃખ હોય તો આરતિ જાય, ગઇ વસ્તુ લાભે સુખ થાય;
પંચારક ભય ભાંજે વાત, શુભ કાર્ય તે દે ઉપઘાત. ૧૦૨
જે વિચારે પડયો હોય કામ, તે સીઝે વલી પામે ઠામ;
સીઘ્ર કામ એ થાતું જેહ, તેહની આશા ન આણે તેહ. ૧૦૩
ઉત્તર આપે નિશ્ચલ ઠામ, અશુભ હોય તો દે શુભ કામ;
દીપ્ત હોય તો ઘાત સહી કરે, શાંત થકી તે સીઝે સરે. ૧૦૪
દુવા (દસ) કામ વિણસાડે નહી, નવું ફલ ન પામે સહી;
ભરહડિ માંહિ સુકન બોલાઇ, ઠાલું ભરે ભરિયો ઠલવાય. ૧૦૫
હવે ઇશાન કહુ સવિ વાત, શુભ કામ ન હોય ઉપઘાત;
વાહણુ ચરૂતા ફલદેં ઘણું, સેવા માન લહે નૃપતણું. ૧૦૬
ગઇ વસ્તુ તે લાભે સહી, એ ઇશાન વિદિશિ ફલ કહી;
માહરૂ (ને) કહીઈ અઘોર, શુભ કાજિં તેહનું બહુ જોર. ૧૦૭
ઉંચા શકુન બોલિવલી જેહ, સુખઅસુખ અસુખઇં સુખ તેહ;
નિચા સુકન તે ઠામ વિણાસ, ઠામ નુહિ તો પૂરઇ આસ. ૧૦૮

ઉંચી નિચી જે દિસિ સંગ્રહે, વલી ભાવતે દિસિનું કહિં;
દક્ષિણુ વામ તણું નહિં કામ, એ અઢાર દિસિ જોજયો ઠામ. ૧૦૯
શાંતિ દિસિ માંહિ બોલે જેહ, સાહમું શાંતિ જાઇં વલી તેહ;
કેવલ ફલ શાંતિનુ કહિઉં, દીપ્ત સાહમું તે બોલી રહિઉં. ૧૧૦
શાંતિ થકી દીપ્ત દિશિ ગયો, તે માટે અરધ ફલ લહ્યું;
દીપ્તિ દિશિ શુકનજે લવિં, બોલ સાહમું તેહમાંહિ ઠવઇ. ૧૧૧
પૂરણુ ફલ દીપ્તિનું કહી, વિપરીતેં વિપરીતજ સહી;
ઇમ હૃદય વિચારી વાત, સકુન સવિ જોજયો વિખ્યાત. ૧૧૨
દીપ્તે બોલિ શાંતિ જાઈ, શાંતિ સાહમું સ્વર તે થાય;
અર્ધપૂલ વિદ્વાંસે કહિઓ, ગુરૂમુખ એહવો મઈં ફલ લહિઓ. ૧૧૩
દેવવિજય સિસ કહિં સહુ સુણઉ, સુકન કહુ વલી દુર્ગાતણુ;
સુકન પોઢાડુ ભાવઇં કરી, પછિ વિચારૂં ભાષા કરી. ૧૧૪
સુકન જોવાનું ક્ષેત્રજ સુણિઉ, નગર બાહિર થકી તે જાણિઉં;
રાજાનિં છપેં ક્રમતે જાણું એતલિં સુકન જોવા નિરવાણિ. ૧૧૫
ઉંચ વરણુનિં ત્રણપેં ક્રમ, ક્ષેત્રઇ જોવા જાવા ધરમ;
શેષ લોકનિં શત વલી એક, જોવા જાવુ એતલે છેક. ૧૧૬
આવા કીજે રાજા દેવિ, ભુંઈ ચોખી કીજે ખિણુ મેત્રિ;
દુ સાધીનેં દિસિ સાધીઇં, પછિં સહી નાણુ તેહનું કાઢીઈ. ૧૧૭
ચઉકીથી ગજ આઠ દિસિ ખરૂ, દિસિ સહી નાણુ દૃષદનું કરૂ;
જેહ વાતના શુભ શુકન ભાખિઈં, કાગળ લિખિ કહઇરાખીઇં. ૧૧૮
દસ દિગૂ--પાલ ચિત્ત ધારીઇં, અપશબ્દ ભાષા વારીઈં;
યોગિનિ કાલ પુંઠિં કરૂં થાપ, દુર્ગા નામ જપો એ જાપ. ૧૧૯
શ્યામા કૃષ્ણા શકુના સાર, સિત પક્ષા પોદકી ઉદાર;
કુમારી પંથ જનનિ કહું, તથોમા બ્રહ્મ સુતા જે લહુ. ૧૨૦
શુકન દેવતા દુર્ગા દેવિ, ચટિકા ધનુર્ધરી વલી ભેલિ;
પ્રત્યક્ષદેવિ ભગવતિ પાંડવી, વારાહી ઋદ્ધિ આપઇં નવી. ૧૨૧

અષ્ટાદસમભિધાનિં કરી, સિદ્ધિ દાયક દુર્ગા હુઇ ખરી;
બેકરજોડી કરૂ વિનતિ, શુકન સિદ્ધિ આપઉ ભગવતી. ૧૨૨
દુર્ગા મૂરતિ કીજે યંત્ર, ચોકી ગનિમાંડી ભણું મંત્ર;
મૂરતિ યંત્ર વિણુસ્યું કીજીઇં, નામ લેઇ ધરતી પુજીઇં. ૧૨૩
દિસિ પૂજો વધાવઉ ખરી, ચોખાપૂગી નિજ કર કરી;
સંધ્યા સમય અનિ પરભાતિ, એ બિહુ ટંકી શુકન વિખ્યાત. ૧૨૪
અથવા ચ્યારિ ટંક વલી કહ્યા, વિસ્તારિ છટંકજ લહ્યા;
શુકન જોવાની એ વિધ કહી, વિચારણા કહું હવિ સહી. ૧૨૫
દુર્ગા શુકુન વલી ભેદે પંચ, દરશણુ ચેષ્ટા સ્વરનો સંચ;
ગતિ ભક્ષણુ મુકડઈ જે ગ્રહ્યું, વિચારણા જુજૂઈ તે લહ્યું. ૧૨૬
દરસણુથી ચેષ્ટા બલ ઘણુઉં, ચેષ્ઠાથી સ્વર સબલો ભણુઉં;
સ્વરથી ગતિ સબલ માનજ્યો, ગતિ અધિક ભક્ષણુ આણુજ્યો. ૧૨૭
એ પાંચે સમુદાઈ કરી, પુરણુ ફલ દિઈ દુર્ગા ખરી;
ગાંમ ચાલંતા દુર્ગા સિરઇ, વિરૂવા શબ્દ ઘણા નવી કરઈ. ૧૨૮
બેઇડી સમે થાનક રહી, શુભ ચેષ્ટા દુર્ગા કરિ સહી;
ડાબા ગમા દીઠી તે ભલી, કાર્ય સિદ્ધિ કરિં એકલી. ૧૨૯
ડાબી હુતિ જિમણી જાઈ, તે તારા દેવી કહિવાઇ;
જીમણી પાંખ ઉંચેરિ કરિ, ચાંચઇં ભક્ષ લેઇ સંચરિ. ૧૩૦
શુભ શબ્દ તારા વૃક્ષ ડાલિં. બઇસેં તો ચિંતામણી ભાલિ;
પુંઠિ બાહુલિયો આગલિ દેવિ, તારા દરસણુ દેતિ એવિ. ૧૩૧
એહવી દુર્ગા જુ પેખિઇં, સર્વ સિદ્ધિ કરતી લેખિઇં;
ડાબી ગમા દેવિ તે રહી, જે જે અવસ્થા કરિં તે સહી. ૧૩૨
સુખ દુઃખ આપણુનિં કહિં, જિમઈ પાસઈ વયરી નઇં લહિં;
ડાબી ગમા ઉંચી આકાશિ, ઉડી પડિં પૃથ્વીનઈ પાસિ. ૧૩૩
પથિક મરણ સહી જાણુજ્યો, દક્ષિણુ પાસે વયરી માનજ્યો;
પ્રિય સંગમને મોટિમ પણું, હર્ષ હઇઈ ભક્ષણુ હુઇ ઘણું. ૧૩૪

એ ચેષ્ટા સઘલી જાણુવી, વામ પાસંઇ પથિકે આણુવી;
જિમણુઇ પાસિ જો ઇમ કરિં, વયરિંનઈ તો કહીવું સિરઈ. ૧૩૫
બીજે રોગ પીડા અનુભવિ, નકુલ સિંચાણુઈ જે ત્રાસવી;
અવસ્થા એહવીઇં હોઈ, બીલ માંહિ પઇસઇં વલીસોઇ. ૧૩૬
ઇંધણુ લીહાલા વિષ્ટા પહાણુ, રાખ અસ્થિ કાંટા સબ જાણિ,
બઇસે એકુત્રે સ્થાનક વલી, દીપ્ત દિશિમાં જાઇ ભલી; ૧૩૭
કુચેષ્ટા એ દેવિ તણી, ફલ ગ્રંથ માંહિ જે ભણી;
અશુભ લહીનઇં એ પરીહરો, શુકનભાવ આવિં જિમ ખરો. ૧૩૮
ગોલી ધનુષ નખી જિમ જાઇં, આકાશે ઉડી તારા થાઇ;
પથિકનિં વયરિસ્યુ વાદ, ઘણિ પિયાણિં નહિં સવાદ. ૧૩૯
જિમણિ હુંતિ ડાબી જાઇ, સા દેવી કરવત કહિવાઈ;
વધ બંધન મરણુ સહી કરિં, નિખર માંહિ તે બોલી સિરઈ. ૧૪૦
મુખ સાહમી દેવી આવતી, પુંઠિં શબ્દ કરિં ભાવતી;
નવી દીસઇં દરસણુ જેહનું ગામંતરૂં વારિં તેહનું. ૧૪૧
દેવી બોલી નિચી જાઇં, નિચઉં ફલ તેહનું કહિવાઇં;
વરસ દિવસેં ઘણેરઈ કાલ, તેહનું ફલ નોહિ તતકાલ. ૧૪૨
મધ્ય ભાગિં મધ્ય ફલ લહિ, મસ્તક સમી શિઘ્રફલ કહિં;
ધુસર માનિ દેવી લવિં, સદ્ય ફલ તેહનું અનુભવઈ. ૧૪૩
બઇ ધુસરે સુકન હુઇ સાર, ફલ હુઈ પણિ કેતું કાલ;
ત્રિહું ધુસરે માનિજે હોઈ, ઘણિં કાલિં અલ્પફલ સોઇં. ૧૪૪
પહિલું નીચી ચાલિ દેવી, પછિં ઉંચી જાઇ ખીણુ મેવિ;
દિવસઘણે ફલથોડું જાણિં, ઇણિ વચનઇ સંદેહમમ આણિ. ૧૪૫
ઉંચી ઉડિ નીચી જાઇં, ઉતાવલું ઘણું ફૂલ થાઇં;
વામ બોલીનઈ તારા ગઇ, અધિક ફલ તેહનું હુઈ સહી. ૧૪૬
શીઘ્ર તારા શીઘ્ર ફલ કહે, વિલંબ તારા મધ્યમ ફલ લહિ;
મ ડઈ મકડઇ જાઇં તાર, દિનફલ દીઇં વવહાર. ૧૪૭

વલી તારા નવ ભેદે કહી, તેહનાં નાંમ જાણું એ સહી,
અંધા[૧] ગુલિકા[૨] કાંડા[૩] જાણિ, સ્ખલીતા[૪] દૂરા[૫] વલી વખાણિ ૧૪૮
કપાટિકા[૬] વક્રા[૭] જાણજ્યો, ઉર્ધા[૮] અધા[૯] હિંઈ આણજ્યો;
હવે વિવરણના કહુ નત્ર તણી, શુકન શાસ્ત્ર માંડ્યા જેહ ભણી. ૧૪૯
જે દેવી તારા વલં હુઈ, રાફ કોટરમાં પહિસિં જઈ;
તે અંધા તારા જાણવા, અર્ધ ફળ આપે તે હવી. ૧૫૦
ગોલિંની પરિં ભુંઇ લોટતી, પરો પરો જાઇ તે મોડતી;
બીજી ગુલિકા તારા એહ, અશુભ ફલ આપઈ વલી તેહ. ૧૫૧
બાણ તણિ પરિ જે દેવી, આગલિ થકી જાઇ ખીણ મેત્રિ;
કાંડા તારા ત્રીજી જાણિં, મધ્યમ ફલ આપંઇ નિરવાણિં. ૧૫૨
દેડકની પરિં ચાલતી, ઝાંપ દેઇ થાઇં સાંસતી.
સ્ખલિતા તારા ચઉથી જોઈં, અલ્પ ફલ દેખાડિં સોઈ. ૧૫૩
જે દુર્ગા સહસા એકલી, તારા હુઇ જાઇં વેગલી;
તે દૂરા તાસ પંચમી, ભય ઉપજાવિં નવિ તે સમી. ૧૫૪
કપાટિં રીતિં જે નીકલિ, અર્ધપંથથી પાછિં વલી,
કપાટિકા છઠ્ઠીએ તાર, ભયકારીને કરિં જયકાર. ૧૫૫
ગતિ કરતી આકાશિં જાઇં, ચાલિંમુત્ર ધાર જિમ ગાઇં;
વાંકી વિસમિ ગતિ ચાલતી, વક્રા વક્રજ ફલ આપતી. ૧૫૬
ઉંચી ઊડી જાઇં તાર, ઉર્ધાતાર કહવી સાર;
સુદ્ધ વઢાવઢિ સહી તે કરિં, વિસમિ તારા કહવી સિરિં. ૧૫૭
અરધ મારગિ રહીનિં દેવી, ઉંચી હેઠી જાઇં ખીણ મેવ;
અધા તારા નવમી એ કહી, બીજી રજવી તારા સહી. ૧૫૮
પ્રથમ તારાકરિં ભય તાસ, બીજી તારા લાભ નિવાસ;
ત્રીજી તારા પૂરણ ફલ કરિં, એ તારા ફલ જાણો સરાઈ. ૧૫૯
દુર્ગા સાહમું પુંઠે જોઇ, તારા ઉતરિં ખિણ માંહિ સોઈ:
પાછલિ કાજ તેહનું નવિ સરઇ, મુખ સાહુમી જે વલી ઉતરિ. ૧૬૦

આગલિં કાજ નથી તેહ તણઉં, પાછલિ તાર ઉતરિં તે ભણું;
આગલિ ઉતરિ તેહનું સુણો, અર્થે લાભ હુઇ અતિ ઘણો. ૧૬૧
વામ ભાગિ પ્રયાણ (જ) સમઈ, ભક્ષણ લેતી જિમ નિગમઇ;
લાભ સહિત રોગ અપહરિં, જિમણિં પાસિ હાણિ તે કરિ. ૧૬૨
જિમણો પાસઓ પાંખત્રલી બે, વિજય કરિં ઉપાડિં તે;
પુંછ ઉપાડી લખમિવરિં, હર્ષ ઘણું જો નિત્યજ કરિં. ૧૬૩
મૈથુન કરિં વૃક્ષ વલી ચડિ, ભક્ષણ લેઈ શાંતિ દિશિ અડિં;
નિરમલ નીર નાહિ નઈ પોઇ, તો સુખ સંપતિ આણિ દીઈ. ૧૬૪
જિમણે પાસે સમારિ અંગ, ચાંચઇ પાંખ જિમણિ કરે ચંગ;
વ્યાપારિં સર્વ સિદ્ધિ લહઇ, હવઇ દેવીની ચેષ્ટા કહિં. ૧૬૫
રીસઇ કઠિણ બોલે વલા બોલ, વાંકુ ચુંકુ જોઇ નિટોલ;
ઉંઘઈ ઉઘ કઈ નાસી જાઇં, ત્રાસે કોપે બગાઇ ખાઇ. ૧૬૬
અંગ ઢીલાનિં આલસ કરિં, ધુણઇ કાલમુહિ થઇ ફિરઇ;
લઘુ વડીનિતિ કરિં વલી વમઈ, ત્રાડે પુંછ ચેષ્ટાઈ ભમઇ. ૧૬૭
મોહ પડઈ બીહઈ કરિં ધ્યાંન, પાડે કષ્ટ લોટઈ શમસાન;
કાદવ ધૂલિ ખરડઈ અંગ, શુભઇ અશુભઅશુભઈ ફલ ચંગ. ૧૬૮
પતિ સાથઇ દેવી દીસતી, પૂરણ ફલ નિશ્ચય આપતી;
એકઇંકરિ અરધ ફલ લહિં, એકઈ ન દીસિઇ તો ભય કહઇ. ૧૬૯
દેવી શુકન જોતાં મનરૂલી, બીજી દુર્ગા આવઇ વલી;
મિત્ર પ્રાપ્તિ તેહથી જાણવી, બાહુલીઉ સ્ત્રી લાભઇ ચવી. ૧૭૦
દેવી પુંઠઇ પતિ લાગતો, ગતિ ચેષ્ટા કરિ ભાવતો;
પૂરણ ફલ આપઇ તે સહી, પતિ પુંઠઇ જો દેવી રહી. ૧૭૧
હીન ફલ તેહથી જાણજ્યો, પુત્ર કાજિ સુકન માનજ્યો;
બાઉલિઉ નરનામઈ વૃક્ષ, દીઠઉ સુત આપિ પરતક્ષ. ૧૭૨
નારી નામઇ વૃક્ષે ફરી, બેઠી દુર્ગા દિં દીકરી;
સુકન જોયંતા પથી જેહ, આપણા પિંડ સરીખું તેહ. ૧૭૩

દૈવયોગિ પંખિનિં કોઇ, ગોલી ઘાય નાખઇ વલી સોઇં;
શુકન વંછિત નિંતે જાણિવઉ, શુભાશુભ હીઈઇ આણિવઉ. ૧૭૪
દુર્ગા સ્વરની કહું વલી વાત, બોલિં પંચભૂત વિખ્યાત;
પૃથ્વી અપનિ તેઉ વાય, આકાશ એ પાંચે કહિવાય. ૧૭૫
ચીલી શૂલી શબ્દ બિ સાર, પૃથિવી તત્વના એહ ઉદાર;
ચિક ચિકુ અપ જાણિવા, કિંતુ સ્ખલિત તેજસ આણિવા. ૧૭૬
ચિચી ચુલુકા વાયુ જાણજો, ચીરી ચિક્રૂ નભ આણજોઃ
દસ બોલએ અનુક્રમિ જાણ, ઓલખવાનું કહું સહિ નાણ. ૧૭૭
દુર્ગા ભક્ષણ લાભઇં કરી, રલીયાયિંત હર્ષ બહુ ધરી;
પૃથિવી તત્વ શબ્દ તે કરિં, અપ તત્વ સુણજો સહુ સિરઇં. ૧૭૮
પાણી અર્થિં મિત્ર સંલાપ, વૃષ્ટિ સમઇં આપ સ્વર થાપ;
સુરત અર્થિં તેજસ સ્વર સહી, દુઃખ વિરહીં મારૂત તે કહી. ૧૭૯
સર્પ નોલે કરી બીહતી, અથવા ગર્ભી તે પીડતી;
અવર તત્વે સ્વર કરે સોય શુભાશુભ એહનું હવે જોય. ૧૮૦
વાયુ તત્વઇં દુર્ગા બોલતી, ભય ઘણું મનિ સંભાવતી;
આકાશ તત્વઇં જો બોલાઇં, રૂધિર સ્રાવ તો પુહવી થાઇં. ૧૮૧
પહિલું પૃથવી શબ્દજ કરિં, અપ તેજસ પછી ઉચરિં;
કલ્પદ્રુમે અધિકું ફલ હોઇં, અક્ષય ફલ સુખ આપઇં વલી સોઇ. ૧૮૨
પાંચે ભૂત અનુક્રમિ એ વલી, દુર્ગા શબ્દ કરિ એકલી;
મનોરથ થકી અધિક ફલ લહિં, ભૂત શબ્દ એ વિવરી કહઇં. ૧૮૩
દેવી ડાબિં પગે જે અંગ, અથવા ચાંચઇં કરિં જે ભંગઃ
સુભટ તણિં સિરિ લાગઇં ઘાય, પથિક પ્રયાણઇં જય કહિવાય. ૧૮૪
વૃષ્ટિ નિમિત પ્રચ્છાને કામ, અપ સ્વર દેવી કરે તામ;
અથવા નીરે કરે સ્નાન, સુરત કરે વમે વલી ધાંન. ૧૮૫
નીલિં તૃણ બેઇસેં મલપતી, ઉંચઉ માતુ કરિં માહલતી;
મુત્ર શ્રવઇં વરૂણ દિસિં જાઇં, બેઇસેં પંકિં તાર વલી થાઇં. ૧૮૬

ગતિ ડાબી કંપાવિં અંગ, બીલ બઇસઇં રજનો કરિં સંગ;
દુર્ગા એહવી ચેષ્ટા કરિં, મેઘ વૃષ્ટિનો હઇં તિહાં ભરઇં. ૧૮૭
સુંઘું મુંહુગું સુકન જોયતાં, દેવી તાર હુઇં દેખતાં;
શુભ ચેષ્ટા કરતી દેખીઇં, સુહગું હસ્યેં એહવું ભાખીઇં. ૧૮૮
વામ ભાગ ચાલિં ચમકતી, વિરૂઇં ચેષ્ટા કરિં હાલતી;
મહુગું ધાન સહિતે કરિં, સંધિ કાજેં સુકન ઊચરિં; ૧૮૯
દુગા જઇનિં પતિનેં મલઇં, જો લહસ્યેં ચિંતા સવિ ટલેં;
નરનારી બઇઠાં હુઇ બેય, ઊડી એક જાઇં વલી તેય. ૧૯૦
દૈવઇં મેલન થાઇં ક્રિમેં, ભક્ષણ લેઇ માંહોમાંહિં જિમઇં;
મિથુન કરિ બઇસેં એક ડાલિ, તાર જાઇં દખિણાવર્ત ભલિ. ૧૯૧
એહવી ચેષ્ટા કરતી ફિરઇં, સંધિ કાજ સંસય તે કરિં;
દેવી સ્વર કરી ઉતાવલી, જાઇ યથિક સીધ્ર ફલ કરી. ૧૯૨
ઉત્તમ ઠામથી ઉંચી જાઇં, તો ઉત્તમથી ફલ કહિવાઇં;
નીચાં ઠામથી નીચી ગઇ, તો નીચાથી લાભજ સહી. ૧૯૩
પ્રવેશઇ દીપ્ત દિશિ જોઇં, વામ ભાગેં જો દુર્ગા હોઇં;
સ્રી પક્ષ ઇહાંનિ તે કહી, જિમણેં પાસેં જો દીપ્તજ ગ્રહી. ૧૯૪
પુરૂષ પક્ષ કરિં તે હાંનિં, પ્રવેસિ દુર્ગા જિમણી માનિં;
ગાંમ ચાલતાં ડાબી દેવિ, દીપ્ત દિશિં બોલેં ખિણ સેવ. ૧૯૫
અથવા પર્વત પાણી ઠામિ, ડાબી ઉદ્વેગ કેરવા કામિ;
વાડીપ્રાસાદ વૃક્ષમાં લવી, પૂરણ ઠામેં શુભ જાણવી. ૧૯૬
ભૂંઇ બઇઠી દેવી બોલતી, અલપ લાભ તે સહી આલતી;
વાવિ કુવા સરોવરનિં કાંમ, શુભ બોલી દુર્ગા ભુંઇ ઠામ. ૧૯૭
મલકરતી જાણવી અશુભ, બીહતાનેં કહિવી વલી શુભ;
સંધ્યાવેલા પુર દિસિં, દેવી શબ્દ કરિં મન રસિં. ૧૯૮
રાજા માન કરતી તે કહી, શાંત દિશિં પ્રાઘુર્ણક સહી;
રવિ ઉદય અસ્તમણ કાલિં, દક્ષિણ દિશિ બોલંતી ભાલિ. ૧૯૯
ગાંમ આપણિં લાભજ હોઇં, કુસલ નીરોગ કરિં વલી સોઇં;
પશ્ચિમ [1]દિસઇં બોલા રહી, રૂધિરહાંનિ કરિં તે સહી. ૨૦૦

(૧) દિસઇં.

ઉત્તર બોલી સદા સુશોભ, ઊચલતાનિં આપેં થોભ;
ગામ ગયા દ્રુમાહિં લવઈં, વેગો પથીકઘર અનુભવિં. ૨૦૧
દુર્ગા સૂઇ દ્રુમાંહિ વલી, ઉઠઈં દ્રુ સાહમી કલકલી;
કટક ગઢ રોહા સહુ કરૂ, પ્રવેશઇં જય પામો ખરૂ. ૨૦૨
મૂલે સુઇ મૂલે ઉઠઇં યદા, કટક પ્રવેશ ન કીજઇ તદા;
ગામંતરૂં ગઢ રોહા વારિ, પ્રવેસિં સુખ પામેં સાર. ૨૦૩
ભુવણ સુતી દ્રુઇં સ્વર કરેં, કટક કરો કામ સહુનિં સિરઈં;
ઈશાનિ સિદ્ધિ નવિ કહી, સુતી ઉઠી જુઠી સહી. ૨૦૪
રાજા મસ્તક ઉપરિ વલી, દુર્ગા બોલિ બઇઠી રલી;
નગર દેશ રિદ્ધિ પામઇં ઘણી, અપર લોકનિં નિખર ભણી. ૨૦૫
બ્રહ્મસ્થાનકિં સંધ્યા નિંસમેં, દેવી શબ્દ કરિં જે ગમેં;
વઢાવઢિ કલહ સહી કરિં. વર્ધ બંધન રાજા ધનહરિં. ૨૦૬
ઘરમાંહિ દુર્ગા જો લવિં, ભય ઉદ્વેગ માંહિ તે ઠવિં;
દુર્ગાસિય્યા ઉપરિ બોલ, તો સ્ત્રી પીડા લહી નિટોલ. ૨૦૭
પાલણા ઉપરિ બાલક કષ્ટ, ઘર ઊંબરેં કરિં વલી નષ્ટ;
મોભેં ભક્ષણ કરી સો ભતી, ઘર પ્રવેસિ સિદ્ધિ આપતી. ૨૦૮
પંડિત દેવવિજય કેરો સીસ, બોલિ ભાણુજય નામેં સીસ;
દુર્ગા શકુન ઉદધિ નહીં પાર, સંખેપેં કીધો ઉદ્ધાર. ૨૦૯

॥ इति दुर्गाशकुन समाप्त. ॥

ઇતિ પ્રથમોઽધ્યાયઃ

॥ अथ तीतरशकुन. ॥

સરસતિ સામિણિ પાએ લાગીઈં, તીતર શુકન બુદ્ધિ માગીઇં;
ગામ ચાલતાં ડાવઉ લહઇં, વાટિ કુસલ સદા સહુ કહઇં. ૨૧૦
દખિણ બોલ્યે લાભજ દીઇં, કન્યા કાજેં વર જોઇઇં;
જિમણેં વણાયગ વર પાંમીઈં, સુખ ભોગવિં જે મન કામીઇં. ૨૧૧
પ્રયાણે પહિલુ હુઈ વાસ, જિમણું બોલી હુઈ વામ;
મન ચિંતવ્યા મનોરથ ફલિં. દુઃખ દોહગ ફરિ સવિ ટલિં; ૨૧૨

સૂર્ય ઉદય દીપ્ત દિસિ મલઈં, બોલિઉ ઉદ્વેગ માંહિ ભલઈં;
રાતિ તીતર બોલ્યો સિરેં, સઘલી દિસિ શુન્ય તે કરિં. ૨૧૩
પછિમ દિસિ અસ્તમનકાલિં, શબ્દઇં તસ્કરનો ભય ભાલિં;
ઘાટી ભય હુઇં જિહાં ઘણો, કુણિ ઈશાન આદિ દેઈ ગણુઃ ૨૧૪
શબ્દ પાંડુઓ સહી માનજો, સઘલી દિસિ વલી માનજો;
તીતર થાનક વાસો જિહાં, બઇઠો શબ્દ કરિં વલી તિહા. ૨૧૫
સઘલે કાંમે તે છાંડવો, ચોરી જાતાં વામ આણિંવઉં;
જીમણિં પૂંઠિ આવે વાહાર, પ્રવેશેં દક્ષિણ હુઈ સાર. ૨૧૬
રોગી કાજે શાંતિ દિશિ જોઇ, ગણેશ ડાબો બોલિં સોઈ;
રોગ નાશ રોગીનો કરિં, જિમણું દીપ્ત દિશેં ઉચ્ચરિં. ૨૧૭
રોગ ઘણો રોગીનિં થાઇં, ઠાલા છોહ્યા દેઉલ માંહિં;
તીતર બોલિં રોગી મૃત્યુ, ગણેશ સુકન એ માનિં સત્ય. ૨૧૮

॥ इति तीतरापरनामगणेशशकुन समाप्त ॥

॥ अथ घुअड शुकुन ॥

રાજા શુકનની બોલું વાત, ગાંમિં ચાલતાં વામ વિખ્યાત;
ગામાંતરૂં વારિં એકલો, જીમણો રાજા નહી તિહાં ભલો. ૨૧૯
પ્રવેશ પ્રિયાણુ દ્રષ્ટિ દીઠ. અશુભ મરણ ઉપાઈ કષ્ટ;
ભૂંઇ બઈઠો સંધ્યાનિં કાલિ, પ્રવેશિં સ્વર કરતો ભાલિ. ૨૨૦
રોગ ઘણું તેહનિં શિર કરિં, ચિંતાતુરની ચિંતા હરિં;
ઘર ઊપરિ અથવા ઘર બાર, ધણી નામ લ્યિંવાર વિચાર. ૨૨૧
સાદ દીયંતો ઊડિં સોવઇં, નિશ્ચે ગૃહપતિ મૃત્યુજ હોઇં;
ગાંમ ચાલતાં દેવ સંબંધિ, હાથી વૃષભ અશ્વનિ કંધિ. ૨૨૨
બોલ્યો વાહાણ નાસજ કરિં, દિવસે રાજા નિઃફલ સરઇં;
જીમણો બોલી ડાબો થાય, મરણ કષ્ટ તેહનું કહિવાય. ૨૨૩
આગલિ કાર્ય સરિં તેહનું, શુભા શુભ જાણું તેહનું;
ઘણા ઘુક ઘરિઘરિ બોલતાં, પૃથવીપતિ ઉપાવઇ ખતા. ૨૨૪
રાજા શુકન ઇણીપરિ જાણજ્યો,

॥ इति घुअड शकुन. ॥

કાગડાના સ્વરનું ફલ.

૧ ઈશાણકુણ ફલ ૧ ચોરપ્રચાર (ચોરભય) ૨ આયુક્ષય કરે ૩ સંતોષ કહે ૪ સુખ સંતોષ કહે	૨ પૂર્વદિશા ફલ ૧ દ્રવ્ય લાભ ૨ જલ વૃષ્ટિ ૩ ભય કહે ૪ ચોર ભય કહે	૩ અગ્નિકુણ ફલ ૧ ચોર સંચાર કહે ૨ સ્ત્રી લાભ કહે ૩ કલહ કહે ૪ દૂર વારતા સંભલાવે
૮ ઉત્તર દિશિ ફલ ૧ ભય કહે ૨ અમની વાત કહે ૩ ઉદ્વેગ સમાચાર ૪ લાભ સહિત સંતોષ	મસ્તક ઉપર બોલે તેનું ફલ ૧ માન પામે ૨ તંબોલ લાભ ૩ સંતોષ કહે ૪ લાભ કહે	૪ દક્ષિણ દિશિ ફલ ૧ દ્રવ્ય લાભ ૨ સ્ત્રી લાભ ૩ સ્વજન મલે ૪ દૂર વાર્તા સંભલાવે
૭ વાયવ્યકુણ ફલ ૧ સંતોષ કહે ૨ સગા મલે ૩ ધન લાભ કહે ૪ રાજ વાર્તા સંભલાવે	૬ પશ્ચિમ દિશિ ફલ ૧ જલ વૃષ્ટિ કહે ૨ સંપદ ધનપ્રાપ્તિ ૩ ઘર પ્રાપ્તિ લાભ ૪ બહુ ચિંતા કહે	૫ નૈરૃત્યકુણ ફલ ૧ દૂરના સગાં મલે ૨ જસ સંતોષ કહે ૩ પ્રાહુણા આવે ૪ સુખ સમાધિ સંતોષ

નોટ—આ યંત્રમાં દરેક દિશિમાં દરેક જુદા જુદા પહોરે કાગડાના સ્વરનાં જુદાં જુદાં ચાર ફળો બતાવેલાં છે તે ફળો તે તે દિશામાં અને તે તે પહોરમાં તે તે ફળદાયક સમજવાં. જેમકે પૂર્વ દિશા કાગડો દિવસના પહેલા પહોરમાં બોલે તો મુસાફરી કરવા જનારને પૈસાની પ્રાપ્તિ થાય એ પ્રમાણે સઘળું સમજવું.

॥अथ शिवा शकुन ॥

શિવા તણા વલી હુઇ ઈંતે આણુજ્યો;
ગામિં ચાલતાં ડાબી શિવા, બોલિં તો સુખ આપિં સ્વા. ૨૨૫
જીમણી ફાઉં નિખર હુઈ સહી, ચોર અનિં રાજાનિં કહી;
દેવયાત્રાઇ તે ચાલતાં, જીમણી દીપ્ત દિશિ શુભ મતા. ૨૨૬
રાજદ્વારિ જાતાં વલી કહી, વામ પાસેં દીપ્ત દિસિ ગ્રહી;
શીવા બોલી શુભ જાણવી, એહવિં શબ્દ હીઈં નાણવી; ૨૨૭
અજુઆલા પખવાડા માંહિં, બાલક અર્થિં ઘણા સ્વિર થાઇ;
ક્ષુધાક્રાંત ક્રોધિં કલકલી, બોલિં તે નિષ્ફલમાંહિ ભલી. ૨૨૮
ગામાંતરાથી ઘરિ આવતાં, જિમણી શીવા હુઈ ઇછતાં;
દિન દિન સુખ પાંમીઇં અસેસ, પાંમી વ્યાપાર આવી નિજ દેસ. ૨૨૯
જીમણી શીવા નિખર તે કહી, રાજિ કાજ શાંત દિસિ રહી;
જીમણી ફ્યાઉં શુભ જાણવી, દીપ્ત દિસેં નીખર આણવી. ૨૩૦
મધ્યરાત્રિ ઉત્તર ઇશાંન, શીવા સ્વર કરતી શ્મસાન;
સ્થિતિ વાસીનિં મહા ભય કહઈં, ચરવાસી તે દુખ નવી લહિ. ૨૩૧
રવિ ઉદયે પૂરવ ઇશાંન, શુભ બોલીએ આણુ શાંન;
સૂર્ય ઉદય થકી એક પહુર, પુરવ અગનિ અશુભનું ધુર. ૨૩૨
તપન ઉદય વલી આણીઇં, બીજા પહુર લગી જાણીઈં;
દક્ષિણ અગનિ અશુભ કહિવાઇ, નિવાસ નૈરતિ ત્રીજઇયામ થાઇ ૨૩૩
નૈરતી પછિમ ચઉથિ યામ, અશુભ તણું તે કરિં કાંમ;
રાત્રિઓ પહુર પછિમ દિશિ સહી, સેસ થાકતી ઉત્તર કહી. ૨૩૪
એતલી દિસિ અસુભ બોલતી, શુભ કારીજ તે સહી વારતી;
રાત્રિં ફ્યાઉં દક્ષિણ દિસિં, બોલી તો સુખ પાંમી રસિં; ૨૩૫
સૂર્ય ઉદઇં બિંબમાં જઇ, પૂરવદિસિ બોલી તિહાં થઈ;
ગ્રામાધીશ તે ચિંતા કરેં, પુહવી રૂધિરઇં ને વલી ભરેં. ૨૩૬

અસ્તમણ વેલા પછિમમાંહિ, બોલિં પરચક્ર ભય કહિ વાઈ;
ઉત્તર દિસિ સંધ્યાનિં સમેં, બોલી ઋદ્ધિ આપેં જે ગમઈ. ૨૩૭

શીવા નગરમાંહી માહાલતી, શુન્ય કરિં તે સ્વર સાધતી;
અશ્વસાલા માંહિં પેંસતી, યુદ્ધ સહી વલી ઉપાવતી. ૨૩૮

શીવા શકુન સંપૂરણ હુઆ,

॥ इति शीवाशकुन ॥

॥ अथ हरिणशकुन. ॥

હિરણ તણા તે કહીસુ જુઆ:
પૂરવ પુણ્ય સંજોગિ મિલેં, હરિણ અધુરાં જીમણાં વલિં. ૨૩૯

ફાલ સહીત પાસેં જાઇ વામ, અશુભ માંહિ સિરિ કાહિવું નામ;
પહેલું દક્ષિણ વામજ જાઇ પછે, તેહનું ફલ અસુભ સહીઅછેં. ૨૪૦
હરિણ ટોલા માંહિથી એક, શુન્ય નાસીકા જાઇ છેક;
સરવ સાથ માંહિ એકનઈ સહી લાભ હણિં તેહનિં. ૨૪૧

વામ પાંસેં મૃગ જઈ બેસતાં, ચાલણ હારને કષ્ટ આપતાં;
વાગુર સહીત વધ બંધન કરિં, પછિં ભય સઘલો અપહરિં. ૨૪૨
ગામ ચાલતાં મૃગ ઉતરી, સાહમું થઇ બેસે હિત ધરઇં;
હર્ષ સહિત દ્રવ્યઈ ઘર ભરિં, દૈવ જોગિ જો મૃગ મુતરઈ. ૨૪૩

લાભ હુંઇ સ્વપક્ષેં ઘણો, મૃગ મલકરતો તે વલી સુણો;
શત્રુ પક્ષનિં કષ્ટ પેખીઇં, અથવા મૃતક અવસ્થા દેખીઇં. ૨૪૪
મૃગ ટોલામાંહિ એકલો, ડાબો જાઇં નહી તે ભલો;
નેત્રરોગની પીડા કહેં, અથવા વ્યાધિ શરિરઇં લહે. ૨૪૫

સ્વપક્ષમાંહીથી મૃગ ઉતરી, ભૂમિ ખણુઇજુ ચરણે કરી;
નિધાન લાભ સહી જાણુજો, પરપક્ષે ચોર ભય આણુજો. ૨૪૬
મૃગ ઉતરી જો પુંઠે જાય, અથવા કુંડાલિ વલી થાય;
સવિ કહી નિભય ટાલી ઘણો, સ્વચ્છ ચિત્તને લાભજ ઘણો. ૨૪૭

હરણ ઉતરતાં માંહિથી બેય, અર્ધ માર્ગે પાછો વલી તેહ;
કાર્યાર્થીને સઘલે કામ, અરધ ફ્લ આપે નિરવાણ. ૨૪૮
મૃગલા શિંગેશિંગ આહુણતાં, પથિક ઉપાય ઈષિતાસંગ કરતાં;
..................જો પેખિયે, કાર્ય સિદ્ધિ સઘલી પેખીયે. ૨૪૯
મૃગ ઉતરી માંહોમાંહિ, રમત કરી શાંતિ દિશિ જાય;
કન્યા લાભ પથિકને કહે, મિત્ર પ્રાપ્તિ વલી તેહથી લહે. ૨૫૦

ઉતરતા વલી ત્રાસવે નાહાર, નીપનું કામ શત્રુભય સાર;
મૃગ ત્રાસવ્યા દિશો દિશ ગયા, ચાલણ હારને અશુભ કહીયા. ૨૫૧
વોલાવી ઘર આવે જેહ, દેશ નાશ કરાવે તેહ;
અથવા કુટુંબ જુજુઓ કરે, નરપતિ ભય અધિકેરો કરે; ૨૫૨

મૃગ શુકનની કહી એ વાત,

॥ इति मृगशकुन. ॥

॥ अथ नाहारशकुन. ॥

નાહાર તણા સુણજો વિખ્યાત;
ગામે ચાલતા ડાબો નાહાર, ઉતરે તો તસ્કર ભય અપાર. ૨૫૩

જીમણે પાસે કષ્ટમાં પડે, રામા સાથે સ્ત્રી વ્યાધે નડી;
નવ પરણીત વધુ વર આવતાં, પિતર ઘર સમિયે ભાવતાં. ૨૫૪
તીણે સમે નાહર જો ઉતરે, માય બાપ વિનાશજ કરે;
જો સાસરા સમિપે ભરનાર, ઉતરે તો વધુને ભાર. ૨૫૫

અથવા સાસુ પુત્ર કંપતાં, મનુષ્ય એકને પાડે ખતા;
કરસણને વૃષાવિણ ક્ષેત્ર, માંહિ નાહાર દેખે નિજ નેત્ર. ૨૫૬
રોગ અથ રાજા ભય જાણ, દુર્ભિક્ષ અને અગ્નિ વલી જાણ;
મેઘ વૃષ્ટિ હુઆ પછી કહુ, નાહાર ડાબો ક્ષેત્ર જો લહું. ૨૫૭
કરસણ વૃષભ વૃદ્ધિ ઘણુ થાય, નિપને કરસણ જમણો જાય;
ચોર અર્થ રાજા વલી હરે, નિપને અર્થ કાંઇ નવિ સરે. ૨૫૮

મારગ જાતાં લાંબે સ્વરે, રોવે નાહાર અગનિ ભય કરે;
પુઠે રૂદન શોક વલી હોય, વ્યાપાર કામે જાતા વલી સોય. ૨૫૯
વામ ઉતરે વાણિજ ઘણું, દ્રવ્ય સહિત પંથિને સુંણું;
ડાબે કરિ દ્રવ્યની હાણ. નિર્દ્રવ્યને દ્રવ્ય આપે આણ. ૨૬૦
ગામ ચાલતાં ડાબો નાહાર, ઉતરે તો સુખ આપે અપાર;
સઘલે કાંમે દીસ દિશિ જાય, તો સુખ સંપત્તિ સઘલી થાય. ૨૬૧
કટકી જાતાં ભુંઇ ખણે, યુદ્ધ હોય સંદેહ નવિ ગણે;
સાહમો બેસી લાગે પગે, સંઘ દુહઇ બોલે નવિ ડગે. ૨૬૨
ગાંમે આવતા સાથ હોય ઘણો, ડાબો નાહાર હોયતો સુણો;
આગલા સાથને દ્રવ્ય વ્યય કહે, વિચલાને પુત્ર ચિંતા લહે. ૨૬૩
પાછલા નરને સ્ત્રી પક્ષ હાણ, ત્રણે ફલ જુજુઆ કરી માંન;
નરપતિ પ્રવેસે પ્રદક્ષિણ પાસ, નાહાર ઉતરે નહી તે ખાસ. ૨૬૪
પરચક્ર અનાવૃષ્ટિ હોય દેસ, ભક્ષણ સહિત નાહાર હોય સુવિશેષ;
દક્ષણ વામ ઉતરે તો ભલો, સર્વ સિદ્ધિ આપે એકલો; ૨૬૫
નાહાર શુકનની એ કહી વ્યકિત,

॥इति नाहारशकुन.॥

॥अथ लाटशकुन ॥

લાટ તણી સાંભલજો યુકિત;
ગામ ચાલતાં જીમણી ભલી, પ્રવેશે ડાબી હ્યો વલી. ૨૬૬
સાહુમી આવી આગલે જાય, પ્રયાણે સુખ સંપત્તિ થાય;
ગામ ચાલતાં પુઠે લટા, આવી સુખ આપે ઉતકટા. ૨૬૭
દક્ષિણવામ લટા વઠી બેય, વિવાહ ગામાંતરૂ મકરૂ તેય;
ખરતી ભુમિ ન લેવી નવી, વ્યવસાયે વ્યવહાર ન કરે પુહવી; ૨૬૮

સુહણામાહિ લાટ પેખીયે, પુત્ર લાભ તેહને ભાખીયે;
ખંજન પક્ષી સુપને દીઠ, અશ્વલાભ કહેવો સીઠ. ૨૬૯
ગાંમ પ્રવેશે જીમણી લાટ, વિવાહ કાજે વધૂ ઉચાટ;
વ્યપારે જો જીમણિ જાય, તેણે પ્રયાણે લાભ નવિ થાય; ૨૭૦
પ્રવેશે જીમણી બોલે બોલ, ગામાંતર વલી કરે નિટોલ;
ક્ષેત્ર સેઢામાંહિ બોલે સોય, રાજકાજથી બંધન હોય. ૨૭૧
હિયુ ખણી ખુણે વલી છુપી; પાંખ પડફડી વિમળ કરે લપી;
પાડુઇ ચેષ્ટા કરતી ફરે, સઘલે કામ અશુભ હોય શિરે. ૨૭૨
પાંખ નસાડી લાટ આવતી, ગામાંતરે ભય ઉપજાવતી;
પુષ્પ ફલ વસ્ત્ર તૃણ મુહધરી, દીસે તો ધનની વૃદ્ધિ કરી. ૨૭૩
પહિલે દિને ખેત્રમાં વલી, મુખે ફલ લેઈ ઉતાવલી;
લટામાંહિ જાતી દેખિયે, ધાન્ય નિષ્પત્તિ સબલી ભાખિયે ૨૭૪
લાટ બે બોલે તે માંહી, પાછલી બોલિ ફલ કહેવાઈ;
સમકાલે જો બે બોલાય, મહાભાગ્ય ફલ તેહથી થાય. ૨૭૫
ખેત્ર માંહિથી લાટ નીસરી, દીઠે કરસણ ચિંતા કરી;
મુખ કકરી લાટ દીસતી, ઉંદર ટીડ ઉપદ્રવ કારતી. ૨૭૬
સંતાન કાજે શુકન જોઇએ, વામ લટાયે સુત પામિયે;
અધિકારિને ડાબી હોય, વયરીથી સુખ પામે સોય. ૨૭૭
નરપતિ મલવા જાતા વહી, જીમણિ લટા, શુભ જાણો સહી;
વાયસ સહિત લટા પેખિયે, તસ્કર ભય વાટે દેખિયે; ૨૭૮
ચાસ અને વાયસ બિહુ ચંચ, લટા દેખિયે એહવે સંચ;
બટાઉને હોય વિણાસ, પથિકને વૈરિથી ત્રાસ. ૨૭૯
લટા ચાસ બેહુ બલ કરી, વાયસ હણે જો ચાંચે કરી;
મારગ જાતા નયણે દીઠ, પંથિને કહીયે અનિઠ. ૨૮૦
લાટ અને વલી જાણું ચાસ, નીલી ચડી કરાવે ત્રાસ;
પથિકને હત્યાદિક પાપ, અથવા અપકીર્તિ સંતાપ. ૨૮૧

ચાસ કરતાં દીસે યુદ્ધ, પક્ષ આપણી માંહિ વિરૂદ્ધ;
લાટ શુકન કહ્યા હિત ધરી,

॥इति लाटशकुन.॥

॥अथ जंबूकशकुन.॥

જંબૂક તણા સુણજો મનધરી. ૨૮૨
ગામ ચાલતાં જંબૂક વામ, બોલે તો સુખ આપે ઠામ;
જીમણા બોલ્યા નિખરમાં ભલી, પ્રયાણે પથિક ઘણુ રલી. ૨૮૩

ઠામ રહ્યા ચિહું દિશે સમકાળ, ગાઢ શબ્દ કરે શીયાલ;
ગામમાંહિ પર ચક્રભય જાણુ, અશુભ માંહિ બોલ્યા નિરવાણુ. ૨૮૪
સૂર્ય અસ્તથકી યામ બેય, વાયવ્ય પશ્ચિમ દિશિ એય;
પથિકને હોય ઉદ્વેગ, જંબૂક બોલે જો વડવેગ. ૨૮૫

પૂરવ ઇશાન રાત્રિ મધ્ય, પછી બોલે તો નિખર તે વચ્ય;
દક્ષિણ બોલ્યા સદા શુભસહી, સંધ્યા વેલા ઉત્તર કહી. ૨૮૬
દિવસે નિખર બોલ્યા શિયાલ, રાજદ્વાર માંહિ રાત્રિ ભાલ;
પેસે તો હુઇ છત્ર ભંગ, અથવા કાંઇક ઉપાવે ઉદંગ. ૨૮૭

સૂર્યોદય વેલાયે જંબુકા, નગર પ્રવેશ કરે વનથીકા;
અગનિ અથ ચોર ભય હોય, ઘરમાં પેસે તે વલી જોય. ૨૮૮
ઘર સ્વામિનો હોય વિણાસ,

॥इति जंबूकशकुन.॥

॥अथ छींक शकुन.॥

છીંક શુકનનો બોલુ હવે ખાસ;
પ્રયાણે જો છીંકજ હોય. અશુભ ફલ કહીજે સોય. ૨૮૯

પહિલા શુકન હુઆ હોઇ ઘણા, છીંક હુઈની: ફલ તેહ તણા;
છીંક હુઆ પછી જાણુ, શુકન હોય તે કરૂં પ્રમાણુ. ૨૯૦
વામ છીંક અર્ધ ફલ લહી, દક્ષિણ અગ્નિ મોષ એ સહુ કહી;
પૃષ્ટ છીંક સુખદાયક સદા, ઘણી છીંક ની:ફલ હોઈ સદા. ૨૯૧

હાસ ભય ઉપાધિ કરી, હઠ ઘણું વલી મનમાં ધરી;
એહવી છીંક ફલ નવી જાણીયે, શ્વાન છીંક નીખર માનીયે. ૨૯૨
મંજારી છીંક મરણને કરે, પશુ છીંક કષ્ટકારી સરે;
વસ્તુ વેચતાં છીંકજ હોય, આગળ કિરીયાણો મુંહગો હોય. ૨૯૩

વસ્તુ વહોરતાં છીંકજ સહી, લાભ ઘણું વસાણે કહી;
ગઇ વસ્તુ કોઇ જાવા જાય, છીંક હુઇ લાભેરે નાય. ૨૯૪
નવા વસ્ત્ર વલી પહેરતા, છીંક થકી આવે અણ છતા;
ભોજન હોમ પૂજાનો કામ, મંગલીક જે ધરમ સુ ઠામ. ૨૯૫

કામ એતલા કીધા પછી, છીંકે નર કોઇ જો વચી;
સવિશેષે કામ વલી કરે, પુણ્ય તણુ તે પાતું ભરે. ૨૯૬
પ્રેત ક્રિયા કીધાને અંતે, વલી ક્રિયા કરાવે ખંતે;
ઋતુ સ્નાન કરીને રહે, છીંકે તો તે પુત્રી લહે. ૨૯૭

ઋતુ વંતીને દેઇ દાન, પછે હોય તો પુત્ર નિદાન;
વૈરિ જીતવા જાતા જોઇ, છીંકે પિશુન સબલો હોય. ૨૯૮
રોગી કાજે વૈદ તેડવા, જાતાં છીંકે જો નવ નવા;
રોગીને મૃત્યુ જાણીયે, કામ વિના ભિષક્ ન આણીયે. ૩૯૯

વૈદ રોગીને ઘરે આવતા, છીંકે જો ઓષધ આપતા;
શીઘ્ર રોગ રોગીનો સમે, આહાર લેવું જે જે ગમે. ૩૦૦
વ્યાપારિ લીધે વ્યાપાર, છીંક હોય તો રિદ્ધિ અપાર;
લેખુ શુદ્ધ દીધુ રાયને, છીંક ફોક થાય તેહને. ૩૦૧
પાણી વીવા અથ પ્રીસવા, છીંકે દ્રષ્ટિ દોષ હોય નવા;

નવે ઘર વસવા આવીયે, છીંક હોય તો ઉચાળીયે. ૩૦૨
છીંક તણા એ મન આણુજો,

॥ इति छीकशकुन. ॥

॥ अथ पल्ली–गृहगोधाशकुन. ॥

ગૃહગોધાના વલી જાણુજો;
વૃષભ અશ્વ રથાદિક લહી, વાહને જઇને પલ્લી રહી. ૩૦૩
વાહન નાશ તેહથી લહે, છત્ર ઉપરિ છત્ર ભંગ કહે;
સંભોગ કરતી જો દેખિયે, સ્ત્રીલાભ પથિક ભાખિયે. ૩૦૪
લઘુ વડી નિત કરે જો તેહ, પથિક રોગ નહીં સંદેહ;
જીમણે પાસે શુભ જાણવી, વામ ચઢી નીખર માનવી. ૩૦૫
સંબલમાંહિ પલ્લી દેખીયે, વિષમ વિષનું ભય ભાખીયે;
વસ્ત્રમાંહિ ચાલતા હુઇ પલ્લી, મારગ અગનિ કહી તે ભલી. ૩૦૬
સય્યામે તો પલ્લી ચડે, પુત્ર વિના તેહને નવી નડે;
સોડમાંહિ પલ્લી આવતી, પરસ્ત્રી દોષ તે ઉપાવતી. ૩૦૭
પલ્લી જેહને માથે પડી, નિરધન ધન આપે વડવડી;
સધતીને ચિત ચિંતા કરે, કાંઇક કષ્ટ તેહને શિર વરે. ૩૦૮
પલ્લી પ્રકરણ હીયે ધરો,

॥ इति पल्लीशकुन. ॥

॥ अथ श्वानशकुन. ॥

શ્વાન તણું વલી કહીશુ ખરો;
શ્વાન તણી જે જાતો પંચ, ધોળો બ્રહ્મ નહીં ખલ ખંચ. ૩૦૯
રાતે વર્ણ ક્ષત્રિ જાણીયે, પીલો વૈશ્ય વલી વખાણીયે;
કૃષ્ણું સુત્ર કાબરો જાતિ, આપણી (તેને) ફલદે ઘણો. ૩૧૦
અપર જાતિ ફલ આપે હીન, પ્રયાણે પ્રયાણે નહી દીન;
ગામ ચાલતા પહિલુ વામ, પછે જીમણું જો જાએ શ્વાન; ૩૧૧

પથિકને પહેલું કલ્યાણ, છેહુડે કષ્ટ કરે નિરવાણ;
ભક્ષણ સહીત શ્વાન હોય ભવ્ય, ભસ્મ કેશસ્યું અભવ્ય. ૩૧૨
ગામ ચાલતા મારગ શ્વાન, લાંબા પગ કરી સોવે જાંન;
પથિકને શોક ઘણું કહે, ભુમિ ખાણી વિત્ત લાભજ કહે. ૩૧૩
ગામ ચાલતા કુકર વલી, અર્ધ મારગે બેસે જો ટલી;
ગામાંતર ઘણા દિન થાય, ભૂંઇ લોટે તો કષ્ટ કહેવાય. ૩૧૪
શુકન મારગે સાહામું જઇ, રૂદન કરે તો મરણજ સહી;
રૂદન કરી વલી પાસે વામ, સ્ત્રી પક્ષે તે ઘાતજ ઠામ. ૩૧૫
જીમણે પાસે વલી રોય, પક્ષ આપણે ચિંતા સોય;
પુંઠે રૂદન કરે જો શ્વાન, ઘરમાંહિ હોય કાંઇક યાન. ૩૧૬
મલકરતો નીખર કહેવાય, સંભોગ કરતો સુખમાં થાય;
સૂર્ય ઉદય ઘર ઉપરિ રહ્યો, ભસે તો અગ્નિનો ભય કહ્યો. ૩૧૭
ઘર પુંઠે ક્ષાત્ર ભય લહી, ઘર મધ્યે અન્ય પ્રવેશજ કહી;
શ્વાન અસ્થિ લેઇ ઘર માંહે, પેઠે ગૃહપતિ મૃત્યુ કહેવાહે. ૩૧૮
શ્વાન શુકન જોવા વિધિ એહ, એક વર્ણ કુકર હોયે જેહ;
ભક્ષ કરાવી સંતોષીયે, પછે કાર્ય તેહને પૂછીએ. ૩૧૯
જેહવી કુંકર ચેષ્ટા કરે, તેહવા શુકન હીયામાં ધરે;
જીમણે પગે પાસું પિણ કાંન, અથવા ભમુહિં આમિ કરિ માન. ૩૨૦
નાક ઓષ્ટ જીભ ને કંઠ, હૃદય હડહુ કક્ષા પુંઠિ;
કેડ ઉદર પાસુ જાણીયે, જંઘા પુછ ગુહ્ય આણીયે. ૩૨૧
હાથ અને વલી પગનાં તલાં, એટલા અંગ ખણે તો ભલા;
ઘાંણ કરી લોટી ઘર વલી, જીમણા હુંતિ ડાબો વલી. ૩૨૨
દક્ષિણ પાસિ બેસી સુવે, જીમણો પગ ઉપાડી જુવે.
દક્ષિણ નમિ શબ્દ વલી કરે, રૂડે થાનક જઇ મુતરે; ૩૨૩
ષટ્ આસન પ્રસાદ પર્યંક, ધલહરી અથવા બેસે પંક.
પાણી બેહડે થાપીત કલશ, દુર્વાકુલ વલ્લી સરસ; ૩૨૪

ક્ષીર વૃક્ષ તોરણ વીંજણે, મુંજ માટી અગનિ સાથીયે;
ઠામ એતલે કરે લઘુશંક, મુહડે લક્ષણ લેં નિશંક. ૩૨૫
શાંધ્યો ધાનને આમીષ પુરૂષ, ફલે કરી સંપૂરણ મુખ;
એહવી કુકર ચેષ્ટા કરે, દીસે તો રિદ્ધિ ઘરમાં ભરે. ૩૨૬
કુચેષ્ટા કુકરની કહું, ગ્રંથમાંહિ કહી જીમ લહું;
નિદ્રા કરે બગાઇ ખાય, અંગભંગને નાશી જાય. ૩૨૭
ડીલ કાનને ધુણે સીસ, દેહ નચાવી કરે વલી રીસ;
ખાંસી વમિ ચિંત મન ધરઇ, અભક્ષ ખાય આક્રંદ કરઈ. ૩૨૮
હડકી કરે લોટે માંહિ રાખ, ભસ્મ ઉડાડે વિશામ ભસે ભાખ;
દાંતે પાહાણ ગ્રહીને રોઈ, આંખ મીંચી સૂર સાહમું જોઇ. ૩૨૯
કુચેષ્ટા એહવી કરે શ્વાન, શાંતિ પ્રષ્ન નિશ્ચય કરી યાન;
દીપ્ત પ્રષ્ને ભય ભજે ઘણું, એ મહિમા કુકરનો સુણું. ૩૩૦
આસો અને કાર્તીકને માસ, શ્વાન શુકન અલ્પ ફલ ભાસ;
કૂકરને કામ ઘણો દહે, સુધી પુરૂષ સદા ઇમ કહે. ૩૩૧
ગામ માંહિ પુર બાહિર જેહ, શુકન લહ્યા કહ્યા મેં તેહ;
શુભાશુભ શુકન જે લહિ, અતિત અનાગત ભાવજ કહી. ૩૩૨
શુકન જોઇને કરસ્યે કામ, હહની વાધે સઘલે મામ;
દુષ્ટ પરાભવ ન કરે કદા, શુકન ભાવ જે જાણે સદા. ૩૩૩

॥ इति श्वानशकुन. ॥

॥ अथ प्रशस्ति. ॥

વાગડ દેશ વયરાગર નામ, રાજધાનીનું રૂડું ઠાંમ;
જીહાં ષટ દર્શનના વિશ્રામ, દેશ મધ્ય ગિરપુર વલી ગામ. ૩૩૪
ગઢ મઢ મંદિર સુચંગ, જૈન પ્રાસાદ જીહાં ઉત્તંગ;
રાજ કરે રાજા ગુંણુ નીલો, દાની માની ભોગી ભલો. ૩૩૫

કવિતા શ્રોતા વકતા જાણ, શૂરવીર ધીર ગુણ ખાણ;
સહસ્ત્રમલ્લ રાઉલ ભૂપાલ, પૃથ્વી પ્રજા તણો પ્રતિપાલ. ૩૩૬
તસ સુત કુંવર કર્મસિંહ જેહ, ચૌદ વિદ્યા ગુણ જાણે તેહ;
કીરત તેજ અને પરિવાર, શત શાખા વાધે વિસ્તાર. ૩૩૭
તસ ઘર ગાંધી સંઘ પ્રધાન, ઉર ઉપગારી ન ધરે માંન;
પુત્ર પૌત્ર કરે નિત ગેલ, મંગલિકની વાધી વેલ. ૩૩૮
સંઘ રત્ન પુત્ર યોગીદાસ, શુકન શાસ્ત્રનો કરે અભ્યાસ;
તેહને ભણવા કાજે કરી, પ્રાકૃત બંધ એ ચઉપઇ ખરી. ૩૩૯
શુકન દિપિકા ચઉપઈ નાંમ, શુકનાર્ણવ માંહિ એ ઠામ;
અથવા વસંતરાજની સાખ, શુકનોદ્ધાર ભાખીએ ભાખ. ૩૪૦
એતલા ગ્રંથ જોઇને કહી, અલ્પબુદ્ધિ કરી જે મેં લહી;
જમકન જોડયો અક્ષર બંધ, વર્ણ માત્ર નવિ જાણ્યો સંબંધ. ૩૪૧
સાચો કરજયો જાણ સુજાણ, પંડિત આગલ અછુ અજાણ;
શુકન સમુદ્ર ન લાભે પાર, ચંચ ભરી કીધો ઉદ્ધાર. ૩૪૨
વ્યોમ[૦] રસ[૬] રતી[૬] ચંદ્ર[૧] વખાણ,(૧૬૬૦)સંવત્સર એ હીયડે આંણ;
સરદ ઋતુ જે આસો માસ, શકા પૂર્ણ ચંદ્ર કલાવાસ. ૩૪૩
વિબુધ મુખ્ય દક્ષ આણીયે, પંડિત દેવવિજય વખાણીયે;
તાસ સીસ કરજોડી કહે, શુકન સુણતાં સવિ સુખ લહે. ૩૪૪
એ ભણતાં સવિ લહઇ ઋદ્ધિ, એ ભણતાં પાંમી જે વૃદ્ધિ;
જયવિજયને પરમાનંદ, ભણતા ગુણતાં સદા આણંદ. ૩૪૫

॥ इति शकुनशास्त्र चोपाइ संपूर्ण. ॥

નક્ષત્ર સ્વાધ્યાય.

વીર જિણેસર ચરણુ નમેવિ, તારા પરિ બોલું સંખેવિ;
અભિચિ તારા ત્રિણિ વખાણુ, ગોશીર્ષાકાર તે જાણુ. ૧
શ્રવણુ તારા ત્રિણિજ કહ્યા, કાહાર તણે આકારે રહ્યા;
પંચ તારગા શકુની રૂપ, રીખ ધણીઠા એહ સ્વરૂપ. ૨
શતભીષા તારા શત અવધાર, પુલ વિખરાજ્યું વિસ્તાર;
પૂર્વભદ્રપદા દો તાર, અર્ધ વાવિનો છે આકાર. ૩
તિમ ઉત્તરભદ્રવયા જોઈ, અર્ધ વાવી તારગા બે હોઈ;
રેવઇ તારા વર બત્તીસ, નાવાકાર કહ્યા જગદીસ. ૪
અશ્વિની અશ્વખંધ આકાર, તારા ત્રિણિ હોય વિચાર;
ભરણી ભગ આકારે કહી, તારા ત્રિણિ તેહના સહી. ૫
નાવીની કોથલી સમાન, છ તારા કૃતિકા પ્રધાન;
રોહિણી છે સગડુદ્ધી કાર, તારા પંચ કહ્યા અતિસાર. ૬
મૃગશીર મૃગ શીસા વલી જાણુ, તારા ત્રીણે કરી વખાણુ;
રૂધીર બીંદુસમ આર્દ્રા જોય, તેહનો તારો એકજ હોય. ૭
તુલાકાર તે તારા પંચ, નામ પુનર્વસુનોએ સંચ;
પુષ્પ ત્રિણિ તારા તે કહી, સરાવલા સંપુટ સમ લહી. ૮
અશ્લેષા છ જીસી પડાગ, છહ તારા જાણવા લાગ;
મઘા મહાગઢનું આકાર, તારા સાત હીયે અવધાર. ૯
પૂરવ[1] ઉત્તર[2] બે ફગુણી, અદ્ધ પલંકાકારે સુણી;
દો દો તારા તેહનાં જોય, વીર વચન એ નિશ્ચે હોય. ૧૦
હસ્ત તારગા પંચ વખાણુ, હાથ તણે આકારે જાણુ;
ચિત્રા ફુલ તણા મુખ તુલ, તારો એક છે બહુ મૂલ. ૧૧
સ્વાતિ એક તારો જિને કહ્યો, ખીલાને આકારે રહ્યો;
તારા પંચ દામણુ આકાર, વિશાખાના તે અવધાર. ૧૨

(૧) પૂર્વા ફાલ્ગુની. (૨) ઉત્તરા ફાલ્ગુની.

અનુરાધા એકાવલી સમુ, તારા ચ્યાર જિન વચને નમું;
જેષ્ટા છે ગજ દંત સમાન, તારા ત્રિણિ જિન વચને માન; ૧૩
મૂલ તારગા અછેઇગ્યાર, તે સવિ વિંછી ને આકાર;
પૂર્વાષાઢા ગજગતિ સમું, તારા ચ્યાર હિયે સંક્રમું. ૧૪
ઉત્તરાષાઢા તારા ચ્યાર, બેઠા સિંહ તણે આકાર;
એહ ઉલખી રાત્રિ પરિ લહી, પઠન ક્રિયા આરાધો સહી. ૧૫

इति

પંડિત સમયસુંદર વિરચિત—

चार प्रत्येक बुद्ध चौपइ.

અથ કણિંકાપરાભિધાન કરકંડુ પ્રથમ—
પ્રત્યેક બુદ્ધ

વૃત્તાંત.

પ્રથમ ખંડ.

દુહા.

[1]સિદ્ધારથ સસિ કુલતિલો, મહાવીર ભગવંત;
વર્તમાન તીરથ ધણી, પ્રણમો[2] શ્રી અરિહંત. ૧
તસ[3] ગણધર ગૌતમ નમો[4], લબ્ધિ[5] તણા ભંડાર;
કામધેનુ સુરતરૂમણી, ચારૂ[6] નામ વિચાર. ૨
વિણા પુસ્તક ધારણી[7], સમરૂં સરસુત[8] માય;
મુરખને[9] પંકિત કરે[10], કાલિદાસ કહિવાય. ૩
પ્રણમો[11] ગુરૂ માતા પિતા, જ્ઞાન દૃષ્ટિ દાતાર;

(૧) + શ્રી સિદ્ધારથ કુલતિલઉ. (૨) + મું, (૩) + સુ. (૪) + મું. (૫) + લબ્ધિ તણઉ. (૬) + વાર. (૭) + ધારિણી. (૮) + સરસતિ. (૯) + નઇ. (૧૦) + કરઇ – * હે. (૧૧) + મું.

કીડીથી કુંજર[1] કરે, એ મોટો[2] ઉપગાર. ૪
ગારૂડ ફણુની[3] મણી ગ્રહે[4], તે જીમ મંત્ર પ્રભાવ;
તિમ મહિમા મુજ ગુરૂતણો[5], હું મતિમૂઢ સ્વભાવ[6]. ૫
મુજને[7] સુમતિ[8] જગાઈઓ, ઉઠ ઉઠરે[9] ઉઠ;
ગુણ વરણન[10] ગુરૂવાતણા, હું તુજ પૂરસો[11] પૂઠ. ૬
તિણ[12] મુજ ઉદ્યમ ઉપનો[13], પંખીને[14] જીમ પાંખ;
એક લાભ વલિ કહે[15] સુમતિ, દુધ ભર્યો[16] વલિ[17] સાંખ. ૭
<u>કરકંડૂ</u> <u>રાજા</u>(૧) <u>દુમુખ</u>[18](૨), <u>નમિને</u>[19](૩) <u>નિગ્ગઇ</u>(૪) સુદ્ધ;
ઇણ[20] નામે ઉત્તમ હુવા, ચ્યારે પ્રત્યેક બુદ્ધ. ૮
ચારિત્રીયા ચારે ચતુર, મોટા સાધુ મહંત[21];
ચિહૂં ખંડે કહોં[22] ચરિત હું, જીમ પામું ભવઅંત. ૯

(૧) + કરઈ. (૨) + મોટઉ – * કાર – + ડિ. (૩) + ફણિની. * થી. (૪) + ગ્રહઇ. (૫) + ણી. (૬) + સ. (૭) + નઇ. (૮) + સુમતિઈ. જાગવ્યઉ. * મુજનેં સુમતેં જાગવ્યો. (૯) + ઊઠિં ઊઠિરે ઊઠિ. (૧૦) + વરણવિગરૂઆં. * વરણવ ગિરૂઆ. (૧૧) + પુરિસપુઠિ (૧૨) * તિણે. (૧૩) + – ઊપનઉ ઊપજ્યો. (૧૪) + નઈ. (૧૫) + કહઇ. (૧૬) + ભર્યઉ. (૧૭) * જિમશંખ. (૧૮) + દુમહ. (૧૯) + વલિ (૨૦) + ઇણિનામઇ – + આ. – + ર – + ચ્યા. – * મહોટા. (૨૧) + હાં. (૨૨) + કહું. – + રિ.

ચ્યાર ખંડ[1] એ ચઉપઈ, ચહુ[2] ખંડે પરિસિદ્ધ;
પ્રથમ ખંડ <u>કરકંડૂનો</u>[3] સાંભલો[4] મને વિશુદ્ધ. ૧૦

ઢાલ ૧ લી.

ચઉપઇ.

રાગ ગઉડી.

જંબુનામૈ[5] એહુજ દીવ, દોચંદા દોસૂર[6] કહીવ;
ભરતખેતર[7] તિહાં કહીયે[8] ભલો, શત્રુંજ્ય[9] તીરથ ગુણનિલો[10]; ૧
ત્રેસઠ શલાકા પુરૂષ રતન જીહાં ઉત્પત્તિ[11] જીન ધર્મ જતન્ન;
સાઢા પંચવીસ આર્યજ[12] દેશ, સાધ્વી[13] સાધુ દ્યઇ[14] ઉપદેશ
દેસ <u>કુલિંગ</u>[15]<u>નામૈ</u> પ્રસિદ્ધ, ચંપાનગરી[16] રિદ્ધ સમૃદ્ધ[17];
રાજ કરે[18] દધિવાહનરાય[19]. રામચંદ્ર સમ ન્યાય[20] કહાય. ૨

(૧) * ચિહું ખંડે કહું ચોપઇ. (૨) + ચિહુ – + ર. (૩) + નઉ. (૪) + સાંભલિજ્યો મન સુદ્ધ * સાંભજો મન. (૫) + જંબુનામઇ એહિજદીપ, * જંબુનામૈ. (૬) + સૂરિજ દીપઇ * સૂરજ દીપ. (૭) + ખેત્ર. (૮) + કહિયઇ ભલઉ. * કહિયેં. (૯) + જિંહાંસે મુંજ. (૧૦) + નિલઉ. – + ઠિ. – + નથી. (૧૧) + ઉતપતિ. (૧૨) + આરિજ દેસ. (૧૩) + સાધુ સાધવી. (૧૪) * દીયે – + કલિં. (૧૫) + નામઇ પરસિદ્ધ, * નામે. (૧૬) * નયરી. (૧૭) + રિદ્ધિ સમૃદ્ધિ. (૧૮) + કરઇ. (૧૯) + ચંદ. (૨૦) + નામ.

ચેલણા રૂપદેખી ચલ્યો વીર તણો પરિવારો રે. ધિ૦ ૧૨
ભૂલો પુત્ર પ્રજાપતિ અહિલ્યા ભૂલો ઈંદો રે,
જનની સો જાલ્હણ ભુલ્યો ભગની સું અહિછંદોરે. ધિ૦ ૧૩
ઇમ અનેક જોગી જતી ચુકા કરમ વિશેષો રે,
તિમ ચુકો મણિરથ ઇહાં મયણરેહા રૂપ દેખોરે. ધિ૦ ૧૪

(૧) મહામુનિ. (૨) બુદ્ધિ. (૩) સુ ઘર બારોરે. (૪) દમયંતી. (૫) ચુકો.

છઠી ઢાલ પુરી થઇ કહિયા કેતા અધિકારો રે,
સમયસુંદર કહે ધનતિકે પાલે સીલ ઉદારો રે. ધિ૦ ૧૫

દુહા.

હિવ મણિરથને પાહરૂ જોર નગર લૈ જાય,
નિરત કરી ચંદજસતણી વૈદ્ય તિણે વન ધાય. ૧
ચંદજસ પિણ આયો તિહાં કરતો મુખ આક્રંદ,
ગાબડથી બંધાવતા નૃપતિ થયો નિષ્ફંદ. ૨
અંગ ઉપની વેદના રૂધિર વિમૂઢા ખાલ,
ખિણમાંહે લોચન મિલ્યા વાચ રહી તતકાલ. ૩
મરણસમય જાણીકરી મયણરેહા બહુમાન,
મન દૃઢ કર મધુરી સ્વરે ધર્મ સુણાવે કાન ૪

ઢાલ ૭મી.

બનજારાની દેશી.

મોરા પ્રીતમ તું[1] સુન ઇક મોરી સીખ તું મન સમાધિમાહે રાખજે
મોરા જીવનજી[2],
તું ખામે સગલા જીવ તું ખામે ચોરાસીલાખજે મો૦ ૧ મો૦
તું મક્કરે રાગને દ્વેષ તું શત્રુ મિત્ર સરિખા ગિણે. મો૦
તું દેજે કરમને દોસ તું અંતરંગ વયરિહણે. મો૦ ૨ મો૦
થારે દેવ એક અરિહંત તું ગુરૂસુ સાધ હીયડે વહે મો૦
થારે કેવલભાખિત ધર્મ સમક્તિ સૂધો સરદહે મો૦ ૩ મો૦

---

(૧) જી. (૨) વાલમજી.

તું દસદૃષ્ટાંતે જાણુ એ મનુષ્યતણો ભવ દોહલો. મો૦ ૪ મો૦
જો એણે ભવે કીજે પુણ્ય, તો પરભવ સુખ સોહલો; મો૦
તું પનરે કરમાદાંન વલિ પાઉ અઢારે પરહરે. મો૦
તું સુકૃતકીયા અનુમોદ તું દુકૃતકીયા પરહા કરે. મો૦ ૫ મો૦
થારે મારગ છે અતિદૂર તું સંબલ સાથે ઘાલજે. મો૦
થારે પઘપગ ચોરને ધાડ તું તેહથકી સંભાલજે. મો૦ ૬ મો૦
તું પરગ્રહ આરંભ પાપ તું ત્રિવિધ ત્રિવિધ કરી પરહરે; મો૦
તોની અંત અવસ્થા એહ તું ધરમે દૃઢકરજે હીયો મો૦
તું સરદહજે મનસુદ્ધ તો નૈ ચઉવિહાર અણસણદીયો, મો. ૭મો.
એક સાચો શ્રીજિનધર્મ થારે અવર સહૂ અથિર અછે, મો૦
ત મરનતણો ડર[1] માન તું જોઇ જગત કુણ અમર છે મો. ૮મો.
તું સરણા કરજે ચ્યાર અરિહંત સિદ્ધ સુસાધુજે મો૦
વલિ કેવલિભાખત ધર્મ એ ચ્યારે આરાધજે. મો૦ ૯ મો૦
તું ધ્યાન ધરે નવકાર જિમ કાજ સરે પ્રિયુ તાહરો. મો૦
એ સંસાર અસાર તું મોહ મ કરજે માહરો. મો૦ ૧૦ મો૦
ઈમ મયણરેહા ઉપદેશ તે સાચો સગલો સરદહ્યો મો૦
તવ જુગબાહુ[2] સુભધ્યાન ચવીને[3] સ્વરગે ગયો. મો૦ ૧૧ મો૦
એ સાતમી ઢાલ રસાલ જુગબાહુ સરણા તણી, મો૦
ગણિ સમયસુંદર કહે એમ હવે મયણરેહા વાત છે ઘણી. મો૦ ૧૨ મો.

દૂહા.

પિતા મરણ જાણી કરી ચંદજસ કરે પુકાર,
આંખે બિહુ આંસૂ ઝરે કરે વિલાપ અપાર ૧

---

(૧) ભય. (૨) જુવરાજ. (૩) તે કાલ કરી પરભવ લહ્યો.

મયણરેહા ઇમ ચિંતવે ધિગ ધિગ માહરો રૂપ,
ઇણથી અનરથ ઉપનો માર્યો પ્રીતમ ભૂપ. ૨
મતિ મારે મુજ પુત્રને મણિરથ[1] માહરે કાજ,
સીલરતન રાખણ ભણી જાઉં કિસિમિસ ભાજ. ૩
ઇમ મનમાંહે ચિંતવી સમઝાવી સુતસાર,
નિસભર ચાલી એકલી પૂરવદિસ સુવિચાર. ૪

ઢાલ ૮ મી.

સાધુ મ જાએ પરઘર એકલો એહની,
મોહનગારોરે નંદિખેણ નાહલો, એ દેશી.

નિસભર ચાલીરે મયણરેહા સતી એકલી અબલા નારી,
પૂર્વદિસ સામ્હીરે મન સાંકતી પઇઠી અટવી મઝાર. ૧
મયણરેહારે નિસિચાલી એકલી રાખણ સોલ રતન્ન,
કિહાં જઇ કાજ સમારૂં જીવનો કરૂં વલિ કોટિ જતન્ન મ૦ ૨
ખરે મધ્યાને સરવર પેખીયો લીધો તિહાં વિશ્રામ,
ફુલ ફલ ભક્ષણ કર પાણી પીયો સૂતી કદલી ઠામ મ૦ ૩
સાગારી અણસણ મુખ ઉચર્યો રાત પડી તતકાલ,
સીંહ વાઘ ગૂંજે બીહામણા બોલે બહુલા સ્યાલ મ૦ ૪
આધી રાતે પેટ પીડા થઇ જાયો પુત્ર પ્રધાન,
સુભલક્ષણ પૂરણ ગુણ નિલો સુંદર રૂપ નિધાન. મ૦ ૫
રતનકંબલ નામાંકિત મૂંદડી વીંટી બાલસરીર,
સતી સરોવર પ્રભાતે ગઇ સુચી કરવા નિજચીર. મ૦ ૬

(૧) કિણોદસિ. - ડ

વસ્ત્ર ધોઇને પૈઠી[1] સ્નાનને તિણવેલા દુરદંત,
પાંણિમાહી થકી ગજ નીસર્યો જાણે કાલ કૃત્યંત[2]. મ૦ ૭
તિણગજ સુંડા દંડ ગ્રહી કરી ઉછાલી આકાશ,
દેવયોગ દીઠી વિદ્યાધરે એ એ રૂપ પ્રકાસ મ૦ ૮
પડતા ઝાલી તિણ વિદ્યાધરે કરતી કોડ વિલાપ,
વૈતાઢપર્વત તે લેઇ ગયો પિણ મનમાહે પાપ. મ૦ ૯
મયણરેહા કહે સુણ ઇક વિનતી મુઝ મન દુઃખ અનેક,
તે દુઃખ કહિતા ફાટી પડે હીયો તઉ સુણ દુઃખ તૂં એક. મ૦
આજ રાતેં વનમાંહે મૈ જન્યો બાલક પુન્યપવિત્ત,
કેલહરિ મૂકીને હું ગઇ સરોવર સ્નાન નિમિત્ત. મ૦ ૧૧
જલહાથી ઉછાલીનૈ તૂં ગ્રહી પણિ બાલક કુણવાત,
વિન ધવરાયાં મરસ્યૈ ટલવલી કે કો કરસૈ ઘાત. મ૦ ૧૨
તિનથી મુઝને પહુતીકર તિનવનૈ અથવા બાલક આન,
પ્રારથીયાં ઉત્તમ પહિડે નહી જન્મ સફલ તસુ જાન. મ૦
કહે વિદ્યાધર કામાતુર થકો જો મુઝકરે ભરતાર,
તઉ તું વચન કહે તે હું કરૂં વિચિ સાખી કરતાર. મ૦ ૧૪
આઠમી ઢાલ સતી સંકટ પડી દુઃખમાહે વલી દુઃખ,
સમયસુંદર ભાખે વિન ભોગવ્યાં કરનતણો નહિ સુખ. મ૦ ૧૫

દૂહા.

વલતો વિદ્યાધર ભણે સુન સુંદર સસનેહ,
દેસ ગંધારમાંહે ભલો રતનાવહપુર એહ. ૧

(૧) પેઠિવલી. (૨) કૃતાંત.

વિદ્યાધર રાજા તિહાં મણિચૂડ મહિમ નિવાસ,
પટરાણી કમલાવતી મણિપ્રભ હું સુત તાસ. ૨
દક્ષણ ઉત્તર શ્રેણિની રાજ રિદ્ધ સવ છોડી,
મુઝ પિતા સંજમ લીયો મોહ તણો દલ મોડિ. ૩
ચારિત્રીયો ચારણ શ્રમણ કરતો કરમનૈ સૂડ,
કાલ્હ ઈહાં આવ્યો હું તો વિહરંતો મણિચૂડ. ૪
હિવ તે નંદીસર ગયો પ્રતિમા વંદન કાજ,
તસ સમીપ જાતે થકે મઇ તું અપહરી આજ. ૫
વાત કહું વલી તાહરી પુત્ર તણી અભિરામ,
માન બોલ તું માહરો પૂરો વંછિત કામ. ૬
વક્ર તુરંગે અપહર્યો મિથુલાનગરી રાય,
તિણ બન દીઠો તાહરો પુત્ર અનોપમ કાય. ૭
ઘરઆણી રાણી ભણી દીધો પુત્ર પ્રધાન,
પંચધાય પાલી જતો દીનદીન વાધે વાન. ૮
પ્રજ્ઞપ્તી વિદ્યા કહ્યો પુત્ર તણો વિરતંત,
ભોગવ ભોગ સંજોગ તું મુઝસો મન એકંત. ૯
હું તુઝને છોડું નહીં હિવ તું મોરે હાથ,
તન ધન જોવન રૂપનો ફલ ભોગવ મુઝ સાથ. ૧૦

ઢાલ ૯મી.

તું ગીયા ગિર સી હરસોહે એ.

રાગ–માલવી ગોડી.

ઈમ સુણી વચન સરાગ તેહના સતી ચિંતે એમરે
સવલ સંકટ પડી હું હિવ સીલ રાખો કેમરે. ૧

મયણરેહા સીલ રાખ્યો પડે સંકટ જેણરે,
દિનપ્રતે પરભાત ઉઠી નામ લીજે તેણરે. મ૦ ૨
મૈ કેઇ કરમ કઠોર કીધા ઉદય આયો તેહરે,
આપદામૈ પડી આપદ અજી ન આવે છેહરે. મ૦ ૩
હું અનાથ અજાણ અબલા કાંઇ ન ચાલે જોરરે,
સીલ રાખણ ભણી ભાખૂ કરૂં એક નિહોરરે મ૦ ૪
સતી ભાખે સુન વિદ્યાધર નંદીસર લેજાય રે,
પછે માનીસા વચન તોરા[1] જોરે પ્રીત ન થાયરે મ૦ ૫
ઈમ સુણી હર્ષિત હુવો ખેચર રચ્યો દિવ્યવિમાનરે,
સતી સાથે લઈ ચાલ્યો નંદીસર અસમાન રે મ૦ ૬
તિહાં જાઇ જિનવર બિંબ વંદ્યા રિષભાનન વ્રધમાનરે,
ચંદ્રાનન વારિખેણ નામૈ ધનુષ પાંચસઇ[2] માનરે મ૦ ૭
મણિચુડ-મુનિ વાંદિ બેઠા બેઉ આગલ આવરે.
ચારનાણી વાત જાંણી સુત લીયો સમઝાવરે. મ૦ ૮
કરજોડ મણિચૂડ[3] કહે સુણ સતી ખમે મુઝ અપરાધરે
આજથી તું બહાન મોરી બુઝગ્યો ઇણિ સાધરે. મ૦ ૯
તું કહે સો કરૂં કારજ બહિન દેહિ આદેસરે,
સતી કહે તે સર્વ કીધો જાત્રા પુન્ય વિસેસરે. મ૦ ૧૦
સતી સીલ રહ્યા અખંડત ગયો સંકટ દૂરરે,
ઢાલ નવમી સમયસુંદર ભણે આનંદપૂરરે. મ૦ ૧૧

દૂહા,

મયણરેહા મુનિવર ભણી પૂછઇ પ્રણમી પાય,
વાત કહો મુઝ સુત તણી ભગવન કરો પસાય. ૧

---

(૧) તાહરૂં. (૨) પંચશત – ૫. (૩, પ્રભ.

કહે મુનિવર સુન શ્રાવિકા પૂરવભવ વિરતંત,
જિમ તુઝ અંગજ અવતર્યો તિમ તુઝ કહાસુ અંત. ૨

ઢાળ ૧૦ મો.

તિમરી પાસે વડલું ગામ એહની,

ચોપાઇ.

જંબૂદ્વીપ પૂરવ સુવિદ્દેહ પુખલાવતી વિજયા ગુણગેહ,
તિહાં મણિતોરણ નગર ઉદાર ગઢ મઢ મંદર પોલ પ્રકાર. ૧
ચક્કવર્તિ પદવી ભોગવે રાય અમિતજસા નામે કહિવાય,
તસુ ઘર પુષ્પવતી પટરાણી અદ્દભૂતરૂપા જાણે ઈંદ્રાણી. ૨
તેહને પુત્ર બે પુણ્યપ્રમાણ પુફ[1]ફસેન રતનસિંહ ચતુરસુજાન,
ચઉરાસી પૂરવ લાખનું રાજ પાલી સાર્યા આતમકાજ ૩
ચારિણુ શ્રમણ જતીની પાસ દીક્ષા લીધી ચિત્ત[2] ઉલ્હાસ,
લાખ[3] સોલા પૂર્વ વરસાંસીમ તપ સંજ[4]મ કીધા નિસ્સીમ. ૪
બે[5] પહુતા[6] બારમે દેવલોક પુન્યતણા ફલ પામ્યા રોક;
સામાનિક દેવતા કહિવાય બાવીસ સાગર ભોગવે આય. ૫
તિહાંથી ચવીનૈ ધાતકીખંડ ભરતમાંહે હરિખેણપ્રચંડ;
અર્થચક્રી રાજા અભિરામ સમુદ્રદત્તા ત[7]સુ ભારજાનામ. ૬

---

(૧) પુષ્પ. (૨) મન. (૩) સોલ પૂર્વ લખ. (૪) જપ. (૫) તે. (૬) પોહોતા. (૭) તસ. – મ.

તેહને પુત્ર થયા સુપવિત્ત સાગરદેવનઇ સાગરદત્ત;
બારમો જિન દ્રઢસુવ્રતસ્વામિ તાસ[1] પાસ[2] મુનિ થયા હિતકામ. ૭
ત્રીજે દિન થયો વિજલપાત બેહુ સાધુતણો થયો ઘાત[3];
ઉપના સાતમે સ્વર્ગ આવાસ સતરે[4] સાગર લીલવિલાસ. ૮
નેમિસરનૈ તિનપ્રસ્તાવે કેવલિ મહિમા કરવા આવે;
પ્રશ્નકરે કહુ જગ આધાર કિહાં થાસ્યૈ સ્વામિ[5] અવિતાર ૯
ભગવંત કહે ઇણ ભરતમઝાર મિથલા[6]પુરી અલકા અવિતાર;
જયસૈન રાજાનો સુવિવેક પુત્ર હુસ્યૈ વિહૂં માહે એક. ૧૦
બીજો નગર સુદરસન જેહ મયણરેહા સુત હોસ્યૈ તેહ;
ઇમ સાંભ લગયા દેવતા દોઇ નિજ દેવલોકે હરખિત હોઇ. ૧૧
અનુક્રમે સુર સુખભોગવિસાર એકતણો મિથુલા અવિતાર;
જયસૈન વનમાલા હુક્ષ હંસ પુત્ર પદમરથ કુલ અવતંસ. ૧૨
જયસેનરાજા દીક્ષા લીધ રિદ્ધિ પદમરથ પુત્રનૈ દીધી;
પુષ્પમાલા પટરાણીસુ રંગ ભોગવે રાજા સુખ અભંગ. ૧૩
ઇકદીન અપહર્યો વક્રતુરંગ નૃપ અટવી પડયો જાણે કુરંગ;
તિહાં દીઠો તુઝ અંગજ એહ પૂરવભવતણો પ્રગટયો સનેહ. ૧૪

---

(૧) તસપાસે. (૨) સાધુ. (૩) વિધાત. (૪) સાગરલગેં. (૫) સ્વામિઅજા. (૬) મથુરા – બે – થિ.

બાલક ઉંચો લીધો જામ પૂઠે લસકર આયો તામ;
ગજચઢ રાજા મિથુલા આયો પુત્રજનમજિમ રંગ વધાયો. ૧૫
બીજતણો જિમ વાધે ચંદ મયણરેહા તુઝ પુત્ર આનંદ;
સતીસુણી હરખી તતકાલ સમયસુંદરભણે દસમીઢાલ. ૧૬

દુહા.

જે હવે મુનિવર ઈમ કહે તે હવે એક વિમાન;
નભથી નીચે ઉતર્યો તેજે તરણિ સમાન. ૧
જય જય શબ્દ સુઉચ્ચરે અપછર આનંદપૂર;
ઘમઘમ ઘમકે ઘુઘરી વાજે વાજંત્ર તૂર. ૨
નિર્મલ ફટક રતન મઈ નાટક પડે બત્રીસ;
મણિ મુકતાફલ ઝલકા સોભમાન સુ જગીસ. ૩
તિન વિમાનથી નીસર્યો દેવ દિવ્ય આકાર,
કાને કુંડલ ઝલહલે ઉર મુકતાફલ હાર. ૪
સતી તણા તે દેવતા પહિલાં પ્રણમે પાય,
સાધુ ભણી વાંદે પછી બેસે આગલિ આય. ૫

ઢાલ ૧૧ મી.

રે જીવ જિનધર્મ કીજીએ એહની દેશી.

મણિપ્રભ વિપરીત વંદના દેખી કહે એમ,
તુમે સરિખા પણિ દેવતા કહુ ભૂલો કેમ. ૧

- જે. (૧) કહે. (૨) ભાંણ. (૩) સમુચ્ચરિ. - પેડ. - લિ.
(૪) તેણે.

ધર્મ તણો ઉપગારડો મોટો સંસાર,
પરહિત જાણિજિકે કરે ધન તે નરનારિ. ધ૦ ૨
રાજનીત ધર્મ નીતના સુર કહિયે જાણ,
તે પિણ લોપે રીતને કુણ ચાલે પ્રાણ. ધ૦ ૩
સુન પરમારથ સુર કહે વિદ્યાધર રાય,
નગર સુદર્શનનો ધણી મણિરથ કહિવાય. ધ૦ ૪
યુગબાહુ બંધવ હતો તેહને યુવરાજ,
રમિવા ઉદ્યાને ગયો સગલો લેઈ સાજ. ધ૦ ૫
મણિરથ ભાઈ મારીયો વયરાણ સંબંધ,
ખડ્ગ પ્રહાર દીયો ખરો છેદ્યો તસુ ખંધ. ધ૦ ૬
કંઠ ગતિ પ્રાણ આયા થકા નિજરાયો જેણ,
કાજ સમાર્યા તેહના મયણરેહા એણ. ધ૦ ૭
ધર્મ મર્મ સમઝાંવીયો મૂકાવ્યો ક્રોધ,
અણસણ પણ ઉચરાવીયો દીધો પ્રતિબોધ. ધ૦ ૮
કાલકરી ગયો પાંચમે દેવલોકે તેહ,
ઇંદ્ર સમાનીક સુર હુવો દેવતા હું એહ. ધ૦ ૯
ધર્માચારિજ માહરે મયણરેહા જાણ,
પહલી કીધી વંદના ઉપગાર પ્રમાણિ. ધ૦ ૧૦
તેહથી જિનધર્મ પાંમીયે ઉપગારી સોઈ,
ધરમાચારજ આપણે તેહને તે હોઈ. ધ૦ ૧૧

- જ. - હો. - સે. - કો. - જુ. ત્રો. - બ્યો. - યુ. - સા.

તિનથીક જીનસાસને કહ્યા દુષ્પ્રતિકાર,
માતપિતા સેઠ ધર્મનો કિયો જિન ઉપગાર. ધ૦ ૧૨
વિદ્યાધર મન ચિંતવે મૈ જાણ્યો મર્મ,
તાં દુઃખ પામે જીવડો ન કરે જિનધર્મ. ધ૦ ૧૩
દેવ કહે સાંભલી સતી તૂં સામિણિ મુઝ,
મયણરેહાં તુંમુજે પ્રિયા કહુ તે કરૂં તુઝ. ધ૦ ૧૪
મુઝને પ્રિય સુખમોક્ષના તે તઇ ન દેવાય,
પણિ એકવાર તૂં પુત્રને પાસે લેઈ જાય. ધ૦ ૧૫
આંખે પુત્ર દેખી કરી મન આણી ઠામ,
કાજ સમારિસ આપણા ઢીલ નહિ ધર્મ કામ. ધ૦ ૧૬
ઢાલ ભલી ઇગ્યારમી કહ્યો પર ઉપગાર,
સમયસુંદર કહે હિવ કહું આગલો અધિકાર. ધ૦ ૧૭

ઢાળ ૧૨ મા

મોરો મન મોહ્યો ઇણ ડૂંગરે એહની.
મરૂદેવી માતાજી એમ ભણે એ દેશી.

મનડો ઉમાહ્યો મિલવા પુત્રને મયણરેહા કહિ ઈમરે,
સાંભલિ સુરવર નારિનો પુત્ર ઉપરિ બહુ પ્રેમરે. મ૦ ૧
મૈ જનમીને વન મૂકીયોરે સ્નાન કરાવિયો ન સાહિરે,
ઉર ધરી નવિ ધવરાવીયોરે ખાંતિ રહી મનમાંહિરે. મ૦ ૨
આંખ ન આંજી અણીયાલડીરે અર્ધચંદ નવિ કીયો ભાલરે,
હેજસું નવિ હુલરાવિયોરે અંગજ મુઝ સુકુમાલરે. મ૦ ૩

– ણિ. – યો. જ્યાં – ણીસ ૩ ણું – એહ.

નિજરભરીં નવિ જોઈયોરે મુઝ દીયો દેવ વિછોહરે,
જલવિન માછલી ટલવલેરે મુઝ ઘણો પુત્રનો મોહરે. મ૦ ૪
મયણરેહા મિથુલાપુરીરે સુર પહુતી કરી આંણરે,
જિહાં નમિમલ્લિજિણવરતણા જન્મવ્રત કેવલનાણરે. મ૦ ૫
પ્રથમ જુહાર્યા દેવદેહુરે પછે ગઈ સાધવી પાસરે,
પાયકમલ પ્રણમી કરીરે આગલ બેઠી ઉલાસરે. મ૦ ૬
સાધવી ધર્મ સંભલાવીયોરે આવીયો પરમસંવેગરે,
સુરકહે ચલો નૃપમંદિરેરે પુત્ર દેખાડું તુઝ વેગરે. મ૦ ૭
મયણરેહા કહે માહરેરે પુત્રસો નહિ પ્રતિબંધરે,
ધિગ ધિગ મોહની કર્મનેરે હું થઈ મુઢમતિ અંધરે. મ૦ ૮
પુત્રની મોહની મૈ તજીરે અથિર કુટંબ પરિવારરે,
જિનધર્મ એક સખાઇયોરે અવર સંસાર અસારરે. મ૦ ૯
તું હિવ જિમ સુખ તિમ કરેરે હું વૃત લેસું હિત કામરે,
મયણરેહાંને પ્રણમી કરીરે સુર ગયો આપણે ઠામરે. મ૦ ૧૦
સાધવી પાસે સંજમ લહ્યોરે[૧] મયણરેહા અભિરામરે,
તપ જપ કઠણ કૃયા[૨] કરેરે સાધવી સુવ્રતા નામરે. મ૦ ૧૧
બારમીઢાલ પૂરી થઇરે મોહની કરમ અધિકારરે,
સમયસુંદર કહે હિવ સુણો પુત્રનો કોણ પ્રકારરે. મ૦ ૧૨

દુહા.

તિણ બાલક વધતે તિહાં શત્રુ નમાડયા જેણ,
નામ યથારથ આપીયો કુંમરતણો નમિ તેણ. ૧

– ય નુરે – રે – લું – ચાલ. (૧) લિયોરે – ઠિ (૨) કરિઆ – તાં

આઠ વરસનો તિણે કીયો સકલ કલા અભ્યાસ;
અનુક્રમે યૌવન આવિયું મૃગ નયણી દ્રગ પાસ. ૨
વંસ ઇક્ષાગે ઉપનો[1] રૂપવંત ગુણવંત,
સહસ્સ એક આઠ કન્યકા પરણાવી અતિકાંત. ૩
નિજ નારીસૂં પરિવર્યો અપછરસું જિમ ઇંદ,
કામભોગ સુખ ભોગવે પામે પરમાનંદ. ૪
હિવ તે રાજા પદમરથ નમિનઇ દેઇ રાજ,
દીક્ષા લઇ મુગતેં ગયો સાર્યા આતમા કાજ. ૫
તે પણિ મણિરથ પાપીયો નિજ બંધવને માર,
તિણ નિસ અહિ ડસ્યો મૂયો નર્ક ગયો નિરધાર. ૬
ચંદજસરાજા થાપીયો મિલ મુહ તે પરધાન,
પાલે રાજ પંડુરસ્યું દિનદિન વાધે[2] વાન. ૭

ઢાલ ૧૩ મા.

જોગનારી દેસી.

એક દિવસ નમિ રાજાનો હાથી છૂટ્યો અતિ મદમસ્ત થકો,
આલાન થંભ ઉપાડી નાખ્યા મારે માણસ દેઇ ધકો. ૧ હાંદે.
જાએ લોક દસોદિસ ભાગા બીહતા પેટ પડયે ધ્રસકે,
સાંકલ ત્રોડે સુખ નઇ મોડે કો તેહને ઝાલી ન સકે ૨ હાંઝા.
વિંધ્યાચલ અટવી ભણી જાતો નગર સુદર્શન સીમ રહ્યો હાંસી.
ચંદજસા નૃપ સેવકેં દીઠો આપના ભૂપને આઇ કહ્યો. ૩ હાંઆ.

(૧) અઠોત્તર. – કંત. – મેહેતેં. (૨) અધિક.

ચંદજસાનૃપ ઝાલી આણ્યો બાંધ્યો ગજ દરબાર રહે. હાં દ.
ફિરતા દૂત દેખી મન હરખી નમિરાજાભણી જાય કહ્યો. ૪ હાં જા.
નમિરાજા નિજ દૂત મૂકીને ચંદજસપે ગજ માંગે. હાં જ.
ચંદજસાપિણ સબલો રાજા કહ્યો તે તેહને નવિ લાગે. ૫ હાં ન.
વલિ કહી રતન લિખ્યા નહિ નામે સબલો તે નૃપ ભાગવે. હાં. નૃ.
સૂર નઈ બીરતીકે જગ સાચા છલબલકર અરિયણ ભોગવે. ૬ હાં જો.
દૂત વચન સુણ નમિનૃપ કોપ્યો સીંહ વગાંસ્યા કેમ ખમે. હાં કે.
અષ્ટાપદ ગરજારવ કાંપે કિમકર વરષાકાલ સમે ૭ હાં કા.
તુરત પ્રયાણ ભંભા વજડાઇ મેઘાડંબર છત્ર ધરી. હાં છ.
હયગય રથ પાલક દલ મેલી રાજા ચાલ્યો કટક કરી. ૮ હાં ક.
ચંદજસા પિણ નમિ આગમ સુણ સેન લેઇ સામ્હો ચાલ્યો. હાં સા.
નગરથકી બાહિર નીસરતો પ્રથમથી અપસુકને પાલ્યો. ૯ હાં અ.
મંત્રિ પ્રધાન વચન સુણિ રાજા પોલજડી પુરમાંહિ રહ્યો, હાં મા.
નગરવીંટી પડયો ચિહુદિસ પરદલ નાલિ ગોલાકહે ગઢવિગ્રહઉ.૧૦ હાં.ગ.
સુવ્રતાસાધ્વી સુણ મનચિંતે હામાંત મનુષનો ક્ષય હોઇ. હાં ક્ષ.
બંધવ બેહુ માંહોમાંહિ ઝુઝી જાયે મતિ દુર્ગતિ કોઇ. ૧૧ હાં દુ.
ગુરૂનીને પુછીકરી સુવ્રતા પ્રથમ ગઈ નમિને બોલે. હાં ન.
પદપંકજ પ્રણમીકરી પૂછયો કેમ આયા કહ્યો નૃપ બોલે. ૧૨ હાં નૃ.
સુન રાજાન વિષય વિષસરિખા કારમી રાજને રિદ્ધ તેહ. હાં રિ.
તેહુનેકાજ સંગ્રામે માંડયો આપણા બાંધવ સાથ એહ. ૧૩ હાં સા.
કહિ બાંધવ કિમ તે મુઝ હોઇ સાધવી ભેદ કહ્યો સઘલો. હાં ક.
મોહા અભિમાની તે નમિરાજા મિલન તેહુન જાયો સબલો ૧૪ હાં ન.

– પાસે. – વાસે. – અતિ.

બારી દિસ પયઠી પુરમાંહે રાજમંદર અંગણ આઇ હાં અ.
દીઠી ચંદજસા આવંતી ચરણકમલ પ્રણમ્યા ધાઇ. હાંપ્ર. ૧૫
સજન સબંધી સગલા આયા નયણે નીર પ્રવાહ ઝરે હાં પ્ર.
કહુ સાધવી તુમ સંજમ મારગ દુકકર લીધો કૌણ પરે હાંકો. ૧૬
ચંદજસા કહે કિમ મુઝ બાંધવ સાધવી વાત કહી સગલી,
જિન સેતી તું યુદ્ધ કરે અબ બાંધવસું કર રંગરલી હાં રં. ૧૭
ચંદજસા મિલવા ભણી ચાલ્યો નમિ સામ્હો આઈ પગ લાગો હાં પ.
બેહુ બંધવ મિલિયા મનરંગે લોંક તણે મન ડર ભાગો હાં ડ. ૧૮
નમિરાજાનૈ દેસ અવવંતી રાજ દેઇ વૈરાગ ભજી હાં વૈ.
ચંદજસા ગુરૂ પાસ દીક્ષા ગ્રહી કારમી રાજની રિદ્ધ તજી હાંરિ.૧૯
નમિરાજા ભોગવેં મિથુલાપુરી નગર સુદર્શન રાજ બેઈ,
સમયસુંદર કહે સુણો ચતુરનર તેરમી ઢાલ એ ચિત્ત દેઈ હાંચિ.૨૦

ઢાલ ૧૪ મી.

ભાવનરી દેસી.

હો રાજ બેહું રૂડીપરિ રહ્યા સુખ ભોગવતા સુવિશેષ,
હો દેહ દાઘ જવર ઉપના હો ન મિટે પીડ નિમેષ. ન. ૧
હો કર્માંથી નાવ છૂટેરે કોઇ વિણુ ભોગવ્યાં રે,
હો કડૂઆ કર્મ વિપાક. ૨
હો દાહિ છ માસી તન દહે ત. રેહો જાણે અગનિની ઝાલ
હો સહેન સકે નમિ વેદના ન. હો ભોજન તજે તતકાલ ભો૦૩

– જુ. – તે. – છે તુજ. – રેં. – ડિ.

હો વડા વડા વૈદ્ય બોલાવીયા બો. રે. હો પૂછયા બે કરજોડ,
હો લાલચ લોભ દાખાડીયો, દે. હો દુખ દેવો મુઝ મોડ. દુ. ૪
હો ઔષધ ભેષધ તુમ કરો નુ. હો કરો કાઈ દાય ઉપાય.
હો વૈદ્યકલા કાંઈ કેલવો કે. હો જિણુકર દાઘજવર જાય જિ. ૫
હો વૈદ્ય કહે રાજનૂ સુનો રા. હો હમ[1] તે ન સાજો થાય,
હો પણિ એક તષતિ ઉપાય છેરે હો બાવના ચંદન લાય. બા ૬
હો સહુંસને આઠ અંતે ઉરી અં. હો દીઠો દાઘજવર તાપ,
હો કો કેહની ન લ્યે વેદના લ્યે. રેહો વનિતા કરે વિલાપ. બ. ૭
હો આંખા બિહું આંસુ ઝરે રેહો ઊભી પ્રીતમ પાસ,
હો સ્નાન મજ્જન ભોજન તજ્યા રેહો અબલા થઇરે ઉદાસ અ.૮
હો ભરભર કનક કચોલડા રે હો ઘસઘસ ચંદન લાય,
હો નારિ વિલેપન તનુ ઘસ રે હો ખિણ ખિણ કરે વિલાપ ખિ. ૯
હો બલકે ચુડી સોનાતણી રે હો સબદ સુહાવે ન કાન,
હો ચુડી ઉતારે આપણી રે હો પ્રમદા પ્રેમ પ્રધાન. પ્ર. ૧૦
હો સગલા વલય ઉતારતા રે હો એકેક રખ્યો મંગલીક,
હો વાલિસોનો જે આપણો રે હો તોડે કાન અલીક. તો. ૧૧
હો વલય કોલાહલ કિમ રહિયો રે હો રાજા પૂછે નિજ નારી,
હો ભેદ સુણયો મિથુલા ધની રે હો ચિંતે ચિત્ત મંઝાર ચિં. ૧૨
હો એકાકીપણો અતિભલો રે હો બહુ જણ મિલ્યા બહુ દુઃખ,
હો ચક્રવર્ત્તિને તે સુખ નહીં રે હો જે મુનિવરને સુખ. જે. ૧૩

(૧) અમ્હેં ન સાધુ નર થાય. – નહિ.

હો એકલો આવે જીવડો રેહો પરભવ જાએ પણ એક,
હો કુટંબ સહૂકો કારિમો રેહો વારૂ ધર્મ વિવેક. વા. ૧૪

હો પરભવ જાએ એકલો રેહો સાથે કર્મ સખાય,
હો પુન્યે શુભગતિ પામીએ રેહો પાપે દુર્ગતિ જાય. પા. ૧૫

હો જીવ અછે એક સાસતો રેહો દર્શન નાણ સંપન્ન,
હો બાહ્ય સંજોગ અસાસતા રેહો પુત્ર કલિત્ર ધન ધાન્ય. પુ. ૧૬

હો સ્વારથીયો સહુ કો મિલ્યો રેહો કો નવિ રાખણહાર,
હો પીડ ન લ્યૈ કોઇ પારકી રેહો એ સંસાર અસાર. એ. ૧૭

હો વલિ મનમાહે ચિંતવે રેહો જો મુઝ વેંદન જાય,
હો તૌ હું રાજ તજી કરી રેહો ચારિત લ્યૌં ચિતલાય. ચા. ૧૮

હો એહ મનોરથ મનધરી રેહો નિસભર સૂતો નમિરાય,
હો સુપન દીઠો રાત પાછલી રેહો આનંદ અંગ ન માય. આ. ૧૯

હો મેરૂ ઉપર સુર ગજ ચઢયો રેહો દીઠો આતમરૂપ,
હો ઝબક જાગ્યો ગઇ વેદના રેહો હરખત હુયો નમિભૂપ. હ. ૨૦

હો ઔષધ કો લાગ્યો નહીં લાગ્યો ધર્મ ઉપાય,
હો ઢાલ ભલી એ ચૌદમી સમયસુંદર ગુણ ગાય. સ. ૨૧

દૂહા.

નમિરાજા ચિત[1] ચિંતવે અહો સુપન અતિસાર,
પહિલો કિહાં દીઠો હુતો મૈં કિણહી અવિતાર. ૧

– મલ્યું = હિ. (૧) એમ ચિંતવિ.

જાતીસિમરણ ઉપનો દીઠો સુરભવ તેથ,
મેરૂસિખર આયો હું તો હું જિન મહિમા જેથ. ૨

પ્રતિબુદ્ધો રાજાનમી ત્રીજો પ્રત્યેકબુદ્ધ,
ભાવત ચારિતીયો ભલો સંવેગી મનસુદ્ધ. ૩

પાટ થાપ્યો નિજપુત્રને રાજરમણિ સવિ છંડિ,
માયા મમતા પરહરી નમિ પહુતો વનખંડ. ૪

ઇંદ્ર પરીક્ષા આવીયો કરિ બ્રાહ્મણનો રૂપ,
નમિરાજા વૈરાગીયો દેખુ કૌણ સરૂપ. ૫

ઢાલ ૧૫ મી.

એ બંધવ વંદન ચાલ્યા એ દેશી.

ઇંદ્ર કહે નમિરાયને હેત કારણ પડિચઉરે;
એહ અર્થ શ્રવણે સુણી પ્રશ્ન પડુતર જોયોરે. ઇં. ૧

મિથુલાનગરી મંદરે સબલ કોલાહલ આજોરે;
દારૂણ દીન દયામણા કિમ સુણીયે રિખ રાજોરે. ઇં. ૨

નમિરાજા કહે ઇંદ્રને હેત કારણ પડિચઉરે;
એહ અર્થ શ્રવણે સુણી પ્રશ્ન પડુતર જોયોરે. ઇં. ૩

મિથુલાનગરી વન હુતો વૃક્ષ મનોરમ નામો રે,

– ચોય – થિ – હ.

પૂલફૂલ છાયા શોભતો બહુ પંખી વિશ્રામો રે. ૪ ઈ.
તે તરૂ વાય કંપાવીયો તિણુ પંખીના વૃંદો રે;
હીન દીન દુઃખીયા થકા ઘણું કરૈ આક્રંદો રે. ૫ ઈ.
અગનીએ મિથુલા બલે મંદિરનો નહિ લેખો રે;
એહ અંતેઉર આરડે એકવાર ફિરિ દેખો રે. ૬ ઈ.
સુખસમાધિ જીવુ વસ્ં કાન નહિ કિન તાઈ રે,
મિથુલાનગરી દાઝતા હમનૈ બલૈ ઇહાં કાંઈ રે. ૭ ઈ.

ગઢ ગોપુરકરિ અરગલા અટ્ટાલક પણુ ખાઇ રે,
યંત્ર શતઘ્ની સજી કરી ક્ષત્રી તું પછે જાઇરે. ઈ. ૮

સરધાનગરી છે સજી ઉપસમ હૈ પરકારો રે,
સંવેગ રૂપ ગોપુર સજ્યા તપ ભોગલસારો રે. ઈ. ૯
સબલ કિમાડ સંવર તણા ખાઇ યંત્ર અટાલો રે,
એ ત્રિણ્હે સબલા સજ્યા ત્રિણ્હે ગુપતિ વિસાલો રે. ઈ. ૧૦
બીરજ ધનુષ ચઢાવીયો સમતિ પ્રત્યંચા ચાઢી રે,
ધીરજ મૂઠ કાઢી ગ્રહી સત્યસું વીંટી ગાઢી રે. ઇ. ૧૧
બારભેદ તપ બાણસું કર્મ કંચુકનૈ ભેદી રે,
મુનિ આતમરૂપ શત્રુનૈ જીપૈ જિનમત વેદી રે. ઇ. ૧૨
ઊંચા મંદર માલીયા વરડી વર પરસાદો રે,
નવા કરાવીયા પણા પછે તજે પરમાદો રે. ઈ. ૧૩

– ખણે. – મ. – રસપ્રાકા.

મારગ વિચ ઘર તે કરૈ જે મન ધરૈ સંદેહો રે;
નિશ્ચે મુક્તિ ભણી ચલ્યો તસુઘર સાસતો તેહો રે. ઇ. ૧૪
લોમહાર તસ્કર બુરા ગંઠી છોડી નિવારી રે,
નિરૂપદ્રવ નગરી કરી હુઈ જે પછે વ્રતધારી રે. ઇ. ૧૫
એહ અન્યાય ઇહાં ઘણો મિથ્યામતિ દંડ દીજે રે,
વિન અપરાધી બાંધીએ અપરાધી મૂકી જે રે. ઈ. ૧૬
વલિ સીમાલ ભૂપાલ જે માને નહિ તુઝ સિખ્યા રે,

તે સવિ આણી આપણે તઉ પછે લેજો દિક્ષા રે. ઈ. ૧૭
જે રણ ઝુઝે એકલો દસલાખ વૈરી જીપે રે,
કોઇક જીપે આતમા તે તો અધીકો દીપે રે. ઇ. ૧૮
યાગ કરાવી અતિઘણા માહણ શ્રમણ જીમાડી રે,
દિયે કનકાદિ દક્ષણા વ્રત લેજે રિદ્ધ છાંડી રે. ઈ. ૧૯
જઉ કોઇ દસલાખ દે માસ માસ ગોદાનો રે,
સંજમ અધિકો તેહથી દાન વિનાય પ્રધાનો રે. ઇ. ૨૦

કઠિન ગૃહાશ્રમ પાલતાં સમરથ નહિ તિણુ નાસે રે,
પણ પોષધવ્રત પાલતા રહિ તૂ ગૃહસ્થાવાસે રે. ઇ. ૨૧
ડાભ અણી ભોજન કરે માસ માસ જે બાલો રે,
સાધુ તણી કલા સોલમી અર્થે નહી તિણુ કાલો રે, ઇ. ૨૨
કનક રજત મણિ મોતીયે ભરી ભૂર ભંડારો રે;
સંજમ પણિ લેજે પછે ક્ષત્રી વર નિરધારો રે ઇ. ૨૩

– વસ – તુ – ભા.

પર્વત કનક રૂપા તણા મોટા મેરૂ પ્રમાણો રે;
વાર અનંતી પામીયા ન થઇ ત્રિપતિનિ ત્રાણો રે ઈ. ૨૪
કામ ભોગ લાધા થકા એ અચિરજ જે છોડે રે;
પશ્ચાતાપ હુસ્યૈ પછે[1] અણહુંતા નૈ ત્રોડે રે. ઈ ૨૫
કામ અસી વિષ સારસા સાલ સમા દુખ ખાની રે;
વંછિત કામ અણકામતા દુરગતિ જાએ પ્રાણી રે. ઈ. ૨૬
ક્રોધ અધોગતિ પાંમીયે માન અધમગતિ હોઇ રે;
માયા સુભગતિ પ્રતિ હણે લોભ થકી ભય દોઇ રે ઈ. ૨૭
ઉત્રાધ્યયનથી ઊધર્યા પ્રશ્ન ઉત્તર અભિરામો રે;
પનરમી ઢાલ પૂરી થઇ સમયસુંદર હિત કામો રે; ઈ. ૨૮

ઢાળ ૧૬ મી.

આંબો માર્યો હે જિન તણો.

રયણ કેતારે માઈ ઝલમલા એ દેશી.

બ્રાહ્મણ નઉ રૂપ કરિઉ આપ પ્રગટ થયો ઈંદ;
ચલત કુંડલ આભર્ણ થકો પ્રણમે પાય અરૂવિંદ. ઈ. ૧
ઈંદ્ર પ્રશંસા ઈમ કરે ધન ધન તું રિખ રાય;
તીન પ્રદક્ષણા દેઈ કરી પ્રણમે વાર વાર પાય. ઈ. ૨
અહો તે ક્રોધ દૂરે કીયો અહો તે જીત્યો અભિમાન;
અહો તેં માયા મમતા તજી અહો લોભ તજ્યો અસમાન;
અહો તેં આર્જવ અતિ ભલો અહો તેં માર્દવ સાર.

(૧) સારિખા.

અહો તે સાધુ ક્ષમા ભલી અહો તે મુત્તિ[1] પ્રધાન. ઈ. ૩
ઇણ ભવ ઉત્તમ પૂજ્ય તું પરિભવ હોઇસિ સિદ્ધ;
પામસે સાધુ તું મુકતિના સાસતા સુખ સમૃદ્ધ. ઈ. ૪
ધન કરણી તોરી સાધુજી ધન્ય પિતા કુલ ધન્ન;
ધન માતા જિણે જનમીયો એહવો પુત્ર રતન્ન. ઈ. ૫
હું બલિહારી રિખ તાહરે તુઝ સમ અવર ન કોઇ;
ચડતે પરણામે ચડયો સો નઇ સામન હોઈ. ઈ. ૬
તું ધન તું કૃતારથ થયો સફલ કીયો અવતાર;
રાજ રમણિ સબ પરિહરી લીધો સંજમ ભાર. ઈ. ૭
ઈમ પ્રશંસા કરતો થકો દેઈ પ્રદક્ષણા તીન;
વલી કરે પદ વંદના ભાવ ભગતિસું લીન. ઈ. ૮
સુભલક્ષણ પદસાધના પ્રણમી પરમ ઉલ્હાસ,
ચપલકુંડલ સિર સેહરો ઈંદ્ર ગયો આકાશ. ઈ. ૯
સોલમી ઢાલ સોહામણી ઈંદ્ર પરીક્ષા જાન,
સમયસુંદર કહે સ્યાંભલ્યાં જીવત જનમ પ્રમાણ. ઈ. ૧૦

ઢાલ ૧૭ મી.

રાગ ધન્યાસી.

બંસી વાજેહો વીણા એ દેશી.

મુનિવર પાય નમું પાયનમું નમિરાજ રિખરાય. મુ૦
નમિરાજા સંજમ લીયો ચઢતે મનપરણામ, મુ૦

(૧) ઉદાર - દેય. ૨- અતિ.

ચઉથેખંડ ચિહું સાધના ચિગુણુ ગાયસિ અભિરામ. મુ૦ ૧
ઈંદ્ર પ્રશંસા ઇમ સુણી હાંઇ કીધો નહીં હંકાર, મુ૦
ત્રીજો પ્રત્યેકબુદ્ધ એ ક્રમેં ક્રમેં કરે વિહાર. મુ૦ ૨
વિમલનાથ પરસાદથી શ્રી ઉગ્રસેનપુર માંહિ. મુ૦
ગરૂયોગચ્છ ખરતર તણો દિન દિન અધિક ઉછાહ. મુ૦ ૩
યુગપ્રધાન ગુરૂરાજીયા શ્રીજિનચંદ મુનિંદ, મુ૦
સકલચંદ સુપસાઉલે મુઝમન પરમાનંદ. મુ૦ ૪
ત્રીજોખંડ પૂરો થયો નમિરાજા અધિકાર. મુ૦
સતરમી ઢાલ સુહામણી સમયસુંદર સુખકાર. મુ૦ ૫

ઇતિ શ્રી નમિરાજાધિકાર તૃતીયખંડ સંપૂર્ણ.

—o—

શ્રી નિગ્ગઇ ચતુર્થ પ્રત્યેક બુદ્ધ વૃત્તાંત
ચતુર્થ ખંડ.

દુહા.

સીમંધર સ્વામી પ્રમુખ, વિહરમાન જિન વીશ,
જ્ઞાન દિવાકર દીપતા ચરણ નમું નિસદીસ. ૧
વલી પ્રણમું અસિ આઉસા મૂલમંત્ર નવકાર,
ધરણિધર પદ્માવતી સુર પદ પામ્યો સાર. ૨
સેત્રુંજય ગિરનાર ગિરિ શ્રીસમેતસીખર ગીરિંદ,
આબુ અષ્ટાપદ નમું એ તીરથ આણુંદ. ૩

દાન શીલ તપ એ ત્રિણ્હે ભાવ ભલે તો ચંગ,
તિણેકારણુ કહું નિગ્ગઇ ચઉથો ખંડ સુરંગ. ૪

ઢાલ ૧ લી.

સાપન શિખન ચેલણા એ દેશી.

જંબૂદ્વીપ સુહામણો લાખ જોજન માન,
દક્ષણભરત તિહાં ભલો દેસ મગધ[1] પ્રધાન. ૧
રાજકરે સિંહરથ તિહાં રાજા પરચંડ,
વયરી રાય નમાડીયા પરતાપ અખંડ. રા૦ ૨
પુંડરવર્ધનપુર અતિ ભલો બહુ રિદ્ધિ સમૃદ્ધિ;
ભૂરમણિ ભાલે તિલો સગલે પરસિદ્ધ. રા. ૩
ઇક દિન રાજા ભેટણે આયા અશ્વ દોઇ;
ઉત્તર પંથના ઉપના દેખે સહુ કોઇ. રા. ૪
રાજા રાજકુંવર થયા બેકે અસવાર;
નગર થકી બાહિર ગયા ચઉગાન મઝાર. રા. ૫
રાજાયેં અશ્વ દોડાવીયો કહિવો[2] જોઉં વેગ;
પવનવેગ જિમ ઊડીયો લીનો[3] ઉદ્વેગ. રા. ૬

– ત્રણે – મ – યોજણ. (૧) ગંધાર. – ૬. – દ્રો. (૨) કેહવો. (૩) લાગો ઉદ્વેગ.

જિમ જિમ વાગ કાઢી ગ્રહી તિમ તિમ ચઢીયો રોસ;
અટવીમાંહી લેઇ ગયો અડતાલીસ કોસ રા. ૭
ઢીલી વાગ મૂકી તિહાં થાકો ભૂપાલ;
વર્કસિક્ષિત ઉભો રહિયો ઘોડો તતકાલ. રા. ૮
વક્ર માણુસ વિણુ એહવા સમઝાયા ન ઝાય;
લાલ પાલ માને નહિ આપે પાધરા થાય. રા. ૯
અશ્વ લેઈ તરૂ બાંધીયો એકાકી રાય;
પ્રાણવૃત્તિ કરે આપણી [1]ફલપુલો ખાય. રા. ૧૦
ઉંચો ગિર ઉપર ચઢયો વસિવા નિવાસ;
ભૂપ એકુસત ભૂમીયો દેખે આવાસ. રા. ૧૧
તિહાં બેઠી એક કન્યકા દેખે દિવ રૂપ;
એ એ અદભુત લવણિમા ચમકયો ચિત ભૂપ. રા. ૧૨
કન્યા ઉઠ ઉભી થઇ દીયો આદરમાન;
સિંહાસન બેસણુ ઠવ્યો માન વિણુ તજ્યો થાન. રા. ૧૩

યતઃ

ભૂર બુલાવણુ બેસણો બીડો બે કરજોડ;
જિણુ ઘર પાંચ બબ્બા નહીં તે ઘર દૂરે છોડ. રા. ૧૪
નયણે નયણુ બેઉ મિલ્યાં ઉપનો કામરાગ;
ચતુરાં ચમક લોહજ્યું ચિત જાયે તે લાગ. રા. ૧૫

— ક્યો. — ત્યો. (૧) ફલનેફુલ. — ચ્ય. — ધું. — બા. — બો. = ણું. — ફ.

યતઃ

નયણુ પદારસ નયણુ રસ નયણે નયણુ મિલંત;
અણુજાણ્યાસું પ્રીતડી પહિલા નયણુ કરંત. રા. ૧૬
રાજા તન મન [1]ઉલસીયો કુમરીને દેખી;
પ્રેમ જણાવે પાછલો તિણુ [2]સેતી કો નેહ. રા. ૧૭

દુહા.

જેણે દીઠે ક્રોધ ઉપશમે, વાધે અધિક સનેહ;
પૂરવભવ સંબંધનો, તિણુ સેંતિ કોઇ નેહ.
જીણ દીઠે પ્રેમ ઉપસમે જાગે ક્રોધ કષાય,
વૈરભાવ કો પાછલો તિણુ સેંતિ કહિવાય.

ઢાળ

રાજા કહે સુણુ કન્યકા એકાકી કેમ,
અટવી માંહે રહે ઇહાં નવ જોવન પ્રેમ. રા. ૧૮
કહે કન્યા ભૂપતિ ભણી વિનતિ અવિધાર,
પહેલો પરણુ તું મુઝને પછે કહિશ વિચાર. રા. ૧૯
લછિ અને ભોજન ભલા સાહિબ બગસીસ,
નવલિ જે આવતા એ વિસવાવીસ, રા. ૨૦
ઇમ રાજા મન ચિંતવી દેહરા માંહે જાય,
જિન પ્રતિમા પૂજા કરે પ્રણમે પ્રભુ પાય. રા. ૨૧

— મેહ. (૧) ઉલ્લસ્યાં. — તન. (૨) સંભ્રમ સુવિશેષી. — હી.

તે કન્યા પરણી તિહાં ગાંધર્વ વિવાહ,
રાતે સૂતાં રતિ રંગસું બેઉ ઘર માંહિ. રા. ૨૨
ઉઠિ પ્રભાતે બેઉ જણા વલિ દેવ જુહાર,
બેઠો રાય સિંહાસને આધે નિજ નારિ. રા. ૨૩
પહિલી ઢાલ પૂરી થઈ પરણી અગન્યાત;
સમયસુંદર કહે હિવ સુણો[૧] નારીની વાત. રા. ૨૪

દૂહા.

નારિ કહે પ્રીતમ સુણો મુઝ સંબંધ સમૂલ,
ભરતખેત્ર માંહે નગર ક્ષિત્ર પ્રતિષ્ટ અનુકૂલ. ૧
ઇકદીન રાજાને હુવો સભા ચિતરવા રાગ,
સકલ ચિતારા તેડીને[૧] વિહચી દે[૨] સમભાગ. ૨
ચિત્રાંગદ ઇક ચિત્રકર નિદ્ધન વૃદ્ધ સરીર,
ચિત્ર સભા નિત ચીતરે પિણ મનમેં દિલગીર. ૩

———

ઢાળ ૨ જી.

ઉપસમ તરૂ છાયા રસ લીજે એ દેશી.

કાલ લાગ્યો[૩] કેતો ચિતરતાં પૂરો કામ ન થાયજી,
ચિત્રાંગદ ચીતારા કેરે પુત્રી એક કહાયજી. ૧

(૧) કુમરીની: - ક્ષત્રિ. - પા. (૨) દસ ભાગ. (૩) ગયો - રૂં.

કનકમંજરી ચતુર વિચક્ષણ સકલ કલા ગુણ જાણજી,
વેધક વચન અધિક ચતુરાઇ અદભુત રૂપ જુવાનજી. ક. ૨
એક દિવસ ચીતારા પુત્રી લેઇ ભગતે અહારજી,
રાજમારગ રોકી[૧] તિણ અવસર ખેલંતે અસવારજી. ક. ૩
તે અસવાર ગયો[૨] અતિ દૂરે તવ તે આવી તેપજી,
પિતા ગયો[૩] તવ તેહને મૂકી દેહની ચિંતા હેતજી. ૪ ક.
નિવરી બેઠી તિણે ચીતારી મણિ કુટ્ટિમ સુપવિત્તજી;
વાનાસું વારૂ ચીતરિયો મોરપિચ્છ સુવચિત્તજી. ક. ૫
તિણે અવસર રાજા તિહાં આયો જાણ્યો સાચો મોરજી;
ઝાલણિકાજ ઝબકિ કરિ વાહ્યો ભાગો નખ અતિજોરજી ક. ૬
તાલી દેઇ હસી ચીતારી વાહ્યો મર્મનો બોલજી;
ત્રિહું પાઇયે ગડગતોથો માંચો ચોથો મિલ્યો અમોલજી. ક. ૭
વચન સુણી વિલખો થયો રાજા પૂછે કહી કુણ મંચજી;
કનકમંજરી કુમરી હસ્તી સઘલા કહે પ્રપંચજી. ક. ૮
બાપ ભણી ભોજન આણતી દીઠો પુરૂષ મૈં એકજી;
રાજમારગ ઘોડો દ્રોડંતો તામેં નહી વિવેકજી. ક. ૯
દયાભાવ નહીં તે માંહે મૂઢ ન જાણે એમજી;
વહુ બેટી બૂઢીને બાલી ચાલે મારગ કેમજી. ક. ૧૦
એક મૂરખ[૪] તે પુરૂષ જે પાયો બીજો પાયો એહજી;

(૧) - આવંતી રોકી. (૨) જવ. (૩) ભોજન મૂકીને. - ત્ર. - ભાંગા. (૪) એ પહેલો પાયો.

જિણે મુઝ બાપ ભણી ચિત્રસાલા સરિખી વેચી તેહજી. ક. ૧૧
બહુ પરિવારે બીજા સીતારા મુઝ પિતા અસહાયજી:
અતિ નિરધન બૂઢો કિમ તેહને સરિખો કામ દેવાયજી. ક. ૧૨
મુઝ પિતા ત્રીજો હૈ મૂરખ ભોજન વેલા વિવાદજી;
દેહ ચિંતા ઊઠીને જાએ સીતલ કિસો સવાદજી. ક. ૧૩
સીતલ અન્ન જનમ પુત્રીનો કરસણ દહ્યો[1] કુવાયજી;
વયર વિરોધ સગાસું ચારે સ્વાદ નહી[2] કહુવાયજી. ક. ૧૪
ચોથો મુરખ તું રાજેસર જિણે આણ્યો મન ભર્મજી;
મોર કિહાં આવે ઇણ ઠામે જાણ્યો નહી એ મર્મજી. ક. ૧૫
એ એ રાજન તુઝ ચતુરાઇ એ એ બુદ્ધિ અપારજી;
ઘણા દિવસથી જોતાં મિલિયા મૂરખ પાયા ચ્યારજી. ક. ૧૬
વચન ચાતુરી રંજ્યો રાજા રંજ્યો દેખી રૂપજી;
ગતિ મતિ[3] આકૃતિ અતિ રંજ્યો કુમરી એહ અનુપજી. ક. ૧૭
ચીતારી નૃપનો ચિત ચોરી પહુતી નિજ આવાસજી;
રાય તણે ચિત ચટપટ લાગી પ્રેમ બંધન મૃગ પાસજી. ક. ૧૮
ચિત્રાંગદ ચીતારા પાસે મંત્રી મૂક્યો રાયજી,
કનકમંજરી કન્યા માંગી તું મુઝને પરણાયજી. ક૦ ૧૯
હું નિરધન તું છત્રપતિ રાજા કિમ થાયે વિવાહજી;
રાજા આપિદીયા ધન બહુલા ચિત્રકર હૂયો[4] ઉછાહજી. ક૦ ૨૦

(૧) હણ્યો. (૨) હીન. (૩) મતિધૃતિ. – કી (૪) થયો.

શુભ મહૂરત તે પરણ્યો રાજા કનકમંજરી નારિજી,
મોટો મહિલ દીયો રહિવાને બહુ દાસી પરિવારજી. ક૦ ૨૧
રાજાને બહુ અપછર સરખી રાણી રૂપ નિધાનજી,
આપ આપણે વારે તે આવે નૃપમંદિર બહુ માનજી. ક૦ ૨૨
તિણે રાતેં વારો નિવાર્યો નવપરણીતનેં દીધજી,
કરિ સિંગાર[1] ગઇ પિયુ પાસે દાસી સાથેં લીધજી. ક૦ ૨૩
રાજાનેં રાણી બે[2] મિલીયા હૂઓ હરખ અપારજી,
સમયસુંદર કહે ઢાલ ભણી એહ બીજી બહુ વિસ્તારજી. ક૦ ૨૪

દૂહા.

પૂર્વસંકેત તિન મદનિકા પ્રશ્ન કરે બહુમાન;

સ્વામિનિ અચરિજ સારીખો કહિ કોઇ આખ્યાન, ૧
કહિ રાણી સુણ મદનિકા ઉતાવલી મતિ થાય,

એકવાર રાજા સુવે કહિસ[3] પછે વિગતાય. ૨
રાજાને અચરિજ હૂયો[4] કિસી કહે એહ વાત,
સૂતો કપટ નિદ્રા કરી સુણિ વામા જિમ રાત. ૩

ઢાલ ૩ જી.

ગિરધર આવેગો એ દેસી.—રાગ જપતશ્રી

મદનિકા પૂછે[5] હે સખી અબ કહિ[6] કાઇ બાત,
રાજા પિણ સુનતો નહી રાત ખુસીમાહિ જાત. ૧

(૧) સિણગાર. (૨) બેહુમલિયાં – ખું. હો. – (૩) પછી સુ-
વિચાર. (૪) થયું. (૫) બોલે. (૬) કહે કથા તું કાંઇ.

મોરી બહિનિ એ કહિ કોઇ અચરિજ બાત,
મુઝમન અધિક સુહાત રંગ ભરતાં રાત. મો૦
રાજા તણી રાણી કહે સુણુ એક નગર વસંત,
તિહાં નગરશેઠ વસે ભલો, ધરમી ને ધનવંત. મો૦ ૨
તિન શેઠ મંડાયો દેહરો એક હાથ ઊંચો તેહ,
તે માંહે માંડયો દેવતા ચઉહત્થોતસુ દેહ. મો૦ ૩
મદનિકા પૂછે સ્વામિની એહ વાત તેમ મનાય,
કિમ એક હાથની દેહરી ચૌહત્થ[1] દેવ સમાય. મો૦ ૪
રાણી કહે સુણુ હે સખી અબ ઊંઘ આવે મુઝ,
વેધક છે તો આવજે કાલ કહશો હું તુઝ. મો૦ ૫
મદનિકા નિજ મંદિર ગઇ નપ થઇ ચટપટ ચીત,
બીજે દિન વારો દીયો ચીતારીસો બહુ પ્રીત. મો૦ ૬
તિણુ સંઝ પૂછી તે કહે સુણુ સખી મૂઢ ગમાર,
એ વાતનો અચરિજ કિસો ચતુર્ભુજ દેવ, મુરારિ. મો૦ ૭
ઇક વલી કથા કહે સ્વામની હું કરૂં એહ અરદાસ,
રાણી કહે રાજા સુણો કપટ નિદ્રા કરે આસ. મો૦ ૮
કિણુ રાયેં ચોર ગૃહી કરી ઘાલીયા પેટી માંહિ,
મંજુસ તે મૂકી કરી વાહી નદી તે પ્રવાહ. મો૦ ૯

-ય ચું (૧) ચઉહત્થો. - સ્યું

તે નદીમૈં વહુતી ગઇ કિણુ નગર પાસે મંજુસ,
આવતી દીઠી બિહુ જણે[1] લાધુ જાણુ જૂસ. મો૦ ૧૦
મંજુસ મુદ્રા ખોલતાં નીસર્યાં તસ્કર તેહ,
પૂછીયો દિન કેતા હૂયા ત્રીજો દિન મુઝ એહ. મો૦ ૧૧
ત્રીજો દિન કિમ જાણીયો સ્વામિની કહિ સુવિચાર,
ભેંસનો દહી જીમ્યો ઘણો આવે ઉંઘ અપાર. મો૦ ૧૨
તિણેં તીજે દીન વારો દીયો નૃપ[2] થઇ સુણવા ટાંપ,
સુણુ સખી ભેદ એક તેહનો તેજરઉ આવે તાપ. મો૦ ૧૩
વલિ મદનિકા પૂછે કથા નવ વધૂ કહે અધિકાર,
કિણ રાય ઘાટ ઘડાવીયો તેડાવ્યા બહુ સોનાર, મો૦ ૧૪
ભુયહરા મોહુ તે ઘડે દીપતી જ્યોતિ સંઘાત,
માંહો માંહે પૂછયા થકા એક કહે અમરાત; મો૦ ૧૫
તિહાં નહિ સુરજ ચંદ[3] હૈ કિમ રાત જાણી એણુ,
રીંડોરા ભોજન ભખ્યા નિદ્રા આવે તેણુ, મો૦ ૧૬
તિણુ ચઉથે દિન વારો દીયો કુણુ હેત એહનો હોઇ,
ચીતારી કહે સુણુ સખી રાતંધો હુંતો સોઇ. મો૦ ૧૭
સુણુ વાત એક સુહાવણી ગુરૂ લહ્યા લાડુ ચાર;
એક પ્રથમ ચેલાને દીધા બીજો બીજાને સાર. મો૦ ૧૮
તીસરો ચોથાને દીયો ઇક આપેં કીધો ભક્ષ;
કહિ તુરત જઉ ચતુર છે તે કજે કેટલા સિષ્ય. મો૦ ૧૯

(૧) લાધોજાણ્યું - જે. -થ - કહુતેહ (૨) તરીયો. (૩) ચંદ્રમા.

કરજોડી સ્વામિનિ વીનવું એ ભેદ મુઝ સમજાય;
ખાધી ખટાઇ અતિઘણી નયણે નિંદ ભરાય. મો૦ ૨૦
પાંચમે દીન વારો દીયો રાણિ ભણે અભિરામ;
તેહુને ચેલા ત્રિણ હુતા ચઉથો ત્રીજાનો નામ. મો૦ ૨૧
વલિ[1] કહી રાણી સુણ સખી ઉતંગ મંડપ એક;
તસુ ઉપરને નીચે રહે ઉત્તમ પંખી અનેક. મો૦ ૨૨
ઇક ઉપરલો નીચે મિલે તઉ બેહુ સરિખા હોઇ;
નીચલો એક ઉપર મિલે તો તે બિમણા જોઇ મો૦ ૨૩
કહિ સખી તે કેતા હુંતા પંખીયા તિંણે પરસાદ,
હું મૂઢમતિ જાણો નહીં કહુ મુઝ કરીયે પ્રસાદ. મો૦ ૨૪
મુઝ ઉંઘ આવે અતિ ઘણી દિવ રમી પાસા સાર,
જઉ ચતુર છે તો આવજે કાલે કહિસુ વિચાર. મો૦ ૨૫
વલિ છઠે દિન વારો દીયો રાય ચિત્ત લાગી ચૂંપ,
અબકહિ તે ચોજ[2] ચાહુંહે સીસ ભરાવું લી ખુંપ. મો૦ ૨૬
તે સાત ને પાંચે હુંતા પંખીયા ઉપર નીચ,
નિજકંત સૂતો સાંભલે આંખ બેહુ નિજ મીંચ. મો૦ ૨૭
વલિ ચતુર ચીતારી કહે ત્રિણ ચોરે ચોરી કીધ,
ભંડાર ફાડયો કેહનો સોનઈયા બહુ લીધ. મો૦ ૨૮
તે સોનૈયા સાંતી[3] કરી તસ્કર ગયા સબ ભાગ,
એક ચોર આયો એકદા લેઈ ગયો ત્રીજો ભાગ. મો૦ ૨૯

(૧) કહિ રાણી સુણરે સખી. (૨) વાતજ તાહરી - ઉ - ખું-પ. (૩) સંતાડી - વિ.

બીજો પિણ ત્રીજો વટો એક અધિક લેઇ જાઇ,
ત્રીજો સેષ[1] રહ્યો ગ્રહ્યો ચિહુને સરિખા થાઇ. મો૦ ૩૦
કહિ સોનૈયા તે કેટલા ધુર થકી હુંતા તેહ,
કાલિ આવઇ કહસ્યું વલી આજ મુઝ દુખે છે દેહ. મો૦ ૩૧
સાતમે દિન વારો દીયો નૃપ વધુ ભેદ કહેય;
સોનઈયા ષટ તે હુંતા હિવ તું લેખો લેહ. મો૦ ૩૨
સુણ ઊંટ વન ચરિવા ગયો એક વૃક્ષ મોટો દીઠ,
લાંબી ગાબડી ખપ રહ્યો અપડિ ન સકે નીઠ. મો૦ ૩૩
કોપીયો ઉંઠ તે ઉપરે કાર ગયો મલનૈ મૂત્ર,
ઊંચા[2] તસ ઉપર ઇસી વાત પડે કિમ સૂત્ર. મો૦ ૩૪
કહી સખી[3] કૌતુક એહ ઘણો, નાહ કહું આજની રાત,
પ્રીતમ સેતી પ્રેમની કરણી છે બહુ વાત. મો૦ ૩૫
આઠમે દિન વારો દીયો પ્રીછયો ભેદ સુરીત,
વૃક્ષ હુંતો તે માહતી જીરણ કૂપની ભીંત. મો૦ ૩૬
બાર વરસે પ્રીતમ મિલ્યો પદમની પુસલીમાહિ,
મોટા મુક્તા ફલ દીયા કરવા નારિ ઉછાહ. મો૦ ૩૭
તિણે નારિ તે નાખી દીયા કિમ કીયા પ્રીયુસું રોસ,
આજ અમલ પ્રીઉ ખવરાવીયો કહિ ન શકું પડે સોસ. મો૦ ૩૮
નવમે દીન વારો દીયો તે[4] કહે રાણી તામ;
કરકાં તે તે રાતાં થયાં કીકી હવિ મુખ સ્યામ. મો૦ ૩૯

(૧) જીકે - ટ (૨) તદે. (૩) મુજ કૌતુક ઘણું - વી. (૪) મેઃ - ખ્ખી.

માનિની મન માંહે ચિંતવે મુઝ હુંતી મોટી આસ;
ગુંજાફલ[1] પ્રિઉડે દીયા ત્ર્યંબક મોલ નહિ તાસ. મો૦ ૪૦
સુણ ભૂપ પંડિત પૂછીયા ગયા બારા માંહે દોઇ,
પૂંછે કહુ કેતા રહ્યા ચોજ અછે ઇહાં કોઇ. મો૦ ૪૧
ઈક કહે પંડિત દસ રહ્યા બીજો કહે રહીયો એક,
ત્રીજો કહે સઘળા ગયા કહિ સ્વામિનિ સુવિવેક. મો૦ ૪[illegible]
આજ આંખ ફરકે દાહણી કહિતા ન આવે ઘાત,
ચિંત જનાવે સોકની મતિ કાંઇ ઘાલે ઘાત. મો૦ ૪૩
દસમે દિન વારો દીયો રાણિ કહે સુણ દાસી,
એક શ્રાવણને ભાદ્રવો બિહુ[2] ગએ ગયા દસ માસ. મો૦ ૪૪
વલિ સુણ સખી એક કામિણી કારજ વિચારી કીધ,
પરદેસેં પિઉડે ચાલતાં સેલડી હાથે દીધ. મો૦ ૪૫
ચાલતો હુંતો લાભને તે પિણ ન ચાલ્યો ગામ,
નહિ કહું અબ નિશ્ચેતણો જપવો અરિહંત[3] નામ. મો૦ ૪૬
ઇગ્યારમેં દિન વારો દીયો રાણી કહે તે આમ,
સેલડાંને જીમ ફલ નહિ તિમ તસુ નિષ્ફલ કામ. મો૦ ૪૭
સુણિ નારિ એક ચતુર[4] હુતી નિજ ચડી ગૃહ ઉત્તંગ,
સીંહનો રૂપ લિખ્યો તિહાં કહિ કારણ કુણ ચંગ. મો૦ ૪૮
એ મર્મ કહે મુઝ સામિની મુઝ ન ઉપજે છે માસ,
આજ જીવ ભુખા કલમલે વ્રત કીધો ઉપવાસ. મો૦ ૪૯

---

(૧) મુજ નુંજાફલ નઉદીયાં – મુ – દા (૨) બહુ ગયા બારે માસ. – નેં (૩) ભગવત. (૪) ઉંચી ચડી. નિસિ.

બારમે દિન રાણી કહે વિરહણી એ અભિપ્રાય,
સીંહ દેખ મૃગવાહન ત્રહે તઉ વેગી રાત જાય. મો૦ ૫૦
સુણી નારી એક ઉંચી ચડી વીણ વજાડે કેમ,
પણિ આજ હું કહિસું નહીં પ્રિયસું ખેલણ પ્રેમ. મો૦ ૫૧
તેરમેદિન વારો દીયો અતિરસીક તે રાજન;
તે ભેદ પટરાણી કહે મદનિકા સુન સાવધાન. મો૦ ૫૨
ચંદ્રમા વાહન મૃગલો[1] નારિનો પ્રિયસું[2] નેહ;
જઉ નાદ વેધો નવિ ચલે તઉ વાધે નિસિ તેહ. મો૦ ૫૩
ઇમ નવ નવી અચરિજ કથા નિત્ય કહીએ છે માસ,
ચીતારીયે ચિત રંજીયો પ્રીતમ પાડયો પાસ. મો૦ ૫૪
પરહરી બીજી પદમની વસ કીયો નવલી નારિ,
જે ચતુર નારિ કલા ખરી તે વસિ કરે ભરતાર. મો૦ ૫૫
અતિ ચતુર ચીતારી રમે આપણા પિઉને રંગ,
એહ ઢાલ સુણતાં તીસરી સમયસુંદર મનરંગ. મો૦ ૫૬

દૂહા.

સઉંક મિલી હિવ તેહની બોલે ભાવે તેમ,
અણખ અદેખાઇ કરે વલિ મનચિંતે એમ. ૧
ઇણી ચીતારી વસિ કીયો અહો હમારો નાહિ,
હમ સામ્હો દેખે નહીં કહુ અબ કીજે કાહિ. ૨

---

(૧) મિરગલો. (૨) પિયુસું – એ – તે – જે – સં. – છો

રાજ કાજ છોડી કરી છાંડી નારિ કુલીન,
ચીતારાની પુત્રિકા તિણસું રાજા લીન. ૩
દેખી છલ છિદ્ર તેહનો જઉ કોઈ ઘાલે ઘાત,
કંત તણો ચિત ફેરવા તો બંધસે વાત. ૪

ઢાલ ૪ થી.

પૂરઉ નઇ સુહાગણ રૂડો સાથીઓજી એ દેશી.

હિવ તે ચીતારી નારી દિન પ્રતીજી આવી મધ્યાન આવાસરે,
ઉરડામાંહે બેસી કરીજી એકલી કો નહિ પાસજી. ૧
કરે રે ચીતારી નિંદા આપણીજી જીવને ઘઈ ઉપદેશરે,
પુન્યપસાયે પામી સંપદાજી મન અભિમાન મ કરેસરે. ક. ૨
રાયના વસ્ત્ર આભર્ણ તજ્યાજી વલિ તજ્યા સોલ શૃંગારજી,
બાપતણો વેસ મૂલગોજી પહર બેઠી તિણુ વારજી. ક. ૩
સાસ તરૂચા તણી રાખડીજી કાચની ઘડકલી કાનરે,
આંગલીયા પીતલ તણાજી દોસતા સોવન વાનરે. ક. ૪
નાક બેસર મોતી નાકનોજી તીલક ટીકીતણો[૧] નાહરે,
કાચ અકીકના મૂદ્રડીજી કાચની કાંચલી બાંહરે. ક. ૫
ચઉસરો બાંધ્યો ગલે ચીડીયોજી કેસુંડી વિંદલી ગાલરે,
હાર પહેર્યો હીયે સંખનોજી વિચમૈ ગુંજાફલ લાલરે. ક. ૬

– છો. (૧) ટીકાતણું તાંતહ.

ઝાંઝર બેહું કાંસા તણાજી પીતલ વીછીયા પાયરે,
પહેરણ છાંટનો ચરણીયોજી ઉઢણ લોબડી કાયરે[૧]. ક૦ ૭
એહવો વેસ પહેરી[૨] કરીજી જીવને ઘઇ ઉપદેસરે,
તૂંમ કરે રિદ્ધ ગારવીજી તુંમ કરે વલિ ક્રોધરે. ક૦ ૮
એ સગલી રિદ્ધ રાયનીજી એ તુઝ મુલગો વેસરે,
પુણ્ય પ્રમાણ સુખ પામીયાજી મત કરે ગર્વતું લેસરે. ક૦ ૯
ગર્વ થોડો પિણ જઉ કીયોજી તો તુઝને નૃપ એહરે,
કંઠે ઝાલી પરી કાઢસ્યૈજી તુરત દસ્યઇ[૩] તુઝ છેહરે. ક ૧૦
ઇણિપારે આતમા નિંદતીજી[૪] નિંદતી કર્મની કોડિરે,
આપણાં પાપ ખમાવતીજી ભગવંત ભવથકી છોડિરે. ક. ૧૧
સઉક સૂલી સરખી કહીજી પગને ઘાંષે હીયો પૈસરે,
જીવતી[૫] છિદ્ર જોતી રહેજી મારઈ મુઈ ગલે બૈસરે. ક. ૧૨
રાત દિન છિદ્ર જોતી થકીજી દેખીયો એહ પ્રસ્તાવજી,
ભૂપને તેડ ભંભેરીયોજી સઉકનો દુષ્ટ સ્વભાવજી. ક. ૧૩
સુણિ[૬] પ્રિયા તે હમને તજી જી[૭]તેહ ચીતારી ધૂતારજી,
તુઝ[૮] ભણી તેહ કામણિ કરેજી માનજે સહી નિરધારજી. ક. ૧૪

---

(૧) પ્રતિબોધ. (૨) જીવ. (૩) ભેદતી. (૪) આલોવતીજી. (૫) નિશદિન છિદ્ર – સૂ. (૬) પિયુતેં અન્ન જેણે તુજને આપવ શકી યોજી. (૭) વિ-ણુ અપરાધ વિશેષ. (૮) તેહનું દુઃખ અજાકો નહિજી પણ કુલક્ષય હુંતો દેખ.

નૃય કહે વાત કિમ માનીયેજી [1]અવગુણ ગુણ કરી દીઠજી,
[2]અમ્હ નયણે દીખાડસ્યાંજી તઉ પિણ માનિસ નીઠજી. ક૦ ૧૫
બૈસ આવાસ મધ્યાનમૈજી મંત્ર સાધન કરે નિત્યજી,
નિરત કરવા નર મૂકીયાજી તે કહે વાત એ સત્યજી. ક૦ ૧૬
તઉ પિણ રાય માને નહિજી આપ રહીયો પરછિન્નજી,
નિજર દીઠી આપો નિંદતીજી વચન સુણ્યા નિજ કન્નજી. ક૦ ૧૭
એ વિરતંત જાણી કરીજી ચિંતવે ભૂપ એહ ધન્નરે,
એહવી રિદ્ધ પામી કરીજી ગર્વ કરે નહિ મન્નરે. ક૦ ૧૮
અધમ અંતે ઉરી માહરીજી એહને દૂષણ દેઇરે,
સઉકને દૂરજણ સારીખાજી ગુણ તજી અવગુણ લેયરે. ક૦ ૧૯
અહો અહો એહની ચાતુરીજી અહો અહો ધર્મ જતન્નજી,
ઉત્તમ એહ અંતે ઉરીજી રાણી માંહિ રતન્નજી. ક૦ ૨૦
રાયનો મન સુપ્રસન્ન થયોજી ચીતારી કરી પટરાણીરે,
અવર અંતેઉરી અવગણીજી પુન્યતણા ફલ જાણીજી. ક૦ ૨૧
ચઉથી ઢાલ પૂરી થઇજી ચતુર ચીતારી ચરિત્રરે,
સમયસુંદર કહે હિવ સુણોજી ધર્મ વાત વિચિત્રજી. ક૦ ૨૨

દૂહા.

વિમલચંદ ઇણ અવસરેં આચારજ પદ ધાર,
અનુક્રમે આયા વિહરતા સાધ તિણે પરિવાર. ૧

(૧) કામણ કેમ કરે કોય, જીવથી અધિક મુજને ગણેજી, દુધમેં પુરા મ જોય; કામણનું એહ પારખુંજી. (૨) જો અમેં — નયણેં દેખાડશુંજી. — તિ.

જીતશત્રુ રાજા આવીયો સાથેં લેઈ પટરાણિ,
પદપંકજ પ્રણમી કરી સુણી સાધુની વાણિ. ૨
રાજાને રાણી બેહું લીધો શ્રાવિક ધર્મ,
દાન સીલ તપ ભાવના સદા કરે શુભ કર્મ. ૩
અંતકાલેં તે એકદા અણસણ કરી અપાર,
પટરાણી રાજા તણી પહુતી સ્વર્ગ મઝાર, ૪
તિંહાંથી ચવી વૈતાઢયગિરિ તોરણપુર અભિધાન,
વિદ્યાધર દૃઢશક્તિની પુત્રી થઈ પરધાન, ૫
નામ કનકમાલા નિપુણ રૂપવંત રવિ જેમ,
ભરજોબન આવી ભલી પેખત વાધે પ્રેમ. ૬
વાસવખેચર અપહરી ઇહાં મૂકી કરી ગેહ,
પાણિ ગ્રહણ કરણ ભણી સજી સામગ્રી એહ. ૭

ઢાલ ૫ મો.

મેઘમુનિ કાંઇ ડમડોલેરે એ દેશી.

તિણ[1] અવસર તસ બાંધવ આવ્યો કનકતેજ[2] ઇણ ઠામ,
વાસવ વિદ્યાધરસું માંડયો માંહો માંહિ સંગ્રામ. ૧
વાત સુણ પ્રીતમ મોરાહો હું કહું સઘલું વિરતંત તું ચતુર
વિચક્ષણ કંત આંકણી.
એકેકને ઘાઉ દીધો સબલો બેઉ મૂયા તતકાલ,
કનકમાલા બાંધવ દુઃખ કરતી બૈઠી અબલા બાલ. વા૦ ૨

— તીરતિ (૧) એણે (૨) એણેં.

તિહાં વિંતર વલિ આયો કોઇ કહિવા લાગો એમ,
પુરવજન્મ પિતા હું તેરો તુઝ ઉપરેં બહુ પ્રેમ. વા૦ ૩
તિણવેલા દ્રઢશક્તિ વિદ્યાધર પૂઠે આયો સોઈ,
અન્યરૂપ કીધું તે કન્યા તિણેંસુર અવસર[1] જોઈ. વા૦ ૪
કનક તેજ[1] વાસવ[2] તે કન્યા[3] એ ત્રિણહે મૃત રૂપ,
દેવમાયા કરી કીધા વ્યંતર દીઠા ખેચર ભૂપ. વા૦ ૫
વિદ્યાધરેં ઇમ જાણ્યો વાસવ મુઝ સુત માર્યો એહ,
તિણ પિણ માર્યો તે વિદ્યાધર તિણ વલી કન્યા તેહ. વા૦ ૬
ધિગ ધિગ કામભોગ એહ અનરથ ધિગ ધિગ એહ સંસાર,
વૈરાગે દ્રઢશક્તિ વિદ્યાધર લીધો સંજમ ભાર. વા૦ ૭
વ્યંતર માયા ફેર જીવાડી તે કન્યા તિણ વાર,
બાપ આગલ બેટી કહે સઘલો બાંધવ મરણ પ્રકાર વા૦ ૮
સાધુ કહે કન્યા રૂપ ફેર્યો કિણે કારણે કહુ એહ,
દેવ કહે સાંભળ તું મુનિવર ભાંજુ તુજ સંદેહ. વા૦ ૯
ક્ષિતિપ્રતિષ્ઠ નગરીનો સ્વામિ જીતશત્રુ હું તો રાય,
ચિત્રાંગદ પુત્રી તિણેં પરણી શ્રાવિકા સુદ્ધ કહાય. વા૦ ૧૦
અંતકાલ નિજ[2] તાત ચીતારો રાય દીયો સંથાર[3],
કાલ કરી વ્યંતર હું હુયો એહ મોટો ઉપકાર. વા૦ ૧૧
ઇન્ય દિવસેં આયો ઇણ ઠાંમેં દીઠી દુઃખિણી બાલ,
અધિક સ્નેહ અવધિ કરી જાણ્યો પૂરવ ભવ તતકાલ. વા૦ ૧૨

(૧) પુત્રી એહ – ક – કરી. (૨) જબ હુઓ. (૩) નવકાર.

મુઝ પુત્રી મતિ માર વિદ્યાધર જનક સંઘાતેં જાઇ,
મૈં વિયોગ અનસહિતેં કીધી એ કન્યા મૃત પ્રાય. વા. ૧૩
મૈં વિપ્ર તાર્યો તું હિવ ખમજે મુનિવર મુઝ અપરાધ,
તું મુઝરા[1] ઉપગાર કીયો સુર ઇમ કહિ વિચર્યો સાધુ. વા. ૧૪
વિંતરદેવ વચન સમરંતી કનકમાલા શુભ ધ્યાન,
ઇહાપોહ કરંતી પામ્યું જાતી સ્મરણ જ્ઞાન. વા. ૧૫
કનકમાલા કહે કુણ મુઝ હોસ્યઇ તાત કહો ભરતાર,
દેવ કહે પૂરવ ભવ ભરતા હોસે[2] સિંહરથ સાર. વા. ૧૬
કિમ સબંધ હોસ્યૈ મુઝ તિણસ્યું સુણ પુત્રી સ સનેહ,
વક્રસિક્ષત વાજી અપહરસે રાજા આવશે તેંહ. વા. ૧૭
ચિંતા આરત મ કરે પુત્રી સુખસું રહિ ઇણઠામ,
હું તુઝ પાસ રહીસ રખવાલો તાં લગ જાં તુઝ કામ. વા. ૧૮
સુખ ક્રીડા વ્યંતરસું કરતી કનકમાલા હું એહ,
વ્યંતર કાલ્હ ગયો મેરૂપરવત ચૈત્યવંદન ભણી તેહ. વા. ૧૯
મુઝ પુન્યે પ્રેર્યો તું આયો કીધો તુરત વિવાહ,
એહ સંબંધ કહ્યો મૈ સગલો તે પૂછયો મુઝ[3] નાહ. વા. ૨૦
એહ સંબંધ રાય સુણતા પામ્યો જાતિ સમરણ સાર,
પૂરવભવ દીઠા તિણ સગલા આનંદ હર્ષ[4] અપાર, વા. ૨૧
તિણ અવસર વ્યંતર પિણ[5] આવ્યો કીધો નૃપ પરણામ,
કનકમાલા સુરને કહ્યો સઘલો ઇમ થયો વીવાહ. વા. ૨૨

(૧) વ્રતનો હેતુ, (૨) હોશે. (૩) નિજ. (૪) અંગનમાય. (૫) તે.

વ્યંતર સુર સિંહરથરાજાને સંતોષ્યો અત્યંત,
નવદિવ્ય[1] આહાર જીમાડયા માસ સીમ એકંત. વા૦ ૨૩
હિવ રાજા કહે સુણુ તું સુંદરિ દ્યઇ મુઝને આદેસ,
મુઝ વિણુ સગલા વૈરી રાજા મિલી ઉજાડે દેસ. વા૦ ૨૪
કનકમાલા કહે સુન પ્રીતમ તું તુઝ નગરી છે દૂર,
પાલો જાતા દુઃખ પામસિ તું લ્યઇ વિદ્યા ભર ભૂર. વા૦ ૨૫
પ્રજ્ઞપતી વિદ્યા તિણુ દીધી નૃપેં સાધી તિણુવાર,
સુખ સમાધિ સિંહરથરાજા પિણુ પહુતો નગર મઝાર. વા૦ ૨૬
નગરલોક થયા અતિ હરષિત વરત્યો જયજયકાર,
સમયસુંદર કહે પૂરવ ભવની પાંચમી ઢાલ ઉદાર. વા૦ ૨૭

દૂહા.

ઈમ તે રાજાસિંહરથ દિવસ પાંચમે જાય,
દિન કેતા ઇક તિહાં રહે નવલ વધુ લપટાય. ૧
નગરપ્રતિ જાય ઈહિ નૃપ રમવા સિંહરથ રાય,
તિણેં કારણુ તે લોકમેં નિગ્ગઈ નામ કહાઈ. ૨
અન્ય દિવસે તે નિગ્ગઈ તિહાં પહુતો પરભાત,
કહિવા લાગો દેવતા સુણુ રાજા ઇક વાત. ૩
સ્વામિ બોલાવા આવીયો હું જાઉં છે તેય,
કાલ ઘણો[2] લગસ્યૈ તિહાં એહ દુઃખ કરસ્યૈ એય. ૪
તિણુ કારણુ તું તિમ કરે જીમ એહ સુખણી થાય,
ઇમ કહીને વ્યંતર ગયો હિવ નૃપ કરે ઉપાય. ૫

(૧) ભવ્ય – પૂ – જન. (૨) વિલંબ હોસ્યે ઘણો.

રાજા નગર વસાવીયો અતિ ઉંચા આવાસ,
ધનવંત લોક વસૈ સુખી આનંદ લીલ વિલાસ. ૬
ઉતંગ તોરણુ દેહરા જીનવર બિંબ અનેક,
સ્નાત્ર મહોચ્છવ[1] નવનવા એહવો નગર વિવેક. ૭

ઢાલ ૬ ઠી.

અવતુમ આવઉંહો એહની.

રાગ મારૂ—સીમંધર સાંભળો એ દેશી.

અન્ય દિવસ નૃપ નીસર્યો હય ગય રથ પરિવાર,
મારગ માંહે દેખીયો અતિસુંદર સહિકાર. ૧
અથિર છે આ સંપદારે અથિર કુકુંબ પરિવાર,
નિગ્ગઈ નૃપ ઇમ ચિંતવેરે અથિર સકલસંસાર. અ. ૨
લાગી માંજર મહકતી લાગી આંબા લુંબ,
કોયલ કરે ટહુકડા રહ્યા મધુકર રસ ચુંપ. અ. ૩
રાજા એક માંજર ગ્રહી નીસરતે નિજ હાથ,
ઇક ઇક ફલ કુલ મંજરી તિમ ગ્રહી સગલે સાથ. અ. ૪
કાષ્ટ ભૂત આંબો કીયો ફલકુલ માંજર ત્રોડ,
સોભા સગલી કારસી એહીજ મોટી ખોડ. અ. ૫
વલતે રાજા પૂછીયો કહ્યો કિહાં તે સહિકાર,
દેખાડયો અંગોલગૂ સુકો અંબઅસાર. અ. ૬

(૧) વારૂ – હ – ૫.

આંબો કિમ થયો એહવો વલિ પૂછ્યો તિન ભૂપ,
તે માંજર ગ્રહી તેહની સૈન્ય કીયો એહ રૂપ. અ. ૭
એહ સરૂપ આંબાતણો દેખી ચિંતે રાય,
હા હા અથિર શોભા ઇસી ખિણમૈ ખેરૂ થાય. અ. ૮
અથિર જીવનો[1] આઉખો ડાભ અણી જીમ ઓસ,
અથિર રાજરિદ્ધ સંપદા ઉત્તમ ન કરે સોસ. અ. ૯
અથિર જોબન નર નારિનો જાણિ નદીનો વેગ,
અથિર કુટુંબ સહુકો મિલ્યો પગ પગ અધિક ઉદ્વેગ અ. ૧૦
અથિર રૂપ કાયા તણો ઇંદ્ર ધનુષ જિમ રંગ,
અથિર માન રાજા તણો જાણે ગંગ તરંગ. અ. ૧૧
અથિર અનિત્ય અસાસતો એ સંસાર અસાર,
ઇમ ચીંતવતા પામીયો જાતી સમરણ સાર. અ. ૧૨
રાજ રિદ્ધ છાંડી કરી લીધો સંજમ ભાર,
દીધો સાસન દેવતા સાધુવેસ વિચાર. અ ૧૩
વડ વૈરાગી નિગ્ગઇ ચઉથો પ્રત્યેક બુદ્ધ,
ગામ નગર પુર વિહરતો સંજમ પાલે સુદ્ધ. અ. ૧૪
છઠી ઢાલ પૂરી થઈ નિગ્ગઈનૃપની એહ,
હિવ ચ્યારે એકદા હુસ્યઈ સમયસુંદર કહે તેહ. અ. ૧૫

દૂહા.

ખિત પ્રતિષ્ટ નામૈ નગર ચઉમુખ દેઉલ સુદ્ધ,
તે સમકાલ સમોસર્યા ચ્યારે પ્રત્યેક બુદ્ધ ૧

(૧) માણસનું.

દેવયોગેં ચ્યારે ચતુર ચ્યારે દિસ ચહુંબાર,
પૈઠા દેઉલ માહિ તે બેઠા આસણ સાર. ૨
પૂરવદિસ કરકંડુ મુનિ દક્ષણ દુમહ મહંત,
પશ્ચિમદિસ નમિરાજ રિષ ઉત્તર નિગ્ગઇ સંત. ૩
મુઝ લાગે અસાતના આવે પૂઠ પ્રતક્ષ,
સાધુ ભગતિ કરિવા ભણી થયો ચતુરમુખ જક્ષ. ૪

ઢાળ ૭ મી.

માતાજી ધન તે નરનારી એહની દેશી.

કરકંડુને બાલપણાથી ખાજ હુંતી અતિગાઢી,
તિન કારણેં ખાજેં ખિણવા તેહ સિલાકા કાઢીરે. ૧
ચ્યારે સાધુ મિલ્યા ચોમુખમઇ ચતુર કરે ધર્મચરચા,
જક્ષ કરે કરજોડી સેવા સાધુની પૂજા અરચારે. ચ્યા૦ ૨
ખાજ ખનીને તેહ સિલાકા વલિ રૂડીપરે રાખી;
દુમહસાધુ દેખીને બોલ્યા રહિ ન સકઉ સત ભાખીરે. ચ્યા. ૩
રાજરિદ્ધ સગલી તે છોડી છોડી સગલી માયા,
એક વાત અયુગતી કીધી લોભ સિલિસું લાયારે. ચ્યા. ૪
આંખમાહે રજ કેમ સમાવે અમૃતમૈ વિષ કેમ;
તુઝ ઉતકિષ્ટા ચારિત માંહે એહ સિલાક તેમરે. ચા. ૫
દુમુહ સિષ સુણી નમિરાજા દુમુહ પ્રતે ઈમ ભાખે,
રાજકાજ ચિંતા તું કરતા પિણ હિવણા કા દાખેરે. ચ્યા. ૬

તવ ગંધાર મુનિસર બોલ્યો સુણ નમિરાય મુનિંદ,
સર્વ થોક છોડયા તૈ તો પિણ એક ન છોડી નિંદારે. ચ્યા. ૭
મોક્ષભણી ઉઠયો તું મુનિવર નિંદા તુઝ નહીં જુગતી,
આપણી કરણી પાર ઉતરણાં જે કરતા તે ભુગતારે. ચ્યા. ૮
કહે કરકંડૂ સુણજ્યો મુનિવર અહિત થકી જેવારે,
હિતની વાત કહે[1] તિણવારી દોષ નહીં નિરધારો રે. ચ્યા. ૯
સાચી વાત કહી કરકંડૂ સઘલે મુનિવર માની,
ચ્યારે સાધુ ભલા ચારિતીયા કોઇ નહીં અભિમાનીરે. ચ્યા. ૧૦
પ્રત્યેક બુદ્ધ તણી ધર્મ ચરચા સાતમી ઢાલ રસાલ,
સમયસુંદર કહે સાધુતણા ગુણહિવ હું કહીસ વિસાલરે. ચ્યા. ૧૧

ઢાલ ૮ મી.

રાગ ગોડી.

વાડી ફૂલી અતિભલી મનભમરારે એ દેશી.

ચ્યારે છત્રપતિ રાજવીં ગુણગિરૂવારે ચ્યારે ચતુરસુજાન
સાધુગુન ગરૂવારે.
ચ્યારે સકલ કલા નિલા ગુ૦ ચ્યારે અમૃતવાણિ. સા૦ ૧
ચ્યારે સખ્યસુલકખણા ગુ૦ ચ્યારે રૂપ નિધાન. સા૦
ચ્યારે લીલા લાડલા ગુ૦ ચ્યારે પુરૂષ પ્રધાન. સા૦ ૨

(૧) કહે તિણ નેંકા.

ચ્યારે ન્યાય નિપુણ ભલા ગુ૦ ચ્યારે મોટા ભૂપ. સા૦
ચારે ચિર પાલી પ્રજા ગુ૦ ચારે ઇંદ્ર સરૂપ. સા૦ ૩
ચારે ચાર કારણ[1] થકી ગુ૦ ચ્યારે પ્રત્યેકબુદ્ધિ, સા૦
ચ્યારે રાજ રમણી તજી ગુ૦ ચ્યારઇ લઇ વૃત સુદ્ધ. સા૦ ૪
ચ્યારે જાતી સમરણા ગુ૦ ચ્યારે સાધુને વેસ. સા૦
ચ્યારે એકાકી રહે ગુ૦ વિચરે દેસ પ્રદેશ. સા૦ ૫
ચ્યારે પંચ મહાવ્રતી ગુ૦ ચ્યારે પરમ દયાલ. સા૦
ચ્યારે સુમતિ ગુપતિ દારા ગુ૦ બ્રહ્મચર્ય વૃતપાલ. સા૦ ૬
ચ્યારે સીલંગરથ ધરા ગુ૦ ચ્યારે નિર્મલ ગાત્ર. સા૦
ચ્યારે ઉતકૃષ્ટી ક્રીયા કરે ગુ૦ ચ્યારે ચારિત્ર પાત્ર. સા૦ ૭
ચ્યારે સર્વ માયા તજી ગુ૦ ચ્યારે હૂવા નિર્ગ્રંથ. સા૦
ચ્યારે મદ મચ્છર તજ્યા ગુ૦ ચ્યારે સાધુને પંથ. સા૦ ૮
ચ્યારે ઇંદ્રી વસ કીયા ગુ૦ ચ્યારે જીત્યો લોભ. સા૦
ચ્યારે ચંચલ મન દમ્યો ગુ૦ ચ્યારે છાંડી સોભ. સા૦ ૯
ચ્યારે ગુરૂ કરે ગોચરી ગુ૦ સુઝતો લ્યૈ આહાર. સા૦
ચ્યારે રસના રસ તજ્યા ગુ૦ દેહ દીયે આધાર સા૦ ૧૦
ચ્યારે કરે આતાપના ગુ૦ ચ્યારે કરે કાઉસગ્ગ. સા૦
ચ્યારે સીત તાવડ સહે ગુ૦ ચ્યારે સહે ઉવસગ્ગ. સા૦ ૧૧
ચ્યારે ચારિત ખપ કરે ગુ૦ ચ્યારે નિર્મલ જ્ઞાન. સા૦
ચ્યારે તપ જપ આગલા ગુ૦ ચ્યારે ચિત્તધરે ધ્યાન. સા૦ ૧૨

(૧) ધર.

ચ્યારે સાધુ ક્ષમા ધરા ગુ૦ ચ્યારે સમુદ્ર ગંભીર. સા૦
ચ્યારે ગુણ મણિ રોહણા ગુ૦ ચ્યારે સુર ગીરધીર. સા૦ ૧૩
ચ્યારે તેજ સુરજ સમા ગુ૦ ચ્યારે સીતલ ચંદ. સા૦
ચ્યારે વૃષભ ધુરંધરા ગુ૦ ચ્યારે મોટા મુણિંદ. સા૦ ૧૪
ચ્યારે સંખ નિરંજણા ગુ૦ ચ્યારે ગજ સોંડીર. સા૦
ચ્યારે ગગન નિરાશ્રિયા ગુ૦ ચ્યારે ચરમ શરીર. સા૦ ૧૫
ચ્યારે વાયુ તણી પરે ગુ૦ અપ્રતિબંધ વિહાર. સા૦
ચ્યારે સાયર જલ જિસા ગુ૦ સુદ્ધ હૃદય સુવિચાર. સા૦ ૧૬
ચ્યારે પંકુજ દલ જિસા ગુ૦ નિરૂપ લે પનિસનેહ. સા૦
ચ્યારે કૂરમતીણી પરે ગુ૦ ગુતિંદ્રીય ગુણ ગેહ. સા૦ ૧૭
ચ્યારે ખડગ વષાણુજયું ગુ૦ એક જાંતિસુ વિરત્ત. સા૦
ચ્યારે ભારંડ પંખિજ્યું ગુ૦ અપ્રમત્ત ઇક ચિત્ત. સા૦ ૧૮
ચ્યારે સીંહતણી પરે ગુ૦ દીસંતા દુરધ્રસ્ય. સા૦
ચ્યારે વિહગ તણી પરે ગુ૦ વિપ્ર મુકત વર યક્ષ. સા૦ ૧૯
ઇમ અનંત ગુણ સાધના ગુ૦ મઇ કેતા કહિવાય. સા૦
સહસ જીભ સુર ગુરૂસ્તવે ગુ૦ તઉ પિણ પૂર્ણ ન થાય. સા૦ ૨૦
મૈ કેતા એક એહ કહિયા ગુ૦ સાધુતણા ગુણ સાર. સા૦
વચન વિલાસ સફલ કીયો ગુ૦ સફલ કીયો અવિતાર. સા૦ ૨૧
ધન્ય માતા જિણે જનમીયા ગુ૦ ધન્ય પિતા કુલ વંશ. સા૦
ધન્ય ધન્ય કરણી સાધુની ગુ૦ ઇંદ્ર કરે પરસંસ. સા૦ ૨૨
ચ્યારે કેવલ પામીયા ગુ૦ ચ્યારે પહુતા સિદ્ધ. સા૦
ચ્યારે અજરામર થયા ગુ૦ લાગી અવિચલ રિદ્ધ. સા૦ ૨૩

ચ્યારે એક સમયે ચવ્યા ગુ૦ જનમ થયો તિમ જાણ. સા૦
એક સમય દીક્ષા ગ્રહી ગુ૦ તિમ કેવલિ[1] નિરધાર. સા૦ ૨૪
ઢાલ સુણતા આઠમી ગુ૦ તુટે કર્મની કોડિ. સા૦
ચરણ નમૈ ચિહુ સાધના ગુ૦ સમયસુંદર કરજોડિ. સા૦ ૨૫

ઢાલ ૯ મી.

રાગ ધન્યાસિરી.

રૂષભ પ્રભુ પૂજીયેં એ દેશી.

કરકંડુ દુમહ નમી એ નિગ્ગઇ નામ પ્રસિદ્ધ સાધુ મુનિ ગાઇએંએ,
ચિહુ ખંડે કર વર્ણવ્યાએ ચ્યારે પ્રત્યેક બુદ્ધ મહામુનિ ગાઇએંએ.
ગતા પરમાનંદ મુકતિ સુખ પામીએંએ. ૧
ચ્યારે ચઉગતિ દુઃખ હરઇએ તારણ તરણ સમત્થ. મ૦
નામ જપંતા જેહનોએ જનમ હોવે સુક્યત્થ. મ૦ ૨
સોલસઇ પૈસઠ[2] મૈ એ જેઠ પુનમ દિન સાર. મ૦
ચૌથઉ ખંડ પૂરો થયો એ આગરા નગર મઝાર. મ૦ ૩
વિમલનાથ સુપરાઉલેએ સાનિધ કુસલસૂરીંદ. મ૦
ચ્યારે ખંડ પૂરા થયા એ પામ્યો પરમાણંદ. મ૦ ૪
દેસ પરદેસી દીપતાએ નાગડ ગોત્ર શ્રૃંગાર. મ૦
શ્રીસંઘભાર ધુરંધરાએ ઉદયવંત પરિવાર. મ૦ ૫

(૧) નાણ. (૨) બાસઠ.

સૂરૂ સાહ ગુણેં ભલાએ સંઘનાયક સુવિચાર. મ૦
તેહતણે આગ્રહ કરીએ કીધો ગ્રંથ અપાર. મ૦ ૬
શ્રી ખરતરગચ્છ રાજીયોએ યુગપ્રધાન જિનચંદ. મ૦
શ્રીજિનસિંહસૂરિસરૂ[1]એ ચિર પ્રતપઓ રવિચંદ. મ૦ ૭
પ્રથમ શિષ્ય શ્રીપૂજના એ સકલચંદ મુણિંદ. મ૦
તાસુ સીસ વાચક ભણે એ સમયસુંદર આનંદ. મ૦ ૮
ચ્યારે પ્રત્યેક બુદ્ધના એ એહ ચ્યારેહી ખંડ. મ૦
ચ્યારે ખંડે વિસ્તર્યો એ જ્યાં[2] રવિતેજ અખંડ. મ૦ ૯
સાંભલતાં સુખ સંપદાએ ભણતા અધિક ઉલ્લાસ, મ૦
દિન દિન સંઘ ઉદય ઘણોએ આનંદ લીલ વિલાસ. મ૦ ૧૦

ઇતિ નિગ્ગઈ પ્રત્યેકબુદ્ધિ ચતુર્થ ખંડ સંપૂર્ણ.

ઇતિ શ્રીપ્રત્યેક બુદ્ધિયાકી ચોપઇ સંપૂર્ણ.

સંવત્ ૧૮૯૯ ફાગુણ શુદિ ૧૦ શનિવાસરે.

---

(૧) સંઘ. (૨) જિહાં.

शेठ देवचन्द लालभाई जैनपुस्तकोद्धारे ग्रन्थाङ्कः ८२.

श्रीदशाश्रुतस्कन्धान्तर्गतं श्रीपर्युषणाकल्पाख्यं श्रीभद्रबाहुस्वामिविरचितं

श्रीकल्पसूत्रम् (बारसासूत्रम्) सचित्रम्।

शेठ देवचन्द लालभाई जैनपुस्तकोद्धारे ग्रन्थाङ्कः ८२.

श्रीदशाश्रुतस्कन्धान्तर्गतं श्रीपर्युषणाकल्पाख्यं श्रीभद्रबाहुस्वामिविरचितं

श्रीकल्पसूत्रम् (बारसासूत्रम्) सचित्रम्।